Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1219/ 245 /છ, તા. 18-3-2019 –થી મંજૂર

# અર્થશાસ્ત્ર

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. કિરણ એમ. પંડ્યા

**લેખન-સંપાદન**
ડૉ. કાર્તિકેય એસ. ભટ્ટ (કન્વીનર)
ડૉ. આર. એમ. શર્મા
ડૉ. પીન્કી જે. દેસાઈ
ડૉ. ટેકપાલસિંહ પી. આનંદ
શ્રી ગૌતમભાઈ બી. વાઘેલા
શ્રી સંજય એલ. કામળિયા

**સમીક્ષા**
ડૉ. જયેન્દ્ર જે. ભટ્ટ
ડૉ. રોહિત જે. દેસાઈ
ડૉ. જગદીશ ભાવસાર
શ્રી પ્રદીપકુમાર જી. દવે
શ્રીમતી પુષ્પાબહેન એસ. પટવર્ધન
શ્રી વિક્રમકુમાર એચ. ભટ્ટ
શ્રી મનીષભાઈ એસ. શાહ
શ્રી સરમણભાઈ કે. ગળચર
શ્રી અમૃતભાઈ ડી. પટેલ
શ્રી અનિલભાઈ વી. જોષી
શ્રી ઉમંગ એ. શુક્લ

**ભાષાશુદ્ધિ**
શ્રી છાયાબહેન એમ. પારેખ

**સંયોજન**
ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, અર્થશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલું આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**અવંતિકા સિંઘ** (IAS)
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. : 14-03-2019 — ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2016, પુનઃમુદ્રણ : 2017, 2018, 2019
**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10 -એ, ગાંધીનગર વતી અવંતિકા સિંઘ, નિયામક

**મુદ્રક :**

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે પ્રમાણે રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતા અને વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અર્થશાસ્ત્ર : વિષય-પ્રવેશ | 1 |
| 2. | મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ | 11 |
| 3. | માંગ | 20 |
| 4. | પુરવઠો | 35 |
| 5. | આવક અને ખર્ચના ખ્યાલો | 46 |
| 6. | બજાર | 63 |
| 7. | ભારતીય અર્થતંત્ર | 76 |
| 8. | આર્થિક સુધારાઓ | 86 |
| 9. | રાષ્ટ્રીય આવક | 94 |
| 10. | અંદાજપત્ર | 106 |
| 11. | આર્થિક વિચારો | 121 |
| • | વિદ્યાર્થીઓને કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ | 135 |
| • | આલેખ, આકૃતિઓની યાદી | 135 |


•

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1 અર્થશાસ્ત્ર : વિષય-પ્રવેશ (Economics : An Introduction)


- પ્રસ્તાવના
- 1.1 અર્થશાસ્ત્રનો અર્થ
- 1.2 અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન
- 1.3 પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ
  - ઍડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - રોબિન્સે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - સેમ્યુઅલસને આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
- 1.4 આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ
- 1.5 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર
- 1.6 આર્થિક માહિતીની રજૂઆત
- 1.7 આંકડાકીય માહિતીનું મહત્ત્વ
  - 1.7.1 સિદ્ધાંતોની આધારભૂતતામાં વધારો થાય છે
  - 1.7.2 દશા અને દિશાનાં વલણો જાણવા માટે
  - 1.7.3 તુલનાત્મક અભ્યાસ માટે
  - 1.7.4 સંક્ષિપ્તમાં રજૂઆત માટે
- 1.8 આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
  - 1.8.1 વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન
  - 1.8.2 સ્વતંત્ર અને પરતંત્ર ચલ
  - 1.8.3 સ્કેલમાપની પસંદગી કરવી
- 1.9 આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત
  - 1.9.1 સ્તંભ-આકૃતિ
  - 1.9.2 પાસપાસેની સ્તંભ-આકૃતિ
  - 1.9.3 વૃત્તાંશ આકૃતિ
- 1.10 અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ
  - 1.10.1 વ્યાવહારિક મહત્ત્વ
    - 1.10.1.1 આંતરરાષ્ટ્રીય ઘટનાઓ
    - 1.10.1.2 ઐતિહાસિક ઘટનાઓ
  - 1.10.2 આર્થિક મહત્ત્વ
    - 1.10.2.1 રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે
    - 1.10.2.2 સરકારની નીતિઓને સમજવા માટે
  - 1.10.3 વ્યાવસાયિક મહત્ત્વ


**પ્રસ્તાવના (Introduction)**

માનવી બુદ્ધિશાળી પ્રાણી છે. તેથી તે પોતાની આસપાસની પરિસ્થિતિનું વિશ્લેષણ કરી શકે છે અને વર્ગીકરણ કરી શકે છે. માનવજીવન સુખરૂપ ચાલે તે માટે તેણે વ્યવસ્થાઓ ઊભી કરી છે. જેમકે સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા. આ વ્યવસ્થાઓને સમજાવવા માટે, તેને પેઢી દર પેઢી ચલાવવા માટે તથા વ્યવસ્થામાં ઊભા થતા પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે માણસે વિવિધ શાસ્ત્રોની રચના કરી છે.

આદિયુગમાં માણસ કેટલાક પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ લડાઈ કે યુદ્ધ દ્વારા લાવતો પણ સમજણના વિકાસ સાથે તે સમસ્યાઓનો ઉકેલ શાસ્ત્રો દ્વારા, બુદ્ધિપૂર્વકની ગણતરીઓ દ્વારા લાવતો થયો. અર્થશાસ્ત્ર આ રીતે માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

**1.1 અર્થશાસ્ત્રનો અર્થ (Meaning of Economics)**

અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ છે 'અર્થ'નું શાસ્ત્ર. સંસ્કૃત શબ્દ 'અર્થ' પરથી આ શબ્દ ઊતરી આવ્યો છે. સંસ્કૃતમાં 'અર્થ' શબ્દના અનેક અર્થ છે. જેમાંનો એક છે 'ઉદ્દેશ્ય' - 'કશુંક મેળવવું' જે આધુનિક 'આર્થિક' અર્થ સાથે વધારે સુસંગત છે.

અંગ્રેજી શબ્દ Economics ગ્રીક શબ્દ Oikonomos પરથી ઊતરી આવ્યો છે. પ્રાચીન ગ્રીસમાં ઘરવખરી, સરસામાન કે જે વ્યક્તિગત માલિકીનો હોય છે તેને Oikos કહેતા અને આ ઘરના સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને Nomos કહેતા.

**1.2 અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન (Economics in Indian Thought)**

ભારતમાં સભ્યતા અને સંસ્કૃતિનો ઇતિહાસ આશરે પાંચ હજાર વર્ષથી પણ વધુ વર્ષ જૂનો છે. માટે જ ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનનાં વિવિધ પાસાંનો અભ્યાસ અને માર્ગદર્શન જોવા મળે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે જે માણસે કરવાના હોય છે. માનવજીવનના આ ચાર મુખ્ય ઉદ્દેશ્ય છે. જેમાંથી 'અર્થ' માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્રને લેવાદેવા છે.

'કશુંક મેળવવાની' અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ 'અર્થપૂર્ણ' પ્રવૃત્તિ છે. જીવનનિર્વાહ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે અર્થોપાર્જન કરવું (આવક મેળવવી) તે માણસનું કર્તવ્ય છે. આશરે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2500 વર્ષ પહેલાં 'અર્થશાસ્ત્ર' નામના પોતાના પુસ્તકમાં કૌટિલ્યે કે જેમનું બીજું નામ ચાણક્ય છે. તેમણે માનવીની આર્થિક પ્રવૃત્તિ માટેનું ચિંતન રજૂ કર્યું હતું. આ સંદર્ભમાં કૌટિલ્યના મતે 'મનુષ્યની વૃત્તિ અર્થ છે, મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'

ભારતીય ચિંતનમાં માનવકલ્યાણનો સમગ્રતયા વિચાર થતો હતો. આર્થિક પ્રવૃત્તિ પણ માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં નૈતિક આધારો સાથે સમગ્ર માનવકલ્યાણને ધ્યાનમાં રાખીને થાય છે. માટે જ ચાણક્યના અર્થશાસ્ત્રમાં નીતિશાસ્ત્રની પણ અસર છે. વળી, ચાણક્યના મોટા ભાગના આર્થિક વિચારોમાં જાહેર અને સામૂહિક વર્તનવાળી આર્થિક પ્રવૃત્તિ જ કેન્દ્રસ્થાને છે. ખાસ તો રાજાશાહી રાજ્ય-વ્યવસ્થા અને કૃષિપ્રધાન અર્થ-વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આર્થિક બાબતોનું માર્ગદર્શન કૌટિલ્યે રજૂ કર્યું હતું.

### 1.3 પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ (Formal Development of Economics as a Science in the West)

તત્ત્વચિંતક એરિસ્ટોટલે Oeconomica નામનું પુસ્તક લખેલું અને આર્થિક ચિંતન રજૂ કર્યું હતું, પણ ઔદ્યોગિક ક્રાંતિ બાદ જેમ ઉદ્યોગક્ષેત્રે સૂક્ષ્મ શ્રમ-વિભાજન થયું અને વિશિષ્ટીકરણ થયું (કોઈ એક કામ એક જ વ્યક્તિ દ્વારા થાય અને તેમાં જ તે કુશળતા મેળવે) તેમ જ્ઞાનનાં ક્ષેત્રોમાં અભ્યાસ અને સંશોધનમાં પણ વિશિષ્ટીકરણ થયું. ભૌતિકવિજ્ઞાનોની જેમ સમાજવિજ્ઞાનનો અને માનવવર્તનનો અભ્યાસ કરતાં શાસ્ત્રોમાં પણ વિશિષ્ટીકરણ થયું તથા અભ્યાસની પદ્ધતિ માત્ર તર્ક કે કલ્પના આધારિત ન રહેતાં, પ્રયોગ અને ચકાસણી આધારિત વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ શરૂ થયા, એટલે અત્યાર સુધી માનવીના આર્થિક વર્તનનો રાજ્યશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર કે તત્ત્વચિંતનના ભાગરૂપે અભ્યાસ થયો હતો. તેનો સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ શરૂ થયો.

ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટાં યંત્રો, મોટા પાયે ઉત્પાદન, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અને જંગી મૂડીરોકાણને પરિણામે એક નવી જ આર્થિક-સામાજિક વ્યવસ્થા ઊભી થઈ. આ સંદર્ભે 'કોઈ પણ દેશની આર્થિક સંપત્તિમાં વધારો થવાનાં કારણો શું હોઈ શકે ?' આ પ્રશ્ન પર ઊંડા ચિંતન બાદ 1776માં ઍડમ સ્મિથે અર્થશાસ્ત્રનું સ્વતંત્ર ચિંતન રજૂ કરતું પુસ્તક રજૂ કર્યું.

"An Enquiry into the Nature and Causes of the Wealth of Nations" જે ટૂંકમાં 'વેલ્થ ઑફ નેશન્સ' તરીકે પ્રખ્યાત થયું. આ પુસ્તકને લીધે જ અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ શરૂ કરવાનું બહુમાન ઍડમ સ્મિથને મળ્યું છે.

**ઍડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** અર્થશાસ્ત્ર એ સંપત્તિનું શાસ્ત્ર છે. તેઓ માને છે કે, 'ઉત્પાદક શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલા ભૌતિક સંપત્તિના ઉત્પાદન-વપરાશ અને વિનિમયનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'

ઍડમ સ્મિથે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપ્યો. કારણ કે તે એક બાજુ 'માનવી'ના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે તો બીજી બાજુ તેની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. ઍડમ સ્મિથે માનવીના આર્થિક વર્તનનો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને નીતિશાસ્ત્રને આર્થિક અભ્યાસથી દૂર રાખ્યું. ઍડમ સ્મિથે પોતાના પુસ્તક ''વેલ્થ ઑફ નેશન્સમાં'' આમ તો માનવકલ્યાણની વાત કરી જ છે.

**માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** 1890માં આલ્ફ્રેડ માર્શલે પોતાના પુસ્તક ''Principles of Economics'' માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતાં કહ્યું કે, 'અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરે છે. જેમાં તે ભૌતિક ચીજવસ્તુના વપરાશથી સુખાકારી મેળવે છે.'

આમ, માર્શલના મતે અર્થશાસ્ત્ર માનવીની રોજિંદી આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે અને માણસ ભૌતિક ચીજ-વસ્તુઓના વપરાશથી સુખાકારી મેળવવાનો કેવી રીતે પ્રયાસ કરે છે તેનું વિશ્લેષણ કરે છે. જોકે માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે. તેથી માર્શલની આ વ્યાખ્યા ટીકાનો ભોગ બની. આમ છતાં માર્શલે અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવીને કેન્દ્રસ્થાને મૂક્યો તે બાબત અગત્યની છે.

**રોબિન્સે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** કોઈ પણ શાસ્ત્ર અંતે તો માનવજીવનના કોઈ મૂળભૂત પ્રશ્ન કે સમસ્યાઓનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરતું હોય છે. માનવજીવનમાં આર્થિક બાજુએ અગત્યનો પ્રશ્ન એ છે કે, વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોનો અમર્યાદિત જરૂરિયાતો સાથે મેળ કેવી રીતે બેસાડવો ?

1931માં લાયોનલ રોબિન્સે પોતાના પુસ્તક, "Nature and Significance of Economics"માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી કે, 'Economics is the Science which studies human behaviour as a relationship between ends and scarce means which have alternative uses.', 'અર્થશાસ્ત્ર એ માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે મેળ બેસાડે છે તેની વર્તણૂકનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. વળી, તે વારંવાર ઉદ્ભવે છે. આનાથી વિરુદ્ધ આ જરૂરિયાતો સંતોષવાનાં સાધનો મર્યાદિત છે અને વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે. હવે આ સમસ્યાના સંદર્ભે અર્થશાસ્ત્રનું કામ એ અછતવાળાં સાધનોનો કેવી રીતે ઉપયોગ થાય કે જેનાથી માણસની વધુમાં વધુ જરૂરિયાત સંતોષાય તેનું માર્ગદર્શન કરવાનું છે.

રોબિન્સે અર્થશાસ્ત્રને વાસ્તવલક્ષી વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે. તે માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. રોબિન્સ માને છે કે, 'અર્થશાસ્ત્ર શું છે ?' તેનો અભ્યાસ કરે છે, 'શું હોવું જોઈએ ?' તેવી નૈતિક બાબતોનો અભ્યાસ કરતું નથી. આ અર્થમાં તે વાસ્તવલક્ષી શાસ્ત્ર છે. આદર્શવાદી શાસ્ત્ર નથી.

**સેમ્યુઅલસને આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** 'Economics is the study of how society uses scarce resources to produce valuable commodities and distribute them among different people.' 'સમાજ કેવી રીતે પોતાનાં અછતવાળાં સાધનો દ્વારા અગત્યની જરૂરિયાતોનું ઉત્પાદન કરે છે અને જુદા-જુદા લોકો વચ્ચે વહેંચે છે. તેનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે,'(1947) એટલે સેમ્યુઅલસન સમાજની પસંદગીઓ અને વહેંચણીના મુદ્દાને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન આપે છે.

આમ, અર્થશાસ્ત્રની વિવિધ વ્યાખ્યાઓ પરથી આ પ્રમાણેના મુદ્દા મહત્ત્વના બને છે : (1) 'અર્થશાસ્ત્ર એ માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. (2) તે વાસ્તવદર્શી છે. (3) તેની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. - માટે તે સામાજિક વિજ્ઞાન છે.'

### 1.4 આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ (Economic Activity and Non-Economic Activity)

માણસ સતત પ્રવૃત્તિશીલ છે. તે દિવસ દરમિયાનમાં અનેક પ્રવૃત્તિ કરે છે. મંદિરે દર્શન કરવા જાય, મિત્રોને મળે, દુકાને બેસે, રાજકીય ચર્ચાઓ કરે, ટી.વી. કે ફિલ્મ જુએ વગેરે. અર્થશાસ્ત્ર માણસની બધી જ પ્રવૃત્તિઓનો અભ્યાસ નથી કરતું, પરંતુ તે માનવીની આર્થિક પ્રવૃત્તિનો જ અભ્યાસ કરે છે. માટે અર્થશાસ્ત્રના અભ્યાસની શરૂઆતમાં આર્થિક પ્રવૃત્તિનો અર્થ સમજવો જરૂરી છે.

**આર્થિક પ્રવૃત્તિનો અર્થ :** 'માણસ પોતાની જરૂરિયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે.' આર્થિક પ્રવૃત્તિમાં ત્રણ બાબતો મહત્ત્વની છે : આવક, ખર્ચ અને વિનિમય, એટલે આર્થિક વિનિમયો માટે આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ. ટૂંકમાં જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ.

**બિનઆર્થિક પ્રવૃત્તિનો અર્થ :** જે પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય આવક મેળવવા, ખર્ચ કરવાનો અને વિનિમયનો નથી, તે સિવાયનો છે તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

દા.ત., દયા, માયા, પ્રેમ જેવી લાગણીઓથી પ્રેરાઈને થયેલી પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

જે પ્રવૃત્તિમાં માત્ર આવક કે માત્ર ખર્ચ હોય અને વિનિમય ન હોય તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે. દા.ત., દાન આપવાની પ્રવૃત્તિ.

અહીં ખર્ચ થાય છે પણ સામે પ્રત્યક્ષ રીતે કશું મળતું નથી.

આ વ્યાખ્યા પરથી એમ તારવી શકાય કે, વ્યક્તિ કશુંક મેળવવાની આશા સાથે, લાભ અને ગેરલાભની તુલના સાથે જે પ્રવૃત્તિઓ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે. જેમાં વિનિમય થવો જરૂરી છે. આર્થિક પ્રવૃત્તિની સ્પષ્ટ સમજ માટે નીચેનાં ઉદાહરણો જુઓ :

(1) હોટલમાં જઈને જમવું. (ખર્ચ કરીને જરૂરિયાત સંતોષવી.)

(2) થિયેટરમાં જઈને ફિલ્મ જોવી. (ખર્ચ કરીને મનોરંજન મેળવવું.)

(3) ખેતરમાં જઈને મહેનત કરવી. (શ્રમ કરીને ઉત્પાદન મેળવવું.)

(4) શાળામાં બાળકોને ભણાવી પગાર મેળવવો. (સેવા આપીને આવક મેળવવી.)

આમ, માણસની અનેક જરૂરિયાતો છે. આ જરૂરિયાતો પૂરી કરવા માટે જે વસ્તુઓ કે સેવાઓની જરૂર પડે છે તે મેળવવા માટે કાં તો વસ્તુ કે સેવા આપવી પડે છે અથવા નાણાં આપવા પડે છે અને આ બદલામાં આપવાની વસ્તુ, સેવા કે નાણાં મેળવવા માટે આપણી પાસે જે વસ્તુ, સેવા, શ્રમ છે તે આપવા પડે છે. દા.ત., ખેડૂતને મોટરસાઈકલની જરૂરિયાત છે. મોટરસાઈકલ મેળવવા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

માટે નાણાંની જરૂર પડે માટે ખેડૂત ખેતરમાં મહેનત કરી શ્રમ દ્વારા અનાજ ઉગાડે છે. અનાજ વેચીને નાણાં મેળવે છે અને આ નાણાં દ્વારા મોટરસાઇકલ મેળવે છે. આવું જ અભિનેતા, શિક્ષક, વકીલ, મૂડીપતિ બધા જ કરે છે અને આ કશુંક મેળવવા માટે આવક પ્રાપ્ત કરવાની કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એ આર્થિક પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીમિત્રો, તમે શિક્ષણ મેળવો છો તે પણ આર્થિક પ્રવૃત્તિ છે. કારણ તમે શિક્ષણ દ્વારા ડિગ્રી, ડિગ્રી દ્વારા નોકરી, નોકરી દ્વારા પગાર અને પગાર દ્વારા જરૂરિયાતો સંતોષવા માગો છો.

### 1.5 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Microeconomics and Macroeconomics)

અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે બે ભાગ પડે છે. જે અભ્યાસમાં અર્થતંત્રના એકમોનો અભ્યાસ થાય છે. તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે અને જે અભ્યાસમાં અર્થતંત્રના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ થાય તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર કહેવાય છે.

અર્થશાસ્ત્રમાં માંગના અભ્યાસમાં વિશ્લેષણનું એકમ ગ્રાહક છે. પુરવઠાના અભ્યાસમાં પેઢી એ વિશ્લેષણનું એકમ છે. વપરાશનો એકમ વસ્તુ કે સેવા છે. શ્રમ-બજારમાં શ્રમ એકમ છે. જ્યાં આ એકમના વર્તનનો અભ્યાસ થાય, જ્યાં સીમાંતની ગણતરી થાય એ અભ્યાસ એકમલક્ષી છે. આવા અભ્યાસનું કેન્દ્રબિંદુ એકમ હોય છે, જ્યારે સમગ્રલક્ષી અભ્યાસ સમષ્ટિનો અભ્યાસ કરે છે. દા.ત., કુલ રોજગારી, રાષ્ટ્રીય આવક, વસ્તી વગેરે અર્થતંત્રના સમગ્રલક્ષી ખ્યાલો છે.

વસ્તુની કિંમત અને તેના નિર્ધારણનો અભ્યાસ, પેઢીની સમતુલાનો અભ્યાસ, શ્રમિકની સીમાંત ઉત્પાદકતાના આધારે વેતન-નિર્ધારણ - આ બાબતો એકમલક્ષી અભ્યાસ દર્શાવે છે. જ્યારે, અર્થતંત્રમાં સમગ્ર ભાવ-સપાટીનું નિર્ધારણ નાણાંના મૂલ્યનો અભ્યાસ, રાષ્ટ્રીય આવકની ગણતરી તેમજ બેકારી, ગરીબી, વસ્તી જેવી રાષ્ટ્રીય સમસ્યાઓનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થાય છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર ગ્રાહક, પેઢી, શ્રમિક જેવા આર્થિક એકમોને નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે. તેમના આર્થિક વર્તનને સમજવામાં ફાળો આપે છે. જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારને આર્થિકનીતિ ઘડવામાં, આર્થિક સંસ્થાઓને નિર્ણયો લેવામાં મદદ કરે છે.

યાદ રહે એકમલક્ષી અને સમગ્રલક્ષી એ બે ભાગ અભ્યાસ અને વિશ્લેષણના હેતુ નક્કી કરવા પૂરતા જ છે. બાકી એકમલક્ષી અભ્યાસો પરથી સમગ્રલક્ષી નીતિ ઘડવામાં મદદ મળી શકે છે અને સમગ્રલક્ષી નીતિની એકમ પર પડેલી અસરોનો અભ્યાસ પણ થઈ શકે છે.

### 1.6 આર્થિક માહિતીની રજૂઆત (Presentation of Information in Economics)

આર્થિક અભ્યાસોમાં સિદ્ધાંત કે માહિતીની રજૂઆત ત્રણ રીતે થાય છે :

(1) ભાષા દ્વારા વર્ણનાત્મક રીતે (2) આંકડાઓ દ્વારા (3) આકૃતિ દ્વારા (પ્રતિકાત્મક રીતે)

(1) જેમકે, માંગના નિયમમાં આપણે સમજીશું કે, 'વસ્તુની કિંમતમાં ઘટાડો થવાથી વસ્તુની માંગમાં વિસ્તરણ થાય છે.' - આ થઈ ભાષા દ્વારા વર્ણનાત્મક રજૂઆત. આ જ વાત આંકડામાં નીચે મુજબ રજૂ થાય છે :


| કિંમત (₹) | માંગ (એકમમાં) |
|---|---|
| 20 | 20 |
| 15 | 40 |
| 10 | 60 |
| 5 | 80 |

આંકડામાં પણ એ જ બાબત સ્પષ્ટ થાય છે કે કિંમત ઘટતાં માંગનું વિસ્તરણ થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**1.1 માહિતીની આકૃતિમાં રજૂઆત**

આકૃતિમાં ઉદ્‌ગમબિન્દુથી જોતાં ઉપરથી નીચે જતી રેખા એ જ બાબત દર્શાવે છે કે, એક ચલ (કિંમત)માં ઘટાડો થાય ત્યારે બીજા ચલ (માંગ)નું વિસ્તરણ થાય છે.

યાદ રહે કે આકૃતિ બે ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધને દર્શાવે છે. અર્થશાસ્ત્રની તમામ રજૂઆતો તાર્કિક હોય છે. 'જો અને તો'ના સ્વરૂપમાં તે રજૂ થાય છે અને ધારેલી પરિસ્થિતિમાં જ તે વધારે સાચી પડે છે અને તાર્કિક રજૂઆતોને વધારે આધારભૂત રીતે રજૂ કરવા માટે આંકડાકીય માહિતીઓ ઉપયોગી છે.

## 1.7 આંકડાકીય માહિતીનું મહત્ત્વ (Importance of Statistical Information)

આર્થિક રજૂઆતોમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ નીચે મુજબ છે :

**1.7.1 સિદ્ધાંતોની આધારભૂતતામાં વધારો થાય છે :** અર્થશાસ્ત્રમાં બે આર્થિક ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધને તપાસીને સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે. આ સિદ્ધાંતોને વ્યવહારમાં ચકાસવા માટે, આધારભૂત રજૂઆત માટે આંકડાકીય માહિતી જરૂરી છે. મહત્ત્વની છે.

દા.ત., વરસાદ અને ખેત-ઉત્પાદન વચ્ચેનો સંબંધ, કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ, નફા અને ઉત્પાદન વચ્ચેનો સંબંધ આંકડાકીય આધાર સાથે રજૂ થાય તો વધારે વિશ્વસનીય બને છે અને સિદ્ધાંત વ્યવહારમાં પણ સાચો જ છે કે કેમ તે તપાસી શકાય છે.

**1.7.2 દશા અને દિશાનાં વલણો જાણવા માટે :** સમગ્ર અર્થતંત્ર કે તેના કોઈ એક ક્ષેત્રનાં વલણો કયા પ્રકારના છે, કઈ દિશામાં છે તે આંકડાઓ દ્વારા જાણી શકાય છે.

દા.ત., રાષ્ટ્રીય આવકમાં ખેતીના હિસ્સાનું પ્રમાણ ઘટતું જાય છે. ભારતની આયાતોમાં વધારો થઈ રહ્યો છે. અર્થતંત્રમાં નાણા-પુરવઠો વધી રહ્યો છે. તે વલણો આંકડાઓ દ્વારા જ જાણી શકાય છે. આંકડા દશા અને દિશા બંને દર્શાવે છે. અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે. કયા દેશ સાથે તેના આર્થિક વ્યવહારો વધી રહ્યા છે. કયા ક્ષેત્રમાં ઉત્પાદન વધી રહ્યું છે. કયું ક્ષેત્ર રોજગારી આપી રહ્યું છે. આ તમામ દિશા આંકડાકીય માહિતી પરથી જાણી શકાય છે.

**1.7.3 તુલનાત્મક અભ્યાસ માટે :** આંકડાકીય માહિતીનો ઉપયોગ તુલનાત્મક અભ્યાસ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સ્થળ અને સમયની રીતે તુલના આંકડાઓ દ્વારા જ થાય છે. ભારતમાં જ 1951ની તુલનામાં 2015માં આપણે ત્યાં આર્થિકક્ષેત્રે કેટલા પ્રમાણમાં ફેરફાર થયા તથા દુનિયામાં અમેરિકા, ચીન, બ્રિટનની તુલનામાં આપણે ક્યાં છીએ તે જાણવા આંકડાકીય રજૂઆત અગત્યની બને છે.

**1.7.4 સંક્ષિપ્તમાં રજૂઆત માટે :** આર્થિક અભ્યાસોમાં લાંબાં વર્ણનો કરતા આર્થિક બાબતોની સંક્ષિપ્ત અને પ્રતિકાત્મક રજૂઆત માટે આંકડાકીય માહિતી અને આલેખો ખૂબ મહત્ત્વના છે. સામાન્ય માણસ પણ સમજી શકે તે રીતે રજૂ થતી આંકડાકીય માહિતી તુલનાત્મક, વલણો અને સિદ્ધાંતની સચોટ છતાં ટૂંકમાં રજૂઆત કરે છે અને આલેખો પ્રથમદર્શિય સમજૂતી આપે છે.

## 1.8 આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો (Some Requisite Aspects in Collecting Statistical Information and Presenting it in Diagram/Graph/Chart)

અર્થશાસ્ત્રીય રજૂઆતોમાં, સંશોધનોનાં તારણોમાં, સિદ્ધાંતોના, ફલિતાર્થોની વિશ્વસનીયતાનો આધાર આંકડાકીય રજૂઆત છે. આંકડામાં પ્રાપ્ત વિગતોને આલેખ કે આકૃતિમાં પ્રતિકાત્મક રીતે આકર્ષક સ્વરૂપમાં રજૂ કરી શકાય છે. આલેખ કે આકૃતિ માહિતીને સરળ રીતે સમજાવે છે, પણ તે રજૂ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, જે પૃષ્ઠ 6 પર દર્શાવ્યા મુજબ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**1.8.1 વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન :** આર્થિક સિદ્ધાંતો કે તારણો જેના આધારે આપવામાં આવ્યા છે તે આંકડાકીય માહિતીના પ્રાપ્તિસ્થાન વિશ્વસનીય અને સર્વમાન્ય હોય તે ઇચ્છનીય છે. જેમકે, ભારતની આર્થિક સ્થિતિ દર્શાવવા માટે રાષ્ટ્રીય સર્વે, વિશ્વબૅન્કનો રિપોર્ટ, કેન્દ્ર સરકારની આંકડાકીય સંસ્થા વગેરેના આંકડા વધારે આધારભૂત ગણવામાં આવે છે.

**1.8.2 સ્વતંત્ર અને પરતંત્ર ચલ :** બે કે તેથી વધુ ચલો વચ્ચેનો સંબંધ આલેખ કે આકૃતિમાં રજૂ થાય ત્યારે યાદ રાખવું જોઈએ કે સ્વતંત્ર ચલોને આડી ધરી પર અને (આધારિત ચલોને) પરતંત્ર ચલને ઊભી ધરી પર માપવામાં આવે છે. દા.ત., દેશ, વર્ષ, વરસાદ એ સ્વતંત્ર ચલ છે; જ્યારે વસ્તી, આવક, ઉત્પાદન એ પરતંત્ર ચલ છે.

બે ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધમાં એક ચલ કારણરૂપ હોય છે. દા.ત., વર્ષ સ્વતંત્ર ચલ છે જે OX ધરી પર દર્શાવાય છે અને ઉત્પાદન પરતંત્ર ચલ છે જે OY ધરી પર દર્શાવાય છે.

જોકે અર્થશાસ્ત્રમાં માંગના નિયમની રજૂઆતમાં કારણરૂપ પરિબળ, કિંમત ઊભી ધરી પર અને આધારિત પરિબળ માંગ આડી ધરી પર દર્શાવવાની હવે પરંપરા થઈ ગઈ છે.

**1.8.3 સ્કેલમાપની પસંદગી કરવી :** આંકડાઓને આકૃતિમાં યોગ્ય રૂપમાં ગોઠવવા માટે યોગ્ય સ્કેલમાપ મેળવવા પડે છે. દા.ત., સમયને લગતી બાબત હોય તો દસ વર્ષ માટે એક સ્કેલ નક્કી કરીને તેની રજૂઆત થાય છે. એકવાર જે સ્કેલમાપ નક્કી કરો એ આપણે રજૂઆતમાં જાળવવું પડે છે. દા.ત., એક ઇંચ = 5 વર્ષ નક્કી કરો પછી દરેક પાંચ વર્ષનો વધારો બતાવવા માટે પણ એક ઇંચ પ્રમાણે આગળ વધવું પડે. મોટી આંકડાકીય માહિતીને આકૃતિમાં ટૂંકમાં રજૂ કરતી વખતે જે-તે ધરી પર = (SS) નિશાની કરવામાં આવે છે.

## 1.9 આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત (Presenting Quantitative/Numerical Information in Diagrams/Graphs)

આંકડાકીય માહિતીને આકૃતિ કે આલેખમાં વિવિધ સ્વરૂપે દર્શાવી શકાય છે. બે ચલો વચ્ચેના સંબંધને બિન્દુ દ્વારા અને બિન્દુઓને જોડતી રેખા દ્વારા દર્શાવાય ત્યારે રેખીય આકૃતિ બને છે. દા.ત., માંગરેખા.


હાલમાં કમ્પ્યૂટર ટેક્નોલૉજીના ઉપયોગને કારણે આંકડાકીય માહિતીની આલેખમાં રજૂઆત આકર્ષક રીતે થઈ શકે છે અને આલેખોમાં પણ વૈવિધ્ય લાવી શકાય છે. સરળતાપૂર્વક સમજૂતી માટે આપણે ત્રણ પ્રકારની રજૂઆત અહીં આપી છે : (1) સ્તંભ-આકૃતિ (2) પાસપાસેની સ્તંભ-આકૃતિ (3) વૃત્તાંશ આકૃતિ.

**1.9.1 સ્તંભ-આકૃતિ :** આકૃતિમાં આધારિત ચલ ઊભી ધરી પર આપવામાં આવ્યો હોય છે. સ્વતંત્ર ચલ આડી ધરી પર આવેલ છે અને તેના પરિવર્તનમાં સમયનો ગાળો છે. દા.ત., ઘઉંનું દર વર્ષે ઉત્પાદન કેટલું થયું. તેના આંકડા આપણી પાસે હોય તો સ્તંભ-આકૃતિમાં તે દર્શાવી શકાય.

**ભારતમાં ઘઉંનું ઉત્પાદન**

| વર્ષ | ઉત્પાદન (લાખ ટનમાં) |
|---|---|
| 1970-71 | 23.8 |
| 1980-81 | 36.3 |
| 1990-91 | 55.1 |
| 2000-01 | 69.7 |
| 2010-11 | 86.9 |

**પ્રમાણમાપ :** X અક્ષ : વર્ષ
Y અક્ષ : 0.5 સેમી = 10 લાખ ટન




**1.2 માહિતીની સ્તંભ-આકૃતિમાં રજૂઆત**



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

**1.9.2 પાસપાસેની સ્તંભ-આકૃતિ :** જ્યારે સ્વતંત્ર ચલ એક અને આધારિત ચલ બે કે તેથી વધારે હોય તો પાસપાસેની સ્તંભ-આકૃતિ સારી રીતે માહિતીને રજૂ કરે છે. દા.ત., ભારતમાં અક્ષરજ્ઞાનનો વધારો. જેમાં સમયનું પરિબળ એક જ છે અને બદલતા ચલમાં સ્ત્રી-સાક્ષરતા દર, પુરુષ-સાક્ષરતા દર, કુલ સાક્ષરતા દર એમ ત્રણ બાબત છે.

**ગુજરાતમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ (ટકામાં)**

| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| 1951 | 30.17 | 12.79 | 21.09 |
| 1961 | 48.73 | 12.77 | 36.19 |
| 1971 | 53.78 | 29.00 | 41.84 |
| 1981 | 65.10 | 38.50 | 52.20 |
| 1991 | 73.13 | 48.64 | 61.29 |
| 2001 | 80.50 | 58.60 | 69.14 |
| 2011 | 87.23 | 70.73 | 79.31 |

**સ્રોત :** ગુજરાતનો આર્થિક-સામાજિક સર્વે : 2011-12




**1.3 માહિતીની પાસપાસેની સ્તંભ-આકૃતિમાં રજૂઆત**




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**1.9.3 વૃત્તાંશ આકૃતિ :** સમગ્ર વર્તુળ એક સમષ્ટી છે અને તેના ભાગ એક બાબત છે એમ દર્શાવાય ત્યારે વૃત્તાંશ આકૃતિ બને. વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. દા.ત., ભારતની રાષ્ટ્રીય આવકમાં ત્રણ મહત્ત્વનાં ક્ષેત્રોનો ફાળો નીચે મુજબ છે :

| ક્ષેત્ર | ટકા |
|---|---|
| ખેતીક્ષેત્ર | 13.9 |
| ઉદ્યોગક્ષેત્ર | 26.2 |
| સેવાક્ષેત્ર | 59.9 |




આમ, આલેખ દ્વારા આંકડાકીય માહિતી સરળતાથી સમજાવી શકાય છે.

**સ્રોત :** ભારતનો આર્થિક સર્વે : 2014-15

**1.4 માહિતીની વૃત્તાંશ આકૃતિમાં રજૂઆત**

## 1.10 અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ (Importance of Economics)

આજનો યુગ એ આર્થિક યુગ છે. માનવીની પ્રત્યેક પ્રવૃત્તિ લાભ અને ગેરલાભની તુલના સાથે થાય છે. બહુ ઓછા લોકો છે જે સાવ નિઃસ્વાર્થ ભાવે કામ કરે છે. આર્થિક બાબતોથી દૂર રહી શકે તેવું ભાગ્યે જ કોઈ હોય અને માટે અર્થશાસ્ત્ર વિષયની પ્રસ્તુતતા વધી જાય છે. તેના અભ્યાસનું મહત્ત્વ વધી જાય છે.

**1.10.1 વ્યાવહારિક મહત્ત્વ :** અર્થશાસ્ત્ર આપણાં રોજિંદા જીવન સાથે જોડાયું છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ આપણાં વ્યાવહારિક જ્ઞાન અને વર્તનને નીચે પ્રમાણે અસર કરે છે :

**1.10.1.1 આંતરરાષ્ટ્રીય ઘટનાઓ :** આજના સમયમાં આર્થિક બાબતો જ આંતરરાષ્ટ્રીય બાબતોને અસર કરે છે. શા માટે અમેરિકા સુપર પાવર છે ? ક્રુડતેલના ભાવો કેમ વધ-ઘટ થાય છે. રશિયા અને અમેરિકા, ચીન અને ભારતમાં કઈ આર્થિક સમાનતા અને કયા તફાવતો છે તેમજ કયો દેશ મૂડીવાદી કહેવાય ?, કયો દેશ સામ્યવાદી કહેવાય ? તે જાણકારી હોય તો આપણે કયા દેશ સાથે સરળતાથી વ્યવહાર કરી શકીએ તે સમજી શકાય છે.

**1.10.1.2 ઐતિહાસિક ઘટનાઓ :** તેજાના અને ગરમ મસાલાના ભાવ વધ્યા તે માટે ઇંગ્લૅન્ડના વેપારીઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપની સ્થાપી અને ભારતમાં આવી વેપાર કર્યો પછી શાસન કર્યું. રોજગારી અને ઉદ્યોગ-ધંધામાં પડતી તથા ઊંચા કરવેરાના ભારણથી ભારતીય પ્રજાએ અંગ્રેજોના શાસનનો વિરોધ કર્યો. દુનિયામાં અને દેશમાં ભાવવધારો, ઊંચા કરવેરા, અછત જેવાં આર્થિક પરિબળો મોટી રાજકીય ઊથલ-પાથલ સર્જે છે. અર્થશાસ્ત્રના અભ્યાસથી જ આ ઐતિહાસિક રાજકીય ઘટનાક્રમ સમજી શકાય છે.

**1.10.2 આર્થિક મહત્ત્વ :**

**1.10.2.1 રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે :** અભિનેતા, ડૉક્ટર, વકીલ, ગાયક, શિક્ષક પણ આર્થિક રોકાણો કરતા હોય છે. સીધી રીતે આર્થિક પ્રવૃત્તિમાં ન જોડાયેલા લોકો પણ બચત અને મૂડીરોકાણ, ખર્ચ અને આવકની પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય છે. ગૃહિણીથી માંડીને સરકાર સુધીના લોકોને પોતપોતાના આર્થિક નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે.

**1.10.2.2 સરકારની નીતિઓને સમજવા માટે :** ભારત જેવા દેશમાં સરકારની નાણાનીતિ તથા રાજકોષીયનીતિ કે સમગ્ર આર્થિકનીતિ આપણા રોજબરોજના જીવન પર ગંભીર અસરો સર્જી શકે છે, માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ આ નીતિઓને સમજવામાં તથા તે મુજબ આપણા નિર્ણયો બદલવામાં મદદરૂપ થાય છે. દા.ત., રિઝર્વ બૅન્કના રેપોરેટના ફેરફારો મુજબ આપણે બચત અને રોકાણના નિર્ણયો કરવા જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**1.10.3 વ્યાવસાયિક મહત્ત્વ :** આવક અને ખર્ચ, માંગ અને પુરવઠો આ બાબતો તમામ વ્યવસાયો સાથે જોડાયેલી છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ દરેક વ્યવસાયની આર્થિક ગણતરીઓમાં મદદરૂપ થાય છે. વસ્તુ કે સેવાના કિંમત-નિર્ધારણ, સાધનો તથા કાચામાલના ખરીદ-વેચાણ, શ્રમિકો કે કર્મચારીઓના વેતન નક્કી કરવા જેવી તમામ બાબતોના નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. દા.ત., તીવ્ર સ્પર્ધાવાળા બજારમાં કિંમત ઘટાડવાથી ગ્રાહકોને આકર્ષી શકાય છે.

અર્થશાસ્ત્ર મૂળભૂત રીતે આર્થિક નિર્ણયો કરવામાં મદદરૂપ થતું શાસ્ત્ર છે અને તેનું વ્યાવસાયિક મહત્ત્વ છે. આર્થિક જગતમાં માણસના મુખ્ય ત્રણ સ્વરૂપ છે. (1) ગ્રાહક તરીકે (2) ઉત્પાદક તરીકે (3) શ્રમિક તરીકે. આ ત્રણેય સ્વરૂપમાં તેણે ઓછામાં ઓછું ચૂકવીને વધુમાં વધુ લાભ મેળવવાનો પ્રયત્ન કરવાનો છે અને આર્થિક સિદ્ધાંતો તેને અહીં મદદ કરે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ અને માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતા શાસ્ત્રને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) તર્કશાસ્ત્ર (B) ભૌતિકશાસ્ત્ર (C) અર્થશાસ્ત્ર (D) આંકડાશાસ્ત્ર

(2) Economics શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઊતરી આવ્યો છે ?

(A) Oikonomos (B) Ecology (C) PHILO (D) NOMOS

(3) કયા અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનો વૈજ્ઞાનિક ઢબે સ્વતંત્રપણે અભ્યાસ શરૂ કરવાનું બહુમાન મળ્યું છે ?

(A) કૌટિલ્ય (B) પ્રો. માર્શલ (C) રોબિન્સન (D) ઍડમ સ્મિથ

(4) અર્થશાસ્ત્રને વાસ્તવવાદી વિજ્ઞાન તરીકે રજૂ કરનાર અર્થશાસ્ત્રી...

(A) ઍડમ સ્મિથ (B) રોબિન્સ (C) સેમ્યુઅલસન (D) માર્શલ

(5) અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?

(A) ચાર (B) ત્રણ (C) બે (D) પાંચ

(6) સામાન્ય રીતે દેશ, વર્ષ, વરસાદ જેવી સ્વતંત્ર ચલરાશી કઈ ધરી ઉપર દર્શાવવામાં આવે છે ?

(A) ઊભી ધરી પર (B) આડી ધરી પર (C) ઉદ્‌ગમ બિન્દુ પર (D) કાટખૂણે

(7) 'Principles of Economics' પુસ્તક કોણે લખ્યું?

(A) એડમસ્મિથ (B) માર્શલ (C) રોબિન્સ (D) સેમ્યુઅલસન

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) રોબિન્સના મતે અર્થશાસ્ત્રની વ્યાખ્યા જણાવો.

(2) સેમ્યુઅલસન અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં કઈ બાબતને મહત્ત્વનું સ્થાન આપે છે ?

(3) આર્થિક માહિતીની રજૂઆત કઈ ત્રણ રીતે કરી શકાય ?

(4) સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર અને પરતંત્ર ચલરાશીને કઈ ધરી પર દર્શાવવામાં આવે છે ?

(5) વૃત્તાંશ આકૃતિ એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) કૌટિલ્યે આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા શું છે ? તે સમજાવો.

(2) માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

(3) આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત સમજાવો.

(4) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(5) અર્થતંત્રની દશા અને દિશાનાં વલણો જાણવા માટે આંકડાકીય માહિતી ઉપયોગી છે. સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ઍડમસ્મિથ અને માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.

(2) અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ મુદ્દાસર સમજાવો.

(3) ''અર્થશાસ્ત્ર'' અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.

(4) ''અર્થશાસ્ત્ર'' વિષયનું મહત્વ સ્પષ્ટ કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) પશ્ચિમમાં અર્થશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસ વિશે ટૂંકમાં માહિતી આપો.

(2) 'આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવા માટે આકૃતિ અને આલેખ વધારે અનુકૂળ છે.' – સમજાવો.

**પારિભાષિક શબ્દો**

| | | |
|---|---|---|
| **આર્થિક પ્રવૃત્તિ (Economic Activity)** | : | જરૂરિયાતોના સંતોષ માટે માણસ દ્વારા થતી પ્રવૃત્તિ જેમાં આવક-ખર્ચ અને વિનિમય સંકળાયેલા છે. |
| **એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics)** | : | જે આર્થિક અભ્યાસો અર્થતંત્રના આર્થિક એકમોનું વિશ્લેષણ કરે છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે. |
| **સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics)** | : | જે આર્થિક અભ્યાસો સમગ્ર આર્થિક સમષ્ટિનો અભ્યાસ કરે છે અને તેનાં તારણો સમગ્ર અર્થતંત્રને લાગુ પડે છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે. |
| **વૃત્તાંશ આવૃત્તિ (Pie Chart)** | : | વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. એક વર્તુળને એક સમષ્ટિ માની લેવામાં આવે અને માહિતીને વર્તુળના ભાગ પાડીને દર્શાવવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે. |
| **વિશ્લેષણ (Analysis)** | : | માહિતીનું વર્ગીકરણ કરી તેના કાર્યકારણના સંબંધને તપાસવાની પ્રક્રિયા |
| **વિનિમય (Exchange)** | : | પરસ્પર લેવડ-દેવડ. એક વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રક્રિયા |
| **વૈજ્ઞાનિક પદ્ધતિ (Scientific Method)** | : | કાર્યકારણના સંબંધને તપાસીને તારણો મેળવવાના અને તેને વારંવારના પ્રયોગો દ્વારા તપાસવાની પદ્ધતિ એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ |
| **વિશિષ્ટીકરણ (Specialisation)** | : | જે વ્યક્તિ કે ઉત્પાદનનું સાધન જે બાબતમાં વધારે કાર્યકુશળ હોય તેને તે જ કાર્યમાં વધુ પરોવાય તે વિશિષ્ટીકરણ કહેવાય. |
| **વાસ્તવિક (સકારાત્મક) (Positive)** | : | વાસ્તવિકતાનું વિશ્લેષણ કરનાર તથા વાસ્તવિક પરિબળો, પરિસ્થિતિઓનો વિચાર કરનાર અભ્યાસ-પદ્ધતિ |
| **આદર્શલક્ષી (Normative)** | : | સારાં અને ખરાબ તરીકેનાં પાસાઓ દર્શાવતી વિશ્લેષણની પદ્ધતિ. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ (Fundamental Concepts and Terminologies)


- પ્રસ્તાવના
- 2.1 કિંમત અને મૂલ્ય
  - 2.1.1 ઉપયોગિતા-મૂલ્ય
  - 2.1.2 વિનિમય-મૂલ્ય
  - 2.1.3 ઉપયોગિતા-મૂલ્ય અને વિનિમય-મૂલ્ય વચ્ચેનો સંબંધ
- 2.2 વસ્તુઓ અને સેવાઓ
- 2.3 વસ્તુઓના પ્રકારો
  - 2.3.1 ભૌતિક અને અભૌતિક વસ્તુઓ
  - 2.3.2 સર્વસુલભ વસ્તુઓ અને આર્થિક વસ્તુઓ
  - 2.3.3 ટકાઉ વસ્તુઓ અને નાશવંત વસ્તુઓ
  - 2.3.4 ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ
  - 2.3.5 વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓ
- 2.4 સંપત્તિ અને કલ્યાણ
- 2.5 સંપત્તિનો અર્થ અને લક્ષણો
  - 2.5.1 તે ઉપયોગિતાનો ગુણ ધરાવે છે
  - 2.5.2 તેની અછત હોવી જોઈએ
  - 2.5.3 ભૌતિક કે બાહ્યરૂપ ધરાવે છે
  - 2.5.4 વિનિમયપાત્ર હોવી જોઈએ
  - 2.5.5 ટકાઉપણાનો ગુણ
- 2.6 સંપત્તિના પ્રકારો
  - 2.6.1 વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિ
  - 2.6.2 રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ
- 2.7 કલ્યાણ
  - 2.7.1 સંપત્તિ અને કલ્યાણનો સંબંધ
- 2.8 ઉત્પાદનનાં સાધનો
  - 2.8.1 ભૂમિ (જમીન)
  - 2.8.2 શ્રમ
  - 2.8.3 મૂડી
  - 2.8.4 નિયોજક
- 2.9 વ્યાપારચક્ર
  - 2.9.1 આકસ્મિક આર્થિક પરિવર્તનો
  - 2.9.2 મોસમી આર્થિક પરિવર્તનો
  - 2.9.3 દીર્ઘકાલિન આર્થિક પરિવર્તનો
  - 2.9.4 ચક્રવત આર્થિક પરિવર્તનો
- 2.10 વ્યાપારચક્રની વ્યાખ્યા
- 2.11 વ્યાપારચક્રના તબક્કાઓ
  - 2.11.1 તેજી
  - 2.11.2 ઓટ
  - 2.11.3 મંદી
  - 2.11.4 સુધારણા


## પ્રસ્તાવના (Introduction)

માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ અર્થશાસ્ત્રમાં થાય છે. અર્થશાસ્ત્રના અભ્યાસની શરૂઆતમાં કેટલાક પાયાના ખ્યાલો અને તેનો વિસ્તૃત અર્થ સમજી લેવો જરૂરી છે, કારણ કે આ ખ્યાલો વારંવાર ઉપયોગમાં આવે છે. શરૂઆતના તબક્કે જ આ શબ્દો, અર્થો અને મૂળભૂત ખ્યાલોની સ્પષ્ટ સમજણ મેળવી લેવાથી અર્થશાસ્ત્રનો હવે પછીનો અભ્યાસ સરળ અને સમજણપૂર્વકનો બનશે.

આપણે આ પ્રકરણમાં (1) વસ્તુઓ, સેવાઓ અને સાધનો (2) કિંમત અને મૂલ્યનો અર્થ તથા તફાવત (3) સંપત્તિ અને કલ્યાણ (4) વ્યાપારચક્ર વિશે પ્રાથમિક સમજણ મેળવીશું.

## 2.1 કિંમત અને મૂલ્ય (Price and Value)

રોજિંદા જીવન-વ્યવહારોમાં આપણે 'કિંમત' અને 'મૂલ્ય'ને લગભગ સમાનાર્થી શબ્દ તરીકે વાપરીએ છીએ. 'આ વસ્તુ મૂલ્યવાન છે.', 'આ વસ્તુ કીમતી છે.', 'આનું મૂલ્ય ખૂબ છે.', 'આની કિંમત વધારે છે.' વગેરે વાક્યોમાં કિંમત અને મૂલ્યને લગભગ સમાનાર્થી શબ્દ બનાવી દેવાયા છે. પણ અર્થશાસ્ત્રના અભ્યાસમાં તેને જુદા અર્થમાં સમજવા જરૂરી છે.

**મૂલ્ય :** કિંમત અને મૂલ્યનો જુદો સ્પષ્ટ અર્થ સમજવા માટે પહેલા મૂલ્યનો અર્થ સમજવો જરૂરી છે. વ્યવહારમાં મૂલ્યને પણ બે રીતે જોવાય છે : (1) ઉપયોગિતા-મૂલ્ય (2) વિનિમય-મૂલ્ય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2.1.1 ઉપયોગિતા-મૂલ્ય :** વસ્તુ માનવજીવન માટે કેટલી ઉપયોગી છે તે તેનું ઉપયોગિતા-મૂલ્ય દર્શાવે છે. દા.ત., ખોરાક, પાણી, સૂર્યપ્રકાશ, હવા ખૂબ ઉપયોગિતા-મૂલ્ય ધરાવે છે.

**2.1.2 વિનિમય-મૂલ્ય :** વસ્તુ કે સેવા આપીને તેના બદલામાં અન્ય વસ્તુ કે સેવા લેવાની થાય ત્યારે એક વસ્તુના બદલામાં અન્ય વસ્તુના કેટલા એકમ મળે છે તે જે-તે વસ્તુનું વિનિમય-મૂલ્ય દર્શાવે છે. દા.ત., ઘઉંના બદલામાં કેટલા પ્રમાણમાં ચોખા મળશે તે ઘઉંનું વિનિમય-મૂલ્ય દર્શાવે છે.

**2.1.3 ઉપયોગિતા-મૂલ્ય અને વિનિમય-મૂલ્ય વચ્ચેનો સંબંધ :** વસ્તુનું ઉપયોગિતા-મૂલ્ય હોય તો તેનું વિનિમય-મૂલ્ય હશે તેમ કહી શકાય નહિ, પણ જેનું વિનિમય-મૂલ્ય છે તે વસ્તુનું ઉપયોગિતા-મૂલ્ય ચોક્કસ છે. ઉપયોગિતા-મૂલ્ય ખૂબ ઊંચું હોય તેવી વસ્તુનો પુરવઠો અમાપ હોય, તેના પર કોઈ વ્યક્તિ કે પેઢીનો કાબૂ થઈ શકતો ન હોય તો આવી વસ્તુનું વિનિમય-મૂલ્ય ખૂબ નીચું રહે છે. દા.ત., સૂર્યપ્રકાશ, હવા, પાણી વગેરે. જ્યારે જે વસ્તુની અછત હોય, પુરવઠા પર એકાદ કે થોડા લોકોનો કાબૂ હોય તે વસ્તુનું ઉપયોગિતા-મૂલ્ય ઓછું હોય, છતાં તેનું વિનિમય-મૂલ્ય ઊંચું હોય છે. દા.ત., સોનું, ચાંદી, હીરા, માણેક. આ વસ્તુઓની અછત હોવાના કારણે તેમનું વિનિમય-મૂલ્ય ઊંચું છે. એક વાત યાદ રાખવી ઘટે કે એક સમયે અને સ્થળે જેનું વિનિમય-મૂલ્ય નીચું હોય તેનું ભિન્ન સ્થળે તથા સમયે વિનિમય-મૂલ્ય ઊંચું હોઈ શકે છે. દા.ત., પાણીનું વિનિમય-મૂલ્ય શૂન્ય જેવું હતું પણ હવે ચોખ્ખા પાણીની અછત વધવાથી તેનું વિનિમય-મૂલ્ય વધ્યું છે.

ઉપયોગિતા-મૂલ્ય અને વિનિમય-મૂલ્યના આ અર્થભેદને સમજ્યા પછી ખાસ યાદ રાખવાનું કે અર્થશાસ્ત્રના જ્યાં જ્યાં મૂલ્ય શબ્દ વપરાય તો તે વિનિમય-મૂલ્યના સંદર્ભમાં જ વપરાયો છે તેમ માનવું, એટલે અર્થશાસ્ત્રના અભ્યાસમાં મૂલ્ય શબ્દનો અર્થ છે 'એક વસ્તુના બદલામાં અન્ય વસ્તુના કેટલા એકમ મળશે તે પ્રમાણ જે-તે વસ્તુનું મૂલ્ય દર્શાવે છે' અને વસ્તુના બદલામાં નાણાંના એકમ ચૂકવવાના હોય ત્યારે વસ્તુના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમ તે વસ્તુની કિંમત દર્શાવે છે.

આમ, મૂલ્ય એટલે વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય-મૂલ્ય.

કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ.

## 2.2 વસ્તુઓ અને સેવાઓ (Goods and Services)

**વસ્તુઓ :** માણસ પોતાની વિવિધ જરૂરિયાતો વિવિધ રીતે સંતોષવાનો પ્રયત્ન કરે છે. જે ભૌતિક બાબતો દ્વારા જરૂરિયાત સંતોષાય છે તે વસ્તુઓ છે.

**સેવાઓ :** અભૌતિક બાબતો તે સેવાઓ છે. જેમકે ભૂખ સંતોષવા માટે ખોરાક એ વસ્તુ છે. જિજ્ઞાશા સંતોષવા માટે શિક્ષણ એ સેવા છે.

વ્યક્તિની જરૂરિયાતો ભૌતિક અને શારીરિક હોય છે તથા ઘણી અભૌતિક અને માનસિક હોય છે. આ જરૂરિયાતોનો સંતોષ પણ ભૌતિક અને શારીરિક રીતે હોય છે તથા અભૌતિક અને માનસિક રીતે હોય છે. ખાવું-પીવું-મુસાફરી કરવી, રમવું આ ભૌતિક શારીરિક જરૂરિયાતો છે જેને સંતોષનારી બાબતો પણ ભૌતિક એટલે માપી શકાય તેવી હોય છે, જે વસ્તુઓ છે અને માનસિક જરૂરિયાતો સંતોષનારી બાબતો સેવાઓ છે.

## 2.3 વસ્તુઓના પ્રકારો (Types of Goods)

જરૂરિયાત સંતોષનારી ચીજવસ્તુઓ અને સેવાઓનું વર્ગીકરણ નીચે મુજબ છે :

**2.3.1 ભૌતિક અને અભૌતિક વસ્તુઓ :** ભૌતિકતાના આધાર પર વસ્તુઓ બે પ્રકારની છે : (1) ભૌતિક વસ્તુઓ (2) અભૌતિક વસ્તુઓ કે જેને આપણે સેવા તરીકે ઓળખીએ છીએ. દડો, બૅટ, પ્રાઈમસ, ટી.વી. ફ્રિજ, મોબાઈલ આ માપી શકાય, જોઈ શકાય તેવી ભૌતિક વસ્તુઓ છે; જ્યારે સંગીત, શિક્ષણ, દાક્તરી-સલાહ વગેરે અભૌતિક વસ્તુઓ કે સેવાઓ છે.

**2.3.2 સર્વસુલભ વસ્તુઓ અને આર્થિક વસ્તુઓ :** જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઈનો અંકુશ ન હોય અને જે વસ્તુ કે સેવા સૌને જ્યારે જેટલા પ્રમાણમાં જોઈએ ત્યારે પ્રાપ્ત હોય તેવી વસ્તુઓ સર્વસુલભ વસ્તુઓ છે. દા.ત., હવા, સૂર્યપ્રકાશ વગેરે.

જે વસ્તુના પુરવઠાને કાબૂમાં રાખી શકાય છે. જેની અછત છે અને માટે જેનું ખરીદ-વેચાણ થઈ શકે છે તે તમામ વસ્તુઓ કે સેવાઓ આર્થિક વસ્તુ કે અછતવાળી વસ્તુઓ કહેવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2.3.3 નાશવંત વુસ્તઓ અને ટકાઉ વસ્તુઓ :** વસ્તુના ટકાઉપણાને આધારે તેના બે પ્રકાર પાડી શકાય : (1) નાશવંત વસ્તુઓ અને (2) ટકાઉ વસ્તુઓ.

કેટલીક વસ્તુઓનો વપરાશ કરતાંની સાથે જ અંત આવે છે તેને નાશવંત વસ્તુઓ કહે છે. જ્યારે કેટલીક વસ્તુઓનો લાંબા ગાળા સુધી વપરાશ કરી શકાય છે તેને ટકાઉ વસ્તુઓ કહે છે. દા.ત., બિસ્કિટ, દૂધ, ફળો જેનો સમયગાળો ઓછો હોય છે. વપરાશમાં ન લો તોપણ તે લાંબા ગાળા સુધી ઉપયોગી રહેતી નથી, એટલે તે નાશવંત વસ્તુ છે. જ્યારે બૂટ, કપડાં, ફ્રિજ, ટી.વી. લાંબા ગાળા સુધી વપરાશમાં રહી શકે છે તે ટકાઉ વસ્તુઓ છે.

**2.3.4 ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ :** વસ્તુના માલિકીપણા તથા વપરાશના સ્વરૂપના આધારે વસ્તુના બે પ્રકાર પાડી શકાય છે : (1) ખાનગી વસ્તુ (2) જાહેર વસ્તુ.

વસ્તુની માલિકી ખાનગી, વ્યક્તિગત હોય તે ખાનગી વસ્તુ છે. તે વસ્તુના વપરાશનો નિર્ણય ખાનગી વ્યક્તિને આધીન છે અને જે વસ્તુની માલિકી જાહેર સંસ્થા કે સરકારની હોય તે જાહેર વસ્તુ છે. જેના વપરાશનો નિર્ણય કોઈ વ્યક્તિ વ્યક્તિગત ધોરણે કરી શકતો નથી.

વસ્તુના વપરાશની રીતે પણ ખાનગી વસ્તુ તથા જાહેર વસ્તુનો વિચાર કરી શકાય છે. જે વસ્તુમાં સ્પર્ધાત્મકતાનો ગુણ છે અને વંચિતતાનો ગુણ છે તે ખાનગી વસ્તુ છે. એટલે કે જે વસ્તુનો એક વ્યક્તિ વપરાશ કરે ત્યારે બીજી વ્યક્તિ તે વસ્તુનો વપરાશ કરી શકતી નથી. તે સ્પર્ધાત્મકતાનો ગુણ ધરાવે છે. દા.ત., જે બિસ્કિટ એક બાળક ખાય છે તે જે બિસ્કિટ બીજાને આપી શકાતું નથી. વળી ખાનગી વસ્તુઓ વંચિતતાનો ગુણ પણ ધરાવે છે. જે વ્યક્તિ કિંમત ન ચૂકવે તેને જે-તે વસ્તુના વપરાશમાંથી વંચિત રાખી શકાય છે. દા.ત., કિંમત ન ચૂકવે તેને મોબાઈલ ફોન વાપરવા મળી શકતો નથી.

આનાથી વિરુદ્ધ જાહેર વસ્તુનો વપરાશ સામૂહિક ધોરણે થાય છે. તે બિનસ્પર્ધાત્મકતા અને બિનવંચિતતાનો ગુણ ધરાવે છે.

બિનસ્પર્ધાત્મકતા એટલે એક વ્યક્તિ વસ્તુનો વપરાશ કરે તોપણ બીજી વ્યક્તિના વપરાશમાં ઘટાડો થતો નથી. દા.ત., બગીચાનો લાભ એક વ્યક્તિ લે ત્યારે બીજાના લાભમાં ઘટાડો થતો નથી. બિનવંચિતતા એટલે કિંમત ન ચૂકવે તેને વસ્તુ કે સેવાના લાભમાંથી વંચિત રાખી શકાતો નથી.

ટૂંકમાં જેની ખાનગી માલિકી છે, વ્યક્તિગત ધોરણે વપરાશ છે. તેનું વપરાશનું ક્ષેત્ર મર્યાદિત છે તે ખાનગી વસ્તુઓ છે. જ્યારે જેનો વપરાશ સામૂહિક ધોરણે થઈ શકે છે. જેની માલિકી સામૂહિક - સરકારની છે અને જેના વપરાશનું ક્ષેત્ર વિશાળ છે તે જાહેર વસ્તુઓ છે.

**2.3.5 વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓ :** માનવ-જરૂરિયાત સંતોષનારી વસ્તુઓ બે રીતે માનવ-જરૂરિયાત સંતોષે છે. પ્રત્યક્ષ અને સીધો જ સંતોષ આપે અથવા પરોક્ષ રીતે જરૂરિયાત સંતોષવામાં મદદ કરે. દા. ત., ખોરાક માનવીની જરૂરિયાતને સીધી જ સંતોષે છે. જ્યારે ખોરાક તૈયાર કરનાર વાસણ જરૂરિયાતને પરોક્ષ રીતે સંતોષે છે. કપડાં જરૂરિયાતને સીધી જ સંતોષે છે. જ્યારે કપડા બનાવવામાં વપરાતું કપાસ કે કપાસના ઉત્પાદનમાં વપરાતાં સાધનો જરૂરિયાતને પરોક્ષ રીતે સંતોષે છે. આ રીતે જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા જરૂરિયાત સંતોષે છે, તે વપરાશી વસ્તુઓ છે અને જે ઉત્પાદન-પ્રક્રિયામાં ભાગ લઈ તુષ્ટિગુણનું સર્જન કરવામાં મદદરૂપ થાય છે તે ઉત્પાદક વસ્તુઓ છે. ટ્રેક્ટર, ઉત્પાદનનાં મશીનો વગેરે ઉત્પાદક વસ્તુઓ છે.

### 2.4 સંપત્તિ અને કલ્યાણ (Wealth and Welfare)

આર્થિક અભ્યાસોમાં વારંવાર આવતા બે શબ્દ સંપત્તિ અને કલ્યાણનો અર્થ પણ સમજી લેવો જરૂરી છે.

### 2.5 સંપત્તિનો અર્થ અને લક્ષણો (Meaning and Characteristics of Wealth)

**સંપત્તિનો અર્થ :** ઍડમસ્મિથે અર્થશાસ્ત્રની વ્યાખ્યા સંપત્તિના શાસ્ત્ર તરીકે આપી ત્યારથી આર્થિક અભ્યાસોમાં સંપત્તિનો અર્થ અને મહત્ત્વ ચર્ચાવા લાગ્યા. આલ્ફ્રેડ માર્શલે સંપત્તિનો અર્થ આપતા જણાવ્યું કે, જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.

**સંપત્તિનાં લક્ષણો :** સંપત્તિની વ્યાખ્યાને આધારે તેનાં નીચેનાં લક્ષણો તારવી શકાય છે :

**2.5.1 તે ઉપયોગિતાનો ગુણ ધરાવે છે :** માનવ-જરૂરિયાત સંતોષવાનો ગુણ એટલે ઉપયોગિતાનો ગુણ. સંપત્તિનું પ્રથમ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લક્ષણ એ છે કે તે માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ ધરાવે છે, એટલે કે તે ઉપયોગી છે. મકાન, વાહન, સોના-ચાંદીનાં ઘરેણાં વગેરે સંપત્તિ છે.

**2.5.2 તેની અછત હોવી જોઈએ :** વસ્તુમાં ઉપયોગિતાનો ગુણ હોવા સાથે તેમાં અછતનો ગુણ પણ હોવો જોઈએ કારણ કે અછતવાળી વસ્તુ જ વિનિમય-મૂલ્ય ધરાવે છે. સર્વસુલભ વસ્તુઓ બધાને સરળતાથી મળે છે માટે તે સંપત્તિ ગણી શકાય નહિ કારણ કે તેનો વિનિમય થવાનો નથી. અછતવાળી વસ્તુ જ સંપત્તિ ગણાય.

**2.5.3 ભૌતિક કે બાહ્યરૂપ ધરાવે છે :** સંપત્તિ ભૌતિક કે બાહ્યરૂપ ધરાવતી હોવી જોઈએ. વ્યક્તિમાં રહેલ જ્ઞાન, સમજણ, કળા એ સંપત્તિ નથી તેનો વિનિમય થઈ શકતો નથી. જે-તે વ્યક્તિ સાથે જ તે રહે છે. તે તેનો આંતરિક ગુણ છે.

એક ખાસ વાત અત્રે યાદ રાખવાની કે કોઈ એક વિચારને સ્પષ્ટ સ્વરૂપે નોંધી તેને સંપત્તિ તરીકે રજૂ કરવાનો કાયદો હાલમાં વિશ્વભરમાં સ્વીકારાયો છે. તે ચોક્કસ વિચારનું ખરીદ-વેચાણ થઈ શકે છે. તેનો માલિકી હક નક્કી થાય છે અને તેનો વારસો પણ નક્કી થાય છે પણ યાદ એ રાખવાનું છે કે, માત્ર ચોક્કસ વિચાર કે વિચારસમૂહને સંપત્તિ ગણવામાં આવે છે.

**વિચારવાની શક્તિ :** વિચારવાની શક્તિ એ ગુણ છે, તે સંપત્તિ નથી. તેનું હસ્તાંતરણ થઈ શકતું નથી. દા.ત., વૈજ્ઞાનિક એક શોધ કરે અને ચોક્કસ સ્વરૂપમાં રજૂ કરે તો તેની માલિકી થઈ શકે. તે તેની સંપત્તિ બની શકે, પણ વૈજ્ઞાનિક તેનું જ્ઞાન, તેની વિચારવાની શક્તિ એ કોઈને આપી શકતો નથી માટે તે સંપત્તિ નથી.

**2.5.4 વિનિમયપાત્ર હોવી જોઈએ :** જે વસ્તુ ઉપયોગી હોય, બાહ્ય હોય, પણ વિનિમયપાત્ર ન હોય તો તે સંપત્તિ નથી. સંપત્તિનો અગત્યનો ગુણ તેની વિનિમય-ક્ષમતા છે. તે આપીને સામે બીજી વસ્તુ મેળવી શકાવી જોઈએ. સંપત્તિ વ્યક્તિની વર્તમાન જરૂરિયાતો તો સંતોષે જ છે પણ ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતો મેળવી આપવામાં પણ મદદરૂપ થાય છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે તે વિનિમયક્ષમ હોય. દા.ત., મકાન વર્તમાનમાં જરૂરિયાત સંતોષે પણ ભવિષ્યમાં મકાન વેચીને અન્ય જરૂરિયાતો પણ સંતોષી શકાય છે. સોનું, ઝવેરાત, જમીન વગેરે સંપત્તિ છે કારણ કે તે વિનિમય-મૂલ્ય ધરાવે છે.

**2.5.5 ટકાઉપણાનો ગુણ :** સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોય છે. જે વસ્તુઓ-સેવાઓ નાશવંત છે. જેના જથ્થાને લાંબા સમય સુધી રાખી શકાતો નથી તે સંપત્તિ ગણી શકાય નહિ. સોનું, જમીન, મકાન, શૅર વગેરે સંપત્તિ છે કારણ કે તે વર્ષો સુધી રહે છે. શ્રમિકનો શ્રમ, શિક્ષકનું શિક્ષણ કે ખેડૂત દ્વારા ઉત્પાદિત નાશવંત વસ્તુઓ સંપત્તિ નથી કારણ કે તે લાંબા ગાળા સુધી ટકાવી શકાતી નથી. જો નાશવંત વસ્તુઓ લાંબા ગાળા સુધી ટકે તેવી વ્યવસ્થા શોધાય તો આજે જે સંપત્તિ નથી તે આવતી કાલે સંપત્તિ બને.

દા.ત., ખેડૂતો હવે કેટલાક ખેત-ઉત્પાદનોને કૉલ્ડ સ્ટોરેજ જેવી ટેક્નોલૉજીના ઉપયોગથી લાંબો સમય ટકાવી શકે છે.

આમ બાહ્ય, ઉપયોગી, વિનિમયપાત્ર અને અછતવાળી વસ્તુ એટલે સંપત્તિ.

## 2.6 સંપત્તિના પ્રકારો (Types of Wealth)

વસ્તુઓની જેમ સંપત્તિના પણ પ્રકાર પાડી શકાય છે :

**2.6.1 વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિ :** જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય તે વ્યક્તિગત સંપત્તિ ગણાય અને જે સંપત્તિની માલિકી અને વપરાશ સમાજ-સમૂહ દ્વારા થતો હોય તે સામાજિક સામૂહિક સંપત્તિ ગણાય.

**2.6.2 રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ :** દેશની માલિકીની સંપત્તિ રાષ્ટ્રીય માલિકીની છે. દેશના નદી, પર્વત, રણ, જાહેર રસ્તાઓ ઐતિહાસિક ઇમારતો આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે. આપણો સામૂહિક વારસો સાહિત્ય-સ્થાપત્ય આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે. આવી જ રીતે આંતરરાષ્ટ્રીય સંપત્તિનો વિચાર પણ કરી શકાય. જે સંપત્તિની માલિકી હોઈ એક રાષ્ટ્રની નથી પરંતુ સમગ્ર વિશ્વની છે તે આંતર રાષ્ટ્રીય સંપત્તિ છે. દા.ત., કોઈ પણ દેશની હદ છોડ્યા પછીનો દરિયો આંતરરાષ્ટ્રીય સંપત્તિ ગણાય છે.

## 2.7 કલ્યાણ (Welfare)

કલ્યાણ એટલે સારી સ્થિતિ, પરિસ્થિતિમાં સુધારો. આર્થિક રીતે કહીએ તો ભૌતિક જીવન-ધોરણમાં સુધારો વધુ સારી સ્થિતિનું નિર્માણ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આધ્યાત્મથી માંડીને અર્થશાસ્ત્ર સુધી કલ્યાણ શબ્દ વપરાય છે. માણસ જીવનનાં તમામ ક્ષેત્રોમાં કલ્યાણ થાય તેવું ઇચ્છે છે એટલે કે વધારે સારી સ્થિતિ ઇચ્છે છે અને વધુ સારી સ્થિતિ માત્ર ટૂંકાગાળા માટે નહિ પણ કાયમી ધોરણે રહે તે કલ્યાણ છે.

અર્થશાસ્ત્રમાં કલ્યાણને બે રીતે વિચારી શકાય : (1) વ્યક્તિગત કલ્યાણ અને (2) સામૂહિક કલ્યાણ.

આપણે જ્યારે કલ્યાણની વાત કરીએ ત્યારે સામૂહિક કલ્યાણનો વિચાર કરવાનો છે. વળી, કલ્યાણને આર્થિક પરિસ્થિતિમાં માપી શકાય તેવા સુધારા સાથે ગુણાત્મક પરિવર્તનો સાથે પણ સંબંધ છે. એટલે તે આર્થિકવૃદ્ધિ કરતાં, આર્થિક વિકાસ સાથે સંકળાયેલી બાબત છે. વળી, કલ્યાણનો મોટો આધાર આવકવૃદ્ધિ કરતાં આવકની યોગ્ય વહેંચણી પર રહેલો છે.

**2.7.1 સંપત્તિ અને કલ્યાણનો સંબંધ :** સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, વ્યક્તિની સંપત્તિમાં વધારો થાય ત્યારે તેના કલ્યાણમાં પણ વધારો થાય છે. દેશની સંપત્તિમાં વધારો થાય તેથી દેશના લોકોનું પણ કલ્યાણ થાય છે. પણ વ્યક્તિ માટે જે બાબત સાચી હોય તે દેશ માટે ન પણ હોય. ઉપર જણાવ્યું તેમ કલ્યાણને આવકની વહેંચણી સાથે સંબંધ છે. દેશની સંપત્તિમાં વધારો થાય પણ તે થોડાક જ લોકોના હાથમાં કેન્દ્રિત થયેલી હોય તો દેશના બધા લોકોનું કલ્યાણ વધતું નથી.

કલ્યાણને પ્રજાના સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો સાથે પણ જોડવામાં આવે તો સંપત્તિ અને કલ્યાણનો સીધો સંબંધ માપી શકાતો નથી. કારણ કે અર્થશાસ્ત્ર નૈતિક મૂલ્યોના નિર્ણયો કરતું નથી !

આમ છતાં માત્ર ભૌતિક કલ્યાણનો વિચાર કરીએ તો દેશની આવકમાં વધારો થવા સાથે આવકની વહેંચણી પણ સુધરે તો કલ્યાણમાં વધારો થાય છે તેમ કહી શકાય.

### 2.8 ઉત્પાદનનાં સાધનો (Factors of Production)

માણસ અમર્યાદિત જરૂરિયાતો ધરાવે છે. આ જરૂરિયાતોની પૂર્તિ માટે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે.

માનવીની જરૂરિયાત સંતોષી શકે તે રીતે વસ્તુ કે સેવાને ઉપયોગી સ્વરૂપ આપવામાં આવે તે ઉત્પાદન છે. સાદી રીતે કહીએ તો ઉપયોગિતા ગુણનું સર્જન (તુષ્ટિગુણનું સર્જન) કરવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. દા.ત., લાકડાને ખુરશીના સ્વરૂપમાં બદલવાથી તેમાં ઉપયોગિતાનો ગુણ ઉમેરાય છે. આ પ્રક્રિયાને ઉત્પાદન કહે છે અને તુષ્ટિગુણના સર્જનની પ્રક્રિયામાં જે મદદરૂપ થાય તે બાબતોને સાધન કહે છે.

સ્થળ બદલવાથી, સ્વરૂપ બદલવાથી, સમય બદલવાથી વસ્તુના તુષ્ટિગુણમાં, ઉપયોગિતાના ગુણમાં વધારો થાય છે. તે પ્રક્રિયા ઉત્પાદનની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં મદદ કરનારી બાબતો ઉત્પાદનનાં સાધનો છે.

**ઉત્પાદનનાં મુખ્યત્વે ચાર સાધનો છે :** જમીન, મૂડી, શ્રમ, નિયોજક. રાષ્ટ્રના કુલ વાર્ષિક ઉત્પાદનનો આધાર આ ચાર ઉત્પાદનનાં સાધનો પર છે. ઉત્પાદન-પ્રક્રિયામાં ચારેય સાધનનું મહત્ત્વ સરખું છે. વહેંચણીની ન્યાયી પ્રક્રિયા ઉત્પાદનનાં ચારેય સાધનોને ઉત્પાદનમાં તેમણે આપેલા ફાળા મુજબ વળતર આપે છે. માર્શલ જણાવે છે કે, ઉત્પાદનના મૂળ તો બે જ સાધન છે : કુદરત અને માણસ.

**ઉત્પાદનનાં ચાર સાધનોનો પરિચય :**

**2.8.1 ભૂમિ (જમીન) :** સામાન્ય વ્યવહારમાં જમીન એટલે પૃથ્વીની ઉપરની સપાટી જેના પર માણસ વસવાટ કરે છે. પણ અર્થશાસ્ત્રમાં જમીનનો વિસ્તૃત અર્થ છે. પ્રો. માર્શલના મતે મનુષ્યને ઉત્પાદનમાં મદદરૂપ થતાં કુદરતી પરિબળો જમીન છે, એટલે કે હવા, પાણી, સૂર્યપ્રકાશ, આબોહવાનો સમૂહ એટલે જમીન.

ઉત્પાદનમાં મદદરૂપ ખનીજ, ખાણ, પર્વત, નદી, ગરમી તમામને જમીન ગણીએ, તો જમીનનાં મહત્ત્વનાં લક્ષણો નીચે મુજબ છે :

(1) જમીન કુદરતી બક્ષિસ છે. (તે માનવસર્જન નથી.) (2) જમીનનો કુલ પુરવઠો સ્થિર છે. (3) જમીન ભૌગોલિક રીતે અગતિશીલ છે. (4) તેની ફળદ્રુપતા જુદી જુદી હોય છે. (5) ભૂમિને મળતા વળતરને ભાડું કહે છે.

**2.8.2 શ્રમ :** અન્ય વ્યક્તિની દેખરેખ હેઠળ (કે સૂચના મુજબ) વળતરની અપેક્ષા સાથે થતું માનસિક કે શારીરિક કાર્ય તે શ્રમ છે અને તે કરનાર શ્રમિક છે.

ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે કે, ઉત્પાદનનાં બે જ મૂળભૂત સાધનો છે. કુદરતી પરિબળો એટલે જમીન અને માનવી એટલે કે શ્રમ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉત્પાદનના અગત્યના સાધન તરીકે શ્રમનાં લક્ષણો નીચે મુજબ છે :

(1) શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છે.
(2) શ્રમ નાશવંત છે. (સંગ્રહ થઈ શકતો નથી.)
(3) સામાજિક-માનસિક કારણો ગતિશીલતાને અસર કરે છે.
(4) દરેક શ્રમિકની કાર્યક્ષમતા જુદી હોઈ શકે છે.
(5) શ્રમના પુરવઠાનો આધાર વસતિ પર છે.
(6) શ્રમને ચુકવાતા વળતરને વેતન કહે છે.

**2.8.3 મૂડી :** આધુનિક ઉત્પાદન-પ્રક્રિયામાં અગત્યનું ગણાતું સાધન મૂડી છે. શ્રમ અને જમીન એ કુદરતનું સર્જન છે જ્યારે મૂડી માનવસર્જિત ઉત્પાદનનું સાધન છે. મૂડી એટલે એવી ભૌતિક વસ્તુઓ જે ઉત્પાદનમાં મદદરૂપ થાય છે.

મૂડીને ઉત્પાદનનું ઉત્પાદિત સાધન માનવામાં આવે છે કારણ કે મૂડી એ એવી ભૌતિક વસ્તુ છે જેનું ઉત્પાદન થયું છે અને હવે તે ઉત્પાદનમાં મદદ કરે છે. દા.ત., ટ્રેક્ટરનું ઉત્પાદન થયું છે અને હવે તે ખેતીના ઉત્પાદનમાં કામ કરે છે.

મૂડી અને સંપત્તિ વચ્ચે પણ તફાવત છે કારણ સંપત્તિ પણ ભૌતિક હોય છે. પણ બધી સંપત્તિ ઉત્પાદન-પ્રક્રિયામાં સામેલ થતી નથી.

**મૂડીનાં લક્ષણો :** (1) ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે. (2) સૌથી ગતિશીલ ઉત્પાદનનું સાધન છે. (3) અછત ધરાવતું સાધન છે. (4) મૂડીનું વળતર તે વ્યાજ છે.

**2.8.4 નિયોજક :** ઉત્પાદનનાં સાધનોનું સંયોજન કરનાર નિયોજક છે. જોકે વ્યવસ્થાપક અને નિયોજક વચ્ચે તફાવત છે. વ્યવસ્થાપક (Manager) વેતન પ્રાપ્ત કર્મચારી છે જે સાધનની વ્યવસ્થા કરે છે.

નિયોજક સ્વતંત્રપણે જોખમ ઊઠાવે છે. તેનું વળતર નિશ્ચિત નથી. જમીન, મૂડી, શ્રમના સંયોજન દ્વારા ઉત્પાદન-પ્રક્રિયા યોજીને તે આવક મેળવવાનો પ્રયત્ન કરે છે.

નિયોજક ઉત્પાદનના ત્રણેય સાધનને નિશ્ચિત વળતર આપે છે અને તેનું જ વળતર નિશ્ચિત નથી.

**નિયોજકનાં લક્ષણો :** (1) તે આર્થિક નિર્ણયો કરે છે. (2) તે જોખમ ઉઠાવે છે. (3) નિયોજન શક્તિ એ ગુણ છે. (4) તેને મળતા વળતરને નફો કહે છે.

## 2.9 વ્યાપારચક્ર (Trade Cycle)

માનવજીવનની જેમ અર્થતંત્રમાં પણ ચક્રાકાર પરિવર્તનો આવ્યાં કરે છે. અર્થતંત્રમાં આવતી અસમતુલાઓ, ઊથલપાથલો, પરિવર્તનો નીચે પ્રમાણે ચાર પ્રકારના હોય છે :

(1) આકસ્મિક આર્થિક પરિવર્તનો (2) મોસમી આર્થિક પરિવર્તનો (3) દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો (4) ચક્રવત આર્થિક પરિવર્તનો.

**2.9.1 આકસ્મિક આર્થિક પરિવર્તનો :** અર્થતંત્રમાં અકસ્માતે જ અણધાર્યાં પરિવર્તનો આવી શકે છે. દા.ત., વાવાઝોડું આવવું, અત્યંત વરસાદ અને પૂર આવવું કે દુષ્કાળ પડવો. આવાં આકસ્મિક પરિબળો અર્થતંત્રમાં મોટી ઊથલપાથલ કે લાંબા ગાળાની અસરો સર્જે છે.

આકસ્મિક પરિવર્તનો ઘણી વાર અર્થતંત્રના કોઈ એક ભાગ કે પ્રદેશ પૂરતા પણ મર્યાદિત હોઈ શકે. દા.ત., ખેતી, ઉદ્યોગક્ષેત્ર.

**2.9.2 મોસમી આર્થિક પરિવર્તનો :** અર્થતંત્રમાં ઋતુ આધારિત પરિવર્તનો પણ આવે છે. શિયાળામાં, ઉનાળામાં, ચોમાસામાં બજારમાં જુદી જુદી માંગ સર્જાતી હોય છે અને તે મુજબ ઉત્પાદન-રોજગારીમાં પણ પરિવર્તનો આવે છે. જેમકે, દર વર્ષે મૌસમી પરિવર્તનોનું એક ચક્ર ચાલ્યા કરે છે અને તેમાં સમયાંતરે પરિવર્તન આવ્યા કરે છે.

**2.9.3 દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો :** અર્થતંત્રમાં કોઈ ચોક્કસ દિશામાં લાંબા સમય સુધી પરિવર્તનની પ્રક્રિયા ચાલે છે તેને દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો કહે છે.

કોઈ પણ ગતિશીલ અર્થતંત્રમાં લાંબા ગાળાનાં પરિવર્તનો આવતાં જ હોય છે. જે એક જ દિશામાં હોય છે. અહીંયાં પરિવર્તનો ચક્રાકાર હોતાં નથી.

**2.9.4 ચક્રવત આર્થિક પરિવર્તનો :** એક સમયગાળા દરમિયાન ઊર્ધ્વગામી અને અધોગામી આર્થિક વલણો સર્જાય તે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ચક્રિય આર્થિક પરિવર્તનો છે અને આવાં પરિવર્તનો નિશ્ચિત ન હોવા છતાં ઓળખી શકાય તેવાં હોય છે. વ્યાપારચક્રો આવાં ચક્રિય પરિવર્તનો હોય છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ વ્યાપારચક્રની વ્યાખ્યા આપી છે.

**2.10 વ્યાપારચક્રની વ્યાખ્યા (Definition of a Trade Cycle)**

**હેબરલર** જણાવે છે કે, (અર્થતંત્રમાં) વારાફરતી આવતા સારાં અને ખરાબ (આર્થિક) પરિવર્તનો એટલે વ્યાપારચક્ર.

**હોટ્રે** જણાવે છે કે વ્યાપારના સારા અને ખરાબ તબક્કાઓ કે જે વારાફરતી આવે છે તે વ્યાપારચક્ર છે.

વ્યાપારચક્રની વ્યાખ્યા પરથી નીચેનાં મહત્ત્વનાં લક્ષણો તારવી શકાય :

(1) અર્થતંત્રમાં આર્થિક ઊથલપાથલ થાય છે.

(2) અર્થતંત્રમાં સારા અને ખરાબ એવા બે વ્યાપાર તબક્કાઓ જોવા મળે છે.

(3) મૂળભૂત રીતે અર્થતંત્રમાં વપરાશને પરિણામે ઉદ્ભવતી માંગનાં પરિવર્તનો છે.

(4) વ્યાપારચક્રીય ઊથલપાથલ સરખા સમયાંતર ઉદ્ભવતી નથી.

**2.11 વ્યાપારચક્રના તબક્કાઓ (Stages of a Trade Cycle)**

સમજૂતી માટે આપણે વ્યાપારચક્રના ચાર તબક્કા નીચે મુજબ સમજીએ :

**2.11.1 તેજી :** વ્યાપારચક્રના આ તબક્કામાં વ્યાપાર-પ્રવૃત્તિ ઉચ્ચત્તમ કક્ષાએ વપરાશ અને માંગના ઊંચા દરને કારણે અર્થતંત્રમાં નફાકારકતા હોય છે માટે મૂડીરોકાણ અને રોજગારીનો ઊંચો દર જોવા મળે છે.

**2.11.2 ઓટ :** નફાની અપેક્ષાએ મૂડીરોકાણ વધતા જાય છે. સાધનોની માંગ વધતા તેમની કિંમતો વધવા લાગે છે, તેથી ઉત્પાદનના ખર્ચમાં વધારો થતા નફાકારકતા ઘટવા લાગે છે. બીજી બાજુ લોકોનો વપરાશ ઘટતા દરે વધતા અર્થતંત્રમાં નરમાઈ જોવા મળે છે. માંગ ધીમી પડે છે. વપરાશમાં ઘટાડો થાય છે અને નવા મૂડીરોકાણ આકર્ષાતા નથી.

**2.11.3 મંદી :** માંગમાં ઘટાડો પુરવઠાની છત ઊભી કરે છે. કિંમતો ઘટવાનું વલણ ધરાવે છે માટે નફો ઘટે છે અને નફો ઘટતા મૂડીરોકાણ અને રોજગારીમાં ઘટાડો થવા લાગે છે અને અર્થતંત્રમાં વધુ ભાવ ઘટાડાની આશાએ માંગ પણ અટકી જાય છે. આ સ્થિતિ મંદીની છે. અહીં લોકો પાસે ખરીદશક્તિ હોવા છતાં તેઓ ખરીદી કરતા નથી અને માંગનો અભાવ મૂડીરોકાણ તથા રોજગારીને નિરાશ કરે છે.

**2.11.4 સુધારણા :** અર્થતંત્રમાં વ્યાપક નિરાશામાંથી આપમેળે ખરીદી તરફી વાતાવરણ સર્જાય છે. માંગ વધતા નફાની આશા સર્જાય છે. બેકાર સાધનો કામે લાગતા તેમની આવક વધે છે. આવકમાં વધારો ખર્ચમાં વધારો લાવે છે અને ખર્ચ માંગને અસરકારક બનાવી નફાકારકતા સર્જે છે અને અર્થતંત્ર સુધારણા તરફ ગતિ કરે છે.

આમ, અર્થતંત્રમાં આવતા ચક્રાકાર પરિવર્તનો વ્યાપારચક્રો છે. યાદ રહે કે આવાં પરિવર્તનો માંગ-પુરવઠા આધારિત બજાર-વ્યવસ્થામાં (મૂડીવાદ) વધારે અસરકારક રીતે જોવા મળે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) માનવજીવન માટે વસ્તુ કેટલી ઉપયોગી છે તે બાબત વસ્તુનું કયું મૂલ્ય દર્શાવે છે ?

(A) વિનિમય-મૂલ્ય (B) ઉપયોગિતા-મૂલ્ય (C) વપરાશ-મૂલ્ય (D) આંતરિક-મૂલ્ય

(2) વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે...

(A) મૂલ્ય (B) વિનિમય (C) કિંમત (D) સંપત્તિ

(3) નીચેનામાંથી કઈ વસ્તુઓનો સમાવેશ ભૌતિક વસ્તુમાં થાય છે ?

(A) સંગીત (B) શિક્ષણ (C) દાક્તરી-સલાહ (D) ફ્રિજ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) સંપત્તિ નીચે આપેલા વિકલ્પમાંથી કયું લક્ષણ ધરાવતી નથી ?

(A) ઉપયોગિતાનો ગુણ ધરાવે છે. (B) તેની છત હોવી જોઈએ.
(C) બાહ્યરૂપ ધરાવે છે. (D) વિનિમયપાત્રતા ધરાવે છે.

(5) 'તમામ કુદરતી સંપત્તિ' એટલ શું ?

(A) મૂડી (B) શ્રમ (C) જમીન (D) સંપત્તિ

(6) નીચેનામાંથી કયો વ્યાપાર ચક્રનો પ્રકાર નથી ?

(A) આકસ્મિક આર્થિક પરિવર્તનો (B) મોસમી આર્થિક પરિવર્તનો
(C) અંશતઃ આર્થિક પરિવર્તનો (D) દીર્ઘકાલિન આર્થિક પરિવર્તનો

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) મૂલ્યનો અર્થ જણાવો.

(2) સર્વસુલભ વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

(3) અર્થશાસ્ત્રમાં નાશવંત વસ્તુઓ કોને ગણવામાં આવે છે ?

(4) વપરાશી વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

(5) કઈ સંપત્તિ વ્યક્તિગત સંપત્તિ ગણાય છે ?

(6) ઉત્પાદનના સાધનોનો અર્થ જણાવો.

(7) મૂડીનો અર્થ જણાવો.

(8) હેબરલરના મતે વ્યાપારચક્રની વ્યાખ્યા આપો.

(9) વ્યાપારચક્રના કેટલા તબક્કા છે ? કયા કયા ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ખાનગી વસ્તુ અને જાહેર વસ્તુના તફાવતના બે મુદ્દા જણાવો.

(2) વસ્તુઓ અને સેવાઓનો અર્થ ઉદાહરણ સાથે સમજાવો.

(3) ટકાઉ વસ્તુઓનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

(4) અર્થશાસ્ત્રમાં કઈ વસ્તુઓને વપરાશી વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે ?

(5) વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિનો અર્થ આપો.

(6) પ્રો. માર્શલના મતે સંપત્તિનો અર્થ જણાવો.

(7) ઉત્પાદનનો અર્થ સમજાવો.

(8) ઉત્પાદનના સાધન સંદર્ભમાં શ્રમનો અર્થ જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) કિંમત અને મૂલ્યનો અર્થ આપો.

(2) વસ્તુઓના પ્રકારો જણાવી વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

(3) સંપત્તિના પ્રકારો જણાવી રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

(4) ઉત્પાદન-સાધનનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

(5) વ્યાપારચક્રની વ્યાખ્યા આપી તેના આધારે વ્યાપારચક્રના મહત્ત્વના તબક્કાઓ જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) સંપત્તિનો અર્થ આપી સંપત્તિનાં લક્ષણો વિગતે સમજાવો.

(2) અર્થતંત્રમાં આવતાં ચક્રાકાર આર્થિક પરિવર્તનોના પ્રકારોની વિસ્તૃત માહિતી આપો.

(3) ઉત્પાદનનો અર્થ આપી ઉત્પાદનના સાધનો વિશે ચર્ચા કરો.

**પારિભાષિક શબ્દો**

| | | |
|---|---|---|
| **કિંમત (Price)** | : | વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે કિંમત. |
| **મૂલ્ય (Value)** | : | વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુ કે સેવાના પ્રમાણમાં વિનિમય મૂલ્ય. |
| **વસ્તુઓ (Goods)** | : | માનવીની જરૂરિયાત સંતોષનાર ભૌતિક બાબતો |
| **સંપત્તિ (Wealth)** | : | જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે. |
| **સેવાઓ (Services)** | : | માનવ-જરૂરિયાત સંતોષનારી અભૌતિક બાબતોને સેવાઓ કહેવામાં આવે છે. |
| **ઉત્પાદનનાં સાધનો (Factors of Production)** | : | વસ્તુના ઉત્પાદન માટેનાં મૂળભૂત આવશ્યક સાધનો એટલે ઉત્પાદનનાં સાધનો. |
| **વ્યાપારચક્ર (Trade Cycle)** | : | અર્થતંત્રમાં વારાફરતી આવતા સારા અને ખરાબ તબક્કાઓ |
| **કલ્યાણ (Welfare)** | : | અગાઉ કરતા વધારે સારી સ્થિતિનો અનુભવ |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 માંગ (Demand)


- પ્રસ્તાવના
- 3.1 અર્થ
- 3.2 વસ્તુની માંગને અસર કરતાં પરિબળો
  - 3.2.1 વસ્તુની કિંમત
  - 3.2.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો)
    - 3.2.2.1 વ્યક્તિની અભિરુચી અને પસંદગી
    - 3.2.2.2 વ્યક્તિની આવક
    - 3.2.2.3 સંબંધિત વસ્તુઓની કિંમત
      - (I) અવેજી વસ્તુની કિંમત
      - (II) પૂરક વસ્તુની કિંમત
    - 3.2.2.4 ભવિષ્યની કિંમતો અંગેની અટકળો
    - 3.2.2.5 વસ્તી અને વસ્તીનું વયજૂથ
- 3.3 માંગ વિધેય
- 3.4 માંગનો નિયમ
  - 3.4.1 ધારણાઓ
  - 3.4.2 માંગના નિયમની સમજૂતી
    - 3.4.2.1 આવક અસર
    - 3.4.2.2 અવેજી અસર
- 3.5 માંગના નિયમના અપવાદો
  - 3.5.1 પ્રતિષ્ઠામૂલ્ય ધરાવતી વસ્તુઓ
  - 3.5.2 અત્યંત સસ્તી વસ્તુઓ
  - 3.5.3 હલકા પ્રકારની વસ્તુઓ (નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ)
  - 3.5.4 ગ્રાહકોની પસંદગી
- 3.6 માંગનું વિસ્તરણ અને સંકોચન
- 3.7 માંગનો વધારો અને ઘટાડો
- 3.8 વ્યક્તિગત માંગ અને બજારમાંગ
- 3.9 માંગની સાપેક્ષતા
- 3.10 માંગની મૂલ્યસાપેક્ષતા
  - 3.10.1 માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ
- 3.11 માંગની મૂલ્ય સાપેક્ષતાના પ્રકારો
  - 3.11.1 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon p = \infty$)
  - 3.11.2 સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon p = 0$)
  - 3.11.3 એકમ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon p = 1$)
  - 3.11.4 મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon p > 1$)
  - 3.11.5 મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon p < 1$)
- 3.12 માંગની આવક સાપેક્ષતા
  - 3.12.1 માંગની આવક સાપેક્ષતાનો અર્થ
- 3.13 માંગની આવક સાપેક્ષતાના પ્રકારો
  - 3.13.1 હકારાત્મક (ધન) આવક સાપેક્ષ માંગ
  - 3.13.2 નકારાત્મક (ઋણ) આવક સાપેક્ષ માંગ
  - 3.13.3 શૂન્ય આવક સાપેક્ષ માંગ
- 3.14 માંગની પ્રતિમૂલ્ય-સાપેક્ષતા
- 3.15 માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની પદ્ધતિઓ


**પ્રસ્તાવના (Introduction)**

અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલોમાં સૌથી અગત્યના ખ્યાલો માંગ અને પુરવઠો છે. અર્થશાસ્ત્ર વિષયમાં માંગ અને પુરવઠો એવા ખ્યાલો છે કે, જેની સમજૂતી વિના વ્યક્તિ અર્થશાસ્ત્રીય વિશ્લેષણ-શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી. જેથી માંગ અને પુરવઠા નામનાં બે બજાર પરિબળોની સમજૂતી જરૂરી બને છે. અહીં આપણે માંગના ખ્યાલ વિશે સમજૂતી મેળવીશું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3.1 અર્થ (Meaning)**

કોઈ એક ચોક્કસ સમય અને કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તૈયારીને વસ્તુની માંગ કહે છે.

વસ્તુની માંગ સમય, કિંમત, વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી એમ કુલ પાંચ પરિબળોને આધારે સર્જન પામે છે. જેમાં આ પાંચ પરિબળો પૂરકરૂપ હોઈ તે તમામની હાજરી ફરજિયાત છે, એટલે કે વસ્તુની માંગ ત્યારે જ શક્ય બને કે જ્યારે કોઈ એક ચોક્કસ સમયે અને કિંમતે ગ્રાહક તે વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ (નાણું) અને તૈયારી (નાણાં ખર્ચવાની તૈયારી) ધરાવતો હોય.

**3.2 વસ્તુની માંગને અસર કરતાં પરિબળો (Factors Affecting Demand/Determinants of Demand)**

માંગને અસર કરતાં પરિબળો (માંગના નિર્ણાયકો) મુખ્યત્વે બે છે : (1) વસ્તુની કિંમત (2) કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો).

**3.2.1 વસ્તુની કિંમત :** વસ્તુની માંગ પર સૌથી વધુ અસર કરનારું અને ખૂબ જ અગત્યનું પરિબળ એ જે-તે વસ્તુની કિંમત છે. કારણકે જેમ વસ્તુની કિંમત ઘટે, વસ્તુ સસ્તી બને છે અને તેથી વસ્તુની માંગનું વિસ્તરણ થાય છે. જ્યારે વસ્તુની કિંમત વધતાં, વસ્તુ મોંઘી બને છે તેથી માંગ સંકોચન પામે છે. આમ, વસ્તુની કિંમત અને વસ્તુની માંગ એકબીજા સાથે વ્યસ્તરૂપે સંકળાયેલ છે. જેથી કહી શકાય કે વસ્તુની કિંમત એ વસ્તુની માંગ પર સૌથી વધુ અસર કરનાર નિર્ણાયક પરિબળ છે.

**3.2.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો) :**

**3.2.2.1 વ્યક્તિની અભિરુચી અને પસંદગી :** ગ્રાહકરૂપ વ્યક્તિની અભિરુચી અને પસંદગી વસ્તુની માંગ ઉપર અસર પાડનારું પરિબળ છે. વ્યક્તિનો ગમો-અણગમો, શોખ, પસંદગી વગેરે વસ્તુની માંગમાં ફેરફાર લાવી શકે છે. જેથી કહી શકાય કે વસ્તુની માંગ એ વ્યક્તિની પસંદગી દર્શાવે છે. દા.ત., નાની ઉંમરે વાચનનો શોખ હોય તો તે ઉંમર બદલાતાં વ્યક્તિના વાચનનો પ્રકાર બદલાય છે. જેમકે નાની ઉંમરનાં બાળકોને વાર્તાનું વાચન, પુખ્ત ઉંમરે નવલકથા અને મોટી ઉંમરે ધાર્મિક પુસ્તકોનું વાચન કરવું ગમે છે.

**3.2.2.2 વ્યક્તિની આવક :** વ્યક્તિની આવક અને વસ્તુની માંગ વચ્ચે સીધો સંબંધ છે. એટલેકે વ્યક્તિની આવક વધતાં, તે વ્યક્તિની વસ્તુ ખરીદવાની શક્તિ વધે છે અને વસ્તુની માંગ પણ વધે છે, જ્યારે વ્યક્તિની આવક ઘટતાં, વ્યક્તિની ખરીદશક્તિમાં થતો ઘટાડો વસ્તુની માંગ ઘટાડે છે. અહીં નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ અપવાદરૂપ વસ્તુઓ બને છે કારણ કે આવી વસ્તુઓની માંગ, વ્યક્તિની આવકમાં વધારો થવા છતાં ઘટે છે.

**3.2.2.3 સંબંધિત વસ્તુઓની કિંમત :** સામાન્ય રીતે વસ્તુઓને અન્ય વસ્તુઓ સાથે બે પ્રકારના સંબંધો હોય છે : (1) અવેજીપણાનો સંબંધ (2) પૂરકપણાનો સંબંધ. આવા પ્રકારની વસ્તુઓને સંબંધિત વસ્તુ અને તેવી વસ્તુઓની કિંમતને સંબંધિત વસ્તુઓની કિંમત કહેવામાં આવે છે.

**(I) અવેજી વસ્તુની કિંમત :** એક વસ્તુના સ્થાને બીજી વસ્તુ જરૂરિયાત સંતોષવા માટે વાપરી શકાતી હોય તો તેવી વસ્તુઓને અવેજી વસ્તુ કહે છે. આ પ્રકારની વસ્તુઓમાં હરીફાઈનું તત્ત્વ તીવ્ર (વધુ) હોય છે. દા.ત., સમાન લાક્ષણિકતા ધરાવતા બે જુદી-જુદી કંપનીના ટી.વી., બાઇક, ફ્રિજ વગેરે. અહીં મૂળ વસ્તુની કિંમત ફેરફાર ન પામે અને તેની અવેજી વસ્તુની કિંમત ઘટે તો, મૂળ વસ્તુ અને અવેજી વસ્તુ એકસરખી હોવાથી અવેજી વસ્તુ સસ્તી બનતાં તેની માંગ વધે છે અને તેથી મૂળ વસ્તુની માંગ ઘટે છે. આવું વિરુદ્ધ દિશાના ફેરફાર વખતે પણ બને છે. જે સ્પષ્ટ કરે છે કે અવેજી વસ્તુની કિંમત, મૂળ વસ્તુની માંગને અસર કરે છે.

**(II) પૂરક વસ્તુની કિંમત :** પૂરક વસ્તુ એટલે જે-તે વસ્તુનો ઉપયોગ કરવા માટે જરૂરી એવી બીજી વસ્તુ. આવી વસ્તુઓ હંમેશાં એકબીજા સાથે જોડાયેલી હોય છે. એક વસ્તુના વપરાશ માટે બીજી વસ્તુ વાપરવી આવશ્યક હોય તો તેવી વસ્તુઓ એકબીજાની પૂરક વસ્તુ કહેવાય છે. દા.ત., મોબાઇલ અને સીમકાર્ડ, એ.સી. અને વીજળી, ચશ્માંની ફ્રેમ અને તેના કાચ વગેરે. અહીં મૂળ વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય પણ, પૂરક વસ્તુની કિંમત વધે તો, મૂળ વસ્તુ અને પૂરક વસ્તુ બંને એકબીજાથી જોડાયેલ હોવાથી પૂરક વસ્તુ મોંઘી બનતાં તેની માંગ ઘટતા મૂળ વસ્તુની માંગ પણ ઘટે છે. આવું તેનાથી વિરુદ્ધ દિશાના ફેરફાર વખતે પણ બને છે. જે સ્પષ્ટ કરે છે કે પૂરક વસ્તુની કિંમત, મૂળ વસ્તુની માંગને અસર કરે છે.

**3.2.2.4 ભવિષ્યની કિંમતો અંગેની અટકળો :** વ્યક્તિની ભવિષ્યમાં વસ્તુઓની કિંમત વિશેની અટકળો (અનુમાનો) વર્તમાન સમયની, વસ્તુની માંગમાં મોટા ફેરફારો લાવે છે. જો વ્યક્તિની ભવિષ્યમાં વસ્તુની કિંમતમાં વધારા અંગેની અટકળ હોય તો તે વર્તમાન સમયમાં વસ્તુની માંગ વધારે છે, જેથી તે વ્યક્તિ ભવિષ્યમાં બચત કરી શકે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3.2.2.5 વસ્તી અને વસ્તીનું વયજૂથ :** વસ્તીનું પ્રમાણ પણ વસ્તુની બજારમાંગને અસર કરનારું એક અગત્યનું પરિબળ છે. દેશની વસ્તી (જનસંખ્યા) જેટલી હોય તેના પ્રમાણમાં જ વસ્તુઓની વપરાશ થતી હોય છે. તેથી કહી શકાય કે વસ્તી વધે તો વસ્તુઓની માંગ પણ વધશે અને વસ્તી ઘટે તો વસ્તુઓની માંગ પણ ઘટશે. વસ્તીના વયજૂથના થતા ફેરફારો પણ વસ્તુની માંગમાં ફેરફારો લાવે છે.

### 3.3 માંગ વિધેય (Demand Function)

બે કે તેથી વધુ પરિબળો વચ્ચેના કારણ અને અસર વચ્ચેના સંબંધને વિધેય કહેવામાં આવે છે. માંગ વિધેય, વસ્તુ કે સેવાની માંગ અને તેને અસર કરતાં પરિબળોનો કાર્યકારણ સંબંધ રજૂ કરે છે. વ્યક્તિગત રીતે વસ્તુની માંગ તે વસ્તુની કિંમત, વ્યક્તિની અભિરુચી અને પસંદગી, વ્યક્તિની આવક, સંબંધિત વસ્તુની કિંમત, વસ્તીનું પ્રમાણ વગેરે જેવાં પરિબળો ઉપર આધારિત હોય છે. વ્યક્તિની માંગનું ગાણિતીક વિધેય નીચે મુજબ છે :

$$D_x = f(P_x, P_y, P_e, T, Y, U)$$

જ્યાં, $D_x$ = X વસ્તુની માંગ (Demand for X)

$f$ = વિધેય સૂચક સંજ્ઞા (Functional Notation)

$P_x$ = X વસ્તુની કિંમત (Price of X)

$P_y$ = Y વસ્તુની કિંમત (સંબંધિત વસ્તુની કિંમત) (Prices of Related Goods)

$P_e$ = ભવિષ્યની કિંમતો અંગેની અટકળો (Expectations Regarding Future Prices)

T = ગ્રાહકની અભિરુચી અને પસંદગી (Consumer's Tastes and Preferences)

Y = ગ્રાહકની આવક (Consumer's Income)

U = અન્ય પરિબળો (Other Factors)

અર્થશાસ્ત્રમાં ઘણા હેતુઓ માટે વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેનો સંબંધ તારવવામાં આવે છે. જેમાં કિંમત સિવાયના માંગને અસર કરતાં પરિબળો જેવા કે સંબંધિત વસ્તુની કિંમત, અપેક્ષિત કિંમત, ગ્રાહકની અભિરુચી અને પસંદગી, વ્યક્તિની આવક અને અન્ય પરિબળોને સ્થિર ધારી લેવામાં આવે છે.

### 3.4 માંગનો નિયમ (Law of Demand)

વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચેના સંબંધની સમજૂતી આપતા નિયમને માંગના નિયમ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વસ્તુની કિંમતમાં થતો ફેરફાર એ કારણ અને વસ્તુની માંગમાં થતો ફેરફાર એ અસર છે.

આ નિયમ પ્રો. આલ્ફ્રેડ માર્શલે રજૂ કર્યો છે. જો અન્ય પરિબળો યથાવત્ રહે તો વસ્તુની કિંમત ઘટતાં વસ્તુની માંગનું વિસ્તરણ થાય છે જ્યારે વસ્તુની કિંમત વધતાં વસ્તુની માંગનું સંકોચન થાય છે. આમ, વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

**3.4.1 ધારણાઓ :** વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ દર્શાવતો નિયમ કેટલીક ધારણાઓ પર રચવામાં આવ્યો છે. આ નિયમમાં કિંમત સિવાયના માંગને અસર કરતાં પરિબળોને સ્થિર (યથાવત્) ધારી લેવામાં આવ્યાં છે. આ ધારણાઓ નીચે મુજબ છે :

(1) ગ્રાહકોની અભિરુચી અને પસંદગી સ્થિર રહે છે.

(2) ગ્રાહકોની આવક સ્થિર છે.

(3) અવેજી અને પૂરક વસ્તુની કિંમતો સ્થિર રહે છે.

(4) ભવિષ્યની કિંમતો અંગેનાં અનુમાનો કરવામાં આવતાં નથી.

(5) વસ્તીનું પ્રમાણ સ્થિર રહે છે.

**3.4.2 માંગના નિયમની સમજૂતી :** માંગના નિયમની સમજૂતી, માંગની અનુસૂચિ, આકૃતિ અને વિશ્લેષણ પર આધારિત છે, જે નીચે મુજબ છે :

**માંગની અનુસૂચિ :** કોઈ એક ગ્રાહક કોઈ એક ચોક્કસ સમયે જુદી-જુદી કિંમતે વસ્તુનાં કેટલાં એકમો ખરીદવાની તૈયારી




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કરે છે. તે દર્શાવતી યાદીને માંગની અનુસૂચિ કહેવામાં આવે છે. કાલ્પનિક અનુસૂચિ દ્વારા આ બાબતને સમજી શકાય છે. આવી એક કાલ્પનિક અનુસૂચિ નીચે મુજબ છે :

| 1 લિટર દૂધની કિંમત (₹ માં) | દૂધની માંગ (લિટરમાં) |
|---|---|
| 50 | 1 |
| 40 | 2 |
| 30 | 3 |
| 20 | 4 |
| 10 | 5 |




**3.1 માંગના નિયમની આકૃતિ**

આકૃતિમાં X ધરી પર દૂધની માંગ લિટરમાં અને Y ધરી પર દૂધની લિટરદીઠ કિંમત રૂપિયામાં દર્શાવી છે. અનુસૂચિ મુજબ આકૃતિ દોરતાં બિંદુઓ a, b, c, d, e પ્રાપ્ત થાય છે. આ પ્રત્યેક બિંદુ જુદી-જુદી કિંમતે થતી દૂધની લિટરદીઠ માંગ દર્શાવે છે. આ બિંદુઓને જોડતી રેખા DD એ માંગરેખા છે.

આકૃતિમાં 'a' બિંદુ દર્શાવે છે કે દૂધની ₹ 50 પ્રતિ લિટર કિંમતે 1 લિટર દૂધની માંગ થાય છે. 'b' બિંદુ દર્શાવે છે કે દૂધની ₹ 40 પ્રતિ લિટર કિંમતે 2 લિટર દૂધની માંગ થાય છે. જ્યારે 'e' બિંદુ દર્શાવે છે કે દૂધની ₹ 10 પ્રતિ લિટર કિંમતે 5 લિટર દૂધની માંગ થાય છે. આમ, આકૃતિમાં બિંદુઓ a, b, c, d, e ને જોડતાં 'DD' માંગરેખા પ્રાપ્ત થાય છે. જે ડાબી બાજુથી જમણી બાજુ, ઉપરથી નીચે તરફ ગતિ કરે છે, એટલે કે આકૃતિમાં 'DD' માંગરેખા ઋણઢાળ ધરાવે છે.

**વિશ્લેષણ :** વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ નીચે મુજબનાં બે કારણોની મદદથી સમજી શકાય છે :

**3.4.2.1 આવક અસર :** ગ્રાહકની નાણાકીય આવક સ્થિર રહે અને જો વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો ગ્રાહકની ખરીદશક્તિમાં વધારો થવા પામે છે. જેથી ગ્રાહકની વાસ્તવિક આવક વધે છે. (વસ્તુ કે સેવાના સંદર્ભમાં રજૂ થતી આવકને વાસ્તવિક આવક કહે છે.) દા.ત., ગ્રાહક દૂધની ખરીદી માટે ₹ 50 ખર્ચવા તૈયાર છે. ત્યારે જો દૂધની પ્રતિ લિટર કિંમત ₹ 50 હોય, તો ગ્રાહક માત્ર 1 લિટર દૂધ ખરીદી શકે છે. પરંતુ, જો દૂધની પ્રતિ લિટર કિંમત ઘટીને ₹ 10 થાય તો ₹ 50 વડે તે 5 લિટર દૂધની ખરીદી કરી શકે છે. આમ, કિંમત ઘટતાં ગ્રાહકની ખરીદશક્તિમાં વધારો થવા પામે છે જેથી માંગ વધે છે તેને 'આવક અસર' કહે છે. માત્ર સાવ હલકા પ્રકારની વસ્તુની બાબતમાં આવક અસર નકારાત્મક હોય છે. દા.ત., હલકું અનાજ. જેની કિંમત ઘટવા છતાં તેની માંગમાં ઘટાડો થાય છે.

**3.4.2.2 અવેજી અસર :** કોઈ એક મૂળ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે ત્યારે તેની એક સમાન એવી અવેજી વસ્તુની સરખામણીમાં આ વસ્તુ સસ્તી બને છે. તેથી ગ્રાહક અવેજી વસ્તુની માંગ ઘટાડીને મૂળ વસ્તુની માંગ વધારે છે તેને 'અવેજી અસર' કહે છે. દા.ત., સાદી (ફૉર્મલ) પેન્ટ અને જિન્સ પેન્ટ. આ બંને પેન્ટની અવેજી વસ્તુઓ પૈકી જો સાદી પેન્ટની કિંમત ઘટે ત્યારે તેની અવેજી જિન્સ પેન્ટની કિંમત સ્થિર રહે તો ગ્રાહકોને બંને પેન્ટ વચ્ચેની કિંમતની સરખામણી કરતાં સાદી પેન્ટ સસ્તી લાગે છે. જેથી તેઓ સાદા પેન્ટની માંગ વધારીને જિન્સ પેન્ટની માંગ ઘટાડે છે.

### 3.5 માંગના નિયમના અપવાદો (Exceptions to the Law of Demand)

માંગના નિયમની ધારણાઓ પરિપૂર્ણ થવા છતાં કેટલીક બાબતોમાં અપવાદ જોવા મળે છે. જેમાં માંગના નિયમથી વિરુદ્ધ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દિશાના ફેરફારો નોંધવામાં આવે છે, એટલે કે વસ્તુની કિંમત ઘટવા છતાં માંગ વધવાને બદલે ઘટે છે અથવા વસ્તુની કિંમત વધવા છતાં માંગ ઘટવાને બદલે વધે છે. આવા અપવાદો નીચે મુજબ છે :

**3.5.1 પ્રતિષ્ઠામૂલ્ય ધરાવતી વસ્તુઓ :** સોના-ચાંદીનાં ઘરેણાં, મોંઘી કાર, મોંઘો મોબાઇલ વગેરે જેવી ખૂબ મોંઘી અને પ્રતિષ્ઠા ધરાવતી વસ્તુઓની બાબતમાં માંગનો નિયમ સાચો પડતો નથી. આ પ્રકારની વસ્તુઓ વ્યક્તિની પ્રતિષ્ઠા વધારે છે. ધનવાન વર્ગના લોકો વસ્તુની કિંમત જેમ ઊંચી તેમ તેવી વસ્તુમાં પ્રતિષ્ઠામૂલ્ય વધારે છે તેવું માનતા હોવાથી વસ્તુની કિંમત જેટલી ઊંચી હશે તેટલી તેઓ તે વસ્તુની માંગ ઘટાડવાને બદલે વધારે છે અને તેનાથી વિરુદ્ધ વસ્તુની કિંમત ઓછી હોય તો તેમાં પ્રતિષ્ઠામૂલ્ય ઓછું હોવાનું માનીને ધનિકો આવી વસ્તુની માંગ ઘટાડે છે. આ બાબતને માંગના નિયમ વડે સમજાવી શકાતી નથી.

**3.5.2 અત્યંત સસ્તી વસ્તુઓ :** મીઠું, દીવાસળી, ટાંકણી, સમાચારપત્ર વગેરેની માંગ પાછળ ગ્રાહકની આવકનો ખૂબ નાનો ભાગ ખર્ચાય છે. તેથી આવી વસ્તુની કિંમતમાં વધારો-ઘટાડો થવા છતાં ગ્રાહકના વસ્તુ પાછળના કુલ ખર્ચમાં કોઈ વિશેષ ફેરફાર થતો નથી. જેના કારણે આવી વસ્તુઓની માંગ ઉપર ગ્રાહકો મોટી અસરો પાડતા નથી. દા.ત., ટાંકણી કે સ્ટેપલરની પિનના ભાવ ઘટતાં લોકો આ પ્રકારની વસ્તુઓની માંગ વિશેષ પ્રમાણમાં વધારતા નથી અથવા સ્થિર રાખે છે.


**3.5.3 હલકા પ્રકારની વસ્તુઓ (નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ) :** આ પ્રકારની વસ્તુઓના સંદર્ભ દર્શાવતો ખ્યાલ સર રોબર્ટ ગીફન નામના વ્યક્તિએ વિકસાવ્યો હોવાથી તેને ગીફન વસ્તુ પણ કહે છે. દા.ત., ઘઉંની સરખામણીમાં જુવાર, શુદ્ધ ઘીની સરખામણીમાં વનસ્પતિ ઘી વગેરે જેવી ઊતરતી કક્ષાની (નિમ્ન કક્ષાની) વસ્તુઓને હલકા પ્રકારની વસ્તુઓ કહે છે. આ પ્રકારની વસ્તુઓ ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓની સરખામણીમાં સસ્તી હોય છે. જેથી ગરીબવર્ગ આવી વસ્તુઓનો વપરાશ વધુ પ્રમાણમાં કરે છે. તેથી હલકા પ્રકારની વસ્તુ જેમકે જુવારની કિંમત ઘટતાં, ગરીબવર્ગની વાસ્તવિક આવક વધે છે તેથી આ ગરીબવર્ગ જુવારની સરખામણીમાં ઘઉંની ખરીદી કરવા પ્રેરાય છે. પરિણામે, જુવારની કિંમત ઘટી હોવા છતાં જુવારની માંગ વધવાને બદલે ઘટે છે.

**3.5.4 ગ્રાહકોની પસંદગી :** ગ્રાહક જ્યારે કોઈ ચોક્કસ પ્રકારની વસ્તુઓ માટે પોતાની ધારણાઓ બાંધી લે છે ત્યારે તેવા ગ્રાહકોનાં વલણોને કારણે તે વસ્તુઓની કિંમત વધતી હોવા છતાં માંગ ઘટાડતો નથી અથવા વસ્તુની કિંમત ઘટતી હોવા છતાં વસ્તુની માંગ વધારતો નથી. દા.ત., કોઈ એક ચોક્કસ પ્રકારની ટૂથપેસ્ટ, જૂતા વગેરે.

### 3.6 માંગનું વિસ્તરણ અને સંકોચન (Expansion and Contraction of Demand)

અન્ય પરિબળો યથાવત્ (સ્થિર) રહે અને વસ્તુની કિંમત ઘટતાં, વસ્તુની માંગમાં વધારો થાય તે માંગનું વિસ્તરણ અને વસ્તુની કિંમત વધતાં, વસ્તુની માંગમાં ઘટાડો થાય તે માંગનું સંકોચન કહેવાય છે. આમ, માંગનું વિસ્તરણ-સંકોચન વસ્તુની કિંમતના ફેરફારો પર આધારિત હોય છે.

| વસ્તુની કિંમત ₹માં | વસ્તુની માંગ એકમોમાં | નોંધ |
|---|---|---|
| 5 | 1 | કિંમત વધતાં |
| 4 | 2 | માંગનું સંકોચન |
| 3 | 3 | |
| 2 | 4 | કિંમત ઘટતાં |
| 1 | 5 | માંગનું વિસ્તરણ |




**3.2 માંગનું વિસ્તરણ અને સંકોચન**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અન્ય પરિબળો યથાવત્ રહેતાં, વસ્તુની કિંમતનો ઘટાડો, માંગમાં જે વધારો લાવે છે તેને માંગનું વિસ્તરણ કહે છે. અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ જ્યારે વસ્તુની કિંમત ₹ 3 હોય અને જો વસ્તુની કિંમત ઘટીને 1 ₹ થાય, તો વુસ્તની માંગ 3 એકમથી વધીને 5 એકમ થાય છે. આકૃતિમાં મૂળ કિંમત ₹ 3 એ બિંદુ 'a' દર્શાવે છે જ્યારે કિંમત ઘટી ₹ 1 થતાં તે બિંદુ 'c' પર પહોંચે છે, જે બિંદુ 'a' થી 'c' માંગનું વિસ્તરણ દર્શાવે છે.


ઉપર્યુક્ત રીતે જો વસ્તુની કિંમત ₹ 3 એટલે કે 'a' બિંદુથી વધીને ₹ 5 થાય, તો ગ્રાહકની માંગ 3 એકમથી ઘટીને 1 એકમ થાય છે, જે 'b' બિંદુ છે. અહીં બિંદુ 'a' થી 'b' સુધીનો ફેરફાર માંગનું સંકોચન દર્શાવે છે.

માંગનું સંકોચન અને વિસ્તરણ મૂળભૂત રીતે એક જ માંગરેખા પર જોવા મળે છે. જેમાં માંગનું વિસ્તરણ મૂળ બિંદુથી નીચે ખસતાં મળે છે ત્યારે માંગનું સંકોચન મૂળ બિંદુથી ઉપર તરફ ખસવાથી મળે છે.

**3.7 માંગનો વધારો અને ઘટાડો (Increase and Decrease in Demand)**

જ્યારે વસ્તુની કિંમત યથાવત્ (સ્થિર) રહે અને અન્ય પરિબળોના ફેરફારને કારણે વસ્તુની માંગ વધે તો તેને માંગનો વધારો અને વસ્તુની માંગ ઘટે તો તેને માંગનો ઘટાડો કહે છે. આમ, માંગમાં વધારો કે ઘટાડો અન્ય પરિબળોના ફેરફાર પર આધારિત હોય છે.

| વસ્તુની કિંમત ₹ માં | વસ્તુની માંગ એકમોમાં | નોંધ |
|---|---|---|
| 3 | 1 | માંગમાં |
| 3 | 2 | ઘટાડો |
| 3 | 3 | |
| 3 | 4 | માંગમાં |
| 3 | 5 | વધારો |




**3.3 માંગનો વધારો અને ઘટાડો**

વસ્તુની કિંમત યથાવત્ રહેતાં, અન્ય પરિબળોના ફેરફારો માંગમાં જે વધારો લાવે છે તેને માંગનો વધારો કહે છે. અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ જ્યારે વસ્તુની કિંમત રૂપિયા 3 સ્થિર રહે અને અન્ય પરિબળો પ્રેરિત માંગ વધીને 3 એકમથી 5 એકમ થાય તો તે માંગનો વધારો છે. આકૃતિમાં મૂળ બિંદુ 'a' માંગરેખા $D_1$ $D_1$ પર છે. પરંતુ, અન્ય પરિબળો આધારિત માંગ વધીને બિંદુ 'C' એટલે કે માંગરેખા $D_3$ $D_3$ થાય, તો તે માંગરેખાનો જમણી તરફનો સ્થાનફેર માંગનો વધારો સૂચવે છે.

ઉપર્યુક્ત રીતે જો વસ્તુની કિંમત ₹ 3 સ્થિર રહે અને અન્ય પરિબળો પ્રેરિત માંગ 3 એકમ હોય જે આકૃતિમાં બિંદુ 'a' દ્વારા $D_1D_1$ પર દર્શાવેલ છે. તે સ્તરથી વસ્તુની માંગ ઘટીને 'b' બિંદુ, માંગરેખા $D_2D_2$ થાય તો માંગમાં થયેલ ઘટાડો માંગરેખા $D_1D_1$થી ડાબી બાજુની નવી માંગરેખા $D_2D_2$ માંગરેખાનો ડાબી તરફના સ્થાનફેર પર જોવા મળે છે જે માંગમાં ઘટાડો સૂચવે છે.

માંગનો વધારો અને ઘટાડો એકથી વધુ માંગરેખા દ્વારા જાણી શકાય છે. માંગમાં વધારો થતાં માંગરેખા મૂળ માંગરેખાથી જમણી તરફ સ્થાન બદલે છે જ્યારે માંગમાં ઘટાડો થતો માંગરેખા મૂળ માંગરેખાથી ડાબી તરફ સ્થાન બદલે છે.

**3.8 વ્યક્તિગત માંગ અને બજારમાંગ (Individual Demand and Market Demand)**

'ચોક્કસ સમય દરમિયાન કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) દ્વારા બજારમાં જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગને વ્યક્તિગત માંગ કહે છે' જ્યારે બજારમાં તમામ વ્યક્તિઓ (ગ્રાહકો) દ્વારા જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગના સરવાળાને બજારમાંગ કહે છે.




Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

| વસ્તુની કિંમત ₹ માં | A વ્યક્તિની માંગ એકમોમાં | B વ્યક્તિની માંગ એકમોમાં | C વ્યક્તિની માંગ એકમોમાં | બજારમાંગ (A, B અને Cની માંગનો સરવાળો) એકમોમાં |
|---|---|---|---|---|
| 10 | 1 | 2 | 3 | 6 |
| 8 | 2 | 3 | 4 | 9 |
| 6 | 3 | 4 | 5 | 12 |
| 4 | 4 | 5 | 6 | 15 |
| 2 | 5 | 6 | 7 | 18 |

**A વ્યક્તિની માંગરેખા**





**B વ્યક્તિની માંગરેખા**







Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**3.4 વ્યક્તિગત માંગરેખા અને બજાર માંગરેખા**

ઉપર્યુક્ત અનુસૂચિમાં A, B અને C વ્યક્તિની જુદી-જુદી કિંમતે માંગ રજૂ કરવામાં આવી છે. જ્યારે બજારમાંગ એટલે કે A, B, C વ્યક્તિઓની વ્યક્તિગત માંગનો સરવાળો પણ રજૂ કરવામાં આવ્યો છે. આ અનુસૂચિ પરથી A વ્યક્તિની વ્યક્તિગત માંગરેખા, B વ્યક્તિની વ્યક્તિગત માંગરેખા અને C વ્યક્તિની વ્યક્તિગત માંગરેખાનું નિર્ધારણ જુદી-જુદી આકૃતિઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અનુસૂચિ મુજબ કુલ માંગરેખા એટલે કે બજાર માંગરેખાનું નિર્ધારણ પણ કરવામાં આવ્યું છે.

આમ, ઉપર્યુક્ત અનુસૂચિ અને આકૃતિઓ પરથી ફલિત થાય છે કે તમામ માંગરેખાઓ જેવી કે A વ્યક્તિની, B વ્યક્તિની, C વ્યક્તિની અને બજાર માંગરેખા ઋણઢાળ ધરાવે છે. આ તમામ માંગરેખાઓમાં જે-તે વ્યક્તિએ કરેલ માંગ અનુસાર ઢાળમાં ફેરફાર જોવા મળે છે પણ એક બાબત સર્વસામાન્ય રીતે તરી આવે છે કે માંગરેખાને ઋણ ઢાળ હોય છે.

## 3.9 માંગની સાપેક્ષતા (Elasticity of Demand)

માંગ ઉપર અસર કરનારાં પરિબળોમાં ફેરફાર થવાથી માંગમાં થતો ફેરફાર માંગની સાપેક્ષતા દર્શાવે છે. માંગ આધારિત પરિબળ છે. સ્વતંત્ર પરિબળ નથી. વ્યક્તિની વસ્તુ અંગેની પસંદગી, આવક, કિંમત પર વ્યક્તિની માંગનો આધાર હોય છે અને આ પરિબળો પર તેના આધારના પ્રમાણમાપને તેની સાપેક્ષતા કહેવામાં આવે છે.

## 3.10 માંગની મૂલ્યસાપેક્ષતા (Price Elasticity of Demand)

માંગના નિયમ પ્રમાણે અન્ય પરિબળો યથાવત્ રહેતાં કિંમતમાં ઘટાડો થતાં માંગ વિસ્તરણ છે. કિંમતમાં વધારો થતાં માંગ સંકોચન છે. આમ, કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે એવું માંગનો નિયમ સમજાવે છે. પરંતુ, કિંમતમાં થતાં ફેરફારો વસ્તુની માંગમાં કેટલા ફેરફાર લાવશે તે અંગેની સમજૂતી માંગનો નિયમ આપતો નથી. તેથી વસ્તુની કિંમતમાં થયેલ ફેરફારને પરિણામે વસ્તુની માંગમાં જે ફેરફાર થાય છે તે અંગેની સમજૂતી માંગની મૂલ્ય સાપેક્ષતા આપે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3.10.1 માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ :** માંગની મૂલ્ય-સાપેક્ષતા, કોઈ પણ વસ્તુની કિંમત અને માંગ વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધને દર્શાવે છે. જેને ઉદાહરણની મદદ વડે સૂત્ર દ્વારા નીચે મુજબ દર્શાવી શકાય :

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{માંગમાં ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં ટકાવારી ફેરફાર}}$$

દા.ત., 'X' નામની વસ્તુની કિંમતમાં 1 % ઘટાડો થતાં માંગમાં 5 % વધારો થયો છે.

તેને સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{X વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{X વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}} \quad (\varepsilon_p = \text{Price Elasticity of Demand})$$

$$= \frac{\text{5 ટકાનો ફેરફાર}}{\text{1 ટકાનો ફેરફાર}} = \frac{5}{1}$$

$$= |5|$$

**નોંધ :** માંગની મૂલ્ય-સાપેક્ષતા શુદ્ધ આંકમાં વ્યક્ત થાય છે એટલે કે તેની પાછળ ટકા, રૂપિયા, કિગ્રા, લિટર, મીટર જેવું કોઈ એકમ લખાતું નથી.

**માંગની મૂલ્યસાપેક્ષતાની વ્યાખ્યા :** માંગની મૂલ્ય-સાપેક્ષતાની વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

**પ્રો. માર્શલ** માંગની મૂલ્યસાપેક્ષતાની સમજૂતીમાં જણાવે છે કે, 'વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા વધારે કે ઓછી એનો આધાર કિંમતના ઘટાડાને પરિણામે માંગમાં થતો વધારો મોટો છે કે નાનો છે અને કિંમતના વધારાને પરિણામે માંગમાં થતો ઘટાડો મોટો છે કે નાનો એની ઉપર રહે છે.'

### 3.11 માંગની મૂલ્ય-સાપેક્ષતાના પ્રકારો (Degrees of Price Elasticity of Demand)

વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં વસ્તુની માંગમાં કયા દરે ફેરફાર થાય છે તેના આધારે માંગની મૂલ્યસાપેક્ષતાના પાંચ પ્રકાર પાડવામાં આવે છે, જે નીચે મુજબ છે :


(1) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p = \infty$)
(2) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon_p = 0$)
(3) એકમ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p = 1$)
(4) મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p > 1$)
(5) મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon_p < 1$)

**3.11.1 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p = \infty$) :** જ્યારે વસ્તુની કિંમતમાં અત્યંત નજીવો ફેરફાર તેની માંગમાં અમર્યાદિત ફેરફાર લાવે ત્યારે વસ્તુ માટેની માંગમાં અમાપ (અનંત) ફેરફાર થાય છે. તેને સંપૂર્ણ મૂલ્ય-સાપેક્ષ માંગ કહે છે. દા.ત., 'T' વસ્તુની કિંમતમાં 1 ટકાનો ઘટાડો થતાં તેની માંગમાં સતત વધારો થાય (અનંત ગણો વધારો થાય), તો આવી માંગનો આંક અમાપ (અનંત = ∞) આવે છે.

સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$\frac{\alpha}{1} = \infty \text{ (અનંત)}$$




**3.5 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ**

આવા પ્રકારની માંગનું વાસ્તવમાં અસ્તિત્વ જોવા મળતું નથી, પરંતુ અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં પૂર્ણ હરીફાઈની સમજૂતી આપવામાં આ ખ્યાલ ઉપયોગી છે.

આકૃતિમાં 'DD' માંગરેખા છે જે આડી ધરીને સમાંતર છે. તે દર્શાવે છે કે પ્રવર્તમાન બજારકિંમતે વસ્તુની માંગ અનંત (અમર્યાદિત) છે.



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

**3.11.2 સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon_p = 0$) :** જ્યારે વસ્તુની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય પણ, વસ્તુની માંગ સ્થિર રહેવા પામે તો તેવી વસ્તુની માંગને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે. દા.ત., 'K' વસ્તુની કિંમતમાં 10 ટકાનો વધારો થાય અને તેને પરિણામે 'K' વસ્તુની માંગમાં કોઈ ફેરફાર ન થાય તો તેવી વસ્તુની માંગને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે.

સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{0 ટકાનો ફેરફાર}}{\text{10 ટકાનો વધારો}} = 0 \text{ (શૂન્ય)}$$




**3.6 સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ**

સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગનો આંક હંમેશાં શૂન્ય હોય છે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે 'DD' માંગરેખા Y ધરીને સમાંતર છે, જે દર્શાવે છે કે વસ્તુની કિંમતમાં ગમે તે પ્રમાણનો ફેરફાર માંગમાં ફેરફાર લાવી શકતો નથી. એનો અર્થ એમ થાય કે વસ્તુની માંગ સ્થિર રહે છે. આ પ્રકારની વસ્તુની માંગને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે.


**3.11.3 એકમ મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p = 1$) :** જ્યારે કિંમતના ટકાવારી ફેરફારો અને માંગના ટકાવારી ફેરફાર સરખા હોય ત્યારે માંગ સપ્રમાણ મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય છે. જેને એકમ મૂલ્યસાપેક્ષ માંગ પણ કહે છે. દા.ત., 'S' વસ્તુની કિંમતમાં 5 % ઘટાડો થાય અને તેથી વસ્તુની માંગમાં 5 ટકાનો વધારો થાય, તો તેવી વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા એક છે તેમ કહેવાય.

સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{5 ટકાનો વધારો}}{\text{5 ટકાનો ઘટાડો}} = |1|$$

વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર સરખો થતો હોવાથી વસ્તુની માંગ એકમ મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય.




**3.7 એકમ મૂલ્યસાપેક્ષ માંગ**

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે વસ્તુની કિંમત $PP_1$ જેટલો ઘટાડો થાય છે જેથી વસ્તુની માંગમાં $MM_1$ જેટલો વધારો થાય છે. જ્યાં $PP_1$ કિંમતનો ફેરફાર અને $MM_1$ માંગનો ફેરફાર એકસરખા પરંતુ વિરુદ્ધ દિશાના હોવાથી આવી વસ્તુની માંગ એકમ મૂલ્યસાપેક્ષ માંગ છે તેમ કહેવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


**3.11.4 મૂલ્યસાપેક્ષ માંગ ($\varepsilon_p > 1$) :** વસ્તુની કિંમતના ટકાવારી ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તો તેવી વસ્તુની માંગને મૂલ્યસાપેક્ષ માંગ કહે છે. દા.ત., 'R' વસ્તુની કિંમતમાં 10 ટકાનો વધારો થાય અને તેને પરિણામે વસ્તુની માંગમાં 30 % ઘટાડો થાય, તો તેવી વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય.

સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{30 ટકાનો ઘટાડો}}{\text{10 ટકાનો વધારો}} = |3|$$

માંગની મૂલ્યસાપેક્ષતાનો આંક ત્રણ છે જે દર્શાવે છે કે વસ્તુની કિંમતમાં થતા ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થતો ફેરફાર વધુ છે. આમ, વસ્તુની માંગ મૂલ્યસાપેક્ષ છે.




**3.8 મૂલ્યસાપેક્ષ માંગ (વધુ)**

આકૃતિમાં $P_1P$ જેટલો વસ્તુની કિંમતનો વધારો થવાથી વસ્તુની માંગમાં $M_1M$ જેટલું સંકોચન થાય છે. અહીં વસ્તુની કિંમતમાં થયેલ વધારા કરતાં માંગમાં થતું સંકોચન વધુ છે. સામાન્ય રીતે મોજશોખ, મનોરંજન અને આરામદાયક વસ્તુઓની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. દા.ત., ટેલિવિઝન, કાર વગેરે.


**3.11.5 મૂલ્યઅનપેક્ષ માંગ ($\varepsilon_p < 1$) :** વસ્તુની કિંમતના ટકાવારી ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય તો તેવી વસ્તુની માંગને મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે. દા.ત., 'G' વસ્તુની કિંમતમાં 20 % વધારો થાય અને તેના પરિણામે વસ્તુની માંગમાં ફક્ત 5 % ઘટાડો થાય તો તેવી વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ છે તેમ કહેવાય.

સૂત્ર મુજબ,

$$\varepsilon_p = \frac{\text{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{5 ટકાનો ઘટાડો}}{\text{20 ટકાનો વધારો}} = \frac{-1}{4} \quad |0.25|$$

માંગની મૂલ્યસાપેક્ષતાનો આંક એકથી ઓછો આવે ત્યારે તે વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ કહેવાય.




**3.9 મૂલ્યઅનપેક્ષ માંગ (ઓછી)**

આકૃતિમાં $PP_1$ જેટલો વસ્તુની કિંમતનો વધારો થવાથી વસ્તુની માંગમાં $MM_1$ જેટલો ઘટાડો થાય છે. અહીં વસ્તુની કિંમતમાં થયેલ વધારા કરતાં માંગમાં થતો ઘટાડો ઓછો છે. સામાન્ય રીતે જીવનજરૂરી આવશ્યક વસ્તુઓની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે. દા.ત., અનાજ, દૂધ, તેલ વગેરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 3.12 માંગની આવક સાપેક્ષતા (Income Elasticity of Demand)

જેમ માંગની મૂલ્યસાપેક્ષતામાં કારણ વસ્તુની કિંમત છે તેમ માંગની આવક સાપેક્ષતામાં કારણ ગ્રાહકરૂપ વ્યક્તિની આવક છે, એટલે કે માંગની આવક સાપેક્ષતાનો ઉપયોગ વ્યક્તિની આવકમાં થતા વધારા કે ઘટાડા સાથે માંગમાં થયેલા વધારા કે ઘટાડા માપવા માટે થાય છે.

**3.12.1 માંગની આવક સાપેક્ષતાનો અર્થ :** 'વ્યક્તિની આવકના ટકાવારી ફેરફાર અને માંગમાં થતાં ટકાવારી ફેરફારના ગુણોત્તરનું માપ તે વસ્તુની માંગની આવક સાપેક્ષતા કહેવાય છે.' ગ્રાહકરૂપ વ્યક્તિની આવકમાં થતા ફેરફાર વડે વસ્તુની માંગમાં થતા ફેરફારને ભાગતાં આવક સાપેક્ષતાનું માપ રજૂ થાય છે. જેને સૂત્રના રૂપમાં નીચે મુજબ દર્શાવી શકાય :

$$\text{માંગની આવક સાપેક્ષતા } (\text{ε}_y) = \frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વ્યક્તિની આવકમાં થતો ટકાવારી ફેરફાર}}$$

### 3.13 માંગની આવક સાપેક્ષતાના પ્રકારો (Degrees of Income Elasticity of Demand)

માંગની આવક સાપેક્ષતાના મુખ્ય પ્રકારો ત્રણ છે જે નીચે મુજબ છે :

**3.13.1 હકારાત્મક (ધન) આવક સાપેક્ષ માંગ :** ગ્રાહકરૂપ વ્યક્તિની આવકમાં વધારો થતાં વસ્તુની માંગમાં વધારો થાય અથવા આવકમાં ઘટાડો થતાં વસ્તુની માંગમાં ઘટાડો થાય તો તેવી વસ્તુની માંગ હકારાત્મક (ધન) આવક સાપેક્ષ માંગ કહે છે.

વાસ્તવમાં, હકારાત્મક (ધન) આવક સાપેક્ષ માંગમાં ત્રણ ભાગ પડે છે જે નીચે મુજબ છે :

**(A) એકમ આવક સાપેક્ષ માંગ ($\varepsilon_y = 1$) :** વ્યક્તિની આવકમાં થતો ફેરફાર અને વસ્તુની માંગમાં થતો ફેરફાર એકસમાન હોય તો તેવી વસ્તુની માંગને એકમ આવક સાપેક્ષ માંગ કહે છે.

**(B) એકમથી વધુ આવક સાપેક્ષ માંગ ($\varepsilon_y > 1$) :** વ્યક્તિની આવકમાં થતો ફેરફાર એ વસ્તુની માંગમાં થતા ફેરફાર કરતાં ઓછો હોય તો તેવી વસ્તુની માંગને એકમથી વધુ આવક સાપેક્ષ માંગ કહે છે.

**(C) એકમથી ઓછી આવક સાપેક્ષ માંગ ($\varepsilon_y < 1$) :** વ્યક્તિની આવકમાં થતો ફેરફાર એ વસ્તુની માંગમાં થતા ફેરફાર કરતાં વધુ હોય તો તેવી વસ્તુની માંગને એકમથી ઓછી આવક સાપેક્ષ માંગ કહે છે.

**3.13.2 નકારાત્મક (ઋણ) આવક સાપેક્ષ માંગ :** ગ્રાહકરૂપ વ્યક્તિની આવકમાં વધારો થતાં વસ્તુની માંગ ઘટે અથવા વ્યક્તિની આવકમાં ઘટાડો થતાં વસ્તુની માંગ વધે તો તેવી વસ્તુની માંગ નકારાત્મક (ઋણ) આવક સાપેક્ષ માંગ કહેવાય છે. સામાન્ય રીતે વસ્તુઓ હલકા પ્રકારની (નિમ્ન ગુણવત્તાની) હોય તો આવક-અસર નકારાત્મક હોય છે. આ ખ્યાલ પ્રો. સર રોબર્ટ ગીફન નામના વ્યક્તિએ રજૂ કર્યો હોવાથી આવી વસ્તુઓને ગીફન વસ્તુઓ પણ કહે છે. **ઉદાહરણ :** બાજરી, કોદરી, બરછટ કાપડ, પામોલિન તેલ, વનસ્પતિ ઘી વગેરે.

**3.13.3 શૂન્ય આવક સાપેક્ષ માંગ :** ગ્રાહકરૂપ વ્યક્તિની આવકમાં ફેરફાર થાય પરંતુ, વસ્તુની માંગમાં ફેરફાર ન થાય તો તેવી વસ્તુની માંગ શૂન્ય આવક સાપેક્ષ માંગ કહેવાય છે. સામાન્ય રીતે ખૂબ જ સસ્તી વસ્તુઓની માંગ શૂન્ય આવક સાપેક્ષ માંગ હોય છે. **ઉદાહરણ :** મીઠું, પોસ્ટકાર્ડ, ટાંકણી, દીવાસળી, સ્ટેપલર પિન વગેરે.

### 3.14 માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા (Cross Elasticity of Demand)

સામાન્ય રીતે વસ્તુઓ એકબીજા સાથે બે પ્રકારના સંબંધમાં જોડાયેલી હોય છે : (1) અવેજી વસ્તુ (2) પૂરક વસ્તુ.

**અવેજી વસ્તુ :** જ્યારે વસ્તુઓ વૈકલ્પિક હોય તો તેવી વસ્તુઓ અવેજી વસ્તુ કહેવાય છે. સામાન્ય રીતે એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ ઉપયોગમાં લઈ શકાતી હોય તો તેવી વસ્તુઓને અવેજી વસ્તુ કહે છે.

**પૂરક વસ્તુ :** જ્યારે વસ્તુઓ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલી હોય એટલે કે વસ્તુઓની માંગ સંયુક્ત રીતે થતી હોય તેવી વસ્તુને પૂરક વસ્તુ કહે છે. સામાન્ય રીતે એક વસ્તુના વપરાશ માટે બીજી વસ્તુનો વપરાશ આવશ્યક હોય, તો તેવી વસ્તુઓને પૂરક વસ્તુ કહે છે.

જ્યારે એક વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં બીજી વસ્તુની (અવેજી કે પૂરક વસ્તુ) માંગ પર તેની અસર થાય છે ત્યારે તે અસરનું માપ જાણવા માટે માંગની પ્રતિ મૂલ્યસાપેક્ષતાનો ઉપયોગ થાય છે. આમ, માંગની પ્રતિ મૂલ્યસાપેક્ષતા એટલે એક વસ્તુની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કિંમતમાં થતા ટકાવારી ફેરફારને કારણે બીજી વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફારનું પ્રમાણ. જેને સૂત્ર વડે નીચે મુજબ રજૂ કરવામાં આવે છે :

$$\text{માંગની પ્રતિ મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{X વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{Y વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

### 3.15 માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની પદ્ધતિઓ (Method of Measure Elasticity of Demand)

માંગનો નિયમ વસ્તુની કિંમતને કારણે માંગમાં જોવા મળતા વ્યસ્ત ફેરફારો વિશે ચર્ચા કરે છે. પરંતુ, વસ્તુની કિંમતમાં 10 % ફેરફાર થવાથી, વસ્તુની માંગમાં કેવા પ્રકારનું પરિવર્તન આવશે તે માંગનો નિયમ દર્શાવે છે. પણ, કેટલું પરિવર્તન આવશે તે દર્શાવવામાં નિષ્ફળ સાબિત થાય છે. વસ્તુની કિંમતમાં થતા ફેરફારથી માંગમાં કેટલો ફેરફાર થશે તે માપવાની રીતને માંગની મૂલ્યસાપેક્ષતા કહેવામાં આવે છે. માંગની મૂલ્યસાપેક્ષતા ત્રણ જુદી-જુદી રીતે માપવામાં આવે છે : (1) ગુણોત્તરની રીત (2) કુલ ખર્ચની રીત (3) ભૌમિતિક રીત.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) માંગને અસર કરતાં પરિબળોને કેટલા વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(2) માંગરેખાનો ઢાળ કેવો હોય છે ?

(A) ઋણઢાળ (B) ધનઢાળ (C) X ધરીને સમાંતર (D) Y ધરીને સમાંતર

(3) હલકા પ્રકારની વસ્તુઓ બીજા કયા નામથી ઓળખાય છે ?

(A) પ્રતિષ્ઠામૂલક વસ્તુ (B) અત્યંત સસ્તી વસ્તુ (C) ગીફન વસ્તુ (D) નકામી વસ્તુ

(4) માંગની મૂલ્યસાપેક્ષતાના કેટલા પ્રકારો હોય છે ?

(A) બે (B) ચાર (C) પાંચ (D) સાત

(5) કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ છે ?

(A) ધન (B) વ્યસ્ત (C) સપ્રમાણ (D) શૂન્ય

(6) પૂરક વસ્તુઓ કેવી હોય છે ?

(A) જોડાયેલી (B) હરીફ (C) સંબંધ વગરની (D) વૈકલ્પિક

(7) માંગનું વિસ્તરણ માંગરેખા પર કઈ તરફ જોવા મળે છે ?

(A) ઉપર (B) નીચે

(C) જમણી તરફ બીજી માંગરેખા પર (D) ડાબી તરફ બીજી માંગરેખા પર

(8) નીચેનામાંથી માંગને કોની સાથે સંબંધ નથી ?

(A) ચોક્કસ સમય (B) ચોક્કસ કિંમત (C) ગ્રાહક (D) પુરવઠો

(9) માંગનો નિયમ કોણે આપ્યો ?

(A) ઍડમ સ્મિથ (B) આલ્ફ્રેડ માર્શલ (C) રોબિન્સ (D) કેઈન્સ

(10) વસ્તુની કિંમત ખૂબ ઊંચી હોય તો ધનિક વર્ગ દ્વારા થતી પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી વસ્તુઓની માંગ કેવી હોય છે?

(A) વધુ (B) ઓછી (C) શૂન્ય (D) ઋણ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) માંગ એટલે શું ?

(2) માંગની આવક સાપેક્ષતા એટલે શું ?

(3) માંગની પ્રતિ મૂલ્યસાપેક્ષતા એટલે શું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) માંગનું વિસ્તરણ-સંકોચન ક્યારે શક્ય બને ?

(5) માંગમાં વધારો-ઘટાડો ક્યારે શક્ય બને ?

(6) માંગનો નિયમ શાથી શરતી નિયમ કહેવાય છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) માંગ વિધેય એટલે શું ?

(2) અવેજી અસર એટલે શું ?

(3) ગીફન વસ્તુ એટલે શું ?

(4) વ્યક્તિગત માંગ એટલે શું ?

(5) બજારમાંગ એટલે શું ?

(6) માંગની મૂલ્યસાપેક્ષતા એટલે શું ?

(7) પ્રતિષ્ઠામૂલ્ય વસ્તુ એટલે શું ?

(8) માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીતોના નામ આપો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) આવક-અસર અને અવેજી અસરનો અર્થ આપો.

(2) માંગમાં વિસ્તરણ અને સંકોચન આકૃતિ સહિત સમજાવો.

(3) માંગમાં વધારો-ઘટાડો આકૃતિ સહિત સમજાવો.

(4) માંગની આવક સાપેક્ષતાની સમજૂતી આપો.

(5) માંગના નિયમના અપવાદો સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) વ્યક્તિગત માંગ અને બજારમાંગની સમજૂતી આકૃતિસહ આપો.

(2) માંગનો અર્થ આપી માંગને અસર કરતાં પરિબળો સમજાવો.

(3) માંગના નિયમને અનુસૂચિ અને આકૃતિની મદદથી સમજાવો.

(4) માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ આપી તેના પ્રકારો આકૃતિ સહિત સમજાવો.

## પારિભાષિક શબ્દો

**માંગ (Demand)** : કોઈ એક ચોક્કસ સમયે અને કિંમતે વસ્તુ ખરીદવાની ઇચ્છાશક્તિ અને તૈયારી એટલે માંગ.

**અવેજી વસ્તુ (Substitute Good)** : જરૂરિયાતના સંતોષ માટે એક વસ્તુના સ્થાને બીજી જે વસ્તુ વાપરી શકાતી હોય તેને અવેજી વસ્તુ કહે છે.

**પૂરક વસ્તુ (Complementary Good)** : એક વસ્તુના વપરાશ માટે જરૂરી એવી બીજી વસ્તુને પૂરક વસ્તુ કહે છે.

**માંગરેખા (Demand Curve)** : વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચેના સંબંધને દર્શાવતી રેખાને માંગરેખા કહે છે.

**માંગનું વિસ્તરણ (Expansion of Demand)** : અન્ય પરિબળો યથાવત રહે ત્યારે વસ્તુની કિંમતમાં ઘટાડો થતા માંગમાં વૃદ્ધિ થાય તે માંગનું વિસ્તરણ છે

**માંગનું સંકોચન (Contraction of Demand)** : અન્ય પરિબળો યથાવત રહે ત્યારે વસ્તુની કિંમતમાં વધારો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| | | થવાથી વસ્તુની માંગ ઓછી થાય તે માંગનું સંકોચન છે. |
| **માંગ વિધેય (Demand Function)** | : | વસ્તુની માંગ અને તેને અસર કરતાં પરિબળોની વિધેયાત્મક રજૂઆતને માંગ વિધેય કહે છે. |
| **માંગની મૂલ્ય-સાપેક્ષતા (Price Elasticity of Demand)** | : | વસ્તુની કિંમતમાં થતા ફેરફારને લીધે વસ્તુની માંગમાં થતા ફેરફારનું પ્રમાણમાપ. |
| **સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ (Perfectly Elastic Demand)** | : | વસ્તુની કિંમતમાં થોડો જ ફેરફાર થવાથી વસ્તુની માંગમાં અમર્યાદિત ફેરફાર થાય ત્યારે તેવી માંગ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ કહેવાય છે. |
| **સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ (Perfectly Inelastic Demand)** | : | વધુની કિંમતમાં ગમે તેટલા પ્રમાણમાં ફેરફાર થવા છતાં વસ્તુની માંગમાં કોઈ ફેરફાર ન થાય (અસર ન થાય) તેવી માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ કહેવાય છે. |
| **અવેજી-અસર (Substitution Effect)** | : | કોઈ એક મૂળ વસ્તુની કિંમતમાં વધારો થાય તો ગ્રાહક મૂળ વસ્તુની માંગ ઘટાડી તેની સરખામણીમાં સસ્તી એવી અવેજી વસ્તુની માંગ વધારે છે તેને અવેજી અસર કહે છે. |
| **આવક-અસર (Income Effect)** | : | વસ્તુની કિંમત ઘટતાં ગ્રાહકની ખરીદશક્તિમાં (આવકમાં) વધારો થાય છે જેથી તે વસ્તુની માંગ વધારે છે જેને આવક-અસર કહે છે. |
| **વાસ્તવિક આવક (Real Income)** | : | વસ્તુ કે સેવાના સંદર્ભમાં રજૂ થતી આવકને વાસ્તવિક આવક કહે છે. |
| **ગિફન વસ્તુ (Giffen Goods)** | : | જે વસ્તુઓની કિંમત ઘટવા છતાં તેની માંગ વધવાને બદલે ઘટતી હોય, તેવી હલકી ગુણવત્તાવાળી વસ્તુઓને ગિફન વસ્તુ કે હલકી વસ્તુ કહે છે. |
| **પ્રતિષ્ઠામૂલ્યવાળી વસ્તુઓ (Commodities of Prestige Value/Status Symbol)** | : | ખૂબ મોંઘી વસ્તુઓ, માત્ર સમાજના ધનવાન લોકો ખરીદી શકતા હોવાથી - જે વસ્તુઓ વ્યક્તિ પાસે હોવાથી વ્યક્તિની પ્રતિષ્ઠામાં વધારો થતો હોય તેવી વસ્તુઓ. |
| **માંગની મૂલ્યસાપેક્ષતા (Price Elasticity of Demand)** | : | માગમાં થતાં ટકાવારી ફેરફારને કિમતમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગવાથી મળતો આંક એ માંગની મૂલ્ય સાપેક્ષતા છે. |
| **માંગની આવક-સાપેક્ષતા (Income Elasticity of Demand)** | : | માગમાં થતા ટકાવારી ફેરફારને ગ્રાહકની આવકમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગતા મળતો આંક |
| **માંગની પ્રતિમૂલ્ય-સાપેક્ષતા (Cross Elasticity of Demand)** | : | કોઈ એક વસ્તુની માંગમાં થતાં ટકાવારી ફેરફારને અન્ય સંબંધિત વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગતાં મળતો આંક |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 પુરવઠો (Supply)


- પ્રસ્તાવના

4.1 પુરવઠા અને જથ્થાનો અર્થ

4.1.1 ઉત્પાદન

4.1.2 પુરવઠો

4.1.3 જથ્થો

4.2 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત

4.3 પુરવઠાને અસર કરતાં પરિબળો

4.3.1 વસ્તુની કિંમત

4.3.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો)

4.3.2.1 ઉત્પાદનનાં સાધનોની કિંમત

4.3.2.2 ટેક્નોલૉજીની કક્ષા

4.3.2.3 ભવિષ્યના ભાવોની અટકળો

4.3.2.4 અન્ય પરિબળો

4.4 વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠો

4.5 પુરવઠા વિધેય

4.6 પુરવઠાનો નિયમ

4.6.1 પુરવઠાના નિયમની ધારણાઓ

4.6.2 પુરવઠાની અનુસૂચિ, આકૃતિ અને સમજૂતી

4.7 કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધની સમજૂતી

4.8 પુરવઠામાં પરિવર્તન

4.8.1 પુરવઠામાં વિસ્તરણ-સંકોચન

4.8.2 પુરવઠામાં વધારો-ઘટાડો

4.9 પુરવઠાના નિયમના અપવાદો

4.9.1 અલભ્ય વસ્તુઓ

4.9.2 નાશવંત વસ્તુઓ

4.10 બજારમાં વસ્તુની કિંમતનું નિર્ધારણ


**પ્રસ્તાવના (Introduction)**

બજાર આધારિત અર્થતંત્રમાં માંગ પુરવઠાનાં પરિબળો વસ્તુની કિંમતનું નિર્ધારણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. માટે માંગને સમજવા સાથે પુરવઠાને સમજવો જરૂરી છે.

બજારમાં વિવિધ ચીજવસ્તુઓની માંગ થતી હોવાથી આ ચીજવસ્તુઓનો પુરવઠો પણ બજારમાં આવવો જરૂરી છે. વસ્તુઓની માંગમાં જેમ ફેરફાર થતા રહે છે તેમ વસ્તુઓના પુરવઠામાં પણ ફેરફાર થતા રહે છે. જે રીતે જુદી-જુદી કિંમતે વસ્તુઓની માંગ જુદી-જુદી હોય છે તેવી જ રીતે જુદી-જુદી કિંમતે વસ્તુઓનો પુરવઠો પણ જુદો-જુદો હોય છે.

**4.1 પુરવઠા અને જથ્થાનો અર્થ (Meaning of Supply and Stock)**

સામાન્ય રીતે ઉત્પાદન, પુરવઠા અને જથ્થા વચ્ચે આપણે કોઈ ભેદ જોતા નથી પણ અર્થશાસ્ત્રીઓ ઉત્પાદન, જથ્થા અને પુરવઠા વચ્ચે ચોક્કસ ભેદ પાડે છે.

**4.1.1 ઉત્પાદન :** ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તે ઉત્પાદન છે. ઉત્પાદન એ ઉત્પન્ન થયેલી વસ્તુઓનું પ્રમાણ દર્શાવે છે.

**4.1.2 પુરવઠો :** ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

**4.1.3 જથ્થો :** જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ.

પ્રથમ આપણે પુરવઠાના અર્થને વિસ્તૃત રીતે સમજીએ. પુરવઠાના અર્થને સમજવા માટે કેટલાક મુદ્દા સમજવા જરૂરી બને છે.

**(A) વેચવાની તૈયારી :** કોઈ ઉત્પાદક કે વેપારી પાસે વસ્તુનો જથ્થો હોય તો તે પુરવઠો કહેવાતો નથી. દા.ત., રાજકોટની ઑઇલ મિલના વેપારી પાસે તેલના 500 ડબા હોય પણ હજુ તેલના ભાવ વધશે તે અપેક્ષાએ એક પણ ડબો વેચવા તૈયાર ન હોય તો ડબાનો પુરવઠો શૂન્ય ગણાય. પરંતુ જો વેપારી 500 ડબામાંથી 300 ડબા વર્તમાન ભાવે વેચવા તૈયાર હોય, તો 300 તેલના ડબાનો પુરવઠો ગણાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(B) વેચવાની શક્તિ :** વેપારી જે વસ્તુ વેચવા માંગે છે તે વસ્તુનું પ્રમાણ તેની પાસે હોવું જોઈએ. તેલના વેપારી પાસે તેલના 500 ડબા છે અને તે 1000 ડબા વેચવાનો ઇરાદો ધરાવતો હોય, તો 1000 ડબા તેલનો પુરવઠો ન કહેવાય તેની પાસે 500 ડબા છે, એટલે તે 500 ડબા વેચવાની શક્તિ ધરાવે છે. તેથી 500 ડબા તેલનો પુરવઠો કહેવાય.

**(C) વેચવાની ઇચ્છા :** વસ્તુ વેચવાની શક્તિ અને તૈયારી હોવા સાથે ઉત્પાદક (વેચનાર)ની વસ્તુ વેચવાની ઇચ્છા પણ હોવી જોઈએ.

ઉપર્યુક્ત બાબતના આધારે આપણે કહી શકીએ કે, 'જુદી જુદી કિંમતોએ ચોક્કસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો ઉત્પાદનનો જે ભાગ વેચવા માટે તૈયાર હોય તેને પુરવઠો કહેવાય.'

## 4.2 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત (Difference between Supply and Stock)

સામાન્ય રીતે જથ્થા અને પુરવઠાને સમાન માનવામાં આવે છે પણ તે જુદા છે. વર્તમાન કિંમતે વેચવાની તૈયારી હોય તથા વેચવાની તૈયારી ન હોય તેવા વસ્તુના તમામ એકમોનું પ્રમાણ એટલે જથ્થો.

વસ્તુના તમામ એકમો વર્તમાન કિંમતે ઉત્પાદક વેચવા તૈયાર ન હોય તો જથ્થો અને પુરવઠો જુદા પડે છે. દા.ત., ઉત્પાદક પાસે વસ્તુના 500 એકમ છે જેમાંથી પ્રવર્તમાન કિંમતે તે 300 એકમ વેચવા તૈયાર થાય છે. તો પુરવઠો 300 એકમ થયો ગણાય. આમ, ઉત્પાદક (કે વેપારી)ની વસ્તુ વેચવાની શક્તિ એ જથ્થો છે અને પ્રવર્તમાન કિંમતે વેચવાની શક્તિ અને તૈયારી એ પુરવઠો છે.

આમ, જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ. પુરવઠો જથ્થા કરતાં ઓછો હોઈ શકે છે. જથ્થો અને ઉત્પાદન અલગ-અલગ બાબતો છે. કારણ કે અગાઉના ઉત્પાદનમાંથી ન વેચાયેલા એકમો પણ જથ્થામાં સમાવિષ્ટ થાય છે. વ્યાવહારિક રીતે કહીએ તો વ્યાપારી પાસે દુકાનમાં કે ગોડાઉનમાં વસ્તુના વેચાણક્ષમ એકમોનું પ્રમાણ એટલે જથ્થો અને તેમાંથી પ્રવર્તમાન કિંમતે વેચવાની તૈયારી અને ઇચ્છા એટલે પુરવઠો.

## 4.3 પુરવઠાને અસર કરતાં પરિબળો (Factors Affecting Supply/Determinants of Supply)

પુરવઠાને અસર કરતાં પરિબળોને મુખ્ય બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (1) વસ્તુની કિંમત અને (2) વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો, ચીજ-વસ્તુઓનો પુરવઠો નીચે આપેલાં પરિબળો દ્વારા પ્રભાવિત થાય છે :

**4.3.1 વસ્તુની કિંમત :** કિંમત એ પુરવઠાને અસર કરતું મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. મહત્તમ નફા માટે કામ કરતો ઉત્પાદક વસ્તુની કિંમત વધે તો વસ્તુનો વધુ પુરવઠો વેચવા તૈયાર થાય છે અને જો કિંમત ઘટે તો ઉત્પાદક ઓછો પુરવઠો વેચવા તૈયાર થાય છે. આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.

**4.3.2 વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો (અન્ય પરિબળો) :**

**4.3.2.1 ઉત્પાદનનાં સાધનોની કિંમત :** ઉત્પાદન-ખર્ચમાં થતો ફેરફાર પુરવઠાને અસર કરે છે. દા.ત., જમીનના માલિકને ચૂકવાતું ભાડું, શ્રમિકને ચુકવાતા વેતનમાં ઘટાડો થાય કે અન્ય પરિબળોને કારણે ઉત્પાદન-ખર્ચ ઘટે તો વસ્તુના પુરવઠામાં વધારો થાય છે. ઉત્પાદન-ખર્ચ ઘટવાથી નફાની શક્યતા વધે છે તેથી ઉત્પાદકોને વધુ વસ્તુઓ વેચવાનું પ્રોત્સાહન મળે છે, તેથી પુરવઠો વધે છે. આનાથી વિરુદ્ધ જો ઉત્પાદન-ખર્ચ વધે તો નફો ઘટે છે તેથી વસ્તુનો પુરવઠો પણ ઘટે છે. આમ ઉત્પાદનનાં સાધનોની કિંમત વસ્તુના પુરવઠાને અસર કરે છે.

**4.3.2.2 ટેક્નોલૉજીની કક્ષા :** ટેક્નોલૉજીના વિકાસને કારણે સમય, શક્તિની બચત થાય છે અને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓનું ઓછા ખર્ચે વધુ ઉત્પાદન શક્ય બને છે. ઉત્પાદન-ખર્ચ ઓછું થતાં ઉત્પાદકને નફાની શક્યતા વધે છે. તેથી ઉત્પાદક વધુ પુરવઠો બજારમાં મૂકે છે. આમ, ટેક્નોલૉજી પુરવઠાને અસર કરે છે. કોઈ પણ દેશમાં આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ થતો હોય તો ચીજવસ્તુઓનો પુરવઠો વધારે જોવા મળે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**4.3.2.3 ભવિષ્યના ભાવોની અટકળો :** વસ્તુની કિંમત અંગેની અટકળો વસ્તુના પુરવઠાને અસર કરે છે. વસ્તુના ભાવો ભવિષ્યમાં વધશે એવી અટકળ થાય તો વર્તમાનમાં તે વસ્તુનો પુરવઠો ઉત્પાદક બજારમાં ઓછો મૂકશે, તેનાથી વિરુદ્ધ ઉત્પાદકોમાં એવી અટકળ થાય કે ભવિષ્યમાં અમુક વસ્તુના ભાવો ઘટશે તો વર્તમાનમાં તે વસ્તુની ઊંચી કિંમત લેવા માટે ઉત્પાદકો તે વસ્તુનો પુરવઠો બજારમાં વધુ મૂકે છે.

**4.3.2.4 અન્ય પરિબળો :** વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓની સંખ્યામાં વધારો થતા વસ્તુનો પુરવઠો વધે છે. પેઢીઓની સંખ્યામાં ઘટાડો થતા વસ્તુનો પુરવઠો ઘટે છે. દેશમાં કુદરતી પરિબળો સાનુકૂળ હોય, રાજકીય સ્થિરતા હોય, કાયદો અને વ્યવસ્થા જળવાય તો પુરવઠો વધે છે. રાજકીય સ્થિરતા જોખમાય તો વસ્તુનો પુરવઠો ઘટે છે. દેશમાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તતી હોય, માલિકો અને કામદારો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રહે તો વસ્તુનો પુરવઠો વધે છે. આનાથી વિરુદ્ધ પુરવઠો ઘટે છે. વાહનવ્યવહારનો વિકાસ થતાં પુરવઠામાં વધારો થાય છે. આનાથી વિરુદ્ધ પુરવઠામાં ઘટાડો થાય છે.

### 4.4 વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠો (Individual Supply and Market Supply)

અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં પુરવઠા સંબંધી અભ્યાસમાં બજાર-પુરવઠા (કુલ પુરવઠા)ને ધ્યાનમાં લેવામાં આવે છે. બજારમાં મૂકવામાં આવતો પુરવઠો જુદાં-જુદાં પરિબળોથી અસર પામતો હોય છે તે આપણે જોયું.

વ્યક્તિગત પુરવઠો એટલે કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં જે ચીજવસ્તુને જુદી-જુદી કિંમતે વેચવા માટે મૂકવામાં આવે છે તે અને કોઈ ચોક્કસ કિંમતે અનેક ઉત્પાદકો દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં મૂકવામાં આવે છે તેને કુલ પુરવઠો કે બજાર-પુરવઠાથી ઓળખવામાં આવે છે.

| વસ્તુનીકિગ્રા દીઠ કિંમત ₹ | વસ્તુનો જુદી-જુદી પેઢીઓનો વ્યક્તિગત પુરવઠો (કિગ્રામાં) | | વસ્તુનો બજાર-પુરવઠો (કિગ્રામાં) |
|---|---|---|---|
| - | પેઢી (A) | પેઢી (B) | - |
| 10 | 80 | 60 | 140 |
| 20 | 180 | 100 | 280 |
| 30 | 240 | 180 | 420 |
| 40 | 300 | 260 | 560 |
| 50 | 400 | 300 | 700 |

અનુસૂચિનું અવલોકન કરતા જણાય છે કે, જ્યારે વસ્તુની કિંમત ઊંચી હોય છે ત્યારે પેઢી દ્વારા બજારમાં મૂકવામાં આવતો પુરવઠો વધુ હોય છે. આનાથી વિરુદ્ધ જ્યારે વસ્તુની કિંમત નીચી હોય છે ત્યારે પેઢી દ્વારા બજારમાં મૂકવામાં આવતો પુરવઠો ઓછો હોય છે. આ બાબતને સમજાવતો મહત્ત્વનો નિયમ 'પુરવઠાના નિયમ' તરીકે ઓળખવામાં આવે છે.

**આકૃતિની સમજૂતી :** ઉપર્યુક્ત અનુસૂચિમાં A પેઢી અને B પેઢીનો જુદી-જુદી કિંમતે પુરવઠો રજૂ કરવામાં આવ્યો છે. જ્યારે બજાર પુરવઠો એટલે કે A પેઢી અને B પેઢીના પુરવઠાનો સરવાળો બજાર પુરવઠારેખામાં રજૂ કરવામાં આવ્યો છે. અનુસૂચિ પરથી A પેઢીની પુરવઠારેખા અને B પેઢીની પુરવઠારેખાનું નિર્ધારણ જુદી-જુદી આકૃતિઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અનુસૂચિ મુજબ કુલ પુરવઠારેખા એટલે કે બજાર પુરવઠારેખાનું નિર્ધારણ પણ કરવામાં આવ્યું છે.


આમ, ઉપર્યુક્ત અનુસૂચિ અને આકૃતિઓ પરથી ફલિત થાય છે કે બંને પુરવઠારેખા જેવી કે A પેઢી અને B પેઢી તેમજ





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બજાર પુરવઠારેખા ધનઢાળ ધરાવે છે. આ તમામ પુરવઠારેખા જે-તે પેઢીએ બજારમાં વેચાણ અર્થે મૂકેલ પુરવઠાના પ્રમાણ અનુસાર તેમની પુરવઠારેખાના ઢાળમાં ફેરફાર જોવા મળે છે, પણ અહીં એક જ બાબત સર્વસામાન્ય રીતે સ્પષ્ટ થાય છે કે, પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે.




**4.1 વ્યક્તિગત અને બજાર પુરવઠાની આકૃતિઓ**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 4.5 પુરવઠા વિધેય (Supply Function)

પુરવઠા વિધેય એટલે 'કોઈ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતાં પરિબળોની ગાણિતીક સ્વરૂપમાં રજૂઆત.'

પુરવઠા વિધેય એ કોઈ એક વસ્તુનો પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે. આ રીતે જોતા એમ કહી શકાય કે, કોઈ એક વસ્તુનો પુરવઠો અનેક પરિબળોનું વિધેય છે. ટૂંકમાં પુરવઠાનું વિધેય કોઈ વસ્તુ કે સેવાનો પુરવઠો તેને અસર કરતાં પરિબળો પર કેવી રીતે આધાર રાખે છે તે દર્શાવે છે.

$$S_x = f(P_x, T, P_F, P_e, U)$$

અહીં, $S_x$ = X વસ્તુનો પુરવઠો (Supply of X)

$f$ = વિધેયાત્મક સંજ્ઞા છે. (Functional Notation)

$P_x$ = X વસ્તુની કિંમત (Price of X)

$T$ = ટેક્નોલૉજીની કક્ષા (Level of Technology)

$P_F$ = ઉત્પાદનનાં સાધનોની કિંમત (Factor Prices)

$P_e$ = ભવિષ્યની કિંમતો અંગેની અટકળો (Expectations Regarding Future Prices)

$U$ = અન્ય પરિબળો (Other Factors)

### 4.6 પુરવઠાનો નિયમ (Law of Supply)

માંગની જેમ પુરવઠાને પણ ચોક્કસ કિંમત અને ચોક્કસ સમયગાળા સાથે સંબંધ છે. તેથી 'અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમતમાં વધારો થતાં તેના પુરવઠાનું વિસ્તરણ થાય છે અને વસ્તુની કિંમત ઘટતાં પુરવઠાનું સંકોચન થાય છે. આમ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે ધન (સીધો) સંબંધ છે.' જેને અર્થશાસ્ત્રમાં પુરવઠાના નિયમ તરીકે ઓળખવામાં આવે છે. પુરવઠાના નિયમને સમજતા પહેલાં પુરવઠાના નિયમની ધારણાઓ સમજવી જરૂરી છે.

**4.6.1 પુરવઠાના નિયમની ધારણાઓ :** કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ કેટલીક ધારણાઓ પર રચવામાં આવ્યો છે. પુરવઠાને અસર કરતાં વિવિધ પરિબળો પૈકી કિંમત સિવાયનાં પરિબળોને સ્થિર ધારવામાં આવે છે. માત્ર વસ્તુની કિંમત અને તેના પુરવઠા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પુરવઠાનો નિયમ તારવી શકાય. આનો અર્થ એવો ન થાય કે કિંમતની સરખામણીમાં અન્ય પરિબળોની પુરવઠા પરની અસર ઓછી હોય છે. વાસ્તવમાં અન્ય પરિબળો પૈકીનું કોઈ પણ એક પરિબળ કિંમત કરતા પુરવઠા પર વધુ પ્રભાવ પાડતું હોય એમ પણ બની શકે. પુરવઠાના નિયમની ધારણા નીચે મુજબ છે :

(1) ઉત્પાદનનાં સાધનોની કિંમતમાં વધ-ઘટ થતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદનનાં સાધનોની કિંમત સ્થિર રહે છે.

(2) ઉત્પાદન-પદ્ધતિમાં ફેરફાર થતો નથી એટલે કે ટેક્નોલૉજીની કક્ષા સ્થિર રહે છે.

(3) અન્ય વસ્તુના ભાવો પણ સ્થિર રહે છે એટલે કે તેમાં પણ કોઈ ફેરફાર થતો નથી.

(4) બજારમાં ભવિષ્યની કિંમત અંગેની અટકળો સ્થિર હોય છે.

(5) અન્ય પરિબળો જેવા કે સરકારની નીતિ, વાહનવ્યવહારની સગવડ, કુદરતી પરિબળો, પેઢીઓની સંખ્યા વગેરે સ્થિર રહે છે.

**4.6.2 પુરવઠાની અનુસૂચિ, આકૃતિ અને સમજૂતી :** કોઈ એક ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી-જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે તે દર્શાવતી યાદીને પુરવઠાની અનુસૂચિ કહેવામાં આવે છે. એક કાલ્પનિક




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અનુસૂચિ દ્વારા આ બાબતને સરળતાથી સમજી શકાય. ધારો કે કોઈ ઉત્પાદક કે વેપારી કોઈ એક માસ દરમિયાન સફરજનની જુદી-જુદી કિંમતે વેચાણ કરવાની તૈયારી ધરાવે છે, તે કાલ્પનિક અનુસૂચિમાં દર્શાવ્યું છે.

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹ માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 50 | 200 |
| 60 | 400 |
| 70 | 600 |
| 80 | 800 |
| 90 | 1000 |




**4.2 પુરવઠાના નિયમની આકૃતિ**

આકૃતિમાં X ધરી પર સફરજનનો પુરવઠો કિગ્રામાં અને Y ધરી પર સફરજનની કિંમત ₹માં દર્શાવી છે. અનુસૂચિ પ્રમાણે આલેખ દોરતાં a, b, c, d, e બિંદુઓ પ્રાપ્ત થાય છે. આ પ્રત્યેક બિંદુઓ જુદી-જુદી કિંમતે બજારમાં સફરજનનો પુરવઠો દર્શાવે છે. આમ, આ બિંદુઓ જોડતી રેખા SS એ પુરવઠારેખા છે.

આકૃતિમાં a બિંદુ દર્શાવે છે કે ₹ 50ની કિંમતે સફરજનનો પુરવઠો 200 કિગ્રા હતો. કિંમત વધીને ₹ 60 થાય તેથી b બિંદુ મુજબ પુરવઠો વધીને 400 કિગ્રા થાય તેવી જ રીતે c બિંદુ દર્શાવે છે કે, સફરજનની કિંમત વધીને ₹ 70 થાય ત્યારે તેનો પુરવઠો વધીને 600 કિગ્રા થાય. SS રેખા એ પુરવઠારેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. એટલે કે પુરવઠારેખાનો ઢાળ ધન છે. ધનઢાળ કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ દર્શાવે છે.

### 4.7 કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધની સમજૂતી (Relationship between Price and Supply)

કિંમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ હોવાનાં બે કારણો છે :

(1) ઉત્પાદકનો આશય મહત્તમ નફો મેળવવાનો હોય છે. જ્યારે કિંમત વધે છે ત્યારે તે વસ્તુનો પુરવઠો વધારવા પ્રેરાય છે, કારણ કે પુરવઠો વધારીને વધુ નફો કમાઈ લેવા પ્રયત્નશીલ હોય છે.

(2) વસ્તુની કિંમત વધવાને કારણે નફાની શક્યતા વધે છે. પરિણામે બજારમાં નવા ઉત્પાદકો પ્રવેશતા વસ્તુનો કુલ પુરવઠો વધે છે.

### 4.8 પુરવઠામાં પરિવર્તન (Change in Supply)

વસ્તુના પુરવઠા પર જે પરિબળોની અસર થાય છે તેમને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : એક કિંમતનું પરિબળ અને બીજું કિંમત સિવાયનાં પરિબળો. કિંમત પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન થાય છે. જ્યારે અન્ય પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં વધારો-ઘટાડો થાય છે.


**4.8.1 પુરવઠામાં વિસ્તરણ-સંકોચન :** અન્ય પરિબળો યથાવત રહેતા વસ્તુની કિંમત વધતા પુરવઠામાં જે વૃદ્ધિ થાય છે તેને પુરવઠાના વિસ્તરણ તરીકે ઓળખવામાં આવે છે અને વસ્તુની કિંમત ઘટતા પુરવઠો ઓછો થાય છે તેને પુરવઠાના સંકોચન તરીકે ઓળખવામાં આવે છે. અન્ય પરિબળો જેવાં કે ઉત્પાદન-સાધનોના ભાવ, ઉત્પાદનના ખર્ચ, ઉત્પાદન- પદ્ધતિ, અન્ય વસ્તુઓના ભાવ, ભવિષ્યના ભાવોની અટકળો, સરકારની નીતિ, પેઢીઓની સંખ્યા સ્થિર રહે છે અને માત્ર જે વસ્તુનો વિચાર કરીએ છીએ તેની કિંમતમાં ફેરફાર થાય છે ત્યારે તે વસ્તુના પુરવઠા પર અસર થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 50 | 200 |
| 60 | 400 |
| 70 | 600 |
| 80 | 800 |
| 90 | 1000 |



**4.3 પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન**


આકૃતિમાં X ધરી પર વસ્તુનો પુરવઠો અને Y ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવી છે. જ્યારે વસ્તુની કિંમત ₹ 70 હતી ત્યારે પેઢી SS પુરવઠારેખાના a બિંદુએ સમતુલામાં હતી અને વસ્તુનો પુરવઠો 600 કિગ્રા હતો. કિંમત ₹ 70 પરથી વધીને ₹ 90 થાય છે ત્યારે પેઢી બિંદુ aને બદલે c બિંદુ પર સમતુલા મેળવીને વસ્તુનો પુરવઠો 600 કિગ્રાથી વધીને 1000 કિગ્રા થાય છે. a બિંદુ પરથી c બિંદુ તરફની ગતિ પુરવઠાનું વિસ્તરણ દર્શાવે છે. પરંતુ a બિંદુ તરફથી b બિંદુ તરફની ગતિ પુરવઠામાં સંકોચન દર્શાવે છે. કારણ કે વસ્તુની કિંમત ₹ 70 પરથી ઘટીને ₹ 50 થાય છે ત્યારે પેઢીનો વસ્તુનો પુરવઠો 600 કિગ્રા પરથી ઘટીને 200 કિગ્રા થાય છે.

**4.8.2 પુરવઠામાં વધારો-ઘટાડો :** કિંમત સિવાયનાં અન્ય પરિબળોમાંથી કોઈ પણ એક અથવા એક કરતાં વધુ પરિબળોમાં ફેરફાર થવાથી વસ્તુના પુરવઠામાં જે પરિવર્તન આવે તેને પુરવઠામાં વધારો કે ઘટાડો કહે છે.

જો ઉત્પાદનનાં સાધનોના ભાવ ઘટે, ઉત્પાદન-ખર્ચ ઘટે, ઉત્પાદન-પદ્ધતિમાં સુધારો થાય, અન્ય વસ્તુના ભાવ ઘટે, સરકારની નીતિ પુરવઠો વધારવાની હોય, પેઢીઓની સંખ્યામાં વધારો થાય તો તેવા સંજોગોમાં વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય છતાં તેના પુરવઠામાં વધારો થતો જોવા મળે છે. આ સંજોગોમાં મૂળ પુરવઠારેખા પોતાના સ્થાનેથી જમણી તરફ સ્થાન બદલે તેને પુરવઠામાં વધારો કહે છે.

આનાથી વિરુદ્ધ જો ઉત્પાદનનાં સાધનોની કિંમત વધે, ઉત્પાદન-ખર્ચ વધે, અન્ય વસ્તુઓના ભાવ વધે, સરકારની નીતિ પુરવઠો ઘટાડવાની દિશામાં હોય તેવી માન્યતા ઉત્પાદકો કે વેપારીઓમાં ફેલાય તો એવા સંજોગોમાં વસ્તુની કિંમતમાં ફેરફાર ન થયો હોય, છતાં પુરવઠામાં ઘટાડો થતો જોવા મળે છે. આ સંજોગોમાં મૂળ પુરવઠારેખા પોતાના સ્થાનથી ડાબી તરફ સ્થાન બદલે છે તેને પુરવઠાનો ઘટાડો કહે છે.

| સફરજનની (કિગ્રાદીઠ) કિંમત ₹માં | સફરજનનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 20 | 100 |
| 20 | 200 |
| 20 | 300 |
| 20 | 400 |
| 20 | 500 |



**4.4 પુરવઠાનો વધારો-ઘટાડો**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આકૃતિમાં X ધરી પર વસ્તુનો પુરવઠો કિગ્રામાં દર્શાવ્યો છે અને Y ધરી પર વસ્તુની કિંમત રૂપિયામાં દર્શાવી છે. ઉત્પાદક કે વેપારીની મૂળ સમતુલા a બિંદુ પર એટલે કે પુરવઠારેખા $S_1S_1$ પર હતી. વસ્તુની કિગ્રાદીઠ કિંમત ₹ 20 હતી ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_1S_1$ના a બિંદુએથી વસ્તુના 300 કિગ્રાનો પુરવઠો વેચવા તૈયાર હતો. કિંમત ₹ 20 જ રહે છે.

પુરવઠાને અસર કરતાં અન્ય પરિબળો પુરવઠાની તરફેણમાં થતા વસ્તુનો પુરવઠો 300 કિગ્રા પરથી વધીને 400 કિગ્રાનો થાય છે ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_3S_3$ના C બિંદુએ પહોંચે છે. a થી c બિંદુ તરફની ગતિ પુરવઠામાં વધારો સૂચવે છે, પરંતુ પુરવઠાને અસર કરતા અન્ય પરિબળો પુરવઠાની વિરુદ્ધ થતા વસ્તુનો પુરવઠો 300 કિગ્રા પરથી ઘટીને 200 કિગ્રાનો થાય છે ત્યારે ઉત્પાદક કે વેપારી પુરવઠારેખા $S_2S_2$ના b બિંદુએ પહોંચે છે. a થી b તરફની ગતિ પુરવઠામાં ઘટાડો સૂચવે છે.

### 4.9 પુરવઠાના નિયમના અપવાદો (Exceptions to the Law of Supply)

હવે આપણે એ જોઈએ કે, માંગના નિયમની જેમ પુરવઠાના નિયમના કોઈ અપવાદો છે ખરા ? હકીકતમાં પુરવઠાના નિયમના અપવાદ તરીકે જેને ઓળખવામાં આવે છે તેમાંના ઘણા વિવાદાસ્પદ છે અને અર્થશાસ્ત્રીઓમાં એ વિશે ઘણા મત-મતાંતરો છે.

પુરવઠાના નિયમમાં જણાવ્યા મુજબ કિંમત અને પુરવઠાના ધન સંબંધને બદલે એ બંનેની વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. એટલે કે વસ્તુની કિંમત વધે છતાં પુરવઠો ઘટે છે અને કિંમત ઘટે છતા પુરવઠો વધે છે આવું બને ત્યારે તેને પુરવઠાના નિયમના અપવાદ તરીકે ઓળખવામાં આવે છે.

**4.9.1 અલભ્ય વસ્તુઓ :** કેટલીક વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેના પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી કારણ કે એવી વસ્તુઓ અપ્રાપ્ય કે દુર્લભ હોય છે. દા.ત., પ્રાચીન કાળના સિક્કાઓ, કલાકૃતિઓ, પ્રાચીન પુસ્તકની મૂળ હસ્તપ્રત, પ્રાચીન મૂર્તિઓ વગેરેની કિંમત વધવા છતાં, આવી વસ્તુના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી. વાસ્તવિક રીતે જોઈએ તો અલભ્ય વસ્તુનું નવું ઉત્પાદન શક્ય નથી. આથી પુરવઠો વધારી શકાતો નથી જેથી તે પુરવઠાના નિયમનો અપવાદ બનતો નથી.

**4.9.2 નાશવંત વસ્તુઓ :** દા.ત., દૂધ અને દૂધની બનાવટો, લીલા શાકભાજી, માંસ, ઈંડા, માછલી, પાકાં ફળ, ફૂલ વગેરે નાશવંત વસ્તુઓ છે. આવી વસ્તુઓના ભાવ ઘટી જાય તોપણ એ વસ્તુઓનો પુરવઠો ઘટતો નથી, કારણ કે આવી વસ્તુઓનો સંગ્રહ અશક્ય છે. વસ્તુઓના ભાવ વધે કે ઘટે તોપણ પુરવઠામાં વધુ ફેરફાર થતો નથી.

### 4.10 બજારમાં વસ્તુની કિંમતનું નિર્ધારણ (Price Determination in the Market)

કિંમત-નિર્ધારણ એટલે બજારમાં માંગ થતી અને વેચાતી વસ્તુ કે સેવાની કિંમતો કેવી રીતે નક્કી થતી હશે તેની સમજૂતી. ચીજવસ્તુ કે સેવાની કિંમત માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા નક્કી થાય છે તેને કિંમત-નિર્ધારણની પ્રક્રિયા કહે છે. પૂર્ણ હરીફાઈની સ્થિતિને ધ્યાનમાં રાખી કિંમત-નિર્ધારણની પ્રક્રિયા સમજીએ.

વસ્તુની માંગ, પુરવઠો અને તેની આંતરક્રિયા કેવી રીતે વસ્તુની કિંમત નક્કી કરે છે તે આકૃતિની મદદથી સમજી શકાય. દરેક અર્થતંત્રમાં અછતની સમસ્યા હોય છે. વસ્તુઓના ઉત્પાદનમાં વપરાતાં સાધનોની અછત હોવાથી અને તે વૈકલ્પિક ઉપયોગો ધરાવતા હોવાથી પસંદગી કરવી પડે છે. આ સાધનોની ફાળવણી કેવી રીતે કરવી ? આ સમસ્યાઓનો ઉકેલ બજારમાં પ્રવર્તતી કિંમત દ્વારા આવે છે.



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

બજારમાં આપણને એમ લાગે કે કિંમત ઉત્પાદકો દ્વારા નક્કી થતી હોય છે, પરંતુ પેઢીઓ ઇચ્છે તે કિંમત નક્કી કરી શકતી નથી કારણ કે, તેમણે નક્કી કરેલી કિંમતે તેઓ ઇચ્છે તેટલું વેચાણ કરી શકતી નથી. પ્રવર્તમાન કિંમતે વસ્તુ કેટલા જથ્થામાં ખરીદવી તે ગ્રાહકો તેમની માંગ દ્વારા નક્કી કરે છે. આમ, માંગ અને પુરવઠો સંયુક્તપણે વસ્તુની કિંમત નક્કી કરે છે. માર્શલે કાતરનાં બે પાનાનાં દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવી છે. કાતરનું ઉપલું કે નીચલું પાનું સ્વતંત્ર રીતે કાપવાનું કાર્ય કરતું નથી. એવું બને કે ઉપલું પાનું કાપવાનું કાર્ય કરે ત્યારે નીચલું પાનું સ્થિર રહે અથવા અલ્પ સક્રિય બને. તેના પરથી એમ ન કહેવાય કે નીચલું પાનું જરૂરી નથી. જે રીતે કાપવાની ક્રિયા માટે કાતરનાં બંને પાનાં જરૂરી છે, તેમ કિંમત-નિર્ધારણ માટે માંગ અને પુરવઠો બંને અનિવાર્ય છે.

અમુક કિંમતે બજારમાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થાય ત્યારે સમતુલા છે તેમ કહેવાય. આ સમતુલા અમુક સમયે અમુક સંજોગોમાં પ્રાપ્ત થાય છે. સમય-સંજોગો બદલાતા તેમાં વિક્ષેપ પડે છે અને આંતરક્રિયાને અંતે સમય જતા પુનઃ સમતુલા સ્થપાય છે. આમ, સમતુલા એ એવી સ્થિતિ છે, જેમાં આપેલા સમયગાળા દરમિયાન ફેરફાર થવાનું વલણ હોતું નથી.

**માંગ, પુરવઠાની કાલ્પનિક અનુસૂચિ**

| વસ્તુની કિંમત (₹માં) | વસ્તુની માંગ (કિગ્રામાં) | વસ્તુનો પુરવઠો (કિગ્રામાં) |
|---|---|---|
| 10 | 1000 | 200 |
| 20 | 800 | 400 |
| 30 | 600 | 600 |
| 40 | 400 | 800 |
| 50 | 200 | 1000 |




**4.5 કિંમત-નિર્ધારણની આકૃતિ**

આકૃતિમાં DD વસ્તુની માંગરેખા છે અને SS વસ્તુની પુરવઠારેખા છે, બંને એકબીજાને E બિંદુએ છેદે છે. તેથી EQ કિંમત એટલે કે ₹ 30 નક્કી થાય છે. આ કિંમતે વસ્તુની માંગ અને પુરવઠો OQ જેટલા એટલે કે 600 કિગ્રાએ સરખા થાય છે અને સમતુલા સ્થપાય છે. EQ કિંમત સમતુલાની કિંમત કહેવાય છે.

હવે કિંમત ₹ 30 (EQ) કરતા વધે એટલે કે ₹ 40 થાય છે, તો આકૃતિમાં દર્શાવ્યા મુજબ વસ્તુની માંગ 600 કિગ્રાથી ઘટીને 400 કિગ્રા થાય છે અને પુરવઠો વધે છે. માંગ અને પુરવઠા વચ્ચે ac જેટલું અંતર સર્જાય છે. માંગ કરતા પુરવઠો વધી જાય છે. પરિણામ કિંમત નીચી જવાનું વલણ ધારણ કરે છે.

તેવી જ રીતે કિંમત ₹ 30 (EQ) કરતા ઘટે એટલે કે ₹ 20 થાય છે, તો વસ્તુની માંગ 600 કિગ્રાથી વધીને 800 કિગ્રા થાય છે અને પુરવઠો ઘટે છે. માંગ અને પુરવઠો વચ્ચે bd જેટલું અંતર સર્જાય છે. પુરવઠા કરતાં માંગ વધી જાય છે. પરિણામે કિંમત ઊંચી જવાનું વલણ ધારણ કરે છે. આમ, જે કિંમતે વસ્તુ માટેની માંગ અને વસ્તુનો પુરવઠો સરખા થાય તે સમતુલાની કિંમત બને છે. માંગ કે પુરવઠામાં જ્યાં સુધી ફેરફાર ન થાય ત્યાં સુધી એ કિંમત ટકી રહે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) કિંમતના ઘટાડાને કારણે પુરવઠામાં થતા ફેરફારને શું કહેવાય ?

(A) વધારો (B) વિસ્તરણ (C) સંકોચન (D) ઘટાડો

(2) કિંમત સિવાયનાં પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતા પરિવર્તનને શું કહેવાય ?

(A) વધારો (B) સંકોચન (C) સંકોચન-વિસ્તરણ (D) વધારો-ઘટાડો

(3) વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે ?

(A) સીધો (B) વિરોધી (C) સમાન (D) શૂન્ય

(4) શું ઘટે તો નફાનું પ્રમાણ ઘટવાથી પુરવઠો ઘટાડવામાં આવે ?

(A) જથ્થો (B) પુરવઠો (C) કિંમત (D) મૂલ્ય-સાપેક્ષતા

(5) જથ્થો કુલ પૂરવઠા કરતાં કેવો હોય છે ?

(A) વધુ હોઈ શકે. (B) ઓછો હોઈ શકે. (C) વધુ ન હોય. (D) નહિવત્ હોય.

(6)ભવિષ્યમાં ભાવો વધવાની અટકળો હોય તો, પેઢીના વર્તમાન પૂરવઠામાં કેવો ફેરફાર થશે ?

(A) વધારે છે. (B) ઘટાડે છે. (C) સ્થિર રાખે છે. (D) શૂન્ય રાખે છે.

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) જથ્થો એટલે શું ?

(2) પુરવઠાનો ખ્યાલ કઈ બે બાબતોના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે ?

(3) પુરવઠાની વ્યાખ્યા આપો.

(4) પુરવઠાની અનુસૂચિ એટલે શું ?

(5) પુરવઠા-રેખાનો ઢાળ કેવો હોય છે ?

(6) અલભ્ય વસ્તુઓને પુરવઠાનો નિયમ શા માટે લાગુ પડતો નથી ?

(7) પુરવઠાનો નિયમ કયા પ્રકારની વસ્તુઓ માટે અપવાદ છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તફાવત સમજાવો : જથ્થો અને પુરવઠો

(2) વ્યક્તિગત પુરવઠો અને બજાર-પુરવઠાનો અર્થ સમજાવો.

(3) શા માટે પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે, પણ કુલ જથ્થા કરતા વધારે હોઈ શકે નહિ ?

(4) પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે, કારણો આપી સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ટૂંક નોંધ લખો : પુરવઠા વિધેય

(2) પુરવઠાના નિયમના અપવાદો જણાવો.

(3) પુરવઠામાં વિસ્તરણ-સંકોચન આકૃતિ સહિત સમજાવો.

(4) પુરવઠામાં વધારો-ઘટાડો આકૃતિ દ્વારા સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) પુરવઠાને અસર કરતાં પરિબળોની વિગતે ચર્ચા કરો.

(2) પુરવઠાના નિયમની વિગતવાર અનુસૂચિની આકૃતિ સહિત સમજૂતી આપો.

(3) બજારમાં કિંમત-નિર્ધારણની પ્રક્રિયા આકૃતિ સહિત સમજાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## પારિભાષિક શબ્દો

| | | |
|---|---|---|
| **ઉત્પાદન (Production)** | : | ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય. |
| **પુરવઠો (Supply)** | : | ચોક્કસ સમયે અને નિશ્ચિત કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે. |
| **જથ્થો (Stock)** | : | જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ. |
| **પુરવઠાની અનુસૂચિ (Supply Schedule)** | : | કોઈ ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી-જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે તે દર્શાવાતી યાદી |
| **પુરવઠારેખા (Supply Curve)** | : | કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખાને પુરવઠારેખા કહે છે. |
| **પુરવઠામાં વિસ્તરણ (Expansion of Supply)** | : | વસ્તુની કિંમત વધતાં પુરવઠામાં જે વૃદ્ધિ થાય છે તેને પુરવઠામાં વિસ્તરણ કહે છે. |
| **પુરવઠામાં સંકોચન (Contraction of Supply)** | : | વસ્તુની કિંમત ઘટતાં પુરવઠો ઓછો થાય છે તેને પુરવઠામાં સંકોચન કહે છે. |
| **પુરવઠામાં વધારો (Increase in Supply)** | : | ઉત્પાદન-ખર્ચ ઘટે, સરકારની હકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો વધે તેને પુરવઠામાં વધારો કહે છે. |
| **પુરવઠામાં ઘટાડો (Decrease in Supply)** | : | ઉત્પાદન-ખર્ચ વધે, સરકારની નકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો ઘટે તેને પુરવઠામાં ઘટાડો કહે છે. |
| **વ્યક્તિગત પુરવઠો (Individual Supply)** | : | કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં કોઈ ચીજવસ્તુનું જુદી-જુદી કિંમતે જે ઉત્પાદન વેચવા માટે મૂકવામાં આવે તેને વ્યક્તિગત પુરવઠો કહે છે. |
| **બજાર-પુરવઠો (Market Supply)** | : | કોઈ ચોક્કસ કિંમતે ઉત્પાદકો દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં મૂકવામાં આવે છે તેના કુલ સરવાળાને બજાર-પુરવઠો કહે છે. |
| **પુરવઠા વિધેય (Supply Function)** | : | પુરવઠા વિધેય એટલે 'કોઈ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતાં પરિબળોની ગાણિતિક સ્વરૂપમાં રજૂઆત' બીજા શબ્દોમાં કહીએ તો પુરવઠા વિધેય એ કોઈ એક વસ્તુનો પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે. |
| **સમતોલ કિંમત (Equilibrium Price)** | : | જે કિંમતે માંગ અને પુરવઠો સરખા થતા હોય તે કિંમતને સમતોલ કિંમત કહે છે. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5 આવક અને ખર્ચના ખ્યાલો
# (Concepts of Revenue and Cost)


- પ્રસ્તાવના

5.1 ખર્ચના વિવિધ ખ્યાલો

5.1.1 વાસ્તવિક ખર્ચ

5.1.2 વૈકલ્પિક ખર્ચ

5.1.3 નાણાકીય ખર્ચ

5.2 ટૂંકો ગાળો અને લાંબો ગાળો

5.3 ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ

5.3.1 સ્થિર ખર્ચ (સ્થાયી ખર્ચ)

5.3.2 અસ્થિર ખર્ચ (અસ્થાયી ખર્ચ)

5.3.3 કુલ ખર્ચ

5.3.4 સરેરાશ સ્થિર ખર્ચ

5.3.5 સરેરાશ અસ્થિર ખર્ચ

5.3.6 સરેરાશ ખર્ચ

5.3.7 સીમાંત ખર્ચ

5.4 સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો સંબંધ

5.4.1 સીમાંત ખર્ચ < સરેરાશ ખર્ચ (MC < AC)

5.4.2 સીમાંત ખર્ચ = સરેરાશ ખર્ચ (MC = AC)

5.4.3 સીમાંત ખર્ચ > સરેરાશ ખર્ચ (MC > AC)

5.5 લાંબા ગાળાનું સરેરાશ ખર્ચ

5.6 આવકના ખ્યાલો

5.6.1 કુલ આવક

5.6.2 સરેરાશ આવક

5.6.3 સીમાંત આવક

5.7 પૂર્ણ હરીફાઈવાળા બજારમાં કુલ આવક, સીમાંત આવક અને સરેરાશ આવક

5.8 અપૂર્ણ હરીફાઈવાળાં બજારોમાં કુલ આવક, સીમાંત આવક અને સરેરાશ આવક


**પ્રસ્તાવના (Introduction)**

આર્થિક વિશ્લેષણમાં ખાસ કરીને પેઢીની વર્તણૂકને સમજવા ખર્ચ અને આવકના ખ્યાલો ખૂબ મહત્ત્વના છે. ઉત્પાદનનું પ્રમાણ બદલાતા કુલ ઉત્પાદન-ખર્ચમાં ફેરફાર થાય છે. ખર્ચથી પેઢીની જાવક બાજુનો અંદાજ આવે છે, તો આવકના ખ્યાલો જાણવાથી પેઢીની આવક બાજુનો અંદાજ આવે છે. આવક અને ખર્ચના ખ્યાલો સામાન્ય ઉત્પાદનની સપાટી નક્કી કરે છે :

(1) પેઢીને પોતાની વસ્તુની કિંમત નક્કી કરવામાં મદદ મળે છે.

(2) પેઢીને પોતાનો નફો મહત્તમ કરવામાં માર્ગદર્શન મળે છે.

(3) મહત્તમ નફાને સમજાવવા સીમાંત ખર્ચ ઉપયોગી બને છે.

(4) સીમાંત ખર્ચનો ખ્યાલ પેઢીની વર્તણૂકને સમજવામાં મદદરૂપ બને છે.

(5) પેઢી કેટલાં સાધનો રોકશે, કેટલી રોજગારી આપશે, કેટલું ઉત્પાદન કરશે, કેટલું રોકાણ કરશે, તે અંગેના નિર્ણયોમાં આવક અને ખર્ચના ખ્યાલો મહત્ત્વનો ફાળો આપે છે.

(6) વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સાધનોના વૈકલ્પિક ઉપયોગ અને સંચાલકીય અર્થશાસ્ત્રમાં ઉપયોગી બને છે.

(7) નાણાકીય ખર્ચના ખ્યાલો પેઢીના સંચાલનમાં દિશાસૂચક બને છે.

ઉપર્યુક્ત અને બીજાં અન્ય કારણોથી પેઢીના ખર્ચ અને આવકનો અભ્યાસ કરવો જરૂરી બને છે. કોઈ પણ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરવા પાછળ જે રકમ વપરાય છે, જે ખર્ચ કરવામાં આવે છે તેને ઉત્પાદન-ખર્ચ કહે છે. સર્વપ્રથમ આપણે ઉત્પાદન-ખર્ચના વિવિધ ખ્યાલોનો અભ્યાસ કરીશું.

## 5.1 ખર્ચના વિવિધ ખ્યાલો (Various Concepts of Cost)

**5.1.1 વાસ્તવિક ખર્ચ :** વાસ્તવિક ખર્ચનો ખ્યાલ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ રજૂ કર્યો હતો. તેમણે આ ખ્યાલ ઉત્પાદનનાં મૂળ સાધનો શ્રમ અને જમીનના સંદર્ભમાં રજૂ કર્યો હતો. પરંતુ આધુનિક યુગમાં મૂડી રોકનાર અને નિયોજક વર્ગની દૃષ્ટિએ પણ આ ખ્યાલનો વિચાર કરવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

માર્શલના મત પ્રમાણે ઉત્પાદન-પ્રક્રિયા સાથે સંકળાયેલા શ્રમિક, નિયોજક, મૂડીપતિ જે માનસિક અને શારીરિક કષ્ટ ઉઠાવે છે તે વસ્તુના ઉત્પાદનનું વાસ્તવિક ખર્ચ છે. કોઈ વસ્તુના ઉત્પાદન-કાર્ય માટે ઉત્પાદક જે નાણાં ખર્ચે છે તે જ માત્ર સાચું ઉત્પાદન-ખર્ચ નથી; પરંતુ ઉત્પાદન-કાર્ય સાથે જોડાયેલા શ્રમિકોને જે થાક, કંટાળો, ત્રાસ લાગે, મૂડીપતિ પોતાની મૂડી, વપરાશનો ત્યાગ કરીને, બચત કરીને મેળવે છે. નિયોજકને ધંધાની ચિંતા, બિનસલામતી, અનિશ્ચિતતાનો સામનો કરવો પડે છે. આ બધાનો સમાવેશ વાસ્તવિક ખર્ચમાં થાય છે. વાસ્તવિક ખર્ચને નાણાંના સ્વરૂપમાં રજૂ કરી શકાતું નથી. તેથી વાસ્તવિક ખર્ચને બિનનાણાકીય ખર્ચ પણ કહે છે. પ્રો. માર્શલ જણાવે છે કે, ઉત્પાદનનાં સાધનો આ વાસ્તવિક ખર્ચનો સામનો કરે છે તે માટે તેમને આકર્ષવા માટે વેતન, વ્યાજ, નફાના સ્વરૂપમાં વળતર આપવામાં આવે છે.

**વાસ્તવિક ખર્ચના માપનની મુશ્કેલીઓ :** વાસ્તવિક ખર્ચમાં થાક, કંટાળો, કષ્ટ, ત્યાગ, ચિંતાનો સમાવેશ થાય છે. જે મનોવૈજ્ઞાનિક કે આત્મલક્ષી બાબતો છે તેવી બાબતોને માપવાનું કાર્ય મુશ્કેલ છે. ઉપરાંત કારખાનાઓમાંથી નીકળતો ધુમાડો આસપાસના લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. આ વિપરીત અસર સામાજિક દૃષ્ટિએ ખર્ચ છે પણ તેને માપી શકાતો નથી.

**5.1.2 વૈકલ્પિક ખર્ચ :** વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઑસ્ટ્રિયન અર્થશાસ્ત્રીઓએ રજૂ કર્યો હતો. પરંતુ તેને વ્યવસ્થિત સ્વરૂપમાં તો માર્શલે રજૂ કર્યો. ઉત્પાદનનાં સાધનો એક કરતાં વધારે વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે તે હકીકત ઉપર આ ખ્યાલ આધારિત છે. આવા વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો એક ઉપયોગમાં વાપરવામાં આવે છે ત્યારે સાથે ને સાથે અન્ય બીજા ઉપયોગમાં વાપરી શકાતા નથી. દા.ત., જમીનના એક ટુકડા ઉપર ઘઉં વાવવામાં આવે તો તે જ સમયે એ જ ટુકડા ઉપર બીજો કોઈ પાક લઈ શકાતો નથી. શ્રમિક એક સમયે મિલમાં કામ કરે તો એ જ સમયે બીજા ઉદ્યોગમાં કામ કરી શકતો નથી. આમ સાધન વૈકલ્પિક ઉપયોગવાળા હોય છે.

**અર્થ-સમજૂતી :** ઉત્પાદનનાં સાધનોને કોઈ એક કાર્યમાં રોકવામાં આવે તો તે સાધનનો બીજો શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવો પડે છે. આ જે શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવામાં આવે તેને જ વૈકલ્પિક ખર્ચ કહે છે. જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ ઉત્પાદિત વસ્તુનો વૈકલ્પિક ખર્ચ ગણાય છે. આ બાબત એક ઉદાહરણની મદદથી સમજીએ. જમીનના એક ટુકડાનો ઉપયોગ ઘઉં અને ડાંગર માટે થઈ શકે છે. જો જમીન ઉપર ઘઉં ઉત્પન્ન કરવામાં આવે તો ₹ 2 લાખ મળી શકે છે અને જો તે જમીન ઉપર ડાંગર ઉત્પન્ન કરવામાં આવે તો ₹ 3.5 લાખ મળે તેમ છે. ખેડૂતનું વર્તન તર્કબદ્ધ છે. લાભની દૃષ્ટિથી વિચારી ખેડૂત ઘઉંનું ઉત્પાદન જતું કરશે અને જેમાં વધારે રકમ મળે છે તે ડાંગરનું ઉત્પાદન કરશે અને ₹ 3.5 લાખ મેળવશે. આ ₹ 3.5 લાખના ડાંગર માટે ખેડૂત ₹ 2 લાખના ઘઉંનું ઉત્પાદન જતું કરે છે. આ જતું કરેલું ₹ 2 લાખના ઘઉંનું ઉત્પાદન એ ₹ 3.5 લાખના ડાંગરનું વૈકલ્પિક ખર્ચ છે તેમ કહેવાય.

**વૈકલ્પિક ખર્ચના માપનની મુશ્કેલીઓ :**

**(1) એકોપયોગી સાધન :** જો ઉત્પાદનનું કોઈ સાધન માત્ર એક જ ઉપયોગ ધરાવતું હોય તો તેનું વૈકલ્પિક ખર્ચ નક્કી કરી શકાતું નથી. દા.ત., એવાં ઘાસનાં મેદાનો જ્યાં ઘાસ શિવાય બીજું કશું ઊગી શકતું નથી. એવું જ બેકારીનો ભોગ બનેલ વ્યક્તિઓની બાબતમાં હોય છે. તેમની પાસે કોઈ કામ જ હોતું નથી માટે વૈકલ્પિક ખર્ચ કેવી રીતે ગણવું ?

**(2) વિશિષ્ટ ઉપયોગનાં સાધનો :** જ્યારે ઉત્પાદનનાં સાધનો વિશિષ્ટ પ્રકારના Specific Factor હોય ત્યારે આ ખ્યાલ ઉપયોગી બનતો નથી. ત્યારે આવા વિશિષ્ટ ઉપયોગવાળાં સાધનોનું વળતર તેના વૈકલ્પિક ખર્ચના આધારે નહિ પરંતુ તે સાધનની માંગના આધારે નક્કી થાય છે. દા.ત., કમ્પ્યૂટરમાં વિશિષ્ટ આવડત ધરાવતી વ્યક્તિઓ, અણુશક્તિના જ્ઞાન ધરાવતા વૈજ્ઞાનિકો વગેરે.

**5.1.3 નાણાકીય ખર્ચ :** આર્થિક વિશ્લેષણ, ઉત્પાદનનો નિર્ણય અને કિંમત-નિર્ધારણમાં નાણાકીય ખર્ચનો ખ્યાલ ઉપયોગી બને છે. કારણ કે વાસ્તવિક ખર્ચ અને વૈકલ્પિક ખર્ચના ખ્યાલો અનેક મર્યાદાઓ ધરાવે છે. તેથી વ્યવહારમાં તેમનો ઉપયોગ વધારે થઈ શકતો નથી. ઉત્પાદન-ખર્ચ નાણાંમાં વ્યક્ત થાય છે. તેથી પણ નાણાકીય ખર્ચનો ખ્યાલ ઉપયોગી બને છે. મહત્તમ નફાનો ઉદ્દેશ્ય રાખતો ઉત્પાદક ઓછા ખર્ચે ઉત્પાદન કરી અને તે વસ્તુના વેચાણમાંથી મળતી આવકને મહત્તમ બનાવવાનો પ્રયાસ કરતો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

હોય છે. ઉત્પાદન-પ્રક્રિયામાં નાણાંના સ્વરૂપમાં જે ખર્ચાઓ થતા હોય તેને નાણાકીય ખર્ચ કહે છે. ઉદાહરણ સ્વરૂપે જોઈએ તો પેન બનાવતી ફેક્ટરીને 1000 એકમ પેનનું ઉત્પાદન કરવા માટે નાણાંના સ્વરૂપમાં જે કુલ ₹ 50,000નો ખર્ચ થયો હોય, તો તે ₹ 50,000 નાણાકીય ખર્ચ છે.

## 5.2 ટૂંકો ગાળો અને લાંબો ગાળો (Short Run and Long Run Periods in Economics)

સમયગાળાના આધારે પણ ટૂંકા ગાળામાં નાણાકીય ખર્ચને રજૂ કરવામાં આવે છે. ઉત્પાદનનાં કેટલાંક સાધનો એવાં છે જેના પ્રમાણમાં સહેલાઈથી ફેરફાર કરી શકાય છે. સાધનોનું પ્રમાણ બદલાતા ઉત્પાદનનું પ્રમાણ પણ બદલાય છે. કાચો માલ, વધારાના શ્રમિકો, બળતણ વગેરે એવાં સાધનો છે જેનું પ્રમાણ ટૂંકા ગાળામાં બદલી શકાતું હોવાથી તેને અસ્થિર સાધનો કહેવાય છે. આવાં સાધનો પર થતા ખર્ચને અસ્થિર ખર્ચ કહે છે. જ્યારે યંત્રસામગ્રી, કારખાનાનું મકાન, વહીવટી સ્ટાફ વગેરે સાધનોના પ્રમાણમાં ટૂંકા ગાળામાં કોઈ ફેરફાર કરી શકાતો નથી તેવાં સાધનોને સ્થિર સાધનો કહે છે અને તેના ઉપર થતાં ખર્ચને સ્થિર ખર્ચ કહે છે.

**ટૂંકો ગાળો :** સમયનો ટૂંકો ગાળો એટલે એવો ગાળો કે જે ગાળામાં પેઢીના કદમાં ફેરફાર કરી શકાતો નથી. પરંતુ તેની સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઉપયોગ કરીને ઉત્પાદન વધારી શકાય છે. ટૂંકો ગાળો સમયનો એવો ગાળો છે જે દરમિયાન પેઢીમાં કેટલાંક સાધનો સ્થિર હોય છે. દા.ત., પ્લાન્ટ, યંત્રસામગ્રી, કારખાનાનું મકાન વગેરે પરંતુ અસ્થિર સાધનો જેવા કે કાચો માલ, શ્રમિકો, વીજળી વગેરેનું પ્રમાણ વધારીને કે ઘટાડીને ઉત્પાદનમાં વધારો કે ઘટાડો કરી શકાય છે.

**લાંબો ગાળો :** સમયનો લાંબો ગાળો એટલે એવો ગાળો કે જે ગાળા દરમિયાન પેઢીનાં બધાં સાધનો અસ્થિર હોય છે એટલે કે એ સાધનોમાં ફેરફાર કરી શકાય છે. પ્લાન્ટ, યંત્રસામગ્રી, કારખાનાનું મકાન વગેરેના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરીને પેઢી ઉત્પાદનમાં વધ-ઘટ કરી શકે છે. પેઢી લાંબા ગાળે નવી અને આધુનિક યંત્રસામગ્રી વડે ઉત્પાદનના એકમનું કદ પણ વિસ્તારી શકે છે.

## 5.3 ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ (Classification of Cost)

**ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ (Classification of Production Cost)**

- ટૂંકા ગાળાનું ઉત્પાદન-ખર્ચ (Short Run Production Cost)
  - સ્થિર ખર્ચ (Fixed Cost)
    - સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost)
  - અસ્થિર ખર્ચ (Variable Cost)
    - સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost)
- લાંબા ગાળાનું ઉત્પાદન-ખર્ચ (Long Run Production Cost)


**5.3.1 સ્થિર ખર્ચ :** સમયના ટૂંકા ગાળામાં ઉત્પાદનનું પ્રમાણ વધે, ઘટે કે શૂન્ય થાય પરંતુ ખર્ચમાં કોઈ ફેરફાર થતો ન હોય તેવા ખર્ચને સ્થિર ખર્ચ કહે છે. સ્થિર ખર્ચને Overhead ખર્ચ પણ કહે છે. ટૂંકા ગાળામાં સ્થિર ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે કોઈ સંબંધ હોતો નથી. સ્થિર ખર્ચમાં કાયમી સ્ટાફનું વેતન, કારખાનાના મકાનનું ભાડું, મિલકત-વ્યવસાય વેરો, લાઇસન્સ-ફી, મૂડી ઉપરનું વ્યાજ, વીમાનું પ્રીમિયમ વગેરેનો સમાવેશ થાય છે. સ્થિર ખર્ચની એક અનુસૂચિ જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| ઉત્પાદનનું પ્રમાણ એકમમાં | કુલ સ્થિર ખર્ચ (₹ માં) |
|---|---|
| 00 | 100 |
| 10 | 100 |
| 20 | 100 |
| 30 | 100 |
| 40 | 100 |
| 50 | 100 |




**5.1 સ્થિર ખર્ચની આકૃતિ**

અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણે પેનનું ઉત્પાદન 00 હોય કે 10, 20, 30, 40, 50 એકમ જેટલું વધે પરંતુ ઉત્પાદન-ખર્ચ દરેક વખતે એકસરખું સ્થિર રહે છે. એટલે કે 100 રૂપિયા રહે છે. જે સ્થિર છે. આવા ખર્ચને સ્થિર ખર્ચ કહે છે. અહીં ઉત્પાદનનું પ્રમાણ બદલાય છે પરંતુ ખર્ચ બદલાતું નથી. તેથી તેને કુલ સ્થિર ખર્ચ કહે છે.

**આકૃતિમાં રજૂઆત :** આકૃતિમાં OX ધરી ઉપર ઉત્પાદનનું પ્રમાણ અને OY ધરી ઉપર ખર્ચ રૂપિયામાં દર્શાવેલ છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઉત્પાદન 00 હોય, 10 એકમ હોય કે 20, 30, 40 કે 50 એકમ હોય ખર્ચની રકમ ₹ 100 જેટલી સ્થિર રહે છે. આકૃતિમાં કુલ સ્થિર ખર્ચની રેખા પાયાની ધરીને સમાંતર રહે છે.

**5.3.2 અસ્થિર ખર્ચ :** જ્યારે ઉત્પાદનનું એકમ કે પેઢી ઉત્પાદનનાં અસ્થિર સાધનો પર જે ખર્ચ કરે છે તેને અસ્થિર ખર્ચ કહે છે. ટૂંકા ગાળે ઉત્પાદનની સપાટીમાં ફેરફાર થતા આવા ખર્ચમાં પણ ફેરફાર થાય છે. ઉત્પાદન વધતા ખર્ચ વધે, ઉત્પાદન ઘટતા ખર્ચ ઘટે અને ઉત્પાદન શૂન્ય થતા જે ખર્ચ પણ શૂન્ય થાય તેને અસ્થિર ખર્ચ કહે છે. અસ્થિર ખર્ચને અસ્થાયી, પ્રત્યક્ષ અથવા મુખ્ય ખર્ચ પણ કહે છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ હોય છે. અસ્થિર ખર્ચમાં કાચા-માલની કિંમત, બળતણનું ખર્ચ, વીજળીનું બિલ, વાહન-વ્યવહારનો ખર્ચ, શ્રમિકોનું વેતન, ઉત્પાદન-વેચાણ ઉપરના વેરાઓ વગેરેનો સમાવેશ થાય છે. જેમ જેમ ઉત્પાદન વધે છે તેમ તેમ આ ખર્ચાઓ પણ વધે છે, તેથી તેને અસ્થિર ખર્ચ કહે છે. સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત માત્ર સમયના ટૂંકા ગાળામાં જ શક્ય છે. લાંબા ગાળે તો તમામ ખર્ચાઓ અસ્થિર ખર્ચ હોય છે.


ઉત્પાદન શૂન્ય હોય ત્યારે અસ્થિર ખર્ચ શૂન્ય હોય છે. પરંતુ ઉત્પાદન જેમ જેમ વધે છે તેમ તેમ અસ્થિર ખર્ચ પણ વધે છે. અનુસૂચિ જોતાં જણાશે 30 એકમ સુધી અસ્થિર ખર્ચ ઘટતા દરે વધે છે. કારણ કે શરૂઆતમાં વધતી પેદાશ લાગુ પડે છે. 30 એકમ બાદ ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે. તેથી અસ્થિર ખર્ચ વધતા દરે વધે છે.

| ઉત્પાદનનું પ્રમાણ એકમમાં | કુલ અસ્થિર ખર્ચ (₹ માં) |
|---|---|
| 00 | 00 |
| 10 | 80 |
| 20 | 150 |
| 30 | 210 |
| 40 | 290 |
| 50 | 390 |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**5.2 અસ્થિર ખર્ચની આકૃતિ**

આકૃતિમાં OX ધરી પર ઉત્પાદનના એકમો અને OY ધરી ઉપર કુલ અસ્થિર ખર્ચ ₹ માં દર્શાવેલ છે. જેમ જેમ ઉત્પાદન વધે છે 10, 20, 30 તેમ તેમ કુલ અસ્થિર ખર્ચ પણ 80, 150, 210 વધે છે. અસ્થિર ખર્ચની રેખા ઉદ્‌ગમ બિંદુથી શરૂઆતમાં ધનઢાળવાળી હોય છે. કારણ કે શરૂઆતમાં ઘટતા દરે અને ત્યાર બાદ વધતા દરે કુલ અસ્થિર ખર્ચ વધે છે.

ટૂંકા ગાળામાં સ્થિર ખર્ચ નિશ્ચિત હોય છે, પરંતુ અસ્થિર ખર્ચ બદલાતું રહે છે. આ ખર્ચ ઉત્પાદન સાથે સીધી રીતે સંકળાયેલ હોય છે. તેથી જ પ્રો. માર્શલ અસ્થિર ખર્ચને મુખ્ય ખર્ચ કહે છે.


**5.3.3 કુલ ખર્ચ** : કુલ ઉત્પાદન અને કુલ ખર્ચ વચ્ચે કાર્યકારણનો સંબંધ છે. કુલ ઉત્પાદન વધુ હોય તો કુલ ખર્ચ પણ વધારે હોય છે. પેઢીના કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો એ કુલ ખર્ચ છે. સૂત્ર સ્વરૂપે જોઈએ તો,

કુલ ખર્ચ = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ

TC = TFC + TVC

ઉત્પાદન વધતા સ્થિર ખર્ચ સ્થિર રહે છે પરંતુ અસ્થિર ખર્ચમાં વધારો થાય છે. તેથી કુલ ખર્ચમાં અસ્થિર ખર્ચના વધારાના પ્રમાણ જેટલો વધારો થાય છે. તેથી કુલ ખર્ચની રેખા અસ્થિર ખર્ચની રેખાની ઉપરના ભાગમાં હોય છે. પરંતુ બંને વચ્ચેનું ઊભું (લંબ) અંતર સરખું રહે છે. તે આકૃતિમાં જોઈ શકાય છે.

| ઉત્પાદનનું પ્રમાણ | કુલ સ્થિર ખર્ચ (₹ માં) | કુલ અસ્થિર ખર્ચ (₹ માં) | કુલ ખર્ચ (₹ માં) |
|---|---|---|---|
| 00 | 100 | 00 | 100 |
| 10 | 100 | 80 | 180 |
| 20 | 100 | 150 | 250 |
| 30 | 100 | 210 | 310 |
| 40 | 100 | 290 | 390 |
| 50 | 100 | 390 | 490 |




**5.3 કુલ ખર્ચની આકૃતિ**

આકૃતિમાં OX ધરી પર ઉત્પાદન અને OY ધરી પર ખર્ચ દર્શાવવામાં આવેલ છે. જેમ જેમ ઉત્પાદન વધે છે સ્થિર ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી તે સ્થિર જ રહે છે. પરંતુ અસ્થિર ખર્ચ વધે છે. પરિણામે ઉત્પાદન વધતા કુલ ખર્ચ પણ વધે છે. સ્થિર ખર્ચની રેખા OY ધરી પર P બિંદુથી શરૂ થાય છે તે દર્શાવે છે કે જ્યારે ઉત્પાદન OO હોય ત્યારે પણ કુલ સ્થિર ખર્ચ તો OP જેટલું હોય જ છે અને કુલ અસ્થિર ખર્ચ શૂન્ય હોય છે. જેમ જેમ ઉત્પાદન વધે છે કુલ સ્થિર ખર્ચ સ્થિર રહે છે પણ કુલ અસ્થિર ખર્ચ વધતું જાય છે. તેથી કુલ અસ્થિર ખર્ચની રેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચેથી ઉપર તરફ જતી હોય છે અને કુલ ખર્ચની રેખા તેને સમાંતર ઉપર હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જ્યારે,

(1) ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કુલ અસ્થિર ખર્ચ પણ શૂન્ય હોય છે.

(2) ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કુલ સ્થિર ખર્ચ OP હોય છે. અસ્થિર ખર્ચ શૂન્ય અને કુલ ખર્ચ OP છે.

(3) ઉત્પાદન $OQ_1$ હોય ત્યારે કુલ સ્થિર ખર્ચ $Q_1b$ હોય છે. અસ્થિર ખર્ચ $Q_1c$ અને કુલ ખર્ચ $Q_1a$ છે.

(4) ઉત્પાદન $OQ_2$ હોય ત્યારે કુલ સ્થિર ખર્ચ $Q_2f$ હોય છે. અસ્થિર ખર્ચ $Q_2g$ અને કુલ ખર્ચ $Q_2e$ છે.

**5.3.4 સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost) :** પેઢીના કુલ સ્થિર ખર્ચને કુલ ઉત્પાદનના એકમો વડે ભાગવાથી જે ખર્ચ મળે છે તે સરેરાશ સ્થિર ખર્ચ છે. સરેરાશ સ્થિર ખર્ચ એ એકમદીઠ સ્થિર ખર્ચ છે. આ ખર્ચને શોધવા માટેનું સૂત્ર નીચે મુજબ છે :

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{\text{કુલ સ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદનના એકમો}}$$

$$AFC = \frac{TFC}{TP}$$

AFC = સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost)

TFC = કુલ સ્થિર ખર્ચ (Total Fixed Cost)


TP = કુલ ઉત્પાદન (Total Production)

એક ઉદાહરણથી સમજીએ ધારો કે એક પેઢીનું કુલ સ્થિર ખર્ચ ₹ 50,000 છે અને પેઢી 1000 એકમોનું ઉત્પાદન કરે છે. આ સ્થિતિમાં સરેરાશ સ્થિર ખર્ચ ઉપરના સૂત્રના આધારે ગણતા,

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{50000}{1000} = ₹\ 50 \text{ પ્રાપ્ત થાય છે.}$$

જેમ ઉત્પાદન વધે તેમ કુલ સ્થિર ખર્ચ વધુ ને વધુ એકમો વચ્ચે વહેંચાય છે. તેથી ઉત્પાદન વધતા સરેરાશ સ્થિર ખર્ચ ઘટતો જાય છે. માટે સરેરાશ સ્થિર ખર્ચની રેખા ઋણ ઢાળવાળી હોય છે. અનુસૂચિ અને આકૃતિમાં ઉત્પાદન અને સરેરાશ સ્થિર ખર્ચ વચ્ચેનો સંબંધ દર્શાવી શકાય છે.

| ઉત્પાદનનું પ્રમાણ | કુલ સ્થિર ખર્ચ (₹ માં) | સરેરાશ સ્થિર ખર્ચ (₹ માં) |
|---|---|---|
| 10 | 100 | 10 |
| 20 | 100 | 05 |
| 30 | 100 | 03.3 |
| 40 | 100 | 02.5 |
| 50 | 100 | 02 |




**5.4 સરેરાશ સ્થિર ખર્ચની આકૃતિ**

જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધતું જાય છે. સરેરાશ સ્થિર ખર્ચ ઘટતું જાય છે.

ઉપર્યુક્ત આકૃતિમાં OX ધરી ઉપર ઉત્પાદનનું પ્રમાણ અને OY ધરી પર સરેરાશ સ્થિર ખર્ચ ₹ માં દર્શાવેલ છે. ઉત્પાદન જેમ જેમ વધે છે. સરેરાશ સ્થિર ખર્ચની રેખા ડાબેથી જમણે ઉપરથી નીચે તરફ જતી ઋણ ઢાળવાળી હોય છે. સરેરાશ સ્થિર ખર્ચ ઘટે છે પણ તે ક્યારેય શૂન્ય થતું નથી.

**5.3.5 સરેરાશ અસ્થિર ખર્ચ :** પેઢીના કુલ અસ્થિર ખર્ચને કુલ ઉત્પાદનના પ્રમાણ વડે ભાગતા સરેરાશ અસ્થિર ખર્ચ મળે છે. સરેરાશ અસ્થિર ખર્ચ એ એકમદીઠ અસ્થિર ખર્ચ છે. ઉત્પાદન ચાલુ રાખવું, બંધ કરવું, વધારવું તે અંગેના નિર્ણયો લેવામાં સરેરાશ અસ્થિર ખર્ચ ઉપયોગી ખ્યાલ છે. આ ખર્ચને શોધવાનું સૂત્ર પૃષ્ઠ 52 મુજબ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

$$\text{સરેરાશ અસ્થિર ખર્ચ} = \frac{\text{કુલ અસ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદનના એકમો}}$$

$$AVC = \frac{TVC}{TP}$$ જેમાં

AVC = સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost)

TVC = કુલ અસ્થિર ખર્ચ (Total Variable Cost)


TP = કુલ ઉત્પાદન (Total Production)

એક ઉદાહરણની મદદથી સમજીએ. ધારો કે પેઢીનું કુલ અસ્થિર ખર્ચ ₹ 150 છે અને પેઢી 20 એકમોનું ઉત્પાદન કરે છે. આ સ્થિતિમાં સરેરાશ અસ્થિર ખર્ચ ઉપરના સૂત્રના આધારે ગણતાં,

$$\text{સરેરાશ અસ્થિર ખર્ચ} = \frac{150}{20} = 7.5$$ ₹ પ્રાપ્ત થાય છે.

જેમ જેમ ઉત્પાદન વધે છે તેમ તેમ કુલ અસ્થિર ખર્ચ વધે છે. શરૂઆતમાં ઉત્પાદન વધતા સરેરાશ અસ્થિર ખર્ચ ઘટે છે. ઉત્પાદનનો વધારો ચાલુ રહેતા સરેરાશ અસ્થિર ખર્ચ ન્યૂનતમ થાય છે અને ત્યાર બાદ ઉત્પાદન વધતા સરેરાશ અસ્થિર ખર્ચ વધે છે. એટલે કે તેને ઉત્પાદનના પ્રમાણ સાથે સંબંધ છે તેમ કહેવાય. તે બાબત અનુસૂચિને આકૃતિમાં જોઈ શકાય છે.

| ઉત્પાદનનું પ્રમાણ | કુલ અસ્થિર ખર્ચ (₹ માં) | સરેરાશ અસ્થિર ખર્ચ (₹ માં) |
|---|---|---|
| 10 | 80 | 8 |
| 20 | 150 | 7.5 |
| 30 | 210 | 7 |
| 40 | 290 | 7.25 |
| 50 | 390 | 7.8 |
| 60 | 500 | 8.33 |
| 70 | 620 | 8.85 |




**5.5 સરેરાશ અસ્થિર ખર્ચની આકૃતિ**

આકૃતિમાં જોતાં જણાય છે કે, સરેરાશ અસ્થિર ખર્ચની રેખા શરૂઆતમાં ડાબી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે તરફ જતી એટલે કે ઋણઢાળવાળી હોય છે. જે દર્શાવે છે ઉત્પાદન વધતા સરેરાશ અસ્થિર ખર્ચ શરૂઆતમાં ઘટે છે. પરંતુ 30 એકમો પછી સરેરાશ અસ્થિર ખર્ચ વધવાનું વલણ ધરાવે છે. કારણ કે શરૂઆતમાં વધતી પેદાશ અને ત્યાર બાદ ઘટતી પેદાશનો નિયમ અમલમાં આવે છે તેથી.

### 5.3.6 સરેરાશ ખર્ચ :

**અર્થ :** સરેરાશ ખર્ચને સરેરાશ કુલ ખર્ચ તરીકે પણ ઓળખવામાં આવે છે. સરેરાશ ખર્ચ એ એકમદીઠ ખર્ચ છે. કુલ ખર્ચને ઉત્પાદનના એકમોથી ભાગીને સરેરાશ ખર્ચ મેળવવામાં આવે છે, પરંતુ કુલ ખર્ચ એ કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો છે તેથી કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચને ઉત્પાદન એકમો વડે ભાગવાથી સરેરાશ ખર્ચ પ્રાપ્ત થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન એકમો}}$$

અથવા

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{સ્થિર ખર્ચ + અસ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન એકમો}}$$

$AC = \frac{TC}{TP}$ જેમાં, AC = સરેરાશ ખર્ચ (Average Cost)


TC = કુલ ખર્ચ (Total Cost)

TP = કુલ ઉત્પાદનનું પ્રમાણ (Total Production)

**ઉદાહરણ :** એક પેઢીના ખર્ચનાં વલણો નીચેની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના છે :

| **ઉત્પાદનનું પ્રમાણ (P) એકમમાં** | **કુલ ખર્ચ (₹ માં) (TC)** | **સરેરાશ ખર્ચ (₹ માં) (AC)** |
|---|---|---|
| 1 | 09 | 09 |
| 2 | 16 | 08 |
| 3 | 21 | 07 |
| 4 | 28 | 07 |
| 5 | 40 | 08 |
| 6 | 54 | 09 |
| 7 | 70 | 10 |

જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ કુલ ખર્ચ વધતું જાય છે. પરંતુ શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે છે. પછી સ્થિર થાય છે અને ત્યાર બાદ વધવાનું વલણ ધરાવે છે. ખર્ચનાં આ વલણોને આધારે આકૃતિ દોરવામાં આવે તો તે નીચે મુજબની પ્રાપ્ત થાય છે :




**5.6 સરેરાશ ખર્ચની આકૃતિ**

આકૃતિમાં OX ધરી પર ઉત્પાદન અને OY ધરી પર સરેરાશ ખર્ચ દર્શાવવામાં આવેલ છે. શરૂઆતમાં ઉત્પાદન વધતા સરેરાશ ખર્ચ ઘટે છે. અમુક ઉત્પાદન પછી સરેરાશ સ્થિર ખર્ચના ઘટાડાની સરખામણીમાં સરેરાશ અસ્થિર ખર્ચનો વધારો વધી જાય છે ત્યારે કુલ ખર્ચ વધે છે અને સરેરાશ ખર્ચની રેખા 'U' આકારની બને છે. ટૂંકમાં શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે છે. કોઈ એક ઉત્પાદને લઘુતમ બને છે ત્યાર બાદ વધે છે માટે સરેરાશ ખર્ચ રેખા U આકાર ધારણ કરે છે.

### 5.3.7 સીમાંત ખર્ચ :

**અર્થ :** આપણે જાણીએ છીએ કે, ઉત્પાદન વધારવામાં આવતા ખર્ચમાં પણ વધારો થાય છે. કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો અથવા ઘટાડો થવાથી કુલ ઉત્પાદન-ખર્ચમાં જે ફેરફાર થાય તેને સીમાંત ખર્ચ કહે છે. ટૂંકમાં વધારાનું એક એકમ ઉત્પન્ન કરવાથી કુલ ખર્ચમાં થતો ફેરફાર એ સીમાંત ખર્ચ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સૂત્ર અને ઉદાહરણ :** આપણે $n$ એકમોના ઉત્પાદન-ખર્ચ અને $n-1$ એકમોના ઉત્પાદન-ખર્ચના તફાવત દ્વારા સીમાંત ખર્ચ (Mc) મેળવવા સંજ્ઞાની રીતે નીચે મુજબ સૂત્ર દર્શાવી શકીએ :

$$MC_n = TC_n - TC_{(n-1)}$$

$n$ = એકમોની સંખ્યા

$MC_n$ = $n$ એકમનો સીમાંત ખર્ચ

$TC_n$ = $n$ એકમનો કુલ ખર્ચ

$TC_{(n-1)}$ = $(n-1)$ એકમનો કુલ ખર્ચ

સૂત્રમાં $n = 3$ મૂકતાં

$$MC_3 = TC_3 - TC_{(3-1)}$$

$$= TC_3 - TC_2$$

જ્યાં = $TC_3 = 21$ અને $TC_2 = 16$ તેથી

$$MC_3 = 21 - 16$$

= 5 સીમાંત ખર્ચ છે.

નીચેની અનુસૂચિ મુજબ ત્રીજા એકમના સીમાંત ખર્ચ એ ત્રીજા એકમનો કુલ ખર્ચ અને બીજા એકમના કુલ ખર્ચના તફાવત જેટલો એટલે કે 5 (પાંચ) છે.

યાદ રાખવું જોઈએ કે, સીમાંત ખર્ચ સ્થિર ખર્ચથી સ્વતંત્ર હોય છે. તેથી કહી શકાય સીમાંત ખર્ચ એ અસ્થિર ખર્ચમાં થતાં ફેરફારનું પરિણામ છે. જ્યારે ઉત્પાદન $n$ એકમો પરથી ઘટીને $n-1$ એકમો થાય છે ત્યારે કુલ અસ્થિર ખર્ચમાં થતા વધારા જેટલો સીમાંત ખર્ચ હોય છે. સીમાંત ખર્ચ ઉત્પાદનમાં ફેરફાર થવાથી કુલ ખર્ચમાં થતા ફેરફાર બરાબર થાય છે.

**અનુસૂચિ :**


| ઉત્પાદનનું પ્રમાણ (P) એકમમાં | કુલ ખર્ચ (TC) | સીમાંત ખર્ચ (MC) |
|---|---|---|
| 1 | 09 | 09 |
| 2 | 16 | 07 |
| 3 | 21 | 05 |
| 4 | 28 | 07 |
| 5 | 40 | 12 |
| 6 | 54 | 14 |
| 7 | 70 | 16 |

અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ ત્રીજા એકમ સુધી ઉત્પાદન વધતા સીમાંત ખર્ચ ઘટે છે. ત્રીજા એકમે સીમાંત ખર્ચ લઘુતમ છે ત્યાર પછી સીમાંત ખર્ચમાં સતત વધારો થતો જાય છે. આ વલણ પૃષ્ઠ 55 પરની આકૃતિમાં જોઈ શકાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**5.7 સીમાંત ખર્ચની આકૃતિ**

આકૃતિમાં દર્શાવ્યા મુજબ કુલ સરેરાશ ખર્ચની જેમ જ શરૂઆતમાં સીમાંત ખર્ચ ઘટે છે પરંતુ અમુક સમય બાદ તેમાં વધારો થાય છે. કારણ કે ઉત્પાદન વધતા આરંભમાં કુલ અસ્થિર ખર્ચ ઘટતા દરે વધે છે અને અમુક બિંદુ પછી વધતા દરે વધે છે. તેથી શરૂઆતમાં ઉત્પાદન વધતા સીમાંત ખર્ચ ઘટે છે અને અમુક બિંદુ પછી વધે છે. આકૃતિમાં સીમાંત ખર્ચની રેખા 'હોકી સ્ટીક' (✓)આકારની હોય છે. ત્રીજા એકમ સુધી સીમાંત ખર્ચ ઘટે છે. તેથી સીમાંત ખર્ચની રેખા ઋણઢાળની છે. ત્રીજા એકમ પછી ઉત્પાદન વધતા સીમાંત ખર્ચ વધે છે. પરિણામે સીમાંત ખર્ચની રેખા ધનઢાળવાળી બને છે.

### 5.4 સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો સંબંધ (Relationship between Average Cost and Marginal Cost)

ઉત્પાદન-ખર્ચના અભ્યાસમાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેના સંબંધોનો અભ્યાસ મહત્ત્વનો ગણાય છે. સરેરાશ ખર્ચ એ એકમદીઠ સરાસરી ઉત્પાદન-ખર્ચ છે અને સીમાંત ખર્ચ એ સીમાંત એકમ ઉત્પન્ન કરવાનું ખર્ચ છે. ઉત્પાદક લાંબા ગાળે ઉત્પાદન ચાલુ રાખવાનો નિર્ણય ત્યારે લેશે કે જ્યારે તેને મળતી વસ્તુની કિંમત સરેરાશ ખર્ચ કરતા વધારે હશે અને ટૂંકા ગાળામાં ઉત્પાદન ચાલુ રાખવાનો નિર્ણય ત્યારે લેશે કે જ્યારે વસ્તુની કિંમત સીમાંત ખર્ચ કરતા વધારે હશે. આમ ઉત્પાદન અંગેના નિર્ણયો લેવામાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચના ખ્યાલો મહત્ત્વના છે. એક ઉદાહરણ અનુસૂચિ અને આકૃતિની મદદથી સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચના સંબંધને તપાસીએ.

**ઉદાહરણ :** કોઈ એક પેઢીમાં વસ્તુના ઉત્પાદન માટે સરેરાશ ખર્ચ, સીમાંત ખર્ચ અને કુલ ખર્ચની સ્થિતિ નીચે મુજબની અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણેની છે :

**અનુસૂચિ :**

| ઉત્પાદન એકમો (P) એકમમાં | કુલ ખર્ચ (₹ માં) (TC) | સરેરાશ ખર્ચ (₹ માં) (AC) | સીમાંત ખર્ચ (₹ માં) (MC) |
|---|---|---|---|
| 1 | 20 | 20 | - |
| 2 | 35 | 17.5 | 15 |
| 3 | 45 | 15 | 10 |
| 4 | 60 | 15 | 15 |
| 5 | 85 | 17 | 25 |
| 6 | 115 | 19.2 | 30 |
| 7 | 150 | 21.5 | 35 |




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધે છે. શરૂઆતમાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બંને ઘટે છે. તેનું કારણ ત્યારે વધતી પેદાશનો નિયમ લાગુ પડે છે તે છે. ઉત્પાદનના ચોથા એકમે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ સરખા થાય છે ત્યારે સરેરાશ ખર્ચ લઘુતમ હોય છે. ત્યાર બાદ ઘટતી પેદાશનો નિયમ કામ કરતો હોવાથી સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બંને વધે છે. અનુસૂચિને આકૃતિમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

**આકૃતિ :** આકૃતિમાં OX ધરી પર ઉત્પાદનનું પ્રમાણ અને OY ધરી ઉપર સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ દર્શાવવામાં આવેલા છે. આ બંને ખર્ચાઓ વચ્ચેના સંબંધો નીચે મુજબના છે :




**5.8 સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ વચ્ચેનો સંબંધ**

**સંબંધો :**

**5.4.1 સીમાંત ખર્ચ < સરેરાશ ખર્ચ (MC < AC) :** શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે છે ત્યારે સીમાંત ખર્ચ પણ ઘટે છે. પરંતુ સરેરાશ ખર્ચના ઘટાડા કરતા સીમાંત ખર્ચનો ઘટાડો ઝડપી હોવાથી સરેરાશ ખર્ચની રેખા કરતા સીમાંત ખર્ચની રેખા નીચે હોય છે.

**5.4.2 સીમાંત ખર્ચ = સરેરાશ ખર્ચ (MC = AC) :** જ્યારે સરેરાશ ખર્ચ લઘુતમ હોય છે ત્યારે સીમાંત ખર્ચની રેખા સરેરાશ ખર્ચની રેખાને નીચેથી છેદીને પસાર થાય છે. એ સમયે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બંને સરખા થાય છે. સરેરાશ ખર્ચ = સીમાંત ખર્ચ થાય છે.

**5.4.3 સીમાંત ખર્ચ > સરેરાશ ખર્ચ (MC > AC) :** જ્યારે સરેરાશ ખર્ચની રેખાને સીમાંત ખર્ચની રેખા છેદીને પસાર થાય છે. ત્યાર બાદ બંને ખર્ચાઓમાં વધારો થાય છે એ સમયે સરેરાશ ખર્ચના વધારા કરતા સીમાંત ખર્ચનો વધારો ઝડપી હોય છે માટે સરેરાશ ખર્ચની રેખા કરતા સીમાંત ખર્ચની રેખા આકૃતિમાં ઉપર હોય છે.

### 5.5 લાંબા ગાળાની સરેરાશ ખર્ચની રેખા (Long Run Average Cost Curve)

પ્રો. બેનહામ જણાવે છે કે, લાંબા ગાળે સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ એવું વર્ગીકરણ હોતું નથી. લાંબા ગાળે તો બધા ખર્ચાઓ અસ્થિર જ હોય છે. ટૂંકા ગાળાના ખર્ચનું જે સ્થિર અને અસ્થિર ખર્ચમાં વિભાજન થાય છે તે લાંબા ગાળે અપ્રસ્તુત બને છે. સ્થિર અને અસ્થિર ખર્ચનો તફાવત ટૂંકા ગાળા માટે હોય છે. લાંબા ગાળે ઉત્પાદનનું પ્રમાણ વધારવા માટે પેઢીએ સાધનોનું પ્રમાણ વધારવું પડે છે. સાધનો વધતાં બધા ખર્ચાઓ પણ વધે છે તેથી સ્થિર ખર્ચ હોતું નથી. પેઢી મોટી બને છે. પરિણામે અસ્થિર ખર્ચાઓ ઉત્પાદનની સાથે વધતા જાય છે. એક ઉદાહરણથી સમજીએ પેઢીમાં કામ કરતા કાયમી શ્રમિકને ચૂકવાતું વેતન ટૂંકા ગાળામાં સ્થિર ખર્ચ ગણાય છે. પરંતુ જો બજારમાં વસ્તુની માંગ વધે અને નિયોજકને લાગે કે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આ માંગ કાયમી અથવા લાંબા ગાળા માટે વધી છે તો વધારાના શ્રમિકોને કામ ઉપર રાખે છે. જમીનનો વધારાનો ટુકડો ભાડે અથવા વેચાણથી લઈને પેઢીને મોટી બનાવવામાં આવે છે. આમ લાંબા ગાળે સ્થિર ખર્ચ જેવું કંઈ હોતું નથી. બધા ખર્ચાઓ અસ્થિર બને છે.

**5.6 આવકના ખ્યાલો (Concepts of Revenue)**

મૂડીવાદી બજાર-વ્યવસ્થામાં ઉત્પાદનનો હેતુ મહત્તમ નફાનો છે. તેથી આવકના ખ્યાલોનું મહત્ત્વ વધારે છે. પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચથી વધારે થાય તો પેઢીને નફો મળે છે અને જો પેઢીના નિર્ણયથી પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચથી ઓછી થાય તો પેઢીને ખોટનો સામનો કરવો પડે છે. પરંતુ નફાના વિશ્લેષણમાં કુલ આવક કરતા સરેરાશ આવક અને સીમાંત આવકના ખ્યાલો વધારે મહત્ત્વના બને છે. તેથી આપણે સર્વપ્રથમ કુલ આવક, સરેરાશ આવક અને સીમાંત આવકના ખ્યાલોને સમજીએ.

**5.6.1 કુલ આવક :** પેઢી ઉત્પાદન કરેલા એકમોને વેચીને જે નાણાં મેળવે તેને આવક (Revenue) કહેવાય છે. પેઢીની કુલ આવક પેઢીએ તેના વેચાણમાંથી જે આવક મેળવેલી હોય છે તે છે. આ રકમને કુલ આવક અથવા વેચાણ આવક તરીકે ઓળખવામાં આવે છે. પેઢીની કુલ આવકનો આધાર બે બાબતો ઉપર રહેલો છે : (1) એકમદીઠ કિંમત અને (2) કુલ વેચાણ. જો આ બંને પરિબળ અથવા તેમાંથી કોઈ એક પરિબળ પણ બદલાય તો પેઢીની આવક બદલાય છે. એક ઉદાહરણથી કુલ આવકને સમજીએ. એક પેઢી પેનનું ઉત્પાદન કરે છે અને પેનની બજારકિંમત એકમદીઠ ₹ 50 રાખી હોય અને પેઢીનું કુલ વેચાણ આ કિંમતે 100 એકમનું થતું હોય તો પેઢીની કુલ આવક $100 \times 50 =$ ₹ 5000 થશે. કુલ આવક જાણવા નીચેના સૂત્રનો ઉપયોગ થાય છે :

કુલ આવક = વેચાણના એકમો × વસ્તુની કિંમત

$$TR = Q \times P$$

$$5000 = 100 \times 50$$

= ₹ 5000

જો વેચાણના એકમો વધે-ઘટે અથવા કિંમત વધે-ઘટે અથવા બંનેમાં ફેરફાર થાય તો પેઢીની કુલ આવકની રકમ બદલાઈ જાય છે.

**5.6.2 સરેરાશ આવક :** કોઈ એક પેઢીની સરેરાશ આવક તે પેઢીની કુલ આવકને પેઢીના કુલ ઉત્પાદન (વેચાણ) એકમોથી ભાગવાથી મળે છે. એટલે કે,

$$\text{સરેરાશ આવક} = \frac{\text{કુલ આવક}}{\text{કુલ વેચાણ}}$$

$AR = \frac{TR}{Q}$ જેમાં, AR = સરેરાશ આવક

TR = કુલ આવક

Q = વેચાણ થતી વસ્તુના એકમો

ઉદાહરણ દ્વારા સમજીએ. પેઢીએ પેનનું વેચાણ 1000 એકમોનું કર્યું છે અને પેઢીની કુલ વેચાણ-આવક ₹ 50,000 છે. સૂત્ર પ્રમાણે મૂકીએ તો, $\frac{50000}{1000}$ = ₹ 50 એ સરેરાશ આવક છે. એટલે કે પેનના એક એકમદીઠ થતી આવક એ સરેરાશ આવક છે. સામાન્ય રીતે પેઢી બધા એકમોનું વેચાણ એકસરખી કિંમતે કરે છે તો સરેરાશ આવક કિંમત જેટલી હોય છે. એવું માની લેવામાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આવે છે. જો કિંમત અને સરેરાશ આવક સરખા હોય તો ઉત્પાદક માટેની તેની વસ્તુની માંગરેખા એ જ એના માટે સરેરાશ આવકની રેખા છે. માંગરેખા જુદી જુદી કિંમતે ગ્રાહકો વસ્તુના કેટલા એકમો ખરીદવા તૈયાર છે તે બતાવે છે જ્યારે સરેરાશ આવક-રેખા વસ્તુના વેચાણના જુદા જુદા પ્રમાણ સાથે સંકળાયેલી સરેરાશ આવક દર્શાવે છે. આપણે એ યાદ રાખવું ઘટે કે, ઉત્પાદકની દૃષ્ટિએ જે સરેરાશ આવક છે તે જ ગ્રાહકની દૃષ્ટિએ કિંમત છે.

**5.6.3 સીમાંત આવક :** પેઢીની સરેરાશ આવક એ વસ્તુની એકમદીઠ વેચાણ-આવક છે. જ્યારે સીમાંત આવક વસ્તુના વધારાના એકમનું વેચાણ કરીને મેળવવામાં આવતી આવક છે. વસ્તુના વધારાના એક એકમના વેચાણના પરિણામે પેઢીની કુલ વેચાણ-આવકમાં જે વધારો થાય છે તેને સીમાંત આવક કહેવામાં આવે છે. એક ઉદાહરણ દ્વારા સમજીએ. પેઢી 1000 પેનનું વેચાણ કરીને ₹ 50,000 મેળવતી હોય. હવે પેઢી 1001મા પેનના એકમનું વેચાણ કરે છે અને પેઢીની કુલ આવક ₹ 50,045 થાય છે તો પેઢીની આવકમાં જે ₹ 45નો વધારો થયો તે સીમાંત આવક છે. આમ, વસ્તુના વધારાના એકમના વેચાણથી પેઢીની આવકમાં જે વધારો થયો છે તે સીમાંત આવક છે. સૂત્ર અથવા સમીકરણમાં સીમાંત આવકને નીચે મુજબ મૂકી શકાય :

$$MR_n = R_n - R_{(n-1)}$$

જ્યાં, MR = સીમાંત આવક

$n$ = વેચાણ એકમોની સંખ્યા

$R_n$ = $n$ એકમોના વેચાણથી થતી આવક

$R_{(n-1)}$ = $(n - 1)$ એકમોના વેચાણથી થતી આવક

આગળ જણાવેલા ઉદાહરણમાં ઉત્પાદક અથવા વેચનાર પેનના 1000 એકમો ₹ 50ની એકમ દીઠ કિંમતે વેચે છે ત્યારે કુલ આવક 50,000 ₹ થાય છે. હવે પેનના 1001 એકમ વેચવાથી તેની કુલ આવક ₹ 50,045 થાય, તો સીમાંત આવક સૂત્ર દ્વારા નીચે મુજબ મેળવી શકાય :

અહીંયાં $n$ = 1001 અને

જેથી $(n - 1)$ = 1000

$$MR_n = R_n - R_{(n-1)}$$
$$= 50{,}045 - 50{,}000$$

= ₹ 45 એ સીમાંત આવક છે.

### 5.7 પૂર્ણ હરીફાઈવાળા બજારમાં કુલ આવક, સીમાંત આવક અને સરેરાશ આવક (Total Revenue, Marginal Revenue and Average Revenue under Perfectly Competitive Market)


પૂર્ણ હરીફાઈવાળું બજાર એવું બજાર છે જેમાં પેઢી બજારમાં પ્રવર્તમાન કિંમતને સ્વીકારીને વસ્તુનું વેચાણ કરે છે. પૂર્ણ હરીફાઈમાં સમાનગુણી અને એકરૂપ વસ્તુના અસંખ્ય વેચનારા અને ખરીદનારા હોય છે. વેચનાર અને ખરીદનારને બજારની પરિસ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન હોય છે. કિંમત માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે અને પેઢી નક્કી થયેલી કિંમતે વેચાણ કરે છે. કોઈ પેઢી કિંમત ઉપર અસર કરી શકતી નથી. તેથી કિંમત નિશ્ચિત અને સ્થિર હોય છે.

પૂર્ણ હરીફાઈમાં પેઢી દ્વારા વેચવામાં આવતી વસ્તુની કિંમત અને પેઢીની સરેરાશ આવક તેમજ સીમાંત આવક સરખી હોય છે. (કિંમત (P) = AR = MR) જો વસ્તુની કિંમત ₹ 50 હોય તો પેઢીની સરેરાશ આવક પણ ₹ 50 અને સીમાંત આવક પણ ₹ 50 રહે છે. પરિણામે પેઢીની સરેરાશ આવક અને સીમાંત આવકની રેખા એક જ રહેવાની જે આકૃતિમાં પાયાની ધરીને સમાંતર DD રેખા દ્વારા જોઈ શકાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





**5.9 પૂર્ણ હરિફાઈવાળા બજારમાં આવકરેખા**

આકૃતિમાં પેઢીની આવકરેખાઓ દર્શાવવામાં આવી છે. તેમાં ત્રણ બાબતો જોઈ શકાય છે : (1) પૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીની સીમાંત આવક અને સરેરાશ આવક સ્થિર અને એકસમાન હોવાથી એક જ રેખા DD દ્વારા દર્શાવી શકાય છે. DD રેખા ઉપરનાં બિંદુઓ સરેરાશ આવક = સીમાંત આવક દર્શાવે છે. (2) સરેરાશ આવક અને સીમાંત આવક OX ધરીને સમાંતર એક જ રેખા DD પર દર્શાવેલ છે. કારણ કે સરેરાશ આવકરેખા અને સીમાંત આવકરેખા એકમેકમાં ભળી જાય છે. આ રેખાનો ઢાળ શૂન્ય છે. (3) કુલ આવકરેખા OR જમણી બાજુ ઉપર તરફ જતી રેખા છે જે O બિંદુ (ઉદ્‌ગમ બિંદુ)એ $45^{\circ}$ના ખૂણે રહેલી છે. આ રેખા દર્શાવે છે કે, વસ્તુનું વેચાણ વધતા સપ્રમાણ દરે કુલ આવક વધે છે. તેથી આ રેખાનો ઢોળાવ હકારાત્મક અને સપ્રમાણ છે.

### 5.8 અપૂર્ણ હરીફાઈવાળાં બજારોમાં કુલ આવક, સીમાંત આવક અને સરેરાશ આવક (Total Revenue, Marginal Revenue and Average Revenue under Imperfectly Competitive Market)

પૂર્ણ હરીફાઈ ન હોય તેવી બજારની સ્થિતિમાં ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈ, અલ્પહસ્તક ઈજારો અને દ્વિહસ્તક ઈજારો વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આવા બજારમાં ખાસ કરીને ઈજારા અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં ઉત્પાદકે વસ્તુનું વધુ વેચાણ કરવા માટે એટલે કે પોતાની વસ્તુની માંગ વધારવા માટે કિંમત ઘટાડવી પડે છે. વેચાણમાં વધારો થતાં પેઢીની કુલ આવક ઘટતા દરે વધે છે. પરિણામે સરેરાશ આવક અને સીમાંત આવકમાં તફાવત સર્જાય છે. કિંમત ઘટતી હોવાથી સરેરાશ આવકરેખા (માંગરેખા) નીચે તરફ ઢળતી હોય છે. વધુ વેચાણ માટે કિંમતનો ઘટાડો અનિવાર્ય હોવાથી સીમાંત આવક પણ ઘટે છે.

વસ્તુની કિંમત ઘટતા સરેરાશ આવક અને સીમાંત આવક પણ ઘટે છે. પરંતુ સરેરાશ આવકના ઘટાડા કરતા સીમાંત આવકનો ઘટાડો ઝડપી હોવાથી સરેરાશ આવકની રેખા કરતા સીમાંત આવકની રેખા નીચે હોય છે જે આકૃતિમાં જોઈ શકાય છે :




**5.10 પૂર્ણ હરીફાઈ સિવાયના બજારમાં આવકની રેખા**

આકૃતિમાં સરેરાશ આવક અને સીમાંત આવકની રેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે તરફ ઢળતી દર્શાવેલી છે. વેચાણ વધારવા કિંમત ઘટાડવી પડતી હોવાથી સરેરાશ આવક (કિંમત) કરતા સીમાંત આવક વધુ ઝડપથી ઘટે છે. માટે આકૃતિમાં સરેરાશ આવકરેખા (AR) કરતા સીમાંત આવક (MR) રેખા નીચે છે તે દર્શાવે છે કે વેચાણ વધતા સરેરાશ આવક (કિંમત)માં થતા ઘટાડા કરતા સીમાંત આવકમાં થતો ઘટાડો વધારે છે. સરેરાશ આવક કરતા સીમાંત આવક વધુ ઝડપથી ઘટવાનું કારણ એ છે કે, વધારાનું એકમ વેચવા માટે કિંમતમાં જે ઘટાડો કરવામાં આવે છે તે અગાઉના એકમોને પણ લાગુ પડે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) સરેરાશ ખર્ચની રેખાનો આકાર કેવો હોય છે ?

(A) હૉકીસ્ટિક (B) U (C) V (D) ચોરસ

(2) કયા ખર્ચને માપી શકાતો નથી ?

(A) વાસ્તવિક ખર્ચ (B) નાણાકીય ખર્ચ (C) વૈકલ્પિક ખર્ચ (D) લાંબા ગાળાનો ખર્ચ

(3) ઉત્પાદનનું પ્રમાણ શૂન્ય હોય ત્યારે પણ આ ખર્ચ હકારાત્મક હોય છે.

(A) નાણાકીય ખર્ચ (B) સરેરાશ ખર્ચ (C) અસ્થિર ખર્ચ (D) સ્થિર ખર્ચ

(4) કયા ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ છે ?

(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ (C) સરેરાશ ખર્ચ (D) સીમાંત ખર્ચ

(5) કયા બજારમાં સરેરાશ આવક અને સીમાંત આવક સરખા હોય છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(6) સ્થિરખર્ચ રેખાનો ઢાળ કેવો હોય છે ?

(A) ઋણ ઢાળ (B) ધન ઢાળ (C) X ધરીને સમાંતર (D) Y ધરીને સમાંતર

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ઉત્પાદન વધે ત્યારે સરેરાશ સ્થિર ખર્ચ કેમ ઘટે છે ?

(2) સીમાંત ખર્ચ જાણવાનું સૂત્ર આપો.

(3) સ્થિર ખર્ચ એટલે શું ? સ્થિર ખર્ચની રેખા કેવી હોય છે ?

(4) આવકના કયા ખ્યાલને કિંમત કહી શકાય ?

(5) સીમાંત આવક કોને કહેવાય ?

(6) ટૂંકો ગાળો એટલે શું ?

(7) વૈકલ્પિક ખર્ચ એટલે શું ?

(8) નાણાકીય ખર્ચ કોને કહેવાય ?

(9) સીમાંત આવક કરતા સીમાંત ખર્ચ ઓછો હોય ત્યારે પેઢીને શું મળે છે ?

(10) વાસ્તવિક ખર્ચ એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) સમયનો ટૂંકો ગાળો એટલે શું ?

(2) સરેરાશ સ્થિર ખર્ચ એટલે શું ? ઉદાહરણ આપો.

(3) 'લાંબે ગાળે બધા ખર્ચાઓ અસ્થિર બની જાય છે.' સમજાવો.

(4) કુલ ખર્ચ અને કુલ આવકનો અર્થ આપો.

(5) પૂર્ણ હરીફાઈ સિવાયના બજારમાં આવકની રેખા શા માટે નીચે તરફ ઢળતી હોય છે ?

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) સ્થિર ખર્ચનો અર્થ આપી આકૃતિ દ્વારા તેની સમજૂતી આપો.

(2) અસ્થિર ખર્ચનો અર્થ આપી આકૃતિ દ્વારા તેની સમજૂતી આપો.

(3) વૈકલ્પિક ખર્ચના માપનની મુશ્કેલીઓ જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ઉત્પાદન-ખર્ચના વિવિધ ખ્યાલોની સમજૂતી આપો.

(2) સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેના સંબંધો આકૃતિ દ્વારા સમજાવો.

(3) પૂર્ણ હરીફાઈવાળા બજારમાં સરેરાશ આવક અને સીમાંત આવક આકૃતિ દ્વારા સમજાવો.

(4) પૂણ હરીફાઈ સિવાયના બજારમાં સરેરાશ આવક અને સીમાંત આવક આકૃતિ દ્વારા સમજાવો.

**પારિભાષિક શબ્દો**

| | | |
|---|---|---|
| **પેઢી (Firm)** | : | વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરતું એકમ એટલે પેઢી. પેઢી એવું આર્થિક એકમ છે, જે મહત્તમ નફાના હેતુથી ઉત્પાદન કે વેચાણની પ્રવૃત્તિ કરે છે. |
| **ઉત્પાદન-ખર્ચ (Cost of Production)** | : | ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે નાણાંના સ્વરૂપમાં જે ખર્ચ કરવામાં આવે છે તે ઉત્પાદન-ખર્ચ છે. |
| **વાસ્તવિક ખર્ચ (Real Cost)** | : | ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન ઉત્પાદન-સાધનના માલિકોને (શ્રમિકો, મૂડીપતિ, જમીનના માલિક, નિયોજક) જે થાક, કંટાળો, દુ:ખ, ત્યાગ, અસંતોષનો અનુભવ કરવો પડે છે તે વાસ્તવિક ખર્ચ છે, જે માપવું મુશ્કેલ હોય છે. |
| **નાણાકીય ખર્ચ (Monetary Cost)** | : | નિયોજક કોઈ વસ્તુનું ઉત્પાદન કરવામાં જે નાણાકીય ચૂકવણીઓ કરે છે તે નાણાકીય ખર્ચ છે. ઉત્પાદન માટે નાણાંના સ્વરૂપમાં થતા તમામ ખર્ચાઓ નાણાકીય ખર્ચ છે. |
| **વૈકલ્પિક ખર્ચ (Opportunity Cost)** | : | પસંદ કરેલ વિકલ્પ માટે જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ એ વૈકલ્પિક ખર્ચ છે. એક વસ્તુનું ઉત્પાદન કરવા જતા બીજી વસ્તુનું ઉત્પાદન થઈ શકતું નથી, તેથી જેનું ઉત્પાદન નથી થતું તેટલા મૂલ્યની રકમ ગુમાવવી પડે છે તે વૈકલ્પિક ખર્ચ છે. |
| **સ્થિર ખર્ચ (Fixed Cost)** | : | ઉત્પાદન વધતા-ઘટતા કે શૂન્ય થતા જે ખર્ચમાં કોઈ ફેરફાર ન થાય તેને સ્થિર ખર્ચ કહે છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સંબંધ હોતો નથી. |
| **અસ્થિર ખર્ચ (Variable Cost)** | : | ઉત્પાદનનું પ્રમાણ બદલાતા જે ખર્ચ બદલાય છે તે અસ્થિર ખર્ચ છે. ઉત્પાદન વધતા ખર્ચ વધે ઉત્પાદન ઘટતા ખર્ચ ઘટે અને ઉત્પાદન શૂન્ય થતા ખર્ચ પણ શૂન્ય થાય તેવો ખર્ચ અસ્થિર ખર્ચ છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ હોય છે. |
| **કુલ ખર્ચ (Total Cost)** | : | કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો કુલ ખર્ચ છે. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| **સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost)** | : | નિશ્ચિત ઉત્પાદનની સપાટીએ કુલ સ્થિર ખર્ચને કુલ ઉત્પાદિત એકમો વડે ભાગવાથી જે ખર્ચ મળે છે તે સરેરાશ સ્થિર ખર્ચ છે. |
| **સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost)** | : | નિશ્ચિત ઉત્પાદનની સપાટીએ કુલ અસ્થિર ખર્ચને કુલ ઉત્પાદિત એકમો વડે ભાગવાથી જે ખર્ચ મળે છે તે સરેરાશ અસ્થિર ખર્ચ છે. |
| **સરેરાશ ખર્ચ (Average Cost)** | : | કુલ ખર્ચને ઉત્પાદનના કુલ એકમો વડે ભાગવાથી જે ખર્ચ પ્રાપ્ત થાય છે તેને સરેરાશ કુલ ખર્ચ કહે છે. સરેરાશ ખર્ચ એકમદીઠ ખર્ચ છે. |
| **સીમાંત ખર્ચ (Marginal Cost)** | : | કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો અથવા ઘટાડો થવાથી કુલ ઉત્પાદન-ખર્ચમાં જે ફેરફાર થાય છે તે સીમાંત ખર્ચ છે. |
| **આવક (Revenue)** | : | પેઢી ઉત્પન્ન કરેલા એકમોને વેચીને જે નાણાં મેળવે તેને આવક (Revenue) કહેવામાં આવે છે. |
| **કુલ આવક (Total Revenue)** | : | પેઢીએ તેના બધા જ એકમોના વેચાણમાંથી જે આવક મેળવી હોય તેને કુલ આવક કહેવાય છે. |
| **સરેરાશ આવક (Average Revenue)** | : | પેઢીની કુલ આવકને પેઢીના વેચાણ એકમોથી ભાગવાથી મળતી આવક એ સરેરાશ આવક છે. વસ્તુના એક એકમદીઠ થતી વેચાણ-આવક એ સરેરાશ આવક છે. |
| **સીમાંત આવક (Marginal Revenue)** | : | વસ્તુના વધારાના એક એકમના વેચાણના પરિણામે પેઢીની કુલ વેચાણ-આવકમાં જે વધારો થાય છે તે સીમાંત આવક છે. |
| **ટૂંકો ગાળો (Short Run)** | : | ટૂંકો ગાળો એટલે સમયનો એવો ગાળો જે ગાળા દરમિયાન યંત્રો-પ્લાન્ટ જેવાં સાધનો સ્થિર રહે છે એટલે કે તેમાં વધારો કરી શકાતો નથી. |
| **લાંબો ગાળો (Long Run)** | : | લાંબો ગાળો એટલે સમયનો એવો ગાળો જે ગાળા દરમિયાન યંત્રો, પ્લાન્ટ જેવાં સાધનોમાં ફેરફાર કરી શકાય છે. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6 બજાર (Market)


- પ્રસ્તાવના

6.1 બજારનો અર્થ

6.2 બજારનાં ઘટકો (બજારનાં લક્ષણો)

6.2.1 ખરીદનારા અને વેચનારા

6.2.2 વસ્તુઓ કે સેવાઓ

6.2.3 સંપર્ક

6.2.4 કિંમત

6.2.5 બજારસ્થિતિ અંગેની જાણકારી

6.3 બજારનું વર્ગીકરણ

6.3.1 સ્થાન આધારિત બજાર

6.3.1.1 સ્થાનિક બજાર

6.3.1.2 પ્રાદેશિક બજાર

6.3.1.3 રાષ્ટ્રીય બજાર

6.3.1.4 આંતરરાષ્ટ્રીય બજાર

6.3.2 જથ્થા આધારિત બજાર

6.3.2.1 જથ્થાબંધ બજાર

6.3.2.2 છૂટક બજાર

6.3.3 હરીફાઈ આધારિત બજાર

6.4 પૂર્ણ હરીફાઈ

6.4.1 વ્યાખ્યા

6.5 પૂર્ણ હરીફાઈનાં લક્ષણો

6.5.1 અસંખ્ય વેચનારા અને અસંખ્ય ખરીદનારા

6.5.2 સમાનગુણી વસ્તુઓ

6.5.3 પેઢીઓની મુક્ત અવર-જવર

6.5.4 બજાર અંગેનું સંપૂર્ણ જ્ઞાન

6.5.5 ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ

6.5.6 વાહનવ્યવહાર-ખર્ચનો અભાવ

6.6 ઇજારો

6.6.1 વ્યાખ્યા

6.7 ઇજારાનાં લક્ષણો

6.7.1 એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર

6.7.2 નજીકની અવેજી વસ્તુનો અભાવ

6.7.3 નવી પેઢીઓના પ્રવેશ પર અંકુશ

6.7.4 કિંમત અથવા વેચાણ પર કાબૂ

6.7.5 અસામાન્ય નફો

6.7.6 કિંમત-ભેદભાવ

6.7.7 પેઢી એ જ ઉદ્યોગ

6.8 ઇજારાયુક્ત હરીફાઈ

6.8.1 વ્યાખ્યા

6.9 ઇજારાયુક્ત હરીફાઈનાં લક્ષણો

6.9.1 મોટી સંખ્યામાં વેચનારા અને અસંખ્ય ખરીદનારા

6.9.2 વસ્તુ-વિભિન્નતા

6.9.3 પેઢીઓની મુક્ત અવર-જવર

6.9.4 વેચાણ-ખર્ચ

6.9.5 બિનકિંમત હરીફાઈ

6.9.6 બજાર અંગેનું અપૂરતું જ્ઞાન

6.10 અલ્પહસ્તક ઇજારો

6.10.1 વ્યાખ્યા

6.11 અલ્પહસ્તક ઇજારાનાં લક્ષણો

6.11.1 અલ્પ (થોડા) વેચનારા અને અસંખ્ય ખરીદનારા

6.11.2 સમાનગુણી કે નજીકની અવેજી વસ્તુ

6.11.3 પેઢીઓનો પ્રવેશ

6.11.4 વેચાણ-ખર્ચ

6.11.5 પરસ્પર અવલંબન

6.11.6 કિંમત-ચુસ્તતા (ખાંચાવાળી માંગરેખા)




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રસ્તાવના (Introduction)**

સામાન્ય રીતે જે સ્થળે વસ્તુઓ કે સેવાનું ખરીદવેચાણ થાય છે તેને આપણે બજાર કહીએ છીએ. આપણો બજાર વિશેનો ખ્યાલ એક ભૌગોલિક વિસ્તાર પૂરતો મર્યાદિત હોય છે પણ અર્થશાસ્ત્રમાં બજારનો ખ્યાલ વિસ્તૃત છે.

**6.1 બજારનો અર્થ (Meaning of a Market)**

અર્થશાસ્ત્રમાં વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનારા એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તે વ્યવસ્થા એટલે બજાર.

પ્રો. સેમ્યુઅલસનના શબ્દોમાં કહીએ તો 'બજાર એટલે એક એવી કાર્યપ્રણાલી કે જ્યાં ખરીદનાર અને વેચનાર વસ્તુ અને સેવાની કિંમત અને જથ્થા (પ્રમાણ)ને નક્કી કરવાના હેતુથી એકબીજાના સંપર્કમાં આવે છે.'

**6.2 બજારનાં ઘટકો (બજારનાં લક્ષણો) (Characteristics of a Market)**

વાસ્તવમાં બજાર વિશિષ્ટ લક્ષણો ધરાવે છે જે પૈકી અગત્યનાં (લક્ષણો) ઘટકો નીચે મુજબ છે :

**6.2.1 ખરીદનારા અને વેચનારા :** બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા હોવા ફરજિયાત છે. તેઓ દ્વારા જ પોતાના અંગત હેતુસર જે વિનિમય કરવામાં આવે છે તેને ખરીદ-વેચાણની પ્રક્રિયા કહેવાય છે. અહીં વેચનારનો પોતાનો નફો મહત્તમ કરવાનો ઉદ્દેશ અને ખરીદનારનો વસ્તુમાંથી મળતો સંતોષ મહત્તમ કરવાના હેતુથી આ પ્રક્રિયા જન્મ લે છે.

**6.2.2 વસ્તુઓ કે સેવાઓ :** બજારમાં માંગ પામતી અને વેચાણ થતી વસ્તુઓ કે સેવાઓ હોવી જરૂરી છે. બજારમાં ઉત્પાદક કે વેચનાર પોતાનો નફો મહત્તમ કરવાના આશયથી વસ્તુઓ કે સેવાઓના વિભિન્ન પ્રકારો તેમજ સ્વરૂપો બહાર પાડે છે અને તે વસ્તુઓ તથા સેવાઓ પ્રતિ ખરીદનારને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. જ્યારે ખરીદનાર વસ્તુઓ કે સેવાઓના ઉપભોગમાંથી પોતાનો સંતોષ મહત્તમ કરવા વસ્તુઓ અને સેવાઓનું આદર્શ સંયોજન ખરીદે છે.

**6.2.3 સંપર્ક :** બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા એક અથવા બીજા પ્રકારે એકબીજાના સંપર્કમાં આવે છે. આ સંપર્ક પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપનો હોઈ શકે છે. વર્તમાન સમયમાં ખરીદનારા અને વેચનારા એકબીજાના રૂબરૂ સંપર્કમાં આવે છે અથવા તેઓ નીચેની રીતે સંપર્ક કરે છે :

**(1) ટેલિશોપિંગ :** જેમાં તેઓ વસ્તુઓ કે સેવાઓની જાત ખરાઈ કરી ટેલિફોન દ્વારા વસ્તુ કે સેવાની ખરીદીના ઑર્ડર (આદેશ) આપે છે.

**(2) ઑનલાઈન શોપિંગ :** જેમાં તેઓ ઈન્ટરનેટના માધ્યમથી જે-તે વસ્તુ કે સેવાના વેચનારની વેબસાઈટ પર જઈ વસ્તુઓ કે સેવાઓની પસંદગી કરે છે અને તે મુજબ વસ્તુ કે સેવાની ખરીદીના ઑર્ડર (આદેશ) આપે છે. આમ, વર્તમાન સમયમાં ટેલિશોપિંગ અને ઑનલાઈન શોપિંગ જેવાં માધ્યમો દ્વારા વસ્તુઓ કે સેવાઓના ખરીદનારા અને વેચનારા પરોક્ષપણે એકબીજાના સંપર્કમાં આવે છે.

**6.2.4 કિંમત :** બજારમાં ચોક્કસ સમયે કોઈ એક વસ્તુ કે સેવાની કિંમત નક્કી થયેલ હોવી જોઈએ. બજારમાં વસ્તુ કે સેવાની કિંમત વસ્તુ કે સેવાની માંગ અને તેના પુરવઠાનાં પરિબળો દ્વારા નક્કી થાય છે. જે અનુસાર બજારમાં વસ્તુ કે સેવાની કિંમત, વસ્તુ કે સેવાની ખરીદનારાઓની માંગ અને વસ્તુ કે સેવાના વેચનારાઓ દ્વારા અપાતા પુરવઠા દ્વારા નક્કી થાય છે.

**6.2.5 બજારસ્થિતિ અંગેની જાણકારી :** બજારસ્થિતિ અંગેની જાણકારી વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારને હોવી જરૂરી છે. બજારમાં ફુગાવો અથવા મંદીનાં વલણો હોય અથવા કોઈ કુદરતી કે માનવીય આફત આવી હોય તેવા સંજોગોમાં ઉત્પાદન, વેચાણ કે ખરીદી સંદર્ભના યોગ્ય સમયે યોગ્ય જથ્થાને અનુસરતા નિર્ણયો લઈ શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 6.3 બજારનું વર્ગીકરણ (Classification of Market)

અર્થશાસ્ત્રીઓ બજારનું વર્ગીકરણ જુદા-જુદા માપદંડોને આધારે કરે છે. જે અનુસાર સ્થાન આધારિત બજાર, સમય આધારિત બજાર, વસ્તુના સ્વરૂપ આધારિત બજાર, વસ્તુના જથ્થા આધારિત બજાર, નિયંત્રણ આધારિત બજાર અને હરીફાઈ આધારિત બજાર વગેરે દ્વારા તેઓ બજારના વિભિન્ન પ્રકારો સમજાવે છે. જેમાંથી આપણે ત્રણ પ્રકારો - સ્થાન આધારિત બજાર, જથ્થા આધારિત બજાર અને હરીફાઈ આધારિત બજાર વિશે સમજૂતી મેળવીશું.

**6.3.1 સ્થાન આધારિત બજાર :** સ્થાન આધારિત બજારને તેના ભૌગોલિક વિસ્તારને આધારે વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગીકરણ નીચે મુજબ છે :

**6.3.1.1 સ્થાનિક બજાર :** સામાન્ય રીતે વસ્તુઓ કે સેવાઓનું જ્યાં ઉત્પાદન થતું હોય ત્યાં જ વેચાણ થતું હોય તેવા બજારને સ્થાનિક બજાર કહે છે. સ્થાનિક બજાર કોઈ એક ચોક્કસ ગામ કે શહેર પૂરતું સીમિત હોય છે. **ઉદાહરણ :** માટીનાં વાસણોનું બજાર.

**6.3.1.2 પ્રાદેશિક બજાર :** જ્યારે વસ્તુઓ કે સેવાઓનું ખરીદ-વેચાણ કોઈ એક ચોક્કસ પ્રદેશ પૂરતું સીમિત હોય છે ત્યારે તેને પ્રાદેશિક બજાર કહે છે. એનો અર્થ એમ થાય કે, એક જ રાજ્યમાં આવેલાં વિભિન્ન બજારને પ્રાદેશિક બજાર કહે છે. આ બજાર એક જ રાજ્યના જુદા-જુદા જિલ્લાઓ સુધી વિસ્તરેલ હોય છે. દા.ત., ગુજરાત રાજ્યમાં અમદાવાદ ખાતેનાં વિભિન્ન બજાર અને વડોદરા ખાતેનાં વિભિન્ન બજાર એ વાસ્તવમાં પ્રાદેશિક બજારો છે. દા.ત., સુરતની ઘારી, પ્રાદેશિક ભાષાનાં ચલચિત્રો અને પ્રાદેશિક ભાષાનાં પુસ્તકો વગેરે.

**6.3.1.3 રાષ્ટ્રીય બજાર :** જ્યારે વસ્તુઓ કે સેવાઓ સમગ્ર રાષ્ટ્રમાં ખરીદ-વેચાણ પામતી હોય તેવા બજારના કદને રાષ્ટ્રીય બજાર કહે છે. આ બજાર રાષ્ટ્ર (દેશ)નાં વિવિધ રાજ્યોમાં વિસ્તરણ પામેલ હોય છે. દા.ત., ડેરી પ્રોડક્ટ, સાડીનું બજાર, હિન્દી ભાષાની નવલકથા વગેરે.

**6.3.1.4 આંતરરાષ્ટ્રીય બજાર :** આંતરરાષ્ટ્રીય બજારને વૈશ્વિક બજાર પણ કહે છે. આ બજાર વિશ્વના વિવિધ દેશોનાં બજારો સુધી વિસ્તરિત હોય છે. આ બજારમાં થતા ખરીદ-વેચાણને આયાત-નિકાસ શબ્દો દ્વારા ઓળખવામાં આવે છે. દા.ત., અંગ્રેજી પુસ્તકો, મોબાઇલ વગેરે.

બજારોનું આ વર્ગીકરણ ભૌગોલિક રીતે ચુસ્ત(જડ) રહ્યું નથી. કારણ કે વૈજ્ઞાનિક શોધખોળો, વાહન-વ્યવહાર અને સંદેશા-વ્યવહારની સગવડતાઓ, ફ્રિજ અને કૉલ્ડ સ્ટોરેજની સગવડતાઓને કારણે બજારોના વર્ગીકરણમાં ફેરફાર થઈ શકે છે. એકની એક જ વસ્તુ પ્રાદેશિક બજારની પણ હોઈ શકે તે જ વસ્તુ રાષ્ટ્રીય બજારની પણ હોઈ શકે.

**6.3.2 જથ્થા આધારિત બજાર :** જથ્થા આધારિત બજારમાં મુખ્યત્વે બે પ્રકારનાં બજારોનો સમાવેશ થાય છે, જેમકે જથ્થાબંધ બજાર અને છૂટક બજાર. જે નીચે મુજબ છે :

**6.3.2.1 જથ્થાબંધ બજાર :** જથ્થાબંધ બજાર એ એક એવું બજાર છે જેમાં મોટા જથ્થામાં વસ્તુઓનું ખરીદ-વેચાણ થાય છે. જથ્થાબંધ બજારમાં જથ્થાબંધ વેપારી ઉત્પાદક પાસેથી મોટા જથ્થામાં વસ્તુઓ ખરીદે છે અને તેને છૂટક બજારના વેપારીઓને વેચે છે. આમ, આ બજારમાં છૂટક વેચાણ કરતા નાના-નાના વેપારીઓ ખરીદનાર બને છે અને આમ જથ્થાબંધ બજારનો વેપારી ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેની એક મહત્ત્વની કડી બને છે. **ઉદાહરણ :** જથ્થાબંધ અનાજનું બજાર.


**6.3.2.2 છૂટક બજાર :** છૂટક બજારમાં વસ્તુઓનું ખરીદ-વેચાણ નાના પાયે એટલે કે નાના જથ્થામાં થાય છે. આમ, છૂટક બજારના વેપારીઓ પણ બજારની અન્ય એક મહત્ત્વની કડી બની ગ્રાહકો સુધી વસ્તુઓ પહોંચાડે છે. છૂટક બજારના વેપારીઓ જથ્થાબંધ બજારમાંથી વસ્તુઓની મોટા જથ્થામાં ખરીદ કરી નાના-નાના જથ્થામાં (છૂટક રીતે) ગ્રાહકવર્ગ (ઉપભોક્તા વર્ગ)ને વેચે છે. આમ, છૂટક બજારના વેપારીઓ વસ્તુઓનું પુનઃ વેચાણ કરે છે અને ગ્રાહકોને તેઓની જરૂરિયાત અનુસારની વસ્તુઓ અને સેવાઓ પહોંચાડે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6.3.3 હરીફાઈ આધારિત બજાર :** સામાન્ય રીતે હરીફાઈ આધારિત બજારને ખરીદનાર કે વેચનારાઓની સંખ્યા કે પ્રમાણને આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે વેચનારનું બજાર અગત્ય ધરાવે છે. તેમાં પૂર્ણ હરીફાઈ, ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈ અને અલ્પહસ્તક ઈજારો જેવા પ્રકારો ધરાવે છે. હરીફાઈના આધારે બજારના પ્રકારો બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે : (1) પૂર્ણ હરીફાઈ (2) અપૂર્ણ હરીફાઈ; જેની ચર્ચા નીચે મુજબ છે :




## 6.4 પૂર્ણ હરીફાઈ (Perfect Competition)

પૂર્ણ હરીફાઈવાળું બજાર એક આદર્શ બજાર છે. પરંતુ તે માત્ર એક સૈદ્ધાંતિક શક્યતા બની રહે છે. વાસ્તવમાં ખેતીક્ષેત્રને બાદ કરતાં પૂર્ણ હરીફાઈનાં લક્ષણો ભાગ્યે જ જોવા મળે છે. કારણ કે પૂર્ણ હરીફાઈવાળા બજારની તમામ શરતો એક સાથે ભાગ્યે જ સંતોષાય છે. અર્થશાસ્ત્રમાં પૂર્ણ હરીફાઈવાળા બજારનો અભ્યાસ ખૂબ અગત્યનો ગણવામાં આવે છે. કારણ કે આ અભ્યાસને આધારે બજારની મોટા ભાગની લાક્ષણિકતા કે શરતોથી પેઢીની વર્તણૂકને સમજી શકાય છે તદ્દુપરાંત તે ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈ અને અલ્પહસ્તક ઈજારાવાળાં બજારોને સમજવા માટે પણ ખૂબ ઉપયોગી થાય છે.

**6.4.1 વ્યાખ્યા :**

**(1) શ્રીમતી જ્હોન રોબિન્સનના મતે :** 'પૂર્ણ હરીફાઈ ત્યાં અસ્તિત્વ ધરાવે છે જ્યાં ઉત્પાદકની ઉત્પાદિત વસ્તુની માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય.'

**(2) પ્રો. લેફ્ટવીચના મતે :** 'પૂર્ણ હરીફાઈ એક એવી બજાર-વ્યવસ્થા છે કે જેમાં બજારકિંમતને અસર પહોંચાડી શકે તેટલી મોટી પેઢી સમગ્ર બજારમાં ન હોવા સાથે ઘણી પેઢીઓ સમાનગુણી વસ્તુઓનું વેચાણ કરે છે.'

## 6.5 પૂર્ણ હરીફાઈનાં લક્ષણો (Characteristics of Perfect Competition)

**6.5.1 અસંખ્ય વેચનારા અને અસંખ્ય ખરીદનારા :** પૂર્ણ હરીફાઈવાળા બજારની પ્રાથમિક શરત એટલે અસંખ્ય ખરીદનારા અને અસંખ્ય વેચનારા, એટલે કે આ બજારમાં ખરીદનારા અને વેચનારા અગણિત હોય છે. આ બજારમાં અસંખ્ય વેચનારાઓ પૈકીનો કોઈ એક વેચનાર બજારના પુરવઠાનો ખૂબ નાનો અંશ વેચે છે. જેથી તે આખા બજારના પુરવઠા પર કાબૂ ધરાવી શકતો નથી અને તેથી તે વસ્તુની બજારકિંમત ઉપર અસર પહોંચાડી શકતો નથી. દા.ત., ઘઉંના એક ખેતરમાં ઘઉંનું ઉત્પાદન વધે કે ઘટે તેમ છતાં ઘઉંના કુલ જથ્થા ઉપર અસર પડતી નથી, જેમ તહેવારોમાં ઉપયોગમાં લેવાતી નાના-નાના બલ્બની હારમાળાઓ પૈકીનો એક ગોળો પ્રજ્વલિત ન થાય તો તે પ્રકાશના કુલ પ્રમાણ ઉપર અસર પાડી શકતો નથી. તેમ વેચનાર આ બજારનો ખૂબ નાનકડો ભાગ હોઈ તે વસ્તુની કિંમત ઉપર પોતાનો પ્રભાવ પાડી શકતો નથી.

જ્યારે ખરીદનારા પણ અસંખ્ય હોવાથી વેચનારની જેમ ખરીદનારાઓ પણ વસ્તુની બજારકિંમત પર માંગના ફેરફાર દ્વારા અસર પાડી શકતા નથી. માટે આ બજારમાં વસ્તુની કિંમત સ્વતંત્રપણે બજારનાં પરિબળો એટલે કે માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આમ, પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુની કિંમત, વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી હોવાના કારણે વેચનાર બજારમાં માત્ર 'Price-taker' એટલે કે 'કિંમત સ્વીકારનાર' બની રહે છે.

**6.5.2 સમાનગુણી વસ્તુઓ :** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં બીજી અગત્યની બાબત સમાનગુણી વસ્તુઓનું અસ્તિત્વ છે. સમાનગુણી વસ્તુઓ એટલે વસ્તુઓ રૂપ, રંગ, ગંધ, કદ, સ્વાદ, આકાર, વજન, ગુણવત્તા વગેરે જેવી બાબતોમાં એકસરખી હોય છે. વસ્તુઓ બધી જ રીતે એકસરખી હોવાથી તેને એકરૂપ, સમરૂપ કે સરખી વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે અને આ જ કારણરૂપ આ બજારની તમામ વસ્તુઓ એકબીજાથી સંપૂર્ણ અવેજી હોય છે.

આ બજારમાં વસ્તુઓ સમાનગુણી હોવાથી વિવિધ ઉત્પાદકો કે વેચનારાઓ પોતાની વસ્તુની જુદી-જુદી કિંમત લઈ શકતા નથી. જ્યારે ખરીદનારાઓ સમાનગુણી વસ્તુઓ હોવાને લીધે તેમાં સામ્યતા જોતાં જુદી-જુદી કિંમત ચૂકવવા તૈયાર થતા નથી. સરવાળે આ બજારમાં વસ્તુની કિંમત એકસરખી જોવા મળે છે.

**6.5.3 પેઢીઓની મુક્ત અવર-જવર :** પૂર્ણ હરીફાઈવાળા બજારનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ પેઢીઓની મુક્ત અવર-જવર છે. અહીં પેઢીઓની મુક્ત અવર-જવરનો અર્થ પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણ પ્રવેશ અને નિકાસ જ્યારે કોઈ ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોય ત્યારે, આવા અસામાન્ય નફાથી આકર્ષાઈ પેઢીઓ મુક્તપણે ઉદ્યોગમાં પ્રવેશે છે તેમજ જો કોઈ ઉદ્યોગમાં અસામાન્ય ખોટની સ્થિતિ ઊભી થાય તો પેઢીઓ અસામાન્ય ખોટના કારણે ઉદ્યોગ છોડી (વ્યવસાય બંધ કરી) જાય છે. આમ, આ બજાર-હરીફાઈમાં પેઢીઓની અવર-જવર ઉપર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ હોતો નથી.

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીઓની મુક્ત અવર-જવર માત્ર ટૂંકા ગાળામાં જોવા મળે છે, એટલે કે પેઢીઓ ટૂંકા ગાળામાં ઉદ્યોગના નફાથી આકર્ષાઈ પ્રવેશ કરે છે અથવા ખોટના કારણે પેઢી ઉદ્યોગ છોડી જાય છે. પરંતુ, લાંબા ગાળે જ્યારે પૂર્ણ હરીફાઈવાળું બજાર સામાન્ય નફાની સ્થિતિ હાંસલ કરે છે ત્યારે પેઢીઓની ઉદ્યોગમાંની અવર-જવર આપોઆપ બંધ થાય છે. કારણ કે જ્યારે ઉદ્યોગ સામાન્ય સ્થિતિએ પહોંચે છે, ત્યારે પેઢીઓને આવા ઉદ્યોગમાં પ્રવેશવા માટેનું આકર્ષણ રહેતું નથી અને તેથી પેઢીઓ ઉદ્યોગમાંનો પ્રવેશ બંધ કરે છે તેવી જ રીતે ઉદ્યોગમાં સામાન્ય નફાની સ્થિતિએ કોઈ પેઢી ખોટ ન કરતી હોઈ તો તે ઉદ્યોગ છોડી જતી નથી.

**6.5.4 બજાર અંગેનું સંપૂર્ણ જ્ઞાન :** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદકો, વેચનારાઓ અને ખરીદનારાઓને બજાર અંગેનું એટલે કે વસ્તુની વર્તમાન કિંમત, વસ્તુની ઉપલબ્ધતા વગેરે વિશેનું સંપૂર્ણ જ્ઞાન હોય છે.

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદક કે વેપારી, અન્ય ઉત્પાદકો અને વેપારીઓ કઈ કિંમતે વસ્તુ વેચે છે, અવેજી કે પૂરક વસ્તુ કઈ ગુણવત્તાએ વેચે છે વગેરે જેવી બાબતોથી માહિતગાર હોય છે. આથી આવા સમાનગુણી વસ્તુઓ ધરાવતા બજારમાં કોઈ એક ઉત્પાદક કે વેપારી વસ્તુની જુદી-જુદી કિંમત લઈ કિંમત ભેદભાવ સર્જવામાં અસમર્થ હોય છે. તેથી આ બજારમાં વસ્તુની કિંમત એકસરખી પ્રવર્તે છે.

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ખરીદનારા (ગ્રાહકો) પણ વસ્તુની કિંમત અને ગુણવત્તા વગેરે જેવી બાબતોથી સંપૂર્ણ માહિતગાર હોય છે. જેના કારણે કોઈ એક ઉત્પાદક ખરીદનાર (ગ્રાહક) પાસેથી વધુ કિંમત લઈ શકતો નથી.

આમ, ખરીદનાર, વેચનાર અને ઉત્પાદક પક્ષે બજાર અંગેનું સંપૂર્ણ જ્ઞાન હોવાથી બજારમાં એકસરખી કિંમત પ્રવર્તે છે. જેના કારણે આ બજારની માંગરેખા સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ બને છે.

**6.5.5 ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ :** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદનનાં ચાર સાધનો : જમીન, મૂડી, શ્રમ અને નિયોજક સંપૂર્ણ ગતિશીલ હોય છે. આ ઉત્પાદનનાં સાધનો ભૌગોલિક, વ્યાવસાયિક અને ઉપયોગની દૃષ્ટિએ સંપૂર્ણ ગતિશીલ હોય છે.

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુની કિંમત એકસરખી હોય છે. તેવી જ રીતે ઉત્પાદનનાં સાધનોની કિંમત (વળતર) એકસરખી હોય છે. કારણ કે ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ હોવાથી તેઓ ઓછા વળતરથી વધુ વળતર તરફ સ્થળાંતર પામે છે અને વારંવાર થતા સ્થળાંતરને ટાળવા પેઢીઓને એકસમાન વળતર આપવાની ફરજ પડે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6.5.6 વાહનવ્યવહાર-ખર્ચનો અભાવ :** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં અસંખ્ય વેચનાર અને અસંખ્ય ખરીદનાર હોય છે. પૂર્ણ હરીફાઈના વિશ્લેષણમાં બજારમાં વાહનવ્યવહાર-ખર્ચ કુલ ખર્ચનો ખૂબ જ નાનો અંશ હોવાથી તે ગણતરીમાં લેવામાં આવતો નથી. જેથી વાહનવ્યવહાર-ખર્ચ શૂન્ય છે એમ સ્વીકારી લેતાં વાહનવ્યવહાર-ખર્ચની ગેરહાજરી આ બજારનું એક મહત્ત્વનું લક્ષણ બને છે.

## 6.6. ઈજારો (Monopoly)

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ બજારના બે વિરુદ્ધ દિશાનાં અંત બિંદુઓ તરીકે પૂર્ણ હરીફાઈ અને શુદ્ધ ઈજારાની ચર્ચા કરી છે. શુદ્ધ ઈજારો એક કાલ્પનિક બજાર છે. વાસ્તવમાં, અર્થતંત્રમાં ઈજારાના જે પ્રકાર જોવા મળે છે તે અશુદ્ધ ઈજારો છે.

ઈજારાને અંગ્રેજીમાં Monopoly કહે છે, જે ગ્રીક ભાષાનો શબ્દ છે. જેમાં Monos અને Polein બે શબ્દોનો ઉપયોગ થયો છે. Monosનો અર્થ 'એક' અને Poleinનો અર્થ 'વેચનાર' થાય છે. આમ, Monopolyનો અર્થ એક વેચનારનું બજાર થાય છે.

**6.6.1 વ્યાખ્યા :**

(1) **પ્રો. ચેમ્બરલીન :** 'જ્યારે વસ્તુના પુરવઠા પર કોઈ એક પેઢીનો અંકુશ હોય તો તે ઈજારો છે.'

(2) **પ્રો. સ્ટિગ્લર :** 'વસ્તુનો એક જ વેચનાર એટલે ઈજારદાર.'

## 6.7 ઈજારાનાં લક્ષણો (Characteristics of Monopoly)

**6.7.1 એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર :** ઈજારાવાળા બજારમાં વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે, જે બજારમાં વસ્તુના પુરવઠા પર કાબૂ ધરાવે છે. તેને ઈજારદાર કહેવામાં આવે છે. આ બજારમાં વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ હોવાથી હરીફાઈનું તત્ત્વ જોવા મળતું નથી અને માટે ઉત્પાદક કે વેચનાર વસ્તુની કિંમત ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. આમ, આ બજારમાં ઉત્પાદક કે વેચનાર વસ્તુની કિંમત પર અસર કરી શકતો હોવાથી તેને કિંમત નક્કી કરનાર 'Price Maker' તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે બજારમાં ખરીદનાર અસંખ્ય હોય છે, જેથી બજારમાં એક ખરીદનારનું અસ્તિત્વ ખૂબ નાનું હોય છે. ઈજારામાં, હરીફાઈ ખરીદનારાઓ (ગ્રાહકો) વચ્ચે જોવા મળે છે. આમ, ખરીદનારાઓ વસ્તુની કિંમત પર અસર પાડી શકતા નથી.

**6.7.2 નજીકની અવેજી વસ્તુનો અભાવ :** શુદ્ધ ઈજારાની લાક્ષણિકતા મુજબ ઈજારદાર જે વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરે છે તેની કોઈ પણ પ્રકારની અવેજી (સમાનતા ધરાવતી) વસ્તુ બજારમાં ઉપલબ્ધ હોતી નથી, પરંતુ વાસ્તવમાં શુદ્ધ ઈજારો કાલ્પનિક હોઈ તેનું અસ્તિત્વ જણાતું નથી અને વ્યવહારમાં અશુદ્ધ ઈજારો જોવા મળે છે, જેમાં નજીકની અવેજી વસ્તુનો અભાવ હોય છે. એટલે કે તેની દૂરની અવેજી વસ્તુઓ હોવાની શક્યતા હોય છે. દા.ત., રેલવેની કોઈ એક ચોક્કસ સમય અને તારીખે આરક્ષિત ટિકિટ ઉપલબ્ધ ન હોય તો તેની નજીકની અવેજી એટલે કે બીજી કોઈ રેલવે કંપનીમાં ટિકિટ મળી શકતી નથી. કારણ કે એવી કોઈ કંપનીનું અસ્તિત્વ જ નથી. જ્યારે તે ચોક્કસ સમય અને તારીખે મુસાફરી કરવી ફરજિયાત હોય તો રેલવેની દૂરની અવેજીરૂપે વિમાનીસેવા અથવા અન્ય વાહનવ્યવહાર સેવાનો ઉપયોગ થઈ શકે છે.

**6.7.3 નવી પેઢીઓના પ્રવેશ પર અંકુશ :** ઈજારાવાળા બજારમાં ઈજારદાર વિવિધ સ્વરૂપના ઈજારા ધરાવે છે. ઈજારાનો અર્થ એટલે એક જ ઉત્પાદક કે વેચનારનું અસ્તિત્વ. આ બજારમાં ઈજારો તોડવો શક્ય હોય છે. તેમ છતાં તે સરળ પ્રક્રિયા ન હોવાથી ઈજારદાર પોતાનો ઈજારો લાંબા સમય સુધી ટકાવી શકે છે. આવા સંજોગોમાં તેનો કોઈ હરીફ બજારમાં ન હોવાથી તે કિંમત પર કાબૂ ધરાવે છે અને અસામાન્ય નફો પ્રાપ્ત કરે છે.

આમ, ઈજારાવાળા બજારમાં અસામાન્ય નફાની સ્થિતિ હોવા છતાં અન્ય પેઢીઓ અસામાન્ય નફાથી આકર્ષાઈ ઉદ્યોગમાં પ્રવેશી શકતી નથી. કારણ કે ઈજારદાર એવા સંજોગોમાં કુદરતી, કાયદાકીય, અનુભવ, આવડત વગેરે પાસાઓ દ્વારા પેઢીઓનો પ્રવેશ અવરોધે છે. જેથી ઈજારાવાળા બજારમાં પેઢીઓ પ્રવેશ કરી શકતી નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6.7.4 કિંમત અથવા વેચાણ પર કાબૂ :** ઈજારાવાળા બજારમાં ઈજારદાર મહત્તમ નફાના આશયથી વસ્તુના પુરવઠા પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે, પરંતુ ઈજારદાર એક સાથે વસ્તુની કિંમત અને વસ્તુના વેચાણ પર કાબૂ મેળવી શકતો નથી. એનો અર્થ એ થાય કે જો ઈજારદાર વસ્તુનું કિંમત ઊંચી નક્કી કરવા માંગતો હોય તો તેને બજારમાં વસ્તુનું ઓછું વેચાણ સ્વીકારવું પડે છે પણ જો તે વસ્તુનો વેચાણ વધારવા ઇચ્છતો હોય તો તેણે વસ્તુની કિંમત નીચી સ્વીકારવી પડે છે. આમ, ઈજારદાર કિંમત અને વેચાણરૂપી બંને ઘોડા પર એક સમયે એક સાથે આરૂઢ થઈ શકતો નથી. ઊંચી કિંમત લઈ વધુ વેચાણ કરવું ઈજારદાર માટે શક્ય હોતું નથી.

**6.7.5 અસામાન્ય નફો :** ઈજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે. ઉપરાંત આ બજારમાં નવી પેઢીઓનો પ્રવેશ બંધ હોવાથી ઈજારદાર ટૂંકા ગાળામાં તેમજ લાંબા ગાળામાં કોઈ પણ હરીફાઈ વગર અસામાન્ય નફાની સ્થિતિનો લાભ લઈ શકે છે. અહીં વસ્તુનો વેચનાર કિંમત ઊંચી રાખી શકતો હોય છે જેથી તે સરેરાશ ખર્ચથી ઊંચી કિંમત રાખી નફો મેળવી શકે છે.

**6.7.6 કિંમત-ભેદભાવ :** ઈજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર કિંમત નક્કી કરનાર હોવાથી હરીફાઈનું તત્ત્વ જોવા મળતું નથી. જેથી ઈજારદાર ઘણી વાર આ તકનો લાભ લેવા એક જ વસ્તુની જુદી-જુદી કિંમત વસૂલી શકે છે અથવા તો વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત વસૂલી શકે છે. આમ, સરવાળે ઈજારદાર કિંમત ભેદભાવનીતિનો ઉપયોગ કરી શકે છે. દા.ત., દાક્તર

**6.7.7 પેઢી એ જ ઉદ્યોગ :** વાસ્તવમાં, પેઢી એટલે ઉત્પાદન કરતું એક સ્વતંત્ર એકમ, જ્યારે ઉદ્યોગ એટલે એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ. પરંતુ ઈજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર એક જ હોવાથી તે વાસ્તવમાં પેઢી છે અને આવા ઉદ્યોગમાં પેઢીઓનો સમૂહ પણ આ એક પેઢીથી જ થાય છે માટે કહી શકાય કે ઈજારાવાળા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ છે.

### 6.8 ઈજારાયુક્ત હરીફાઈ ((Monopolistic Competition)

બજારમાં વાસ્તવમાં, ન તો પૂર્ણ હરીફાઈ જોવા મળે છે કે ન તો પૂર્ણ ઈજારો જોવા મળે છે પણ હકીકતમાં બંનેનું સહઅસ્તિત્વ જોવા મળે છે. એટલે કે થોડો ઈજારો અને થોડી હરીફાઈ હોય છે જે ઈજારાયુક્ત હરીફાઈ તરીકે ઓળખાય છે. આજના યુગમાં ઈજારાયુક્ત હરીફાઈવાળાં બજારોનું અસ્તિત્વ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

**6.8.1 વ્યાખ્યા :**

**(1) પ્રો. ચેમ્બરલીન :** 'પૂર્ણ હરીફાઈ અને પૂર્ણ ઈજારો ન હોય પણ બંનેનું સહઅસ્તિત્વ હોય તેવા બજારને ઈજારાયુક્ત હરીફાઈ કહેવામાં આવે છે.'

**(2) શ્રીમતી રોબિન્સન :** 'જો પ્રત્યેક પેઢી ઈજારદાર બનતી હોય અને સાથે-સાથે તે હરીફાઈ પણ કરતી હોય તેવી બજારની પરિસ્થિતિને અપૂર્ણ હરીફાઈ કહેવાય છે.'

### 6.9 ઈજારાયુક્ત હરીફાઈનાં લક્ષણો (Characteristics of Monopolistic Competition)

**6.9.1 મોટી સંખ્યામાં વેચનારા અને અસંખ્ય ખરીદનારા :** પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય ઉત્પાદકો કે વેચનારા હોય છે. ઈજારામાં એક જ ઉત્પાદક કે વેચનાર હોય છે, જ્યારે ઈજારાયુક્ત હરીફાઈમાં ઘણા ઉત્પાદકો કે વેચનારા હોય છે. એનો અર્થ એમ થાય કે ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પાદકો કે વેચનારા ખૂબ ઓછા કે ખૂબ વધુ નહિ પણ મોટી સંખ્યામાં હોય છે, જેથી ઈજારાયુક્ત હરીફાઈમાં હરીફાઈનું તત્ત્વ મોટા પ્રમાણમાં સમાયેલું હોય છે.

જ્યારે ખરીદનારા આ બજારમાં અસંખ્ય હોવાથી તેઓ બજારમાં વ્યક્તિગત ધોરણે કોઈ મોટા ફેરફારો લાવી શકતા નથી. આમ, ખરીદનારા વસ્તુની કિંમત પર પ્રભાવ પાડી શકતા નથી.

**6.9.2 વસ્તુ-વિભિન્નતા :** વસ્તુ-વિભિન્નતા એ ઈજારાયુક્ત હરીફાઈનું એક વિશિષ્ટ લક્ષણ છે. 'વસ્તુ-વિભિન્નતા એટલે એક જ પ્રકારની વસ્તુ અન્ય વસ્તુથી સ્વરૂપ, ગુણધર્મ કે ગુણવત્તામાં ભિન્ન છે એમ દર્શાવવું.' આ બજારમાં ઉત્પાદકો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જે વસ્તુનું ઉત્પાદન કરે છે તે સમાનગુણી કે એકસરખી ન હોઈ નજીવો તફાવત ધરાવે છે. આ બજારમાં વસ્તુઓ આ રંગ, રૂપ, ગંધ, કદ, સ્વાદ, આકાર, વજન, ગુણવત્તા વગેરે દૃષ્ટિએ નજીવો તફાવત હોવાના કારણે તેઓ સમાનગુણી કે એકસરખી વસ્તુ નથી તેવું બની રહે છે. વસ્તુઓને અન્ય વસ્તુઓથી જુદી પાડવા અને વિશિષ્ટ ઓળખ આપવા વસ્તુ-વિભિન્નતા ઉપયોગી છે.

**6.9.3 પેઢીઓની મુક્ત અવર-જવર :** ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીઓની મુક્ત અવર-જવરનો અર્થ પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણે પ્રવેશ અને નિકાસ; જ્યારે કોઈ એક ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોય ત્યારે આવા નફાથી આકર્ષાઈ પેઢીઓ મુક્તપણે ઉદ્યોગમાં પ્રવેશે છે, તેમજ જો કોઈ ઉદ્યોગમાં અસામાન્ય ખોટની સ્થિતિ ઊભી થાય તો, પેઢીઓ ખોટના કારણે ઉદ્યોગ છોડી (વ્યવસાય બંધ કરી) જાય છે. આમ, આ બજારમાં પેઢીઓની અવર-જવર ઉપર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ હોતો નથી.

ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીઓની મુક્ત અવર-જવર માત્ર ટૂંકા ગાળામાં જોવા મળે છે, એટલે કે પેઢીઓ ટૂંકા ગાળામાં ઉદ્યોગના નફાથી આકર્ષાઈ પ્રવેશ કરે છે અથવા ખોટને કારણે નિકાસ કરે છે, પરંતુ, લાંબા ગાળે જ્યારે ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર સામાન્ય નફાની સ્થિતિ હાંસલ કરે છે, ત્યારે પેઢીઓની ઉદ્યોગમાં અવર-જવર આપોઆપ બંધ થાય છે. કારણ કે જ્યારે ઉદ્યોગ સામાન્ય નફાની સ્થિતિએ પહોંચે છે, ત્યારે પેઢીઓને આવા ઉદ્યોગમાં પ્રવેશવા માટેનું આકર્ષણ રહેતું નથી અને તેથી પેઢીઓ ઉદ્યોગમાંનો પ્રવેશ બંધ કરે છે. તેવી જ રીતે ઉદ્યોગમાં સામાન્ય નફાની સ્થિતિએ કોઈ પેઢી ખોટ ન કરતી હોઈ તે ઉદ્યોગ છોડી જતી નથી.

**6.9.4 વેચાણખર્ચ :** 'વેચાણખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.' વેચાણખર્ચમાં વસ્તુનું આકર્ષક અને ઉપયોગી પૅકિંગ, વાહનવ્યવહાર-ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ વેપારી અને છૂટક વેપારીને ચૂકવાતી ખાસ રકમો, શો-રૂમ અને સેલ્સમૅન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી કેટલીક કિંમતની છૂટછાટો, ઇનામો, ભેટ અને સૌથી અગત્યનું જાહેરાત-ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે. આમ, વેચાણ-ખર્ચ એ ઉત્પાદન-ખર્ચનો ભાગ નથી.

ઈજારાયુક્ત હરીફાઈમાં વેચાણ-ખર્ચ એ એક વિશિષ્ટ લક્ષણ છે. આ લક્ષણ પૂર્ણ હરીફાઈમાં કે ઈજારાવાળા બજારમાં જોવા મળતું નથી. ઈજારાયુક્ત હરીફાઈવાળા આ બજારમાં ઉત્પાદકો કે વેપારીઓની એક મોટી સંખ્યા વચ્ચે હરીફાઈ થતી હોવાના કારણે ઉત્પાદકો કે વેપારીઓ ખરીદનારા (ગ્રાહકો)ને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણ-ખર્ચનો ઉપયોગ કરે છે. વાસ્તવમાં આ બજારની વસ્તુઓમાં રહેલી વિભિન્નતાને કારણે વસ્તુઓને એક ચોક્કસ ઓળખ મળે છે અને તેથી વેચાણ-ખર્ચ શક્ય બને છે. દા.ત., મોબાઇલ, નહાવાના સાબુ વગેરેની વિવિધ પ્રકારની જાહેરાતોનું અસ્તિત્વ જોવા મળે છે.

**6.9.5 બિનકિંમત હરીફાઈ :** ઈજારાયુક્ત બજાર-હરીફાઈમાં કિંમત હરીફાઈની સાથે બિનકિંમત હરીફાઈ પણ જોવા મળે છે. આ બજારના ઉત્પાદકો અને વેચનારાઓ વસ્તુની માંગ વધારવા માટે વસ્તુની કિંમત સ્થિર રાખી વસ્તુની ગુણવત્તામાં ફેરફારો કરી જાહેરાતના માધ્યમ દ્વારા ખરીદનારાઓ (ગ્રાહકો)ને આકર્ષવા પ્રયત્નો કરે છે. આ ઉપરાંત તેઓ વસ્તુવેચાણ બાદની વિવિધ ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડી ખરીદનારાઓ (ગ્રાહકો)ને આકર્ષે છે. આ પ્રકારનું બિનકિંમત હરીફાઈનું લક્ષણ આ બજારમાં જોવા મળે છે.

**6.9.6 બજાર અંગેનું અપૂરતું જ્ઞાન :** આ બજારમાં વસ્તુના વેચનારા અને ખરીદનારાઓને બજાર અંગેનું સંપૂર્ણ જ્ઞાન હોતું નથી. આ બજારમાં નજીકની અવેજીની તમામ વસ્તુઓના ગુણધર્મો અને ગુણવત્તાથી તેઓ માહિતગાર હોતા નથી અને તેથી આ બજારમાં એકસરખા ઉપયોગમાં આવતી નજીકની અવેજી વસ્તુઓની કિંમત ઊંચી અથવા નીચી હોય છે. આમ, બજારમાં નજીકની અવેજી વસ્તુઓની કિંમતો એક સમાન હોતી નથી.

સરવાળે આ એક એવું બજાર છે જ્યાં નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન કે વેચાણ કરતી પેઢીઓની મોટી સંખ્યા હોય છે. આ ઉપરાંત આ પેઢીઓમાં વેચાણ-ખર્ચના માધ્યમથી વસ્તુની એક અલગ ઓળખની રચના કરી ઈજારા જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. આમ, આ એક ઈજારાઓની સ્થિતિ ધરાવતી પેઢીઓ વચ્ચેની હરીફાઈ એટલે કે ઈજારાયુક્ત હરીફાઈ બને છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 6.10 અલ્પહસ્તક ઈજારો (Oligopoly)

અલ્પહસ્તક ઈજારાને અંગ્રેજીમાં Oligopoly કહે છે જે વાસ્તવમાં ગ્રીક ભાષાના શબ્દ 'Oligos' એટલે અલ્પ અથવા થોડા અને 'Pollein' એટલે વેચનાર, આ બે શબ્દોનો બનેલો છે. આમ, અલ્પહસ્તક ઈજારાનો અર્થ 'અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓનું બજાર' થાય છે.

અલ્પહસ્તક ઈજારો એક એવું બજાર છે. જેમાં અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓ સમાનગુણી વસ્તુ અથવા નજીકની અવેજી વસ્તુઓના ઉત્પાદન કે વેચાણનું કાર્ય કરે છે. આ બજારમાં હરીફાઈનું પ્રમાણ તીવ્ર કક્ષાનું હોય છે.

#### 6.10.1 વ્યાખ્યા :

**(1) પ્રો. સ્ટીગ્લર :** 'અલ્પહસ્તક ઈજારો એ એવી પરિસ્થિતિ છે કે જેમાં પેઢી પોતાની બજાર અંગેની નીતિ, પોતાના હરીફોની અંદાજિત વર્તણૂકને આધારે બનાવે છે.'

**(2) પ્રો. બોમલ :** 'અલ્પહસ્તક ઈજારો એ એક એવું બજાર છે જેમાં અલ્પ વેચનારાઓ પૈકી કેટલાક વેચનારાઓ બજારમાં એટલું મોટું કદ ધરાવે છે કે જે બજારની કિંમતને અસર પહોંચાડી શકે.'

### 6.11 અલ્પહસ્તક ઈજારાનાં લક્ષણો (Characteristics of Oligopoly)

**6.11.1 અલ્પ (થોડા) વેચનારા અને અસંખ્ય ખરીદનારા :** અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર અલ્પ સંખ્યામાં હોય છે. અહીં પેઢીઓની સંખ્યા ખૂબ જ મર્યાદિત હોય છે. સામાન્ય રીતે આવા બજારમાં પેઢીઓની સંખ્યા બેથી વધુ અને આશરે દસથી વીસ સુધી મર્યાદિત હોય છે. જેના કારણે જૂજ (અલ્પ) વેચનારાઓ બજાર પર ઈજારાશાહી પ્રકારનો કાબૂ ધરાવે છે. માટે આ બજારને અલ્પહસ્તક ઈજારાના નામે ઓળખવામાં આવે છે.

જ્યારે બજારમાં ખરીદનારા અસંખ્ય હોય છે. જેથી વ્યક્તિગત રીતે ખરીદનારનું અસ્તિત્વ ખૂબ નાનું હોય છે. જેના કારણે ખરીદનારાઓ વસ્તુની કિંમત પર અસર પાડી શકતા નથી.

**6.11.2 સમાનગુણી કે નજીકની અવેજી વસ્તુ :** અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં સમાનગુણી અથવા નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે. જ્યારે બજારની પેઢીઓ સમાનગુણી વસ્તુઓનું ઉત્પાદન કે વેચાણ કરે છે ત્યારે બજારને સંપૂર્ણ અલ્પહસ્તક ઈજારો કહેવાય છે. **ઉદાહરણ :** મીઠું, ક્રૂડ ઑઇલ, ચા વગેરેના વેચનારા; જ્યારે બજારની પેઢીઓ નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરે છે ત્યારે બજારને અપૂર્ણ અલ્પહસ્તક ઈજારાવાળું બજાર કહેવાય છે. **ઉદાહરણ :** ઠંડાં પીણાંનું બજાર, મોટરસાઇકલનું બજાર વગેરે.

**6.11.3 પેઢીઓનો પ્રવેશ :** અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં નવી પેઢીઓનો પ્રવેશ અલ્પહસ્તક ઈજારાના પ્રકાર મુજબ મુક્ત કે પ્રતિબંધિત હોય છે. જો બજારમાં મુક્ત અલ્પહસ્તક ઈજારો પ્રવર્તમાન હોય તો તેવા બજારમાં નવી પેઢીઓ માટેનો પ્રવેશ મુક્ત હોય છે અને જ્યારે બજારમાં પ્રતિબંધિત અલ્પહસ્તક ઈજારો પ્રવર્તમાન હોય છે ત્યારે બજારમાં નવી પેઢીઓનો પ્રવેશ પ્રતિબંધિત હોય છે.

**6.11.4 વેચાણ-ખર્ચ :** 'વેચાણ-ખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.' વેચાણ-ખર્ચમાં વસ્તુનું આકર્ષક અને ઉપયોગી પૅકિંગ, વાહનવ્યવહાર-ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ વેપારી અને છૂટક વેપારીને ચૂકવાતી રકમો, શોરૂમ અને સેલ્સમૅન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી કેટલીક કિંમતની છૂટછાટો, ઇનામો, ભેટ અને સૌથી અગત્યનું જાહેરાત-ખર્ચનો સમાવેશ થાય છે.

અલ્પહસ્તક ઈજારામાં હરીફાઈ ખૂબ જ તીવ્ર પ્રકારની હોવાથી વેચાણ-ખર્ચ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. આ બજારમાં ઉત્પાદકો કે વેપારીઓની મર્યાદિત સંખ્યા વચ્ચે હરીફાઈ થતી હોવાના કારણે ઉત્પાદકો કે વેપારીઓ ખરીદનારા (ગ્રાહકો)ને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણ-ખર્ચનો ઉપયોગ કરે છે. વાસ્તવમાં, આ બજારની વસ્તુઓની એક ચોક્કસ ઓળખ હોવાના કારણે વેચાણ-ખર્ચ ખૂબ ઉપયોગી બને છે. દા.ત., કાર-ઉત્પાદકો, ટેલિવિઝન-ઉત્પાદકો વગેરેની વિવિધ પ્રકારની જાહેરાતોનું અસ્તિત્વ જોવા મળે છે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6.11.5 પરસ્પર અવલંબન :** અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં ઉત્પાદકો કે વેચનાર અલ્પસંખ્યામાં એટલે કે જૂજ હોય છે. અહીં ઉત્પાદક કે વેચનારની સંખ્યા ખૂબ ઓછી હોવાના કારણે તેઓ એકબીજા વિશેની જરૂરી માહિતી રાખી શકે છે. દા.ત., કાર-ઉત્પાદકો, ટેલિવિઝન-ઉત્પાદકો આ બજારમાં ઉત્પાદકો અને વેચનારાઓ જ્યારે તેઓ તેમની હરીફ પેઢીઓની વસ્તુઓના પ્રકાર અને ગુણવત્તા ઉપર પણ ખૂબ ઊંડાણપૂર્વકની ચાંપતી નજર (દેખરેખ) રાખે છે. જેના કારણે પેઢી જ્યારે પોતાની વસ્તુની ગુણવત્તા કે કિંમતના સંદર્ભમાં નિર્ણયો લેવા ઇચ્છતી હોય ત્યારે તેને તેના હરીફોની વર્તણૂક પર એક અથવા બીજી રીતે અવલંબે (આધાર) રાખે છે.

**6.11.6 કિંમત ચુસ્તતા (ખાંચાવાળી માંગરેખા) :** અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા અલ્પ હોય છે અને પેઢીઓ પરસ્પરાવલંબી હોય છે. જેના કારણે જો કોઈ એક પેઢી વસ્તુની કિંમત ઘટાડે તો માંગના નિયમ અનુસાર અન્ય પેઢીઓની વસ્તુની કિંમતની સરખામણીમાં આ પેઢીની વસ્તુ સસ્તી બનતાં તે પેઢીની વસ્તુની માંગમાં વધારો થશે. તેથી હરીફ પેઢીઓની માંગમાં ઘટાડો થશે. જો હરીફ પેઢીઓ આવું ન બનવા દેવા માંગતી હોય તો તેઓને પણ ફરજિયાત કિંમત-ઘટાડો અપનાવવો પડે છે. આમ, આ પ્રકારની કિંમત હરીફાઈને કારણે વસ્તુની કિંમત કોઈ એક નિમ્નસ્તરે પહોંચી જાય છે. જ્યાંથી વધુ કિંમતનો ઘટાડો શક્ય બનતો નથી. જ્યારે બીજી તરફ કોઈ એક પેઢી વસ્તુની કિંમત વધારે તો તેની વસ્તુની માંગ ઘટશે જેનો લાભ હરીફ પેઢીઓને થશે. આમ, હરીફ પેઢીઓ કિંમત ઘટાડાને અનુસરે છે, પરંતુ કિંમત વધારો અનુસરતી નથી. જેથી આ બજારમાં વસ્તુની કિંમત કોઈ એક સ્તરે જડ એટલે ચુસ્ત બને છે અને આ પરિસ્થિતિને કારણે આ બજારમાં વસ્તુની માંગરેખા ખાંચાવાળી બને છે.




**6.1 ખાંચાવાળી માંગરેખા**

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) સ્થાન આધારિત બજારના કેટલા પ્રકારો હોય છે ?

(A) એક (B) ત્રણ (C) ચાર (D) સાત

(2) વાહનવ્યવહાર-ખર્ચનો અભાવ એ કયા બજારનું લક્ષણ છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(3) કિંમત ભેદભાવ કયા બજારનું લક્ષણ છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(4) કયા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ બને છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

(5) વેચાણ-ખર્ચ કયા બજારનું અગત્યનું લક્ષણ છે ?

(A) ઈજારો (B) ઊભયપક્ષી ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) પૂર્ણ હરીફાઈ

(6) પરસ્પર અવલંબન કયા બજારમાં જોવા મળે છે ?

(A) અલ્પહસ્તક ઈજારો (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) પૂર્ણ હરીફાઈ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(7) કિંમત-ચુસ્તતા કયા બજારમાં જોવા મળે છે ?
(A) પૂર્ણ હરીફાઈ (B) અલ્પહસ્તક ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) ઈજારો

(8) કયા બજારમાં પેઢીઓનો પ્રવેશ બંધ હોય છે ?
(A) સાદી હરીફાઈ (B) પૂર્ણ હરીફાઈ (C) ઈજારો (D) ઈજારાયુક્ત હરીફાઈ

(9) સમાનગુણી વસ્તુઓ કયા બજારનું લક્ષણ છે ?
(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો (C) ઈજારાયુક્ત હરીફાઈ (D) તીવ્ર હરીફાઈ

(10) અસામાન્ય નફો કયા બજારનું સામાન્ય લક્ષણ છે ?
(A) ઈજારાયુક્ત હરીફાઈ (B) અલ્પહસ્તક ઈજારો (C) ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

(11) ખાંચાવાળી માંગરેખા કયા બજારમાં શક્ય છે ?
(A) ઈજારાયુક્ત હરીફાઈ (B) અલ્પહસ્તક ઈજારો (C) ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) બજારનો સામાન્ય અર્થ આપો.
(2) પ્રાદેશિક બજાર એટલે શું ?
(3) રાષ્ટ્રીય બજાર એટલે શું ?
(4) પૂર્ણ હરીફાઈ એટલે શું ?
(5) ઈજારો એટલે શું ?
(6) વેચાણ-ખર્ચ એટલે શું ?
(7) વસ્તુ-વિભિન્નતાનો અર્થ આપો.
(8) અલ્પહસ્તક ઈજારાની વ્યાખ્યા આપો.
(9) કિંમત સ્વિકારનાર એટલે શું ?
(10) કયા બજારમાં પેઢીઓનો પ્રવેશ પ્રતિબંધિત હોય છે?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) પૂર્ણ હરીફાઈના સંદર્ભમાં વાહનવ્યવહાર-ખર્ચ સમજાવો.
(2) ઈજારાના સંદર્ભમાં પેઢી એ જ ઉદ્યોગ સમજાવો.
(3) ઈજારાયુક્ત હરીફાઈ એટલે શું ?
(4) કિંમત-ભેદભાવનો અર્થ સમજાવો.
(5) પરસ્પર અવલંબનનો અર્થ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ઈજારાયુક્ત હરીફાઈનાં ત્રણ લક્ષણો સમજાવો.
(2) અલ્પહસ્તક ઈજારાનાં ત્રણ લક્ષણો સમજાવો.
(3) કિંમત-ચુસ્તતા વિશે સમજાવો.
(4) હરીફાઈ આધારિત બજારનું વર્ગીકરણ કરો.
(5) પૂર્ણ હરીફાઈ અને ઈજારાનો તફાવત આપો.
(6) ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈનો તફાવત આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) બજારનો અર્થ સમજાવી તેનાં લક્ષણો જણાવો.

(2) બજારનું વર્ગીકરણ : સ્થાન આધારિત અને જથ્થા આધારિત સમજાવો.

(3) પૂર્ણ હરીફાઈનાં લક્ષણો સમજાવો.

(4) ઈજારાનાં લક્ષણો સમજાવો.

(5) અલ્પ હસ્તક ઈજારાનાં લક્ષણો સમજાવો.

## પારિભાષિક શબ્દો

**પૂર્ણ હરીફાઈ (Perfect Competition)** : સમાનગુણી વસ્તુના અસંખ્ય ખરીદનારા અને વેચનારા હોવાથી કોઈ એક કે થોડા ઉત્પાદકો વસ્તુની કિંમત પર અસર પાડી શકે નહિ તેવું બજાર એટલે પૂર્ણ હરીફાઈવાળું બજાર.

**ઈજારો (Monopoly)** : વસ્તુનો એક જ વિક્રેતા હોય તેવું બજાર.

**ઈજારાયુક્ત હરીફાઈ (Monopolistic Competition)** : નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓ જે પોતાની વસ્તુમાં ઉત્પાદનમાં ઈજારો ધરાવે છે અને તેને વેચવા માટે હરીફાઈ કરે છે તેવું બજાર.

**ઉત્પાદન-પ્રક્રિયા (Production Process)** : વસ્તુના સ્થળ, સ્વરૂપ કે સમયમાં બદલાવ દ્વારા તુષ્ટિગુણ કે ઉપયોગિતા વધારવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન-પ્રક્રિયા.

**બજાર (Market)** : 'વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનાર એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તે વ્યવસ્થા એટલે બજાર.'

**કિંમત સ્વીકારનાર (Price Taker)** : પૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીને કિંમત સ્વીકારનાર કહે છે. જ્યાં કિંમત સ્વીકારનાર એ એવી પેઢી છે. પોતાના જથ્થામાં પરિવર્તન કરીને વસ્તુની કિંમતને પ્રભાવિત કરી શકતી નથી અને બજારમાં વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી કિંમતને સ્વીકારી વસ્તુનું વેચાણ કરે છે.

**કિંમત નક્કી કરનાર (Price Maker)** : ઈજારાવાળા બજારમાં એક માત્ર વસ્તુ વેચનાર પેઢીને કિંમત નક્કી કરનાર કહે છે. જ્યાં વસ્તુ વેચનાર પેઢીને કોઈ હરીફાઈનું તત્ત્વ નડતું નથી માટે તે વસ્તુની કિંમત ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. જેથી ઈજારાવાળા બજારમાં વસ્તુ વેચનાર પેઢીને કિંમત નક્કી કરનાર (Price Maker) કહે છે.

**અસામાન્ય નફો (Super Normal Profit)** : જો કોઈ બજાર પેઢીના સરેરાશ ખર્ચથી સરેરાશ આવક (AC < AR) ઊંચી હોય ત્યારે પેઢીને મળતા નફાને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| | | અસામાન્ય નફો કહે છે. |
| **કિંમત-ભેદભાવ (Price Discrimination)** | : | એક સમાન વસ્તુની કે સેવાની જુદી-જદી કિંમત વસૂલવી અથવા જુદા-જુદા ખરીદનારાઓ પાસેથી વસ્તુની જુદી-જુદી કિંમત વસૂલવી કે વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત વસૂલવાની પ્રક્રિયાને કિંમત-ભેદભાવ કહે છે. |
| **વેચાણ-ખર્ચ (Selling Cost)** | : | વસ્તુના વેચાણ માટે થતા ખર્ચને વેચાણ-ખર્ચ કહે છે. |
| **પરસ્પરાવલંબન (Interdependence)** | : | અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં વેચનારની સંખ્યા ખૂબ ઓછી હોવાથી તેઓ તેમના હરીફ એવા એક-બીજાની જરૂરી માહિતી રાખે છે અને તે સંદર્ભના નિર્ણયો લે છે. પેઢીઓના આવા વર્તનને પરસ્પર અવલંબન (પરસ્પરાવલંબન) કહે છે. |
| **કિંમત-ચુસ્તતા (Price Stickiness)** | : | બજારમાં વસ્તુની કિંમત જ્યારે કોઈક સ્તરે સ્થિર એટલે કે જડ બને છે ત્યારે તેવી સ્થિર કિંમતને કિંમત-ચુસ્તતા કહેવાય છે. |
| **ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા (Mobility of Factors of Production)** | : | ઉત્પાદનનાં ચાર સાધનો (શ્રમ, મૂડી, નિયોજક અને જમીન) જ્યારે ભૌગોલિક, વ્યાવસાયિક અને ઉપયોગની દૃષ્ટિએ ફેરફાર સ્વીકારે છે. ત્યારે તેને તે ઉત્પાદનના સાધનની ગતિશીલતા કહેવાય છે. |
| **પેઢી (Firm)** | : | પેઢી એટલે વસ્તુ કે સેવાનું ઉત્પાદન કે વેચાણ કરતું એક સ્વતંત્ર એકમ. |
| **ઉદ્યોગ (Industry)** | : | એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 ભારતીય અર્થતંત્ર (Indian Economy)


- પ્રસ્તાવના
- 7.1 પ્રાચીન ભારત
  - 7.1.1 રોજગારીનું માળખું
    - 7.1.1.1 ખેતી
    - 7.1.1.2 ઉદ્યોગ
    - 7.1.1.3 સેવા
  - 7.1.2 રાષ્ટ્રીય આવક (આર્થિક સમૃદ્ધિ)
- 7.2 સ્વાતંત્ર્ય પહેલાંનું ભારતનું અર્થતંત્ર
  - 7.2.1 રેલવે
  - 7.2.2 માર્ગ-પરિવહન
  - 7.2.3 બૅન્કો
  - 7.2.4 સામાજિક માળખું
  - 7.2.5 ખેતી
  - 7.2.6 મહેસૂલના દર
  - 7.2.7 કરવેરાના ઊંચા દરો
  - 7.2.8 જકાતના વિવિધ દરો
  - 7.2.9 ઉદ્યોગનીતિ
  - 7.2.10 આર્થિક શોષણ
  - 7.2.11 હસ્તકલા કારીગરનું શોષણ
  - 7.2.12 મૂડીરોકાણ-પ્રવાહ
  - 7.2.13 વિવિધ ભરણાંનો બોજો
- 7.3 સ્વાતંત્ર્ય પછીનું ભારતીય અર્થતંત્ર
  - 7.3.1 માથાદીઠ આવક
  - 7.3.2 ખેતી
  - 7.3.3 ઉદ્યોગો
  - 7.3.4 સેવાક્ષેત્ર
  - 7.3.5 વસતિ
  - 7.3.6 ગરીબી
  - 7.3.7 બેકારી
  - 7.3.8 માનવવિકાસ
- 7.4 વિકાસમાન ભારતીય અર્થતંત્રનાં લક્ષણો
  - 7.4.1 આર્થિક વૃદ્ધિ
  - 7.4.2 રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો
  - 7.4.3 માથાદીઠ આવક
  - 7.4.4 રોજગારીનું સ્તર
    - 7.4.4.1 પ્રાથમિક ક્ષેત્ર
    - 7.4.4.2 ઔદ્યોગિક ક્ષેત્ર
    - 7.4.4.3 સેવાક્ષેત્ર
  - 7.4.5 પાયાની સુવિધાઓમાં વૃદ્ધિ
    - 7.4.5.1 સિંચાઈની સગવડ
    - 7.4.5.2 શિક્ષણની સુવિધા
    - 7.4.5.3 વીજળીની સુવિધા
    - 7.4.5.4 રોડ-રસ્તાની સુવિધા
    - 7.4.5.5 રેલવેની સુવિધા


**પ્રસ્તાવના (Introduction)**

ભારત વિશ્વમાં સાંસ્કૃતિક ભવ્યતા ધરાવતો દેશ છે. જે તેની વિશિષ્ટ લાક્ષણિકતા છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી શાસન-વ્યવસ્થા ધરાવે છે, જેમાં વિવિધ જાતિ, ધર્મ, ભાષાઓ, સંસ્કૃતિ સાથે વિવિધતામાં એકતાનાં દર્શન થતા જોવા મળે છે.

ભારત દેશનું નામ મહાભારત પુરાણના આદિ પર્વમાં થયેલ ઉલ્લેખ મુજબ રાજા દુષ્યંત અને રાણી શકુંતલાના પુત્ર રાજા ભરતના નામ પરથી રાખવામાં આવ્યું છે. ભારત દેશ ખેતી, ઉદ્યોગ અને વેપારક્ષેત્રે સક્ષમ હોવાને કારણે ધનવાન દેશ હતો જેથી ભારત દેશ ભૂતકાળમાં 'સોને કી ચિડિયા'ના નામે ઓળખાતો હતો.

ભારતની સમૃદ્ધિથી આકર્ષાઈ ભારત પર ઘણાં આક્રમણો થયાં. ઘણી ધન-સંપત્તિ લૂંટી અને ધીમે-ધીમે ભારત પર સત્તા પણ હાંસલ કરી. વર્ષ 1526થી 1858 એટલે કે 16મી સદીની શરૂઆતથી 19મી સદીના મધ્ય સુધી મુઘલ સામ્રાજ્યનું શાસન પૂર્ણ અથવા આંશિકપણે ભારત દેશ પર ચાલુ રહ્યું. આ ઉપરાંત ભારતમાં વેપાર અર્થે આવેલા ફ્રેંચ, પોર્ટુગીઝ, ડચ અને અંગ્રેજો જેવા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિદેશીઓ પૈકી અંગ્રેજોએ 1757થી 1947 સુધી ભારતમાં પોતાનું અધિપત્ય જમાવ્યું, જેમાં 1757થી 1858 સુધી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો સમયગાળો અને 1858થી 1947 સુધી બ્રિટિશ શાસનના સમયગાળા તરીકે ઓળખાય છે. આમ, અંગ્રેજોએ ભારત દેશ પર 18મી સદીના મધ્યથી 20મી સદીના મધ્ય સુધી પોતાનું સામ્રાજ્ય આંશિક અથવા પૂર્ણપણે ચલાવ્યું અને અંતે 15મી ઑગસ્ટ, 1947ના રોજથી ભારત સ્વતંત્ર દેશ તરીકે પ્રસ્થાપિત થયો.

### 7.1. પ્રાચીન ભારત (Ancient India)

પ્રાચીન ભારત એટલે હિંદુસ્તાન. હિંદુસ્તાનમાં વિશ્વની બે મહાન પ્રાચીન સંસ્કૃતિઓ - સિંધુ ખીણની સંસ્કૃતિ અને આર્ય સંસ્કૃતિનો સમન્વય હતો. આ દેશ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓ ધરાવતા દેશો પૈકીનો દેશ છે એવું હડપ્પા અને મોહેં-જો-દડો નામના સ્થળેથી મળી આવેલ સંસ્કૃતિના અવશેષો પરથી સાબિત થાય છે.

પ્રાચીન ભારતની આર્થિક સમૃદ્ધિ વિશ્વના દેશોની આંખો આંજી દે તેવી હતી. તેના કારણે વિશ્વમાં ભારત પ્રાચીન સમયથી ખેતીની વૈવિધ્યતા અને આધુનિકતા ધરાવતો દેશ હતો. ભારતના ખેડૂતો સાહસિક અને સમૃદ્ધ હતા. જ્યારે ભારતના ઉદ્યોગો પણ કોઈ દૃષ્ટિકોણથી નીચા ઊતરતા ન હતા. એક સમયે ભારતના ઉદ્યોગોનો વિશ્વમાં ડંકો વાગતો હતો. ભારત કાપડ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, કોલસા ઉદ્યોગ, ગળી ઉદ્યોગ, ચા ઉદ્યોગ, કૉફી ઉદ્યોગ, રબર ઉદ્યોગ એમ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રે વિકસિત હતું, જેમાં ભારત સુતરાઉ કાપડના ઉત્પાદન અને નિકાસક્ષેત્રે અગ્રેસર હતું. જ્યારે ત્રીજા પક્ષે ભારતનો વેપાર વિશ્વ પ્રસિદ્ધિ પામી ચૂક્યો હતો. પ્રાચીન સમયમાં વિદેશ જવા માટેની ખૂબ અગવડતાઓ હોવા છતાં ભારતીય વેપારીઓ જળમાર્ગે વિશ્વના દેશોમાં ભારતના મરી-મસાલા, તજ-તેજાના, સુતરાઉ કાપડ, મલમલ કાપડ તેમજ ગરમ કાપડ વગેરેનું વેચાણ કરતાં અને અઢળક નાણાંનું સર્જન કરતા હતા. આમ, સરવાળે એમ કહી શકાતું કે ભારત ખેતી, ઉદ્યોગ અને વેપારક્ષેત્રે વિકસિત હતો, જે આર્થિક સંપન્નતાનું પ્રતીક હતું.

**7.1.1 રોજગારીનું માળખું :** પ્રાચીન ભારત ખેતીપ્રધાન દેશ હતો. તેમ છતાં, પ્રાચીન ભારત ખેતી ઉપરાંત ઉદ્યોગોની દૃષ્ટિએ સમૃદ્ધ હતો. ભારતની મોટા ભાગની વસ્તી ખેતી પર નભતી હતી અને દેશ મુખ્યત્વે ગ્રામ અર્થતંત્ર આધારિત હતો.

**7.1.1.1 ખેતી :** ભારતની ખેતી ખૂબ વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ હતી. જેના કારણે ગ્રામ્ય વિસ્તારો સ્વાવલંબી હતા. ગ્રામ્ય વસ્તી પોતાની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે અનાજ, શાકભાજી, ફળ-ફળાદી, કપડાં, પગરખાં, પશુપાલન અને ખેતીજન્ય વસ્તુઓનું ઉત્પાદન કરતા હતા. જેના કારણે તેઓનું જીવન ખૂબ સુખાકારીવાળું હતું.

**7.1.1.2 ઉદ્યોગો :** ઇતિહાસકાર ટી રાયચૌધરીના મત મુજબ '19મી સદી પહેલાં ભારત ઔદ્યોગિક પેદાશોનું ઉત્પાદન કરનાર અગ્રગણ્ય દેશ હતો.' ભારત મુખ્યત્વે સુતરાઉ અને મલમલ કાપડની નિકાસ કરતો હતો. આ ઉપરાંત કાચું રેશમ, ગરમ કપડાં, શાલ, તાડપત્રીઓ, મૂર્તિઓ, ગળી વગેરેનું ઉત્પાદન અને નિકાસ ભારતમાંથી કરવામાં આવતી હતી.

**7.1.1.3 સેવા :** લગભગ ઈ.સ. પૂર્વે 600ના પ્રાચીન ભારતમાં વિવિધ ચિહ્નોવાળા સિક્કા બનાવવામાં આવતા હતા. ખાસ કરીને આ સમયમાં વિવિધ વેપારી ગતિવિધિઓ તેમજ શહેરીવિકાસ માટે સીમાચિહ્ન રૂપ કામકાજ કરવામાં આવ્યું. રાજકીય એકતા, સામર્થ્ય તેમજ સૈન્ય-સુરક્ષાને કારણે ખેત-ઉત્પાદકતામાં અને વેપારમાં અસાધારણ વૃદ્ધિ નોંધવામાં આવી. **ઉદાહરણ :** લોથલ ખાતે મળેલ નગર-વ્યવસ્થાના પુરાવાઓ.

**7.1.2 રાષ્ટ્રીય આવક (આર્થિક સમૃદ્ધિ) :** આર્થિક ઇતિહાસકાર અંગુસ મેડિશનના જણાવ્યા પ્રમાણે ભારત વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર હતું. મૌર્યરાજાના સમયગાળામાં ભારતીય અર્થતંત્રમાં ઘણા અગત્યના અને વિકાસલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા અને આ એક એવો સમય હતો જ્યારે આખું ભારત એક રાજાના નેજા હેઠળ આવ્યું. 16મી સદીના મુઘલ શાસન દરમિયાન ભારતીય અર્થતંત્ર વિશ્વના આવકના 25 % આવક ધરાવતું હતું. 17મી સદીના અંત સુધીમાં મુઘલ શાસન વિકાસ પામ્યું અને દક્ષિણ એશિયાનું 90 % શાસન તેમની સત્તામાં આવ્યું. જેના કારણે એકસમાન કરવેરા અને જકાત નાંખવામાં આવી. વર્ષ ઈ.સ. 1700માં ઔરંગઝેબના શાસનકાળમાં ભારતની રાષ્ટ્રીય આવક 10 કરોડ પાઉન્ડ થઈ હતી અને ત્યાર બાદ વિદેશી પ્રજાનું ભારત દેશમાં વેપાર અર્થે આગમન થયું.

આમ, ભારતનાં તમામ ક્ષેત્રોમાં સુવર્ણકાળનાં લક્ષણો જોવામાં આવતાં હતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 7.2. સ્વાતંત્ર્ય પહેલાંનું ભારતનું અર્થતંત્ર (Indian Economy before Independence)

અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે ભારતીય ખેતી, ઉદ્યોગો અને વેપાર જાહોજલાલી ભોગવતા હતા. ભારતનું નામ વિશ્વ વિખ્યાત હતું. ભારતનાં સુતરાઉ કાપડ, મલમલ કાપડ, તાંબા-પિત્તળનાં વાસણો, ગરમ કપડાં, મરી-મસાલા, તેજાના, લોખંડનાં ઓજારો વગેરેની વિશ્વનાં બજારોમાં માંગ હતી. ભારતના ગ્રામ્ય વિસ્તારો સુખી અને સંપન્નતા સાથે સ્વાવલંબી હતા. ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોનો વ્યવસ્થિત વિકાસ થયો હતો. ભારતના વેપારમાં નિકાસો પ્રાધાન્યતા ધરાવતી હતી. આમ, ભારતનો આ એક સુવર્ણ કાળ હતો. જેના કારણે વિદેશી પ્રજાનું ભારત પ્રતિ આકર્ષણ વધ્યું અને પ્રથમ વાર વેપાર અર્થે તેઓનું ભારતમાં આગમન થયું.

ભારતમાં આવેલ વિદેશી પ્રજામાં ફ્રેંચ, ડચ, પોર્ટુગીઝ અને અંગ્રેજો વગેરે હતા. શરૂઆતમાં તેઓ માત્ર વેપાર પર જ ધ્યાન કેન્દ્રિત કરતા હતા પરંતુ, સમય જતાં આ વિદેશી પ્રજાઓ વચ્ચે ઘર્ષણ વધ્યું અને તેના કારણે પોતાની તાકાતનું પ્રદર્શન કરવા સૈન્યનો ઉપયોગ થવા લાગ્યો. જે પૈકી અંગ્રેજ સૈન્ય વધુ શિસ્તના આગ્રહી હોવાથી તેમજ તેમને ઇંગ્લૅન્ડનો રાજકીય સાથ મળતાં તેઓએ ધીરે-ધીરે ભારતમાં સત્તા હાંસલ કરવા તરફ પ્રયાણ કર્યું અને આમ, વર્ષ 1757થી 1947 સુધી ભારતને અંગ્રેજ (બ્રિટિશ) શાસનનો ભોગ બનવું પડ્યું.

બ્રિટિશ શાસન દરમિયાન ભારતને ઓછા પ્રમાણમાં સારાં પરિણામો અને વધુ પ્રમાણમાં ખરાબ પરિણામોનો સામનો કરવો પડ્યો જે નીચે મુજબ છે :

**7.2.1 રેલવે :** બ્રિટિશ શાસન દરમિયાન ભારતને મળેલ રેલવે લાભ આપનારી વ્યવસ્થા બની. ભારતના વાહનવ્યવહારને ઝડપી અને સુદૃઢ બનાવવામાં રેલવેએ ખૂબ સુંદર ભાગ ભજવ્યો. રેલવેની શરૂઆત 16મી એપ્રિલ, 1853ના રોજ બોરીબંદર (આજનું મુંબઈ CST)થી થાણેના પ્રથમ રૂટ દ્વારા થઈ, જે 1947 સુધીમાં 53,000 કિમી લંબાઈ ધરાવતી હતી અને 68 લાખ પ્રવાસીઓને લાભ આપનારી ખાનગી સંસ્થા હતી.

**7.2.2 માર્ગ-પરિવહન :** અંગ્રેજોના શાસન દરમિયાન 1855માં જાહેર બાંધકામ ખાતા (PWD)ની રચના કરવામાં આવી હતી. ભારતમાં રોડ-રસ્તા બાંધકામની જવાબદારી બ્રિટિશ શાસને ઉપાડી, 19મી સદીના અંત સુધીમાં કુલ 2,78,420 કિમી રસ્તા હતા તે વધીને 1943 સુધીમાં રસ્તાની લંબાઈ 4,47,105 કિમી થઈ હતી. જે પૈકી 32 % પાકા રસ્તા અને 68 % કાચા રસ્તા હતા.

**7.2.3 બૅન્કો :** વર્ષ 1770માં ખાનગી ક્ષેત્રમાં બૅન્કની શરૂઆત થઈ. જે 1946 સુધીમાં 700થી વધુ સંખ્યામાં વિકસી, 1935માં ભારતીય રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (RBI)ની રચના થઈ જે નોંધનીય બાબત હતી.

**7.2.4 સામાજિક માળખું :** અંગ્રેજ શાસન દરમિયાન થયેલ અન્ય ગણનાપાત્ર કાર્યોમાં બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ નાબૂદ કરવામાં, પીંઢારાનો નાશ કરવામાં અને સતીપ્રથાનો રિવાજ રોકવામાં ભારતીયોને આપેલ સાથ-સહકાર ગણનાપાત્ર ગણવામાં આવે છે.

**7.2.5 ખેતી :** અંગ્રેજ શાસન દરમિયાન ભારતીય ખેડૂતો પાસેથી ઊંચા દરે લેવાતું જમીન મહેસૂલ, જમીનદારોની પ્રથાને પ્રોત્સાહન, ખેડ હકને સુરક્ષા અને સલામતી ન આપવી વગેરે દ્વારા ખેડૂતોનું ભારે શોષણ થયું. જેથી ભારતીય ખેડૂતો ગરીબ બન્યા અને કેટલાક ખેતમજૂર બની ગયા. આ ઉપરાંત ખેતીનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ શરૂ કરાવ્યો જેના લીધે ખેડૂતોને ખૂબ નુકસાન થયું. અંતે બ્રિટિશ શાસનને કારણે ખેતી અને ખેડૂતો પાયમાલ થયા. આ ઉપરાંત, બ્રિટનની ઔદ્યોગિક ક્રાંતિ બાદ કાપડ ઉદ્યોગમાં ગળીની જરૂરિયાતમાં વધારો થયો તેથી બ્રિટિશ સરકારે ગળીનું ઉત્પાદન અને નિકાસ વધે તેવા પ્રયત્નો કર્યા. પરંતુ, ગળીનું ઉત્પાદન કરનારા ખેડૂતોને વાવેતર માટે ધિરાણ અપાતું ન હતું અને જો પાક નિષ્ફળ જાય તો ધિરાણ ભરપાઈ ન કરી શકવાથી ખેડૂતો દેવાદાર બની ગયા અને આમ, ખેડૂતોના હાલ બેહાલ થયા.

**7.2.6 મહેસૂલનો દર :** ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વિભિન્ન રાજાઓ પાસેથી મહેસૂલ ઉઘરાવવાની સત્તા મેળવીને ભારતના જમીન-માલિકો પાસેથી ઊંચા દરે મહેસૂલ ઉઘરાવવાનો પરવાનો મેળવ્યો, જે જમીનદારો પાસે હતો. બ્રિટિશ સરકાર દ્વારા ખેડૂતની ખેતીની આવકના અડધો ભાગ જેટલા ઊંચા દરે મહેસૂલ ઉઘરાવવાની નીતિ ઘડવામાં આવી હતી. આ ઉપરાંત મહેસૂલ ઉઘરાવવામાં બ્રિટિશ સરકાર જુલમી હતી. તે ખેડૂતોને દંડ કરતી, મિલકત જપ્ત કરતી અથવા ખેડાણ હેતુથી આપેલ જમીન પાછી લઈ લેતી હતી. આમ, આવા મનસ્વી નિર્ણયોથી ભારતીય ખેતીને પારાવાર નુકસાન થયું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**7.2.7 કરવેરાના ઊંચા દરો :** બ્રિટિશ શાસન દરમિયાન કરવેરાની આવક અંગે દાદાભાઈ નવરોજીની ગણતરી મુજબ 1876માં ઊંચી આવકવાળા બ્રિટનમાં કરવેરા દ્વારા રાષ્ટ્રીય આવકના 8 % જેટલો હિસ્સો આપતા હતા જ્યારે બ્રિટિશ સરકાર ભારતમાં નીચી આવકવાળા પાસેથી 15 % જેટલો રાષ્ટ્રીય આવકનો હિસ્સો કરવેરારૂપે ઉઘરાવતી હતી. દા.ત., મીઠા પરનો કરવેરો. ભારતમાં મીઠું દરિયાકાંઠે અને રણપ્રદેશમાં સરળતાથી મળતું હતું તેમ છતાં બ્રિટિશ સરકાર ઇંગ્લૅન્ડથી જહાજો દ્વારા મીઠું ભારત લાવતી હતી અને તે ભારતમાં વેચતી હતી; જ્યારે ભારતમાં પાકેલા મીઠા પર ઊંચો કરવેરો લેવાતો જેથી એક તરફ બ્રિટિશ શાસનને કરવેરાની આવક થાય અને બીજી તરફ ભારતીય મીઠું મોંઘું હોવાથી તે ઓછું વેચાય તો બ્રિટનને તેનો લાભ થાય. આથી જ ગાંધીજીએ દાંડીકૂચ કરીને સવિનય મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો.

**7.2.8 જકાતના વિવિધ દરો :** આયાત અને નિકાસ થતી વસ્તુઓ પર જે કરવેરો નાંખવામાં આવે છે તેને જકાત કહે છે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મુઘલ બાદશાહ પાસેથી 1716માં સનદ (પરવાનગી) મેળવીને તે પ્રદેશ પૂરતી જકાતોમાં માફી મેળવી હતી. તેનાથી વિરુદ્ધ ભારતીય વેપારીઓને વિવિધ પ્રદેશની જકાત ભરવી પડતી હતી. દા.ત., ભારતના સુતરાઉ કાપડની નિકાસ પર 15 % જકાત અને બ્રિટનથી આવતા સુતરાઉ કાપડ પર માત્ર 2.5 % જકાત નાંખવામાં આવતી હતી. આ ભેદભાવ ભરી જકાતનીતિએ ભારતના સુતરાઉ કાપડના ઉદ્યોગને બરબાદ કર્યો. આમ, આવી નીતિથી સમગ્ર ભારતીય ઉદ્યોગોની પડતી થઈ.

**7.2.9 ઉદ્યોગનીતિ :** બ્રિટનમાં ઈ. સ. 1750થી 1830ના સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ક્રાંતિ થઈ. તે સમયગાળા દરમિયાન બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં સત્તા સ્થાપિત કરવાની શરૂઆત કરી દીધી હતી. જ્યારે ઈ. સ. 1858 સુધીમાં દેશનો ઘણો ભાગ અંગ્રેજોના શાસન હેઠળ આવી ગયો હતો. જેથી બ્રિટિશ શાસન હેઠળના ભારતીય વિસ્તારોમાં બ્રિટિશ સરકારે બ્રિટનની ઉત્પાદિત વસ્તુઓ વધુ ને વધુ વેચાય તેવી નીતિ અપનાવી હતી. જેથી ભારતીય ઉદ્યોગ સાહસિકો નિરુત્સાહી બન્યા અને વિકાસના માર્ગે આગળ વધવાને બદલે પડતી થઈ. જેથી ભારતીય ઉદ્યોગો પડી ભાંગ્યા અને તેના કારણે શ્રમિકોની બેકારી વધી જે તેમને ફરી ખેતી તરફ વાળવામાં કારણભૂત બની. જેથી શ્રમિકોનું ખેતી ઉપર પણ ભારણ વધ્યું.

**7.2.10 આર્થિક શોષણ :** બ્રિટિશ અર્થતંત્રને સુદૃઢ કરવાના આશયથી ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટિશ સરકારે એવા પ્રકારની વ્યૂહરચનાઓ અપનાવી કે જેના દ્વારા માત્ર બ્રિટિશ અર્થતંત્રને લાભ થાય. તેઓએ ખાસ કરીને એવી વેપાર-નીતિઓ અપનાવી. જેના દ્વારા ભારતીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરી બ્રિટનના ઉદ્યોગોનો વિકાસ થાય. આ ઉપરાંત તેમની ખેતનીતિ અને ઔદ્યોગિક નીતિઓ પણ બ્રિટનમાં વિકાસને પ્રોત્સાહકરૂપ હતી. જેમકે ભારતના ભોગે બ્રિટિશ ઉદ્યોગોને જરૂરી કાચો માલ મળી રહે એ હેતુથી ભારતીય ખેતીનું વેપારીકરણ કરવામાં આવ્યું, જેથી બ્રિટિશ અર્થતંત્રને અનુકૂળ વસ્તુઓ અને સેવાઓ મળી રહે.

**7.2.11 હસ્તકલા કારીગરનું શોષણ :** વિવિધ હસ્તકલા વસ્તુઓના વેચાણ દ્વારા ઈસ્ટ ઇન્ડિયા કંપની ભારે આવક ઊભી કરવા ઇચ્છતી હતી. જેથી તેણે આંતરિક વેપારમાં ઇજારાનો લાભ લઈ હસ્તકલાના કારીગરો પાસેથી બજારકિંમત કરતાં 15થી 40 % ઓછી કિંમતે વસ્તુ ખરીદી લેતાં અને જો કારીગરો પોતાની વસ્તુઓ નીચા ભાવે આપવા આનાકાની કરતા તો તેઓ પર અંગ્રેજો દ્વારા શારીરિક જુલમ કરવામાં આવતો.

**7.2.12 મૂડીરોકાણ પ્રવાહ :** બ્રિટિશ શાસન દ્વારા ભારતની અને બ્રિટનની જે મૂડીનું રોકાણ કરવામાં આવ્યું તેની દિશા બ્રિટન તરફી અને ભારતવિરોધી રાખવામાં આવી, એટલે કે આ મૂડીરોકાણથી ભારત પર અંગ્રેજોનું સામ્રાજ્ય કાયમ રહે અને બ્રિટિશ અર્થતંત્રને તેનો સઘળો લાભ મળે તેવું પ્રયોજન કરવામાં આવ્યું. દા.ત., રસ્તા અને રેલવે પાછળ થયેલું જંગી મૂડીરોકાણ. આ મૂડીરોકાણ પાછળનો મુખ્ય હેતુ બ્રિટનમાં કાચા માલની આયાતને, ભારતમાં તૈયાર વસ્તુની નિકાસને અને લશ્કરી હેરફેરને અનુકૂળ રહે તેવા રસ્તા અને રેલવે રૂટ તૈયાર કરવાનો હતો. તદુપરાંત રેલવે માટેના ઉચ્ચ તજજ્ઞો અને અધિકારીઓને બ્રિટનથી ઊંચા દરે ભારતમાં લાવવામાં આવ્યા. બ્રિટિશ શાસન દ્વારા શિક્ષણ પાછળ મૂડીરોકાણ કરી બ્રિટિશ સરકારને અનુકૂળ એવા કારકૂનો મળી રહે તેવું જ શિક્ષણ આપતું મૂડીરોકાણ ખર્ચ કરવામાં આવ્યું અને આ તમામ મૂડીરોકાણ ખર્ચને ઊંચા વ્યાજદરે બ્રિટનમાંથી મૂડી લાવી ગોઠવવામાં આવ્યું અને તેનો સમગ્ર બોજો ભારતના માથે જ લાદવામાં આવ્યો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**7.2.13 વિવિધ ભરણાંનો બોજો :** ભારતે બ્રિટિશ હકૂમત-વહીવટનો ચાર્જ પણ ચૂકવવો પડતો હતો જે 'હોમ ચાર્જિસ' એટલે કે ભરણા તરીકે ઓળખાતો હતો. ભારતે બ્રિટિશરોને આવી કેટલીક ચૂકવણીઓ કરવી પડતી હતી, જેમકે બ્રિટિશ અધિકારીઓનાં પગારો તથા પેન્શન, ભથ્થાઓ, લશ્કરનું ખર્ચ, દેવા પર વ્યાજની ચૂકવણી વગેરેનો સમાવેશ થતો હતો. જેના આધારે બનતું બજેટ બ્રિટનમાં રજૂ થતું. ઈ.સ. 1924-25નાં વર્ષોમાં 300 લાખ પાઉન્ડ જેવી જંગી રકમ ચૂકવવી પડી હતી; જે ઈ.સ. 1945માં 1350 લાખ પાઉન્ડ થવા પામી હતી. આવી વિશિષ્ટ ચૂકવણીઓને આધારે ભારત ગરીબ અને ભારતના ભોગે બ્રિટન ધનવાન બની રહ્યું હતું.

અંતે, 15મી ઑગસ્ટ, 1947ના રોજ અંગ્રેજો જ્યારે ભારત છોડીને ગયા ત્યારે ભારતના ખેતી, ઉદ્યોગ અને વેપાર વગેરેની ભારે કંગાળ સ્થિતિ થવા પામી હતી. લગભગ દોઢ સો વર્ષના ગાળામાં દેશની માથાદીઠ આવક ઘટવા પામી હતી અને ભારતીય અર્થતંત્ર જે ઇંગ્લૅન્ડ કરતાં સમૃદ્ધ હતું તે બ્રિટિશ શાસનના શોષણને કારણે ઇંગ્લૅન્ડની સરખામણીએ ખૂબ ગરીબ બન્યું હતું.

**7.3 સ્વાતંત્ર્ય પછીનું ભારતીય અર્થતંત્ર (Indian Economy after Independence)**

આઝાદી પછી ભારતનું અર્થતંત્ર વિકાસના પંથે રહ્યું છે જે બાબતો નીચેનાં લક્ષણો દ્વારા સ્પષ્ટ કરીએ :

**7.3.1 માથાદીઠ આવક :** ભારતની માથાદીઠ આવક (માનવવિકાસ અહેવાલ, 2014 મુજબ) વર્ષ 2013માં 5150 ડૉલર હતી. જે ચીનની માથાદીઠ આવક 11,477 ડૉલર, શ્રીલંકાની 9250 ડૉલર, અમેરિકા 52,308 ડૉલર અને નોર્વેની 63,909 ડૉલર કરતાં ઘણી ઓછી જણાય છે. જે વિકસિત દેશોની માથાદીઠ આવકના સાતથી દસગણી ઓછી છે અને તે પછાત દેશો કરતાં વિશેષ વધારો સૂચવતી નથી.

**રાષ્ટ્રીય આવકની તુલના (સમ ખરીદશક્તિના માપદંડ મુજબ)**

| દેશ | માથાદીઠ આવક (અમેરિકન ડૉલરમાં) |
|---|---|
| ● નોર્વે | 63,909 |
| ● અમેરિકા | 52,308 |
| ● જર્મની | 43,049 |
| ● ઇંગ્લૅન્ડ | 35,002 |
| ● ચીન | 11,477 |
| ● શ્રીલંકા | 9250 |
| ● ભારત | 5150 |
| ● પાકિસ્તાન | 4652 |
| ● બાંગ્લાદેશ | 2713 |

**સ્ત્રોત :** માનવવિકાસ અહેવાલ (2014)

**છેલ્લાં વર્ષોમાં ભારતની માથાદીઠ આવકમાં થયેલા ફેરફાર**

| વર્ષ | વર્તમાન/ચાલુ કિંમત ₹ માં | સ્થિર કિંમત ₹ માં |
|---|---|---|
| 2011-12 | 64,316 | 64,316 |
| 2012-13 | 71,593 | 66,344 |
| 2013-14 | 80,388 | 69,959 |
| 2014-15 | 88,533 | 74,193 |

**સ્ત્રોત :** ભારત સરકારના વિવિધ આર્થિક સર્વેમાંથી સંકલિત.

**7.3.2 ખેતી :** ભારત એક ખેતીપ્રધાન દેશ છે. આઝાદી સમયે ભારતની લગભગ 72 % અને 2001-02માં 58 % વસતિને ખેતીક્ષેત્રમાંથી (2001માં 56.7 %) રોજગારી પ્રાપ્ત થતી હતી, જે પ્રમાણ 2013-14માં ઘટીને લગભગ 49 % જેટલું રહ્યું છે (આર્થિક સર્વે 2014-15 અનુસાર). આમ, ઉત્તરોત્તર ભારતમાં ખેતીક્ષેત્રનું મહત્ત્વ ઘટતું ગયું છે. 1950-51માં ખેતીક્ષેત્રનો રાષ્ટ્રીય આવકમાં ફાળો 55 % હતો તે વર્ષ 2013-14માં ઘટીને માત્ર 14 % રહ્યો છે. (1980-81માં 38 % 2000-01માં 22.3 %)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**7.3.3 ઉદ્યોગો :** વર્ષ 1951માં ભારતના ઉદ્યોગો 10.6 % લોકોને રોજગારી પૂરી પાડતા હતા. આ પ્રમાણ 2001માં 18.2 % થયું. આ પ્રમાણમાં વધારો થઈ વર્ષ 2011-12માં ઉદ્યોગક્ષેત્રે રોજગારીનું પ્રમાણ 24.3 % થયું. તેટલું જ નહિ પણ, 1950-51માં ઉદ્યોગક્ષેત્રે રાષ્ટ્રીય આવકમાં 16.6 ટકાનો હિસ્સો આપતું હતું. જે પ્રમાણ વર્ષ 2013-14માં વધીને 26 % થયું. આ ઉપરાંત ઉદ્યોગક્ષેત્ર વર્તમાન સમયમાં $\frac{2}{3}$ ભાગની નિકાસકમાણી મેળવે છે. આમ, ઉદ્યોગક્ષેત્રે ભારતનો ઝોક વધ્યો છે, પરંતુ વાસ્તવમાં ભારત ઔદ્યોગિક દેશ બની શક્યો નથી; જ્યારે રાષ્ટ્રીય આવકનો 1950-51માં 15 %, 1980-81માં 24 %, 2000-01માં 27.3 %, 2013-14 26.2 % હિસ્સો આપ્યો છે. (RBI, CSO).

**7.3.4 સેવાક્ષેત્ર :** ઈ.સ. 1951માં ભારતના સેવાક્ષેત્રનો કુલ રોજગારીમાં 17.3 % ફાળો હતો, જે વર્ષ 2001માં 25.2 % થયો અને વર્ષ 2011-12માં તે વધીને 27 % થયો. વર્ષ 1950-51માં ભારતનું સેવાક્ષેત્ર રાષ્ટ્રીય આવકના (GDPના) 30.3 % હિસ્સો આપતું હતું 1980-81માં 38 % થયું, વર્ષ 2000-01માં 50.4 % થયું. જે પ્રમાણ વર્ષ 2014-15માં વધીને 52.7 % થયું છે. આમ, ભારતમાં સેવાક્ષેત્રએ અભૂતપૂર્વ વિકાસ કર્યો છે અને રાષ્ટ્રીય આવકમાં તેનો સિંહફાળો છે.

**7.3.5 વસતિ :** વર્ષ 1901માં ભારતની વસતિ 23.84 કરોડ હતી. જેમાં વધારો થઈ વર્ષ 1951માં તે 36.1 કરોડ થઈ અને તેમાં ખૂબ ઝડપી વધારો થઈ વર્ષ 2001માં ભારતની વસતિ 102.7 કરોડ થઈ હતી. છેલ્લી 2011ની વસતિ-ગણતરી પ્રમાણે ભારતની વસતિ 121.02 કરોડ હતી. જે દર્શાવે છે કે ભારતમાં આઝાદી બાદ વસતિ ખૂબ જ ઝડપથી વધી છે અને અંદાજે 1.5 ટકાના દરે વસતિવૃદ્ધિ થવા પામી છે. ભારતનો આ વસતિ-વિસ્ફોટ, એક ચિંતાનો વિષય બને છે.

**7.3.6 ગરીબી :** ભારત નિરપેક્ષ ગરીબીની સમસ્યા ધરાવતો દેશ છે. ભારત દેશમાં વર્ષ 1973-74માં 54.9 % લોકો ગરીબ હતા, આ પ્રમાણ વર્ષ 1993-94માં ઘટીને 45.3 % થયું. તેમાં ઘટાડો પામીને વર્ષ 2004-05માં તે 37.2 % રહ્યું અને વર્ષ 2011-12ના આંક મુજબ ભારતની 21.9 % વસતિ ગરીબ હતી. આમ, વાસ્તવમાં ગરીબીનું પ્રમાણ ઘટ્યું છે. છતાં ભારતની દારૂણ ગરીબીમાં કોઈ મોટો ફેરફાર થવા પામ્યો નથી.

**7.3.7 બેકારી :** ભારત માળખાગત બેકારી ધરાવતો દેશ છે. ભારતમાં વર્ષ 1951માં 33 લાખ લોકો બેકાર હતા. નેશનલ સેમ્પલ સર્વેના અંદાજ મુજબ વર્ષ 1999-2000માં ભારતના 7.31 % લોકો બેકાર હતા. જે પ્રમાણ વર્ષ 2004-05માં વધીને 8.2 % થયું. બેકારીના પ્રમાણમાં વર્ષ 2009-10માં ઘટાડો થઈ 6.6 % થયું અને તે પ્રમાણ 2011-12માં ફરી ઘટીને 5.6 % સુધી નીચું આવ્યું, પરંતુ ભારતની ગ્રામીણ બેકારીમાં પ્રચ્છન્ન બેકારીનું પ્રમાણ વિશેષ છે. આ બેકારી છૂપી બેકારી હોવાથી માપી શકાતી નથી. આમ, ભારત બેકારીનું ઊંચું પ્રમાણ ધરાવતો દેશ છે.

**7.3.8 માનવવિકાસ :** ભારતીય લોકોનું જીવનધોરણ વાસ્તવમાં વિશ્વના વિકસિત દેશોની સાપેક્ષમાં ખૂબ નીચું છે. સામાન્ય રીતે માનવવિકાસ અહેવાલ કે જેની રચના સંયુક્ત રાષ્ટ્રસંઘ કરે છે તે મુજબ સરેરાશ આયુષ્ય, જ્ઞાન અને જીવનધોરણ માપદંડ અનુસાર એક માનવવિકાસ આંક તૈયાર કરવામાં આવે છે. આ માનવવિકાસ આંક રજૂ કરતા અહેવાલને માનવવિકાસ અહેવાલ કહે છે. વર્ષ 2000ના માનવવિકાસ અહેવાલ મુજબ ભારતનો માનવવિકાસ આંક 0.463 હતો જે સુધરીને 2010માં 0.547, 2012માં 0.554 અને 2013માં 0.586 આંક સાથે ભારતે વિશ્વના 187 દેશોમાંથી 136મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

### 7.4 વિકાસમાન ભારતીય અર્થતંત્રનાં લક્ષણો (Characteristics of India as a Developing Economy)

**7.4.1 આર્થિક વૃદ્ધિ :** ભારતીય અર્થતંત્રએ વર્ષ 1970 પછી આર્થિક વૃદ્ધિની ઝડપ વધારી છે તેમાં પણ ખાસ કરીને 1990-91ના આર્થિકનીતિનાં પરિવર્તનો બાદ આર્થિક વૃદ્ધિ-દર 6.8 % વાર્ષિક ધોરણે વૃદ્ધિ પામ્યો છે; જ્યારે ભારત દેશનો આર્થિક વૃદ્ધિ-દર 1950-51થી 1990-91 દરમિયાન માત્ર 3.5 ટકાના વાર્ષિક ધોરણે વૃદ્ધિ પામતો હતો. વર્ષ 2012-13 બાદ 2014-15માં આર્થિક વૃદ્ધિ-દર ફરી મંદ પડ્યો છે અને તે વાર્ષિક ધોરણે 5 ટકાથી નીચા દરે વૃદ્ધિ પામ્યો છે. જોકે ભારતીય અર્થતંત્ર ફરીથી ઊંચા આર્થિક વૃદ્ધિ દરે વધશે અને ઝડપથી સાનુકૂળ પરિણામો લાવશે તેવી વિશ્વ આશા રાખે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભારતની સાધન ભાવોએ ચોખ્ખી રાષ્ટ્રીય આવક સ્થિર ભાવોએ ગણતાં તે વર્ષ 1950-51માં ₹ 2,69,724 કરોડ હતી જે વધીને વર્ષ 2013-14માં ₹ 87,51,834 કરોડ સુધી વૃદ્ધિ પામી છે. આમ, તે 63 વર્ષના સમયગાળામાં ચોખ્ખી રાષ્ટ્રીય આવકમાં 18 ગણો વધારો થયો છે.

**7.4.2 રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો :** ભારતની આર્થિક વૃદ્ધિ માપન અંગેનું આ એક મહત્ત્વનું માપદંડ છે. જેમાં ખેતીક્ષેત્રનું પ્રદાન રાષ્ટ્રીય આવકની આપેલ માહિતી પરથી સ્પષ્ટ થાય છે. લગભગ 63 વર્ષના અનુભવ પરથી સાબિત થાય છે કે, રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો ફાળો સતત ઘટતો ગયો છે; જ્યારે ઉદ્યોગ અને સેવાક્ષેત્રનો ફાળો સતત વધતો ગયો છે. વર્તમાનમાં રાષ્ટ્રીય આવકમાં સૌથી શ્રેષ્ઠ ફાળો આપનાર ક્ષેત્ર તરીકે સેવાક્ષેત્ર છે તે કુલ 52.7 % ફાળો આપી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે છે.

**રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો**

| | 1950-51 | 1990-91 | 2000-01 | 2014-15 (P) |
|---|---|---|---|---|
| ખેતી (અન્ય ક્ષેત્રો સહિત) | 53.1 | 29.6 | 22.3 | 17.6 |
| ઉદ્યોગો | 16.6 | 27.7 | 27.3 | 29.7 |
| સેવા (બાંધકામક્ષેત્ર વગર) | 30.3 | 42.7 | 50.4 | 52.7 |

**સ્રોત :** આર્થિક સર્વે : 2014-15 Volume-II.

**7.4.3 માથાદીઠ આવક :** ભારતમાં વર્ષ 1950-51માં (સ્થિર ભાવોએ) માથાદીઠ આવક ₹ 7114 હતી જે વર્ષ 2013-14માં વધીને ₹ 39,904 થઈ. આમ, કુલ 63 વર્ષના સમયગાળામાં તે અંદાજે સાડાચાર ગણો વધારો સૂચવે છે.

જેમાં વર્ષ 1950-51થી વર્ષ 1990-91ના ગાળા તરફ ધ્યાન કેન્દ્રિત કરતાં જણાય છે કે, માથાદીઠ આવકમાં વાર્ષિક 1.6 ટકાના દરે વૃદ્ધિ થઈ છે; જ્યારે વર્ષ 1990-91 બાદ તે લગભગ 5.5 ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ થવા પામી છે, જે સ્પષ્ટ કરે છે કે આર્થિક સુધારાની અસરને કારણે વૃદ્ધિનો દર ઝડપી બન્યો છે.

**7.4.4 રોજગારીનું સ્તર :** ભારતમાં રોજગારી માટે ત્રણ ક્ષેત્રો તારવવામાં આવ્યાં છે જે નીચે મુજબ છે :

**7.4.4.1 પ્રાથમિક ક્ષેત્ર :** આ ક્ષેત્રમાં ખેતી અને ખેતીને સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે પશુપાલન, જંગલ, મરઘાં-ઉછેર વગેરેનો સમાવેશ થાય છે.

**7.4.4.2 ઔદ્યોગિક ક્ષેત્ર :** ઉદ્યોગક્ષેત્રમાં તમામ ઔદ્યોગિક ઉત્પાદન-પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. દા.ત., નાના-મોટા ઉદ્યોગો, બાંધકામ ઉદ્યોગ, વહાણ ઉદ્યોગ વગેરે.

**7.4.4.3 સેવાક્ષેત્ર :** આ ક્ષેત્રમાં વેપાર, વાહનવ્યવહાર, ખાણ સંદેશા-વ્યવહાર, બૅન્કિંગ જેવી અન્ય ઈતર સેવાઓનો પણ સમાવેશ થાય છે.

**રોજગારીમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો**

| | 1951 | 1991 | 2001 | 2011-12 |
|---|---|---|---|---|
| પ્રાથમિક ક્ષેત્ર | 72.1 | 66.9 | 56.7 | 48.9 |
| ઔદ્યોગિક ક્ષેત્ર | 10.6 | 12.7 | 18.1 | 24.2 |
| સેવાક્ષેત્ર | 17.3 | 20.4 | 25.2 | 26.9 |

**સ્રોત :** આર્થિક સર્વે (2014-15), Volume-II.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભારતમાં વર્ષ 1951માં પ્રાથમિક ક્ષેત્ર 72.1 %, ઔદ્યોગિક ક્ષેત્ર 10.6 % અને સેવાક્ષેત્ર 17.3 % રોજગારીની તકો સર્જતા હતા. વર્ષ 1991માં પ્રાથમિક ક્ષેત્ર 66.9 %, ઔદ્યોગિક ક્ષેત્ર 12.7 % અને સેવાક્ષેત્ર 20.4 % રોજગારીનું સર્જન કરતા હતા.

જ્યારે વર્ષ 2001માં પ્રાથમિક ક્ષેત્ર 56.7 %, ઔદ્યોગિક ક્ષેત્ર 18.2 % અને સેવાક્ષેત્ર 25.2 % રોજગારીની તકો ઊભી કરતા હતા. આ જ રીતે વર્ષ 2011-12માં પ્રાથમિક ક્ષેત્ર 48.9 %, ઔદ્યોગિક ક્ષેત્ર 24.3 % અને સેવાક્ષેત્ર 26.9 % રોજગારીની તકોનું સર્જન કરતા હતા.

જે સ્વયં સ્પષ્ટ કરે છે કે, 1951થી 2011-12ના સમયગાળામાં લોકો રોજગારીના હેતુસર પ્રાથમિક ક્ષેત્રમાંથી ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવાક્ષેત્ર તરફ વળ્યા છે.

**7.4.5 પાયાની સુવિધાઓમાં વૃદ્ધિ :** દેશની આર્થિક વૃદ્ધિનો દર પાયાની સુવિધાઓ પર નભે છે. જેમાં વીજળી, શિક્ષણ, આરોગ્ય, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, સિંચાઈની સગવડ વગેરે અગ્રતા ધરાવે છે. ભારતમાં પાયાની સુવિધાઓના સંબંધમાં નીચે મુજબની વૃદ્ધિ જોવા મળી છે :

**7.4.5.1 સિંચાઈની સગવડ :** વર્ષ 1950-51માં 22.6 મિલિયન હેક્ટરમાં સિંચાઈની સુવિધા હતી જે વર્ષ 2012-13માં 63 મિલિયન હેક્ટર સુધી વિસ્તરણ પામી છે. આમ, કુલ 45 % વાવેતરનો વિસ્તાર સિંચાઈની સુવિધા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**7.4.5.2 શિક્ષણની સુવિધા :** ભારતમાં આઝાદી સમયે 20 યુનિવર્સિટીઓ અને 500 કૉલેજો હતી. જે આજે વૃદ્ધિ પામી 35,000 કૉલેજો (FICCI of 12$^{th}$ Plan) અને 719 યુનિવર્સિટીઓમાં પરિવર્તન પામી છે. ભારતનો સાક્ષરતા-દર જે વર્ષ 1951માં 18.33 % હતો તે વર્ષ 2011માં 73 % સુધી વધ્યો છે. (આર્થિક સર્વે 2013-14)

**7.4.5.3 વીજળીની સુવિધા :** ભારતમાં વીજળી-ઉત્પાદનમાં પણ સિદ્ધિ હાંસલ કરવામાં આવેલ છે. જે વર્ષ 1950-51માં 2300 MW (મેગા વૉટ)ના વીજ-ઉત્પાદન પરથી વર્ષ 2011-12માં 2,43,000 MW સુધીનો વધારો થયો છે.

**7.4.5.4 રોડ-રસ્તાની સુવિધા :** ભારત વિશ્વના સૌથી મોટા રોડ નેટવર્ક ધરાવતા દેશો પૈકીનો દેશ છે. જે અંદાજે 48.6 લાખ કિલોમીટર લાંબા રોડ પરથી સાબિત થાય છે.

**7.4.5.5 રેલવેની સુવિધા :** ભારતીય રેલવે વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું રેલવે નેટવર્ક છે, જે અંદાજે 65,000 કિલોમીટર લાંબો રેલમાર્ગ ધરાવે છે.

આજે ભારત વિશ્વબૅન્કના જાહેર થયેલ એપ્રિલ, 2014ના અહેવાલ મુજબ સમખરીદશક્તિના આધાર પર વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા ક્રમે છે. જે વિશ્વબૅન્કના આંતરરાષ્ટ્રીય સરખામણી કાર્યક્રમ (ICP)ના 2011ના રાઉન્ડમાં અમેરિકા અને ચીન બાદ ભારતને સ્થાન પ્રાપ્ત થયું છે. આમ, ભારતની અર્થવ્યવસ્થા જાપાનની અર્થવ્યવસ્થાથી આગળ વધી ચૂકી છે. જાપાનનો ક્રમ ચોથો છે જે અગાઉ ત્રીજો હતો; જ્યારે ભારતીય અર્થવ્યવસ્થા 2005ના સર્વેક્ષણમાં દસમા ક્રમે હતી. આમ, ભારતે વિશ્વના દેશોની સરખામણીમાં અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ભારતમાં રેલવેની શરૂઆત કયા વર્ષમાં થઈ ?

(A) 1847 (B) 1853 (C) 1901 (D) 1947

(2) ભારતીય મધ્યસ્થ બૅન્ક (RBI)ની રચના કયા વર્ષમાં થઈ ?

(A) 1847 (B) 1857 (C) 1935 (D) 1947



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) માનવવિકાસ અહેવાલ 2014 પ્રમાણે ભારતની માથાદીઠ આવક કેટલી હતી ?

(A) $ 5150 (B) $ 9250 (C) $ 43,049 (D) $ 52,308

(4) ભારતની રાષ્ટ્રીય આવકમાં 2014-15માં સૌથી વધુ ફાળો કયા ક્ષેત્રનો હતો ?

(A) ખેતી (B) ઉદ્યોગ (C) સેવા (D) વિદેશ વેપાર

(5) ભારતમાં કેવા પ્રકારની બેકારી જોવા મળે છે ?

(A) ચક્રિય (B) માળખાગત (C) નિરપેક્ષ (D) સાપેક્ષ

(6) ભારતના ખેતીક્ષેત્રથી 2011માં કેટલા ટકા લોકોને રોજગારી મળી હતી ?

(A) 49 % (B) 55 % (C) 72 % (D) 27 %

(7) ભારતીય રેલવે વિશ્વમાં કયા નંબરનું સૌથી મોટું રેલવે નેટવર્ક છે ?

(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચોથા

(8) ઈ. સ. 2011ની વસતિ-ગણતરી મુજબ ભારતમાં કેટલા ટકા લોકો શિક્ષિત છે ?

(A) 55 % (B) 62 % (C) 73 % (D) 88 %

(9) ઈ. સ. 2011-12માં ભારતની કેટલા ટકા વસતિ ગરીબ છે ?

(A) 80 % (B) 55 % (C) 37 % (D) 22 %

(10) નીચેનામાંથી કઈ સગવડ પાયાની સુવિધા નથી ?

(A) શિક્ષણ (B) વાહનવ્યવહાર (C) આયાત-નિકાસ (D) સિંચાઈ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભારતમાં જાહેર બાંધકામ ખાતાની રચના ક્યારે થઈ ?

(2) ભારતમાં બૅન્કની સ્થાપના ક્યારે થઈ ?

(3) પ્રાચીન ભારત કઈ સંસ્કૃતિઓનો સમન્વય હતો ?

(4) વર્ષ 2011-12માં ખેતી ક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ કેટલું હતું?

(5) માનવ વિકાસ અહેવાલની રચના કોણ કરે છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) 'હોમ ચાર્જિસ' એટલે શું ?

(2) 'ભારત ખેતીપ્રધાન દેશ છે.' – વિધાન સમજાવો.

(3) ભારતની પ્રાચીન નિકાસો જણાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારત

(2) ટૂંક નોંધ લખો : રેલવેનો વિકાસ

(3) બ્રિટિશ શાસનની કરવેરાનીતિ સમજાવો.

(4) ભારતમાં પાયાની સુવિધાઓ વર્ણવો.

(5) ટૂંકનોંધ લખો : રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) વિકાસમાન ભારતીય અર્થતંત્રનાં લક્ષણો સમજાવો.

(2) પ્રાચીન ભારતના ઉદ્યોગોની સ્થિતિ સ્પષ્ટ કરો.

(3) સ્વાતંત્ર્ય પૂર્વેના ભારતીય અર્થતંત્રની સમજૂતી આપો.

(4) સ્વાતંત્ર્ય પછીના ભારતીય અર્થતંત્રની સમજૂતી આપો.

**પારિભાષિક શબ્દો**

| | | |
|---|---|---|
| **રોજગારીનું માળખું (Occupational Structure)** | : | એક અર્થતંત્રમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રે મળેલ રોજગારીના સંયોજનને રોજગારીનું માળખું કહે છે. |
| **રાષ્ટ્રીય આવક (National Income)** | : | વર્ષ દરમિયાન ખેતી-ઉદ્યોગ-સેવાક્ષેત્ર દેશ અને વિદેશનાં સાધનો દ્વારા ઉત્પન્ન થયેલ અંતિમ વસ્તુઓ-સેવાઓનું નાણાકીય મૂલ્ય. |
| **પાયાની સુવિધાઓ (Basic Utilities)** | : | દેશના વિકાસ માટે આવશ્યક મૂળભૂત સગવડો અને પાયાની સુવિધાઓ કહે છે. |
| **જકાત (Tariff)** | : | જકાત એટલે એક પ્રકારનો કર જ્યારે દેશના લોકો અને પેઢીઓ આયાત-નિકાસ કરે છે ત્યારે ચોક્કસ ઉદ્દેશ્યથી આ આયાત-નિકાસ પર સરકાર દ્વારા નાંખવામાં આવતા કરને જકાત કહે છે. |
| **મહેસૂલ (Revenue)** | : | એક પ્રકારના કર જે જમીન ઉપર વસૂલ કરવામાં આવે છે. |
| **માથાદીઠ આવક (Per Capita Income)** | : | દેશની રાષ્ટ્રીય આવકને તેની વસતિ વડે ભાગવાથી મળતી આવકની સરેરાશને માથાદીઠ આવક કહે છે. |
| **ઉદ્યોગનીતિ (Industrial Policy)** | : | અર્થતંત્ર માટે જરૂરી ઉદ્યોગોને પ્રોત્સાહન અને અંકુશ માટે રચવામાં આવેલી માળખાકીય વ્યૂહરચનાને ઉદ્યોગનીતિ કહે છે. જેને ટૂંકમાં દેશના ઔદ્યોગિક વિકાસ માટે લેવામાં આવતાં પગલાંઓની સત્તાવાર જાહેરાત કહી શકાય. |
| **આર્થિક શોષણ (Economic Exploitation)** | : | કોઈ એક વ્યક્તિ કે અર્થતંત્ર દ્વારા અન્ય વ્યક્તિ અર્થતંત્રનાં સંસાધનો (સંપત્તિ)નો પોતાના માટે થતા ઉપયોગને આર્થિક શોષણ કહે છે. |
| **સામાજિક માળખું (Social Structure)** | : | સમાજની સારી અને ખરાબ બાબતોના સરવાળા દ્વારા જોવા મળતી સમાજની ગુણવત્તાને સામાજિક માળખું કહે છે. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 આર્થિક સુધારાઓ (Economic Reforms)


- પ્રસ્તાવના
- 8.1 1991થી આર્થિકનીતિના પરિવર્તન માટેના હેતુઓ
- 8.2 ઉદારીકરણ
- 8.3 ભારતમાં ઉદારીકરણની પ્રક્રિયા
- 8.4 ખાનગીકરણ
- 8.5 ભારતમાં ખાનગીકરણની પ્રક્રિયા
- 8.6 વૈશ્વિકીકરણ
- 8.7 ભારતમાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા
- 8.8 ભારતમાં વિદેશી મૂડીરોકાણ
- 8.9 વિદેશી મૂડીરોકાણના પ્રકારો
  - 8.9.1 વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણ
  - 8.9.2 પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ
- 8.10 પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનું સ્વરૂપ
- 8.11 ભારતની વિદેશ વ્યાપારનીતિ
- 8.12 ભારતની વિદેશ વ્યાપારનીતિના તબક્કા
  - 8.12.1 વૈશ્વિકીકરણ પહેલાંની વિદેશ વ્યાપારનીતિ
  - 8.12.2 વૈશ્વિકીકરણ પછીની વિદેશ વ્યાપારનીતિ
- 8.13 આર્થિક સુધારાઓનું મૂલ્યાંકન
  - 8.13.1 આર્થિક સુધારાની સાનુકૂળ અસરો
  - 8.13.2 આર્થિક સુધારાની પ્રતિકૂળ અસરો


**પ્રસ્તાવના (Introduction)**

સ્વતંત્ર ભારતના નીતિ ઘડનારાઓ સામે ભારતના આર્થિક અને સામાજિક વિકાસના પડકારો હતા. આ માટે આર્થિકક્ષેત્રે ભારતે મિશ્ર અર્થતંત્રવાળી અર્થવ્યવસ્થા સ્વીકારી, જેમાં સમાજવાદી ઢબની સમાજરચના તરફ ઝોક વધારે રહ્યો.

1947થી 1990ના ગાળામાં ભારતે અપનાવેલ આયોજિત વિકાસની વ્યૂહરચના અને અર્થતંત્ર પર રાજ્યના વધારે પડતા અંકુશોને લીધે આપણાં આર્થિક ધ્યેયોને પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડી તેમ ઘણા આર્થિક નિષ્ણાતોને લાગ્યું. ભારતના વેપારની તુલામાં ઊંચી ખાધ રહી એટલે કે આયાતની સરખામણીમાં નિકાસો નીચી રહેતાં વિદેશી હૂંડિયામણની કમાણીમાં ખાધ વરતાઈ અને ભારતે વિદેશી સંસ્થાઓ પાસે મદદ લેવી પડતી હતી. દુનિયાના વિકસિત દેશો તથા આંતરરાષ્ટ્રીય નાણા-સંસ્થાઓએ પણ ભારતને નાણાકીય સહાય આપવા માટે પૂર્વ શરત મૂકી કે ભારત પોતાની આર્થિકનીતિઓમાં પરિવર્તન કરે અને અર્થતંત્રને રાજ્યના અંકુશોમાંથી મુક્ત કરે. માટે ભારતે આર્થિકનીતિઓમાં પરિવર્તન કર્યું તથા તે માટે જરૂરી સંસ્થાગત અને કાયદાકીય ફેરફારો કર્યા.

## 8.1 1991થી આર્થિકનીતિના પરિવર્તન માટેના હેતુઓ (Objectives of Economic Policy Reforms Since 1991)

રાજ્યના અંકુશોવાળી અર્થ-વ્યવસ્થાને બજાર આધારિત મુક્ત અર્થ-વ્યવસ્થા તરફ લઈ જવા તથા મિશ્ર અર્થ-વ્યવસ્થામાં જાહેર ક્ષેત્રનો વ્યાપ ઘટાડીને ખાનગી ક્ષેત્રનો વ્યાપ વધારવા ભારતમાં ઈ.સ. 1991માં આર્થિક કાયદાઓ બદલવામાં આવ્યા અને આર્થિકનીતિનું પરિવર્તન થયું. જે પ્રક્રિયાઓને આર્થિક સુધારાઓ તરીકે ઓળખવામાં આવે છે. જેના હેતુઓ નીચે મુજબ રાખવામાં આવ્યા :

**8.1.1** ભારતની વિપુલ કુદરતી સંપત્તિ તથા માનવસંપત્તિનો આર્થિક વિકાસમાં ઉપયોગ થાય તે માટે ખાનગી અને વિદેશી મૂડીરોકાણને વધારે પ્રોત્સાહન આપવું.

**8.1.2** દેશનાં સંસાધનોની વધુ કાર્યક્ષમ ફાળવણી કરવી અને મહત્તમ ઉપયોગ કરવો.

**8.1.3** રાજ્યના ખર્ચમાં ઘટાડો કરવો અને જાહેર ક્ષેત્રોના ખાનગીકરણને લીધે પાછાં મળેલાં નાણાંને પ્રજા-કલ્યાણની અન્ય સવલતોમાં ખર્ચવા.

**8.1.4** દેશની આવક-રોજગારી તથા નિકાસ-આવકોમાં વધારો કરવો.

**8.1.5** દેશના આર્થિકક્ષેત્રે સ્પર્ધાત્મકતા વધારવી.

**8.1.6** લાંબા ગાળે દેશનો આર્થિક વિકાસ અને વૃદ્ધિદર સાતત્યપૂર્વક વધારવો.

આ હેતુઓ પાર પાડવા ભારતમાં 1991થી આર્થિકનીતિઓનું પરિવર્તન કરવામાં આવ્યું, જેનાં ત્રણ પાસાંઓ છે :

(1) ઉદારીકરણ (2) ખાનગીકરણ (3) વૈશ્વિકીકરણ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**8.2 ઉદારીકરણ (Liberalization)**

રાજ્ય અંકુશિત અર્થ-વ્યવસ્થામાં ખાનગી સાહસ, વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય, બજાર-પરિબળો દ્વારા આર્થિક નિર્ણયોનો વ્યાપ વધે અને રાજ્યનો હસ્તક્ષેપ ઘટે તેને ઉદારીકરણ કહે છે. ભારતના મિશ્ર અર્થતંત્રમાં રાજ્યના અંકુશોવાળા આર્થિક નિર્ણયોમાં ખાનગી અને બજાર આધારિત ક્ષેત્રના સ્વીકારને ઉદારીકરણ કહે છે. ઉદારીકરણમાં,

(1) અર્થતંત્ર પરના રાજ્યના અંકુશો ઘટતા જાય છે.

(2) આર્થિક નિર્ણયોની પ્રક્રિયામાં બજારના માંગ-પુરવઠામાં પરિબળોની અસર વધતી જાય છે.

(3) તબક્કાવાર જાહેર ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રને પ્રવેશવા દેવાય છે.

(4) દેશના ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે અપાતું ખાસ નીતિગત રક્ષણ ક્રમશઃ ઘટતું જાય છે. એટલે કે રાજ્ય દેશના ઉદ્યોગો અને વિદેશી ઉદ્યોગો બાબતે તટસ્થ બને છે.

**8.3 ભારતમાં ઉદારીકરણની પ્રક્રિયા (Process of Liberalization in India)**

ભારતમાં આર્થિક ઉદારીકરણ તબક્કાવાર અમલમાં આવ્યું છે. રાજ્યે પ્રથમ દેશના ઉત્પાદકો, મૂડીરોકાણકર્તાઓ માટે નિયમો હળવા કર્યા. પછી વિદેશી મૂડીરોકાણકારો માટે પ્રવેશની છૂટ આપી. તેવી જ રીતે આર્થિકક્ષેત્રો પણ વ્યૂહાત્મક રીતે નિયંત્રણ મુક્ત થયા. દા.ત. પહેલાં વપરાશનાં ક્ષેત્રો મુક્ત થયાં, પછી જાહેરસેવાના અને નાણાબજારને મુક્ત કરાયું.

આર્થિકનીતિઓનું પરિવર્તન કે જેને ઘણા આર્થિક સુધારા કહે છે તેનો અમલ કરવા માટે આર્થિક કાયદાઓમાં પરિવર્તન કરવું પડે છે. ભારતની સંસદે આ માટે તબક્કાવાર કાયદાઓમાં પરિવર્તન કર્યા. જેમકે,

**8.3.1** MRTP Act (1969)ને Competition Act (2002)માં બદલવામાં આવ્યો.

**8.3.2** FERA માંથી Regulation શબ્દ હટાવીને Managment શબ્દ મુકાયો (એટલે હવે તે નિયમન કરવાને બદલે સંચાલન કરશે.) જેથી FERAનું સ્થાન FEMA એ લીધું.

**8.3.3** ઔદ્યોગિકનીતિમાં મોટા પાયે પરિવર્તન કરવામાં આવ્યું, જ્યાં જાહેર ક્ષેત્ર માટે આરક્ષિત ક્ષેત્રો ઘટાડીને ત્રણ કરી દેવાયાં, નાના પાયાના ઉદ્યોગો માટે મૂડીરોકાણ મર્યાદામાં વધારો કરાયો કે જેથી તેઓ નવીનીકરણ પાછળ ખર્ચ કરી શકે.

**8.3.4** વિદેશી મૂડીરોકાણની પ્રક્રિયા સરળ બની અને ઘણાં બધાં આર્થિક ક્ષેત્રોમાં વિદેશી મૂડીરોકાણ માટે 'આપમેળે પરવાના'ની જોગવાઈ કરવામાં આવી.

**8.3.5** રાજકોષિયનીતિ, વ્યાપારનીતિ અને આયાત-નિકાસનીતિ દ્વારા રાજ્યે બજાર-પરિબળોને આર્થિક નિર્ણયની પ્રક્રિયામાં વધારે મહત્ત્વ આપ્યું. સબસિડી-ખર્ચમાં ઘટાડો કરાયો, આયાત-નિકાસ પરવાનાનીતિ હળવી કરાઈ, હૂંડિયામણનો દર વધુ મુક્ત બનાવાયો.

**8.4 ખાનગીકરણ (Privatization)**

ખાનગીકરણ એટલે ઔદ્યોગિક માલિકીનું જાહેર ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં હસ્તાંતરણ.

રાજ્ય દેશમાં જાહેર ક્ષેત્રના ઉદ્યોગોનું માલિકી અને સંચાલન ધરાવે છે. આ માલિકી અને સંચાલન પૂર્ણરૂપે અથવા આંશિકરૂપે ખાનગીક્ષેત્રને સોંપવાની પ્રક્રિયા એટલે ખાનગીકરણની પ્રક્રિયા.

**8.5 ભારતમાં ખાનગીકરણની પ્રક્રિયા (Process of Privatization in India)**

ખાનગીકરણ નીચે મુજબ થઈ શકે :

(1) વિમૂડીકરણ દ્વારા (2) જાહેર ક્ષેત્ર માટે અનામત ઉદ્યોગોની સંખ્યા ઓછી કરી ખાનગી ક્ષેત્રનો વ્યાપ વધારીને (3) જાહેર-ખાનગી સંયુક્ત માલિકીના ઉદ્યોગો સ્થાપીને.

**8.5.1 ભારતમાં વિમૂડીકરણનો અર્થ અને પ્રક્રિયા :**

**અર્થ :** વિમૂડીકરણ એટલે જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી રાજ્ય પોતાનો ફાળો ઓછો કરીને કે પાછો ખેંચીને ખાનગી ક્ષેત્રને વેચે છે. આમ, રાજ્ય જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી પોતાની મૂડી પાછી ખેંચે છે જેને વિમૂડીકરણ કહે છે.

**8.5.2** પ્રક્રિયા : ભારતમાં વિમૂડીકરણની પ્રક્રિયા સમજવા માટે બે બાબતો સમજવી જરૂરી છે :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પ્રથમ તો સરકાર જાહેર ક્ષેત્રના ઉદ્યોગોના શૅર ખાનગી ક્ષેત્રને વેચીને માલિકીનું હસ્તાંતરણ કરે તે ખાનગીકરણ છે. આવું ખાનગીકરણ બે રીતે થાય છે :

(અ) જાહેર ક્ષેત્રના તમામ શૅર ખાનગી ક્ષેત્રને વેચી દેવા, એટલે માલિકીનું સંપૂર્ણ હસ્તાંતરણ.

(બ) જાહેર ક્ષેત્રના કેટલાક શૅર ખાનગી ક્ષેત્રને વેચવા. દા.ત., 29 % કે 49 % ખાનગી ક્ષેત્રને આપવા કે અંશતઃ ખાનગીકરણ કહેવાય. જો 51 ટકાથી ઓછા શૅર વેચાય તો નાના પાયાનું વિમૂડીકરણ કહેવાય. 51 ટકાથી વધારે શૅર વેચાય તો મોટા પાયાનું વિમૂડીકરણ કહેવાય.

રાજ્ય જેમ કેટલાક ઉદ્યોગોની માલિકી ધરાવે છે તેમ કેટલાંક ક્ષેત્રો પર અંકુશ રાખે છે. ખાસ તો જાહેર સેવાનાં ક્ષેત્રો. જ્યાં ખાનગી રોકાણકારોને પ્રવેશવાની બંધી હોય છે. ખાનગીકરણની પ્રક્રિયાનો બીજો અગત્યનો મુદ્દો એ કે રાજ્ય હસ્તકના જાહેર ક્ષેત્રમાં પણ કામ કરવાની છૂટ અપાઈ છે.

દા.ત., બૅન્કિંગ વ્યવસાય, શિક્ષણ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહારમાં હવે ખાનગી ઉદ્યોગજૂથો પણ સેવા પૂરી પાડે છે.

**8.5.3** આઝાદી બાદનાં શરૂઆતનાં વર્ષોમાં, ભારતમાં જાહેર ક્ષેત્રનું વિસ્તરણ થતું હતું. 31 માર્ચ, 1951માં ભારતમાં રાજ્ય હસ્તક 5 ઉદ્યોગો હતા. જે 1990માં વધીને 233 થયા હતા. માર્ચ 2010માં તે 217 થયા અને 2015માં 300 થયા પરંતુ જૂના ઉદ્યોગોમાંથી વિમૂડીકરણ ચાલુ રહ્યું છે.

**8.5.4** જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવેલાં ક્ષેત્રો ખાનગી મૂડીરોકાણ માટે ખુલ્લા મૂકવામાં આવ્યાં. હાલમાં અણુ-ઊર્જા (Atomic Energy) માટેના નિયંત્રિત સાધનો તથા રેલવે રાજ્ય હસ્તક-નિયંત્રિત છે.

### 8.6 વૈશ્વિકીકરણ (Globalization)

વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા 'જેમાં ભારત દુનિયાના દેશો સાથે આર્થિક સંબંધો વધારે જેમકે, ચીજવસ્તુઓ, મૂડી, માનવસંશાધન, ટેક્નોલૉજી, કુદરતી સાધનો, નાણાકીય સાધનો વેપારનાં ક્ષેત્રોમાં દેશના અર્થતંત્રમાં રાજ્યે મૂકેલા અંકુશો ક્રમશઃ નાબૂદ કરવા. આર્થિક આત્મનિર્ભરતા માટે આ પ્રકારની ખુલ્લી નીતિઓ અપનાવવી.

### 8.7 ભારતમાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા (Process of Globalization in India)

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે તેના વધારે પડતા દેવા નીચે દબાયેલા વિકસતા દેશોને 1991માં તેમની સંરક્ષણાત્મક આર્થિકનીતિઓ બદલવાની ફરજ પાડી માટે ભારતે પણ દેશના ઉદ્યોગોને રક્ષણ આપનારી આર્થિકનીતિઓમાંથી મુક્ત આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહક નીતિઓ સ્વીકારી અને ભારતમાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ જેમાં,

**8.7.1** આયાત-નિકાસ પરવાનાનીતિ હળવી કરવામાં આવી.

**8.7.2** 1995માં ભારત વિશ્વવ્યાપાર સંસ્થા (WTO - World Trade Organization)નું સભ્ય બન્યું અને તેના નિયમોનું પાલન કરતું થયું.

**8.7.3** ભારતીય ચલણ રૂપિયાના અન્ય દેશોના ચલણ સાથેના વિનિમયના દરને ક્રમશઃ મુક્ત કર્યો. તેના ખરીદ-વેચાણને પણ સરળ બનાવાયું અને આપણા રૂપિયાનું મૂલ્ય વેપાર દ્વારા નિર્ધારિત થતું થયું.

**8.7.4** દેશના અર્થતંત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણને ક્ષેત્રવાર, તબક્કાવાર વધુ ને વધુ મુક્ત બનાવાયું.

**8.7.5** ભારતીય ઉદ્યોગકારો, રોકાણકારોને અન્ય દેશો સાથેના આર્થિક વ્યવહારોમાં વધુ મોકળાશ આપવામાં આવી.

**8.7.6** દેશના અને વિદેશના ઉત્પાદકો, વેપારીઓ, રોકાણકર્તાઓ માટે રાજ્ય નીતિગત રીતે તટસ્થ બન્યું. એટલે કે ઘરેલુ ઉદ્યોગોને વધુ પડતું રક્ષણ આપવાની નીતિમાં ફેરફાર થયા.

**8.7.7** અન્ય દેશો સાથેના સાંસ્કૃતિક-સામાજિક આદાન-પ્રદાન પણ સરળ બન્યા.

### 8.8 ભારતમાં વિદેશી મૂડીરોકાણ (Foreign Investment in India)

વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ એક અગત્યનું પગલું ગણાયું છે. ભારતની નિયંત્રિત અર્થ-વ્યવસ્થામાં રાજ્ય જ દેશની નાણાકીય જરૂરિયાતો જેવી કે, ઉદ્યોગોની સ્થાપના માટે મૂડીરોકાણ, ચીજવસ્તુઓ-સેવાઓ કે ટેક્નોલૉજીની આયાત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

માટે વિદેશી હૂંડિયામણની જરૂરિયાત વગેરે માટે વિદેશી સંસ્થાઓ કે વ્યક્તિઓ પાસેથી મદદ લેતી, કારણ કે વિદેશી રોકાણ પર નિયંત્રણો હતાં. 1991 પછી રાજ્યે આર્થિક કાયદાઓમાં ફેરફાર કરીને વિદેશી વ્યક્તિ કે સંસ્થાઓને સીધું જ ઉદ્યોગોમાં વધુ પ્રમાણમાં રોકાણ કરવાની છૂટ આપી.

**8.9 વિદેશી મૂડીરોકાણના પ્રકારો (Type of Foreign Investment)**

વિદેશી મૂડીરોકાણને બે રીતે સમજી શકાય :

**8.9.1 વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણ (Foreign Institutional Investment : FII) :** જ્યારે વિદેશી રોકાણકર્તા વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં ફેક્ટરી કે ધંધાની સ્થાપના કરવાને બદલે દેશના નાણાબજાર, મૂડીબજારમાં શૅર કે બૉન્ડની ખરીદી કરીને રોકાણ કરે છે તેને વિદેશી સંસ્થાગત રોકાણ કહેવામાં આવે છે. આવી કંપનીઓએ વિદેશી સંસ્થાગત રોકાણકર્તા (Foreign Institutional Investor) તરીકે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી બને છે. ભારત સરકાર દ્વારા નિર્ધારિત કરેલી માત્રામાં જ આવાં રોકાણો કરી શકાય છે. મોટા ભાગે આવાં રોકાણો વિદેશ બૅન્કો, વીમાકંપીઓ, મ્યુચ્યુઅલ ફંડ વગેરે કંપનીઓ દ્વારા થતાં હોય છે.

વિદેશી કંપનીઓ જેટલી ઝડપથી શૅર બજારમાં નાણું ઠાલવે છે એટલી જ ઝડપથી પાછું પણ ખેંચી શકે છે. માટે દેશના અર્થતંત્રમાં તે અસ્થિરતાનું જોખમ પણ લાવે છે.

**8.9.2 પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ :** વૈશ્વિકીકરણ બાદ ભારતમાં વિદેશી કંપનીઓને ઉત્પાદન તથા વેચાણનાં ક્ષેત્રોમાં સીધું જ રોકાણ કરવા દેવામાં આવે છે જે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ છે.

જ્યારે વિદેશી વ્યક્તિ, સંસ્થા કે કંપનીઓ દેશના અર્થતંત્રમાં વસ્તુ કે સેવાના ઉત્પાદન કે વેચાણનાં ક્ષેત્રોમાં સીધું જ મૂડીરોકાણ કરે છે તેને પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ કહે છે.

અહીં કંપની, ફેક્ટરી, ઉદ્યોગધંધાની તેઓ પોતે જ સ્થાપના કરે છે કે સીધી ભાગીદારી કરે છે અને સંચાલનમાં કાબૂ મેળવે છે.

**8.10 પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનું સ્વરૂપ (Nature of Foreign Direct Investment)**

ભારતમાં વિદેશી વ્યક્તિઓ કે નાણાસંસ્થાઓ દ્વારા સીધું મૂડીરોકાણ આવ્યું છે. તેનું સ્વરૂપ નીચે મુજબ છે :

(1) તે સંસ્થાગત રોકાણના સ્વરૂપમાં હોય છે. સીધા મૂડીરોકાણના સ્વરૂપે હોવાથી તે વધુ સ્થિર રોકાણ ગણાય છે.

(2) તે યંત્રો, કાચો માલ, સંપત્તિના સ્વરૂપમાં હોય છે.

(3) તે દેશમાં નવી ટેક્નોલૉજીના સ્વરૂપે આવે છે.

(4) તે કાર્ય સંસ્કૃતિ ઊભી કરે છે.

ભારતમાં તબક્કાવાર વિવિધ આર્થિક ક્ષેત્રોમાં સ્વતંત્રપણે તથા ભારતના રોકાણકારો સાથે મળીને વિદેશી રોકાણકારોએ સીધું વિદેશી મૂડીરોકાણ વધાર્યું છે અને ભારતના વિદેશી હૂંડિયામણની અનામતોમાં વધારો થયો છે.

**8.11 ભારતની વિદેશ વ્યાપારનીતિ (India's Foreign Trade Policy)**

ભારતની વિદેશ વ્યાપારનીતિ હંમેશાં નીચે મુજબના પડકારોનો સામનો કરતી આવી છે :

**8.11.1** આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે ઘરેલું ઉદ્યોગોને રક્ષણ આપવા માટે આયાતો પર અંકુશ રાખવાની જરૂરિયાત.

**8.11.2** ઘરેલું ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવા તથા આયાત અવેજીકરણ માટે ટેક્નોલૉજી યંત્રો, પૂરક યંત્રો તથા સંસાધનોની આયાતનું પ્રમાણ નક્કી કરવું.

**8.11.3** વિદેશી હૂંડિયામણ બચાવવા બિનજરૂરી ચીજવસ્તુની આયાતો પર અંકુશ રાખવો કે નહિ ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**8.11.4** આવશ્યક આયાતો માટેની ચુકવણી માટે જરૂરી હૂંડિયામણ કમાવા માટે નિકાસોને પ્રોત્સાહન આપવું.

**8.11.5** ઘણીબધી ભારતીય વસ્તુઓ ગુણવત્તાના પ્રશ્ને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ટકી શકતા નથી. વિદેશનીતિ માટે આ પ્રશ્નનો ઉકેલ પડકાર જનક હતો.

**8.11.6** વિદેશ વ્યાપારનીતિના ઘડતરમાં રોજગારીના વ્યાપક આધાર સમા નાના અને ગૃહઉદ્યોગોના ઉત્પાદન તથા વિકાસને પ્રોત્સાહન આપવું.

**8.11.7** આંતરરાષ્ટ્રીય વેપારમાં વિદેશી હૂંડિયામણની જરૂરિયાત ઊભી થાય છે તેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારની સમસ્યાઓ આંતરિક વેપારની સમસ્યાઓ કરતાં જુદી હોય છે.

આ તમામ પડકારોને ધ્યાનમાં રાખી ભારતમાં વિદેશ વ્યાપારનીતિ રજૂ થતી રહી અને તેમાં સમયાંતરે પરિવર્તન થતાં રહ્યાં.

## 8.12 ભારતની વિદેશ વ્યાપારનીતિના તબક્કા (Stages of India's Foreign Trade Policy)

ભારતની વિદેશ વ્યાપારનીતિને આપણે બે ભાગમાં વહેંચી શકીએ :

(1) વૈશ્વિકીકરણ પહેલાંની વિદેશ વ્યાપારનીતિ (2) વૈશ્વિકીકરણ પછીની વિદેશ વ્યાપારનીતિ.

**8.12.1 વૈશ્વિકીકરણ પહેલાંની વિદેશ વ્યાપારનીતિ :** સ્વતંત્રતા બાદ શરૂઆતનાં વર્ષો વહીવટીય-આર્થિક-રાજકીય માળખાની ગોઠવણનાં હતાં. દેશ વિદેશી શાસનમાંથી મુક્ત થયો હતો માટે વિદેશી વસ્તુ, વિદેશ-વ્યાપાર, વિદેશી કંપની સામે માનસિક વિરોધ હતો. આ ગાળામાં આયાત પર અંકુશો હતા. દેશની નિકાસો પણ ખૂબ ઓછી હતી.

ભારતે મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું અને આયોજન દ્વારા વિકાસની વ્યૂહરચના અપનાવી. મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના તથા જરૂરી ઉદ્યોગોના વિકાસ માટે મોટા પાયે આયાતો થઈ. વિદેશી હૂંડિયામણ ઘટી જવા પામ્યું. વપરાશી ચીજવસ્તુઓની આયાતો પર ભારે નિયંત્રણો મુકાયાં.

ભારતની વિદેશ વ્યાપારનીતિમાં દેશના ઉદ્યોગોને સંરક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો. આયાતો પર અંકુશ લાગ્યા અને નિકાસ વધારીને વિકાસ કરવાનું વિચારાયું. ભારતની નિકાસોમાં ખેતપેદાશો, હસ્તકળા, ઝવેરાત જેવી પરંપરાગત નિકાસો સાથે ટેક્નોલૉજી, આધારિત બિનપરંપરાગત નિકાસો વધારવામાં આવી.

વિદેશી હૂંડિયામણના બજારમાં રૂપિયો સરકારના અંકુશમાં રખાયો, જ્યાં રૂપિયાના અવમૂલ્યન દ્વારા નિકાસ વધારવાની નીતિ અપનાવાઈ. જોકે રૂપિયાના અવમૂલ્યનથી આયાતો મોંઘી થઈ. પણ તે અતિઆવશ્યક હોવાથી તેમાં ઘટાડો ન થયો. ખર્ચ વધ્યું અને લેણદેણ તુલામાં ખાધ ઊભી થઈ. શરૂઆતમાં આયાત અવેજીકરણ દ્વારા આયાત-ખર્ચ ઘટાડવાની વ્યૂહરચના અપનાવાઈ. આયાત અવેજીકરણ એટલે આયાત થતી વસ્તુની અવેજીમાં પોતાના દેશમાં વસ્તુઓ ઉત્પન્ન કરવાની નીતિ.

**8.12.2 વૈશ્વિકીકરણ પછીની વિદેશવ્યાપાર નીતિ :** 1991થી ભારતે આર્થિકનીતિઓમાં પરિવર્તન કર્યું. વિદેશ વ્યાપારનીતિ સંરક્ષણાત્મકને બદલે મુક્ત વ્યાપાર તરફી બનાવાઈ. રૂપિયાને વિદેશી હૂંડિયામણ બજારમાં ક્રમશઃ અંકુશમુક્ત કરાયો. આયાત-નિકાસ પરવાના હળવા કરાયા. માત્ર ક્રૂડ ઑઇલ, ખાદ્યતેલ, રસાયણ જેવી થોડી આયાતોમાં જ અંકુશો રખાયા.

સીધા વિદેશી મૂડીરોકાણની છૂટ અને ખાનગીકરણને કારણે વિદેશી કંપનીઓ હવે દેશમાં જ વસ્તુઓનું ઉત્પાદન-વેચાણ કરી શકે છે. ભારતને પણ વૈશ્વિકીકરણના લાભ મળતા તેથી બીજા દેશોમાં નિકાસ વધી. 1991 પછીની વિદેશ વેપારનીતિ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ભારતનો હિસ્સો વધે તે રીતે ઘડાઈ. 1995માં વિશ્વ વ્યાપાર સંગઠનનું ભારત સભ્ય બન્યું અને તેના માર્ગદર્શન મુજબ કાયદાઓ બદલવામાં આવ્યા. જેમ કે, ખેતપેદાશની આયાત-નિકાસ માટેના કાયદા, મૂડીરોકાણ અંગેના કાયદા વગેરે.

## 8.13 આર્થિક સુધારાઓનું મૂલ્યાંકન (Evaluation of Economic Reforms)

ભારતમાં 1991થી રાજ્યના અંકુશોવાળી આર્થિકનીતિઓ બજાર આધારિત, ખાનગી મિલકત અને નિર્ણયના સ્વાતંત્ર્યવાળી મુક્ત અર્થ-વ્યવસ્થા તરફ બદલવામાં આવી. તેને ઘણા આર્થિક સુધારાના નામે ઓળખે છે. ભારતમાં 1951થી આયોજિત આર્થિક વિકાસ, જાહેર ક્ષેત્રનું પ્રભુત્વ અને અર્થકારણ પર રાજ્યના અંકુશો દ્વારા સમાજવાદી ઢબની સમાજરચનાનો ઉદ્દેશ્ય હતો. આ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નીતિઓમાં 1991 પછી પરિવર્તન આવ્યું. આજે લગભગ 25 વર્ષના અનુભવ પછી આ પરિવર્તનોનું મૂલ્યાંકન કરીએ તો નીચેની બાબતો મહત્ત્વની બને છે :

**8.13.1 આર્થિક સુધારાની સાનુકૂળ અસરો :** ભારતે આર્થિકક્ષેત્રે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની જે નવી આર્થિકનીતિ અપનાવી તેણે આર્થિક નિર્ણયોમાં માંગ-પુરવઠાનાં પરિબળોનું મહત્ત્વ વધારી દીધું. માટે જ કિંમત-નિર્ધારણ, વેતન-નિર્ધારણ, વ્યાજ-નિર્ધારણ અંકુશમુક્ત અને વાસ્તવિક બન્યા. રાજ્યના અંકુશો ઓછા થવાના કારણે ઉત્પાદન, મૂડીરોકાણ, વહેંચણી આર્થિક પરિબળો દ્વારા નક્કી થઈ. રાષ્ટ્રીય અને વિદેશી એવા ભેદ ઘટ્યા. પરિણામે અર્થતંત્ર પર કેટલીક સાનુકૂળ આર્થિક અસર થઈ.

(1) દેશના ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની વસ્તુઓ સહેલાઈથી, સસ્તા દરે મળતી થઈ.

(2) દેશના હૂંડિયામણના ભંડોળમાં વધારો થયો.

(3) ભારતની નિકાસોમાં વધારો થયો.

(4) રાજ્યને વિદેશી દેવાનો બોજો ઘટ્યો અને સીધા વિદેશી મૂડીરોકાણ વધ્યાં જેનું જોખમ રાજ્યને માથે ન હતું.

(5) મોટા પાયાનાં રોકાણો દ્વારા ખાનગી ક્ષેત્રનો વિકાસ થયો. ઉત્પાદન-રોજગારી વધ્યા.

(6) સાધનોની ગતિશીલતામાં વધારો થયો.

(7) રાજ્યના અંકુશોને કારણે ભ્રષ્ટાચાર, અમલદારશાહી, નિર્ણયોમાં વિલંબ, જડતા વધ્યા હતા તે ક્રમશઃ ઘટ્યા.

(8) રાજ્યના અંકુશ તથા મૂડીની અછતને કારણે ઉપેક્ષા પામેલાં ક્ષેત્રોમાં ખાનગી મૂડીરોકાણ દ્વારા વેગ આવ્યો.

(9) વસ્તુઓ અને સેવાઓની અછતમાં ઘટાડો થયો, વૈવિધ્યમાં વધારો થયો.

(10) અન્ય દેશ સાથેના સામાજિક-સાંસ્કૃતિક સંબંધો વધારે સુદૃઢ થયા.

**8.13.2 આર્થિક સુધારાની પ્રતિકૂળ અસરો :** નવી આર્થિકનીતિએ કેટલાક સામાજિક આર્થિક પ્રશ્નો પણ ઊભા કર્યા છે. જેમકે,

(1) નાના પાયાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોને ભારે નુકસાન થયું. બહુરાષ્ટ્રીય કંપનીઓના જાહેરાત-ખર્ચ અને સ્પર્ધાત્મકતા સામે તે ટકી શક્યા નહિ.

(2) ખાનગીકરણની સાથે જ વૈશ્વિકીકરણ શરૂ થઈ ગયું. એટલે દેશના ઉત્પાદકો કાર્યક્ષમ બને તે પહેલાં જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનો તેમને સામનો કરવો પડ્યો. જેણે ઘણા રાષ્ટ્રીય ઉદ્યોગોને નુકસાન પહોંચાડ્યું.

(3) જાહેર સેવાઓનું ખાનગીકરણ થયું. સબસિડીમાં ઘટાડો થયો પરિણામે જાહેર સેવાઓ અને પાયાની સુવિધાઓ મોંઘી બની. જેણે તમામ વસ્તુ-સેવાના ઉત્પાદન-ખર્ચમાં વધારો કર્યો.

(4) ભારતીય ચલણનું નિર્ધારણ વેપારના આધારે અને બજારમાં થવાથી તેના મૂલ્યમાં વધુ પ્રમાણમાં બદલાવ આવે છે જેના કારણે વેપાર કરતી ઘણી ભારતીય કંપનીઓને નુકસાન થઈ શકે છે.

(5) બહુરાષ્ટ્રીય કંપનીઓ, મોટી કંપનીઓએ નીચા દરે ખૂબ પુરવઠો અર્થતંત્રમાં ઠાલવી લાદણની નીતિ આચરી.

(6) WTO એ ગુણવત્તાનાં ઊંચાં ધોરણો નિર્ધારિત કર્યાં જેના કારણે ભારત જેવા દેશોને કેટલીક વસ્તુઓનો નિકાસ કરવા માટે પડકારો ઊભા થયા. ખાસ કરીને ખેત-પેદાશોની નિકાસો અંગે.

(7) ખાનગીકરણને કારણે મોટા પાયે ઉદ્યોગો સ્થપાયા. જેને રસ્તા, વીજળી, પાણી, કાચા માલની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળી નહિ અને તેની તંગી સર્જાઈ.

(8) આર્થિક અસમાનતામાં ખૂબ વધારો થયો છે.

(9) જીવન જરૂરી વસ્તુઓ-સેવાઓના ભોગે સમાજના નાના વર્ગની (સાધન-સંપન્ન) જરૂરિયાત સંતોષતી મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન-વેચાણ વધ્યા છે.

(10) સામાજિક-સાંસ્કૃતિક વારસાને વ્યાપક નુકસાન થયું છે તેવું ઘણા માને છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ભારતમાં આર્થિક સુધારા કયા વર્ષથી અમલમાં આવ્યા ?

(A) ઈ.સ. 1947 (B) ઈ.સ. 1951 (C) ઈ.સ. 1991 (D) ઈ.સ. 1980

(2) ભારતમાં FEMAનો કાયદો કયા વર્ષે આવ્યો ?

(A) ઈ.સ. 1973 (B) ઈ.સ. 1980 (C) ઈ.સ. 1991 (D) ઈ.સ. 1999

(3) નીચેનામાંથી કયો ઉદ્યોગ જાહેર ક્ષેત્ર માટે હવે અનામત છે ?

(A) ખાતર (B) ટેલિવિઝન (C) મોટરકાર (D) રેલવે

(4) આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમાં કરવામાં આવે તેને શું કહેવાય ?

(A) ખાનગીકરણ (B) ઉદારીકરણ (C) આયાત અવેજીકરણ (D) વૈશ્વિકીકરણ

(5) વિદેશી કંપનીઓ દ્વારા દેશમાં કરવામાં આવતા મૂડીરોકાણને શું કહે છે ?

(A) FERA (B) FEMA (C) FDI (D) NRI

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) FERAનું પૂરું નામ આપો.

(2) FEMAનું પૂરું નામ આપો.

(3) FDIનું પૂરું નામ આપો.

(4) ઉદારીકરણનો અર્થ આપો.

(5) વૈશ્વિકીકરણનો અર્થ આપો.

(6) FIIનું પૂરું નામ આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) આર્થિક સુધારાનો અર્થ આપો. આર્થિક સુધારાનાં પાસાં જણાવો.

(2) MRTP ઍક્ટનું પૂરું નામ આપો. આ કાયદો શા માટે ઘડાયો ?

(3) વિમૂડીકરણનો અર્થ આપી તેના પ્રકારો જણાવો.

(4) ભારતમાં 1991માં આર્થિક સુધારા કરવાની ફરજ શાથી પડી ?

(5) વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની મહત્ત્વની બાબતો જણાવો.

(2) પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનો અર્થ આપી તેનું સ્વરૂપ જણાવો.

(3) ભારતમાં વિદેશ વ્યાપારનીતિ સામેના પડકારો જણાવો.

(4) વૈશ્વિકીકરણ પછીની વિદેશ વ્યાપાર નીતિ સમજાવો.

(5) આર્થિક સુધારાની પ્રતિકૂળ અસરો જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) ઉદારીકરણનો અર્થ આપી તેને લીધે ભારતમાં આવેલાં પરિવર્તનો જણાવો.

(2) ભારતમાં 1991થી કરવામાં આવેલા આર્થિક સુધારાની અસરો જણાવો.

(3) ખાનગીકરણમાં અર્થ આપી તેની પ્રક્રિયા સમજાવો.

**પારિભાષિક શબ્દો**

| | | |
|---|---|---|
| **આર્થિક સુધારા (Economic Reforms)** | : | રાજ્યના નિયંત્રણવાળી અર્થ-વ્યવસ્થામાં આર્થિકક્ષેત્રે નિયંત્રણો ક્રમશઃ હળવા કરવાની પ્રક્રિયાને ભારતમાં આર્થિક સુધારા તરીકે ઓળખવામાં આવે છે. |
| **ઉદારીકરણ (Liberalization)** | : | રાજ્ય અંકુશિત અર્થ-વ્યવસ્થામાં ખાનગી સાહસ, વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય બજાર પરિબળ દ્વારા આર્થિક નિર્ણયોનો વ્યાપ વધે તે પ્રક્રિયાને ઉદારીકરણ કહે છે. |
| **ખાનગીકરણ (Privatization)** | : | ખાનગીકરણ એટલે ઔદ્યોગિક માલિકીનું જાહેર ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં હસ્તાંતરણ. |
| **વૈશ્વિકીકરણ (Globalization)** | : | વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા. |
| **વિમૂડીકરણ (Disinvestment)** | : | વિમૂડીકરણ એટલે જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી રાજ્ય પોતાનો ફાળો ઓછો કરીને કે પાછો ખેંચીને ખાનગી ક્ષેત્રને વેચે છે. આમ, રાજ્ય જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી પોતાની મૂડી પાછી ખેંચે છે જેને વિમૂડીકરણ કહે છે. |
| **ઈજારાશાહી નિયંત્રણધારો (MRTP - Monopolies and Restrictive Trade Practices Act : 1969)** | : | ઉદ્યોગોને ઈજારો સ્થાપવા જેટલા મોટા થવાથી રોકવા અંગેનો કાયદો |
| **સ્પર્ધાત્મકતા અંગેનો કાયદો (Compitition Act : 2002)** | : | બજારમાં સ્પર્ધકો વચ્ચેની બિનઆરોગ્યપ્રદ હરીફાઈ રોકવા અંગેનો MRTPના બદલે સ્થપાયેલ ધારો |
| **વિદેશી હૂંડિયામણ નિયમનધારો (FERA - Foreign Exchange Regulation Act : 1973)** | : | ઉદ્યોગો દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી નિયંત્રિત કરતો ધારો |
| **વિદેશી હૂંડિયામણ સંચાલનધારો (FEMA - Foreign Exchange Management Act - 1999)** | : | ઉદ્યોગો દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી નિયંત્રિત કરવાના બદલે તેનું સંચાલન કરવા અંગેનો ધારો |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9 રાષ્ટ્રીય આવક (National Income)


- પ્રસ્તાવના
- 9.1 રાષ્ટ્રીય આવકનો અર્થ
  - 9.1.1 સામાન્ય અર્થ
  - 9.1.2 આલ્ફ્રેડ માર્શલ (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા)
  - 9.1.3 ઈરવિંગ ફિશર (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા)
  - 9.1.4 એ. સી. પીગુ (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા)
- 9.2 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ
  - 9.2.1 રાષ્ટ્રીય આવક
  - 9.2.2 રાષ્ટ્રીય પેદાશ
- 9.3 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ
- 9.4 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો
  - 9.4.1 કુલ આંતરિક પેદાશ
  - 9.4.2 શુદ્ધ આંતરિક પેદાશ
  - 9.4.3 કુલ રાષ્ટ્રીય પેદાશ
  - 9.4.4 શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ
  - 9.4.5 માથાદીઠ આવક
- 9.5 રાષ્ટ્રીય આવકનું માપન (રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ)
  - 9.5.1 ઉત્પાદનની પદ્ધતિ
  - 9.5.2 આવકની પદ્ધતિ
  - 9.5.3 ખર્ચની પદ્ધતિ
- 9.6 રાષ્ટ્રીય આવકની ગણતરી – માપનની મુશ્કેલીઓ
- 9.7 નાણાકીય આવક અને વાસ્તવિક આવક
  - 9.7.1 નાણાકીય રાષ્ટ્રીય આવક
  - 9.7.2 વાસ્તવિક રાષ્ટ્રીય આવક


**પ્રસ્તાવના (Introduction)**

રાષ્ટ્રીય આવક એ સમગ્રલક્ષી (બૃહદ) અર્થશાસ્ત્રનો એક પાયાનો ખ્યાલ છે. રાષ્ટ્રીય આવકના ખ્યાલમાં સમગ્ર અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિને માપવાનો પ્રયાસ થાય છે. કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવક તેના અર્થતંત્રની કામગીરીનું સરવૈયું છે. રાષ્ટ્રીય આવકથી આપણને જે-તે અર્થતંત્રની આર્થિક તબિયતનો પરિચય મળે છે. જો અર્થતંત્રની રાષ્ટ્રીય આવક વધતી હોય તો તે સામાન્ય રીતે તંદુરસ્તીનું પ્રતીક છે અને જો અર્થતંત્રની રાષ્ટ્રીય આવક ઓછી હોય, ધીમે ધીમે વધતી હોય તો એ અર્થતંત્રની નાદુરસ્તીનું પ્રતીક છે તેમ કહેવાય. ટૂંકમાં કોઈ પણ દેશની આર્થિક સમૃદ્ધિના માપદંડ તરીકે રાષ્ટ્રીય આવકનો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે કોઈ પણ દેશમાં વર્ષ દરમિયાન પોતાની મૂડી અને શ્રમથી કુદરતી સંપત્તિનો ઉપયોગ કરીને અંતિમ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજારમૂલ્યને રાષ્ટ્રીય આવક કહે છે. રાષ્ટ્રીય આવકના GNP, NNP, GDP, NDP જેવા મહત્ત્વના ખ્યાલો છે. બે દેશોની સરખામણી માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય આવક ખરેખર શું છે ? તે કેવી રીતે સર્જાય છે ? તેને કેવી રીતે માપી શકાય છે ? માપવાની જુદી જુદી પદ્ધતિઓ કઈ કઈ છે ? રાષ્ટ્રીય આવકની માપણી વખતે કેટલીક સમસ્યાઓ સર્જાય છે. દેશની નાણાકીય આવક જાણવી જોઈએ કે વાસ્તવિક આવક જાણવી જોઈએ ? આ બધી જ બાબતોનો પરિચય મેળવીએ.

## 9.1 રાષ્ટ્રીય આવકનો અર્થ (Meaning of National Income)

**9.1.1 સામાન્ય અર્થ :** વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં કુલ જે ઉત્પાદન થાય છે તેનું નાણાકીય મૂલ્ય તે દેશની રાષ્ટ્રીય આવક છે. આપણે જ્યારે કહીએ કે ભારતની રાષ્ટ્રીય આવક 128 લાખ કરોડ રૂપિયા છે તેનો અર્થ એ થાય કે ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં એક વર્ષ દરમિયાન 128 લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયું છે.

**9.1.2 આલ્ફ્રેડ માર્શલ (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા) :** વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ (જમીન) સાથે સહયોગ થવાથી જે ભૌતિક (દૃશ્ય) અને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અભૌતિક (અદશ્ય-સેવાઓ) વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે તે દેશની રાષ્ટ્રીય આવક છે. પ્રો. માર્શલે આ વ્યાખ્યામાં ચીજવસ્તુઓ અને સેવાઓના ચોખ્ખા ઉત્પાદન ઉપર ભાર મૂક્યો છે. તેથી આ વ્યાખ્યા ઉત્પાદનલક્ષી ગણાય છે.

**9.1.3 ઇરવિંગ ફિશર (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા) :** વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવાય છે. વ્યાખ્યામાં ફિશરે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ-સેવાઓની વપરાશ ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા વપરાશલક્ષી ગણાય છે.

**9.1.4 એ. સી. પીગુ (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા) :** રાષ્ટ્રીય આવક વસ્તુઓ અને સેવાઓનો એવો પ્રવાહ છે કે જેની ચૂકવણી નાણાં દ્વારા કરવામાં આવી હોય છે અથવા જેને નાણાંમાં સહેલાઈથી રજૂ કરી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિદેશી આવક સહિતની સમાજની કુલ આવક જે નાણાંની મદદ વડે સરળતાથી માપી શકાય છે તે રાષ્ટ્રીય આવક છે. આ વ્યાખ્યામાં પીગુએ નાણાં ઉપર ભાર મૂક્યો છે તેથી આ વ્યાખ્યા નાણાંલક્ષી ગણાય છે.

**વિવિધ વ્યાખ્યા ઉપરથી તારણો :**

(1) રાષ્ટ્રીય આવક એક વર્ષના ચોક્કસ સમયગાળામાં થયેલી આવકનું માપ છે.

(2) રાષ્ટ્રીય આવકમાં અંતિમ વસ્તુ અને સેવા ધ્યાનમાં લેવાય છે.

(3) અંતિમ વસ્તુ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય રાષ્ટ્રીય આવક છે.

(4) ઘસારો બાદ કરીને રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે.

(5) વસ્તુ અને સેવાનું ઉત્પાદન અથવા વપરાશ થવી જોઈએ.

### 9.2 રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ (National Income and National Product)

સામાન્ય રીતે રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશને એક જ ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં બંને જુદા છે.

**9.2.1 રાષ્ટ્રીય આવક :** વર્ષ દરમિયાન ઉત્પાદનનાં ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે. રાષ્ટ્રીય આવક = ભાડું + વેતન + વ્યાજ + નફો

**9.2.2 રાષ્ટ્રીય પેદાશ :** વર્ષ દરમિયાન ઉત્પાદનનાં સાધનોથી દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં (ખેતી-ઉદ્યોગ-સેવા) અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે. વર્ષ દરમિયાન દેશમાં વિવિધ પેઢીઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે. ટૂંકમાં રાષ્ટ્રીય પેદાશ = ખેતી + ઉદ્યોગ + સેવાક્ષેત્રનું કુલ ઉત્પાદન.

જો રાજ્યનો હસ્તક્ષેપ ન હોય (કરવેરા વગેરે ન હોય) અને વિદેશ વેપાર ન હોય (આયાત-નિકાસ ન હોય) તો રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ એકસરખા હોય છે. વસ્તુઓ ઉપરના વેરાને લીધે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી વધુ હોય છે. કારણ કે કરવેરાને કારણે કિંમત ઉત્પાદન-ખર્ચથી વધારે હોય છે. ઉપરાંત ઉત્પાદકોને સરકાર તરફથી મળતી સબસિડીઓને કારણે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી ઓછી હોય છે.

### 9.3 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ (Circular Flow of National Income)

સૈદ્ધાંતિક સમજૂતીની રીતે અર્થતંત્રના બે પ્રકાર પાડવામાં આવે છે : (1) અલિપ્ત અર્થતંત્ર (Closed Economy) અને (2) ખુલ્લું અર્થતંત્ર (Open Economy). અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે જેમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશમાંથી વસ્તુ, સેવા, સાધનોની નિકાસ થતી નથી અને અન્ય દેશમાંથી વસ્તુ, સેવા, સાધનોની આયાત પણ થતી નથી. અલિપ્ત અર્થતંત્ર સ્વાવલંબી એટલે કે સ્વનિર્ભર હોય છે જ્યારે ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. અમુક કાર્યો સરકાર કરે છે, બીજા દેશો સાથે અર્થતંત્રને આયાત અને નિકાસના સંબંધો પણ હોય છે. અહીં સરળતા માટે આપણે રાષ્ટ્રીય આવકના ચક્રાકાર પ્રવાહની સમજૂતી માત્ર અલિપ્ત અર્થતંત્રના સંદર્ભમાં જ મેળવીશું.


ઉત્પાદન-આવક-ખર્ચનો ચક્રાકાર પ્રવાહ સમજવા માટે આપણે અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચીએ છીએ. ધંધાદારી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પેઢીઓ અને સાધનના માલિકો. પેઢીઓ ઉત્પાદન-પ્રક્રિયા માટે જરૂરી સાધનો જમીન, મૂડી, શ્રમ, કુટુંબો પાસેથી ખરીદે છે અને ધંધામાં તેનો ઉપયોગ કરીને ઉત્પાદન કરે છે. આમ સાધનો કુટુંબથી પેઢીઓ તરફ આવે છે. સાધનોના ઉપયોગ બદલ પેઢી સાધનમાલિકો એટલે કે કુટુંબોને ભાડું, વેતન, વ્યાજ, નફારૂપે વળતર (આવક) ચૂકવે છે. આમ, પ્રથમ નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે.




**9.1 અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ**

પેઢી આ સાધનોની મદદથી જે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને વેચવા માટે બજારમાં મૂકે છે. બજારમાંથી કુટુંબો ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદે છે. આમ, વસ્તુ અને સેવાઓનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબ તરફ આવે છે. કુટુંબો વસ્તુ અને સેવાની ખરીદી બદલ પેઢીને નાણાં ચૂકવે છે (ચુકવણી-ખર્ચ) તેથી નાણાંનો પ્રવાહ કુટુંબોમાંથી ફરી પાછો પેઢીઓ તરફ આવે છે. આ નાણાંથી પેઢી ફરીથી સાધનો ખરીદે છે અને ફરીથી ઉત્પાદન કરે છે. કુટુંબોને ચુકવણી કરે છે. પેઢીઓમાંથી કુટુંબો તરફ અને કુટુંબોમાંથી પેઢીઓ તરફ સતત વહેતા આ નાણાંના પ્રવાહને ઉત્પાદન-આવક-ખર્ચનો એટલે કે રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે. આવકનો આ ચક્રાકાર પ્રવાહ અર્થતંત્રને સતત ધબકતું રાખે છે. ચક્રાકાર પ્રવાહ સૂચવે છે રાષ્ટ્રીય આવક ત્રણ રીતે માપી શકાય છે : (1) ઉત્પાદન (2) આવક અને (3) ખર્ચ.

સાધનો કુટુંબથી પેઢી તરફ અને વળતર પેઢીથી કુટુંબ તરફ વહે છે. તો વસ્તુઓ પેઢીથી કુટુંબ તરફ અને ચુકવણી કુટુંબથી પેઢી તરફ વહે છે. પરંતુ યાદ રાખવું જોઈએ આ અલિપ્ત અર્થતંત્ર છે.

વાસ્તવમાં ખુલ્લાં અર્થતંત્રો જોવા મળે છે જેમાં સરકારની ભૂમિકા હોય છે. અર્થતંત્રમાં બચતો પણ થાય છે. આયાત અને નિકાસોનું અસ્તિત્વ હોય છે. આવા ખર્ચતંત્રમાં પણ બજારને આધારે ચક્રાકાર પ્રવાહ સમજાવી શકાય છે.

### 9.4 રાષ્ટ્રીય આવકના મહત્ત્વના ખ્યાલો (Important Concepts of National Income)

**9.4.1 કુલ આંતરિક પેદાશ (Gross Domestic Product - GDP) :** રાષ્ટ્રીય આવકના અનેક ખ્યાલો છે. તેમાં કુલ આંતરિક પેદાશનો ખ્યાલ મહત્ત્વનો છે. વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ અથવા કુલ ઘરેલું ઉત્પાદન કહેવામાં આવે છે.

**મહત્ત્વની બાબતો :**

(1) કુલ આંતરિક પેદાશમાં દેશ અને વિદેશના નાગરિકો દ્વારા અથવા કુદરત દ્વારા (ક્રૂડ ઑઇલ) આપણા દેશની હદમાં થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન ગણવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(2) કુલ આંતરિક પેદાશનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો છે. આમાં દેશના નાગરિકોએ વિદેશમાં કરેલું ઉત્પાદન અથવા દેશના નાગરિકોએ વિદેશમાંથી મેળવેલી આવકોને ગણતરીમાં લેવામાં આવતી નથી.

(3) દેશોની આર્થિક સરખામણી કરવા અર્થતંત્રની પ્રગતિ દર્શાવવા GDPના આંકડાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે.

**9.4.2 શુદ્ધ આંતરિક પેદાશ (Net Domestic Product – NDP) :** ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન વપરાશને કારણે યંત્રો, મકાનો, ઓજારો જેવા મૂડીસાધનોને ઘસારો લાગે છે. અમુક સમય પછી આ સાધનો ઉત્પાદન માટે બિનઉપયોગી બની જાય છે, ત્યારે આવાં સાધનો બદલવાની જરૂર પડે છે. કેટલીક વાર ટેક્નોલૉજી બદલાતા મૂડીસાધનો બદલવામાં આવે છે. આમ ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતા ઘસારાને કુલ આંતરિક પેદાશમાંથી બાદ કરવાથી આપણને શુદ્ધ આંતરિક પેદાશ પ્રાપ્ત થાય છે જેને ટૂંકમાં NDP કહે છે.

વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશનાં સાધનો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના બજારમૂલ્યમાંથી મૂડીસાધનોને લગતા ઘસારા-ખર્ચને બાદ કરતા જે શેષ વધે તેને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે. તેથી ટૂંકમાં GDP – ઘસારો = NDP સૂત્ર સ્વરૂપે રજૂ કરી શકાય.

**9.4.3 કુલ રાષ્ટ્રીય પેદાશ (Gross National Product – GNP) :** દેશના નાગરિકો અને વિદેશના નાગરિકો દેશની હદમાં જે ઉત્પાદન કરે છે તે કાચી આંતરિક પેદાશ છે. જ્યારે દેશના નાગરિકો વર્ષ દરમિયાન જે ઉત્પાદન કરે છે. તેના મૂલ્યનો સરવાળો એ કાચી રાષ્ટ્રીય પેદાશ છે. દેશના નાગરિકોએ દેશની હદમાં ઉત્પાદન કર્યું છે કે સરહદની બહાર વિદેશી ધરતી પર ઉત્પાદન કર્યું તે બાબત અહીં મહત્ત્વની નથી પરંતુ આપણા દેશના નાગરિકો દ્વારા થયેલું ઉત્પાદન હોવું જોઈએ. વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને તે દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે.

**મહત્ત્વની બાબતો :**

(1) GNPમાં ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે. અગાઉના વર્ષનું ઉત્પાદન-મૂલ્ય ગણાતું નથી.

(2) કુલ આંતરિક પેદાશ (GDP)માં વિદેશમાં રહેતા આપણા નાગરિકોની આવક ઉમેરવામાં આવે અને આપણા દેશમાં રહીને કમાતા વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે ત્યારે GNP મળે છે. ટૂંકમાં કહીએ તો,

GNP = GDP + વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક (વિદેશમાંથી થતી કુલ આવક - વિદેશને થતી કુલ ચુકવણી)

(3) સામાન્ય વ્યવહારમાં મોટા ભાગે GNPના આંકડાઓનો ઉપયોગ થાય છે.

**9.4.4 શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ (Net National Product – NNP) :** ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન ઉત્પાદનનાં સાધનો, યંત્રો, કારખાનાનું મકાન, ઓજારો વગેરેને ઘસારો લાગે છે. તેમનું મૂલ્ય ઘટે છે. તેને મૂડીઘસારો (Capital Depreciation) કહે છે. શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ જાણવા કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી આ ઘસારાની રકમ બાદ કરવામાં આવે છે અને ત્યાર પછી જે શેષ વધે તે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ કહેવાય છે. વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કરતા જે શેષ વધે તે શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે.

**મહત્ત્વની બાબતો :**

(1) GNPમાંથી ઘસારો બાદ થયા પછીનું ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય NNP

(2) GNP – ઘસારો = NNP

**9.4.5 માથાદીઠ આવક (Per Capita Income) :** જેમ રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિનો એક માપદંડ છે તેમ માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે. સામાન્ય રીતે કોઈ એક દેશની રાષ્ટ્રીય આવકને એ વર્ષની કુલ વસ્તી વડે ભાગતા જે-તે વર્ષની માથાદીઠ આવક આપણને પ્રાપ્ત થાય છે. વ્યક્તિદીઠ સરેરાશ આવક એ માથાદીઠ આવક છે. માથાદીઠ આવકને સૂત્રમાં નીચે મુજબ રજૂ કરી શકાય :

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કોઈ એક દેશની કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવક ધારો કે ₹ 60,000 કરોડ છે અને તે વર્ષની તે દેશની વસ્તી 2 કરોડ વ્યક્તિઓની છે તો તે દેશની માથાદીઠ આવક

$$\text{માથાદીઠ આવક} = ₹\ \frac{60,000 \text{ કરોડ}}{2 \text{ કરોડ}}$$

$$= ₹\ 30,000 \text{ થશે.}$$

એટલે કે વર્ષ દરમિયાન દેશના નાગરિકો સરેરાશ 30,000 ₹ આવક મેળવે છે તેમ કહેવાય. માથાદીઠ આવકને ચાલુ વર્ષના ભાવે રાષ્ટ્રીય આવકના માપથી ગણવામાં આવી હોય તો તેને ચાલુ ભાવે માથાદીઠ આવક કહેવાય અને જો પાયાના વર્ષના ભાવે (સ્થિર ભાવે) રાષ્ટ્રીય આવકથી ગણવામાં આવી હોય તો તે સ્થિર ભાવે માથાદીઠ આવક કહેવાય છે. માથાદીઠ આવક જેમ વધારે તેમ નાગરિકોને પ્રાપ્ત થતી વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ વધારે છે તેમ કહેવાય. બીજા શબ્દોમાં નાગરિકોનું જીવનધોરણ ઊંચું ગણાય.

**મહત્ત્વની બાબતો :**

(1) રાષ્ટ્રીય આવકના વૃદ્ધિ-દર કરતાં વસતિ વૃદ્ધિનો દર ઊંચો હોય તો માથાદીઠ આવક ઘટે છે.

(2) માથાદીઠ આવક એ સરેરાશ માપ છે.

(3) દેશમાં આવકની વહેંચણી બદલાવા છતાં માથાદીઠ આવકમાં કોઈ ફેર પડતો નથી.

(4) જો દેશમાં આવકની અસમાનતા વધે તો માથાદીઠ આવક વિકાસનો સાચો માપદંડ નથી.

(5) દેશની પ્રગતિનો સાચો માપદંડ રાષ્ટ્રીય આવક નહિ પરંતુ માથાદીઠ આવક છે.

(6) UNO પણ બે દેશોની પ્રગતિની સરખામણી કરવામાં રાષ્ટ્રીય આવકની સાથે માથાદીઠ આવકના આંકડાનો ઉપયોગ કરે છે.

(7) માથાદીઠ આવકથી બે દેશોની તુલના કરી શકાય છે.

(8) માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવનધોરણનો અંદાજ મૂકી શકાય છે.

## 9.5 રાષ્ટ્રીય આવકનું માપન (રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ - Measurement of National Income)

રાષ્ટ્રીય આવકનું માપન એટલે કે ગણતરી, રાષ્ટ્રીય આવકની જુદી જુદી વિભાવનાઓ-અર્થને આધારે રજૂ કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવકની વિભાવનાના ત્રણ અર્થ થાય છે અને તે ત્રણ વિભાવનાને આધારે રાષ્ટ્રીય આવકને ગણવાની ત્રણ પદ્ધતિઓ પ્રચલિત છે :

(1) ઉત્પાદનની પદ્ધતિ (2) આવકની પદ્ધતિ (3) ખર્ચની પદ્ધતિ.

**9.5.1 ઉત્પાદનની પદ્ધતિ :** રાષ્ટ્રીય આવક ગણવાની આ પદ્ધતિ પ્રો. માર્શલની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય તેના નાણાકીય મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે. ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રના ઉત્પાદનનો જથ્થો જાણી તેને બજારકિંમતોથી ગુણી નાણાકીય મૂલ્ય શોધવામાં આવે છે. વસ્તુ અને સેવાઓના આ નાણાકીય મૂલ્યનો સરવાળો દેશની રાષ્ટ્રીય આવકની ગણતરી છે.

**મહત્ત્વની બાબતો :** નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે :

**(1) અર્થતંત્રનું જુદાં-જુદાં ક્ષેત્રોમાં વર્ગીકરણ :** અર્થતંત્રનું ખેતી, ઉદ્યોગ, સેવા, ખાણ, બાંધકામ, મેન્યુફેક્ચરિંગ, વેપાર-વાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બૅંકિંગ, શિક્ષણ જેવાં અનેક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**(2) વસ્તુ કે સેવાની પસંદગી :** અર્થતંત્રનાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની વસ્તુઓ અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.

**(3) ગૃહિણીના ઘરકામની સેવા :** ગૃહિણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી. તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(4) સ્વ-વપરાશ :** સ્વ-વપરાશ માટે ઉત્પન્ન થયેલ વસ્તુઓ બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય આંકી શકાતું નથી માટે તે પણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. ભારતમાં ખેડૂતે સ્વ-વપરાશ માટે રાખેલ અનાજ અપવાદ તરીકે રાષ્ટ્રીય આવકમાં ગણતરીમાં લેવામાં આવે છે.

**(5) સંરક્ષણ-પોલીસ :** સંરક્ષણ-પોલીસની સેવાઓના બજાર હોતા નથી. તે બજારમાં વેચાતી મળતી નથી છતાં ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીમાં તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

**(6) આરોપિત ભાડું :** પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો જે ભાડું મળી શકત તેને આરોપિત ભાડું (Imputed Rent) કહે છે. તેનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણાય છે.

**(7) બેવડી ગણતરી :** બેવડી ગણતરી ટાળવી જોઈએ. રાષ્ટ્રીય આવક-પેદાશની ગણતરીમાં બેવડી ગણતરી દૂર કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે. જ્યારે રાષ્ટ્રીય પેદાશમાં કોઈ એક વસ્તુનું મૂલ્ય એક કરતા વધારે વખત ગણવામાં આવે તો તે બેવડી ગણતરી છે. બેવડી ગણતરીથી રાષ્ટ્રીય આવક કૃત્રિમ રીતે ઊંચી આવે છે. ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય પેદાશની ગણતરી કરતી વખતે આ બેવડી ગણતરીથી બચવું જોઈએ. જો રાષ્ટ્રીય પેદાશમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ લોખંડ અને તેમાંથી બનેલ યંત્રો એમ બંને વસ્તુનું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે તો તે બેવડી ગણતરી છે. કારણ કે યંત્રોના મૂલ્યમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે. એટલે જો લોખંડનું મૂલ્ય પણ ગણીએ અને યંત્રોનું મૂલ્ય પણ ગણવામાં આવે તો લોખંડનું મૂલ્ય બેવાર ગણાય છે. આવી બેવડી ગણતરી દૂર કરવાના બે ઉપાયો નીચે પ્રમાણે છે :

**(A) માત્ર અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવું :** આ પદ્ધતિમાં અર્ધતૈયાર વચગાળાનો ઉપયોગ ધરાવતી વસ્તુઓનું મૂલ્ય ગણવાને બદલે, માત્ર યંત્ર કે જે અંતિમ વસ્તુ છે અને તેમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે તેના નાણાકીય મૂલ્યને જ ગણવામાં આવે તો બેવડી ગણતરીનો પ્રશ્ન ઉકેલાઈ જાય છે.

**(B) મૂલ્યવૃદ્ધિની પદ્ધતિ :** ઉત્પાદન-પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય છે ત્યારે તેનું નાણાકીય મૂલ્ય વધે છે. આ વધેલા મૂલ્યને જુદું તારવીને તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે તો બેવડી ગણતરી થતી નથી. એક ઉદાહરણની મદદથી સમજીએ.

| ઉત્પાદનના તબક્કા | વેચાણ આવક (₹ માં) | સાધન-ખર્ચ (₹ માં) | મૂલ્યવૃદ્ધિ (₹ માં) |
|---|---|---|---|
| રૂ | 100 | શૂન્ય | 100 |
| સૂતર | 200 | 100 | 100 |
| કાપડ | 280 | 200 | 80 |
| **કુલ** | **580** | **300** | **280** |

એક કારખાનામાંથી ₹ 100નું રૂ લાવવામાં આવે તેમાંથી ₹ 200નું સૂતર બને અને ₹ 200ના સૂતરમાંથી ₹ 280નું કાપડ બને તો રાષ્ટ્રીય પેદાશમાં 100 + 200 + 280 = 580નું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. રૂ, સૂતર અને કાપડ બંનેમાં સમાયેલું છે. તેથી રૂનું મૂલ્ય ત્રણવાર ગણાય છે. આ બેવડી ગણતરી છે. પરંતુ જો ₹ 100નું રૂ + ₹ 100નું સૂતર + ₹ 80નું કાપડનું વધેલું મૂલ્ય ગણવામાં આવે એટલે કે ₹ 280નો મૂલ્યવધારો ગણીએ તો બેવડી ગણતરી થતી નથી. ઉપરના ઉદાહરણમાં કાપડના ઉત્પાદનમાં વપરાયેલ સાધનસામગ્રીનું ખર્ચ શૂન્ય બતાવ્યું છે. કારણ કે, અહીં માની લેવામાં આવ્યું છે કે, રૂનું ઉત્પાદન ગયા વર્ષનું છે. જે અગાઉના વર્ષની રાષ્ટ્રીય પેદાશમાં ગણાયેલું છે.

**(8) પરોક્ષ વેરા અને સબસિડી :** વસ્તુની બજારકિંમતમાં પરોક્ષ વેરા સમાયેલા હોવાથી રાષ્ટ્રીય પેદાશ જાણવા તે પરોક્ષ વેરા બાદ કરવામાં આવે છે અને સરકાર દ્વારા જે સબસિડી અપાતી હોય તે ઉમેરવામાં આવે છે.

**(9) પુનઃવેચાણ :** ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ વસ્તુનું જ્યારે ઉત્પાદન થયું ત્યારે રાષ્ટ્રીય પેદાશમાં તેનું મૂલ્ય ગણાઈ ચૂક્યું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

હોય છે. તેથી હવે આ વસ્તુ જો ફરીથી વેચવામાં આવે તો તેનું મૂલ્ય ગણાતું નથી અને જો ગણીએ તો બેવડી ગણતરી થાય છે. 2000ના વર્ષમાં ખરીદેલું મકાન કોઈ આજે વેચે તો આ વેચાણ રાષ્ટ્રીય પેદાશમાં ન ગણાય.

**(10) ઘસારો બાદ કરવો :** ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન મૂડીસાધનોને લાગતા ઘસારાને બાદ કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

(11) નિકાસમૂલ્ય ઉમેરવામાં આવે છે.

(12) દાણચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.

**9.5.2 આવકની પદ્ધતિ :** રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિ પ્રો. પીગુની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશના નાગરિકો અને રાજ્ય જે આવક પ્રાપ્ત કરે છે. તેનો સરવાળો કરવાથી રાષ્ટ્રીય આવક જાણી શકાય છે. રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજકને મળતી ભાડું, વ્યાજ, વેતન અને નફારૂપી આવકનો સરવાળો કરવામાં આવે છે. આ સરવાળામાં વિદેશમાંથી મળતી આવક ઉમેરવાની અને આપણા દેશમાં વપરાયેલાં વિદેશી સાધનોને ભાડું, વ્યાજ, વેતન, નફારૂપી જે ચુકવણી કરી હોય તે બાદ કરવામાં આવે છે.

**મહત્ત્વની બાબતો :** આવકની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે :

**(1) સાધનોની આવક ગણવી :** ઉત્પાદનનાં સાધનોને નીચે પ્રમાણેની મળતી આવકો ગણાય છે :

**(A) ભાડાની આવક :** જમીન-મકાન વગેરેનું જે ભાડું મળે છે તે આવક તરીકે ગણાય છે. પોતાના મકાનમાં રહેતા હોય તેમને પણ ભાડાની આવક મળે છે એમ માની આરોપિત ભાડું ગણાય છે. પુસ્તકોના કૉપીરાઇટ્સ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક ગણવામાં આવે છે.

**(B) વ્યાજની આવક :** લોકોને વર્ષ દરમિયાન મૂડી ઉપર જે વ્યાજ મળે છે તેની ગણતરી થાય છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ બાકાત રખાય છે. કારણ કે રાજ્ય કરવેરા દ્વારા આવક મેળવે છે અને વ્યાજ તરીકે એ નાણું ચૂકવે છે એટલે માત્ર નાણાંની હેરફેર થાય છે.

**(C) વેતનની આવક :** શ્રમિકોને વર્ષ દરમિયાન તેમના કાર્યના બદલામાં જે વેતન અને પગાર મળે છે તે ગણવામાં આવે છે.

**(D) નફાની આવક :** રોકાણકારો-નિયોજકોને જે નફા અને ડિવિડન્ડ રૂપી આવકો મળે છે તે ગણાય છે. કંપનીઓના અનામત નફા અને તેના ઉપર ચુકવાતા કરવેરાનો સમાવેશ પણ થાય છે.

**(2) ન ગણવામાં આવતી આવકો :** રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિમાં બક્ષિસ, ઈનામ, ભેટ, લૂંટની આવક, ચોરી, બેકારી ભથ્થાની આવક કે વૃદ્ધાવસ્થામાં મળતી સરકારી સહાયની આવક, લોટરીની આવક વગેરે જેવી આવકો રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતી નથી.

(3) સરકાર દ્વારા અપાતી સબસિડી બાદ કરવામાં આવે છે.

(4) વિદેશની ચોખ્ખી આવક ઉમેરવામાં આવે છે (નિકાસ-આયાત).

(5) વપરાશી માલના સોદામાંથી મળતા કમિશન કે દલાલીની આવક ગણાય છે.

(6) જે આવકોથી અર્થતંત્રમાં વસ્તુ અને સેવાના ઉત્પાદનનો પ્રવાહ વહેતો હોય જેનાથી અર્થતંત્રમાં વસ્તુઓના નાણાકીય મૂલ્યમાં વધારો થતો હોય તેવી આવકો ગણવામાં આવે છે.

(7) સેકન્ડ હેન્ડ વસ્તુની આવકનો સમાવેશ થતો નથી. દા.ત., મોબાઇલના નવા મૉડેલ આવતા જૂના મૉડેલના વેચાણથી જે આવક થાય તે ગણાતી નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**9.5.3 ખર્ચની પદ્ધતિ :** પ્રો. ફિશરની વ્યાખ્યા ઉપરથી આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર જે કુલ નાણાકીય ખર્ચ કરે છે તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય આવક માપવામાં આવે છે. આ પદ્ધતિમાં આવક = ખર્ચની ધારણા અભિપ્રેત છે. ખર્ચની પદ્ધતિમાં એક નાણાકીય વર્ષ દરમિયાન અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ થાય તેનો સમાવેશ કરવામાં આવે છે. એક નાણાકીય વર્ષ દરમિયાન કુલ ખર્ચ GDP જેટલું હોય છે.

**મહત્ત્વની બાબતો :** ખર્ચની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે :

**(1) નાણાકીય ખર્ચનાં ચાર ઘટકો છે :**

**(A) વપરાશી ખર્ચ :** નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ દ્વારા વપરાશી વસ્તુઓ પાછળ થતો ખર્ચ ગણવામાં આવે છે. ટી.વી., સ્કૂટર, કાર જેવી ટકાઉ વસ્તુઓ અનાજ, ફળ, શાકભાજી જેવી નાશવંત વસ્તુઓ તેમજ શિક્ષણ, ડૉક્ટરી સારવાર, વાહન-વ્યવહાર, સંદેશાવ્યવહાર જેવી સેવાઓ પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે.

**(B) મૂડીરોકાણ-ખર્ચ :** નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ જે મૂડીરોકાણ-ખર્ચ કરે છે તેની ગણતરી થાય છે. કારખાનાનું મકાન, પ્લાન્ટ, યંત્રસામગ્રી, વ્યવસાય માટે જરૂરી વસ્તુઓ-સાધનો પર થયેલ ખર્ચ મૂડીરોકાણ-ખર્ચ તરીકે ગણાય છે.

**(C) સરકારી ખર્ચ :** કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વગેરેનું વપરાશી-ખર્ચ, મૂડીરોકાણ ખર્ચ, વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

**(D) ચોખ્ખું નિકાસખર્ચ :** દેશના નાગરિકોનું વિદેશી વસ્તુઓની આયાત પાછળનું ખર્ચ એ દેશનું ખર્ચ છે અને આપણી નિકાસો એ વિદેશના નાગરિકોનું આપણી વસ્તુઓ પાછળનું ખર્ચ છે. તેથી તે બંને વચ્ચેનો તફાવત એ ચોખ્ખી નિકાસો છે. જેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થાય છે. ટૂંકમાં કહેવું હોય તો **કુલ રાષ્ટ્રીય આવક = વપરાશી ખર્ચ + મૂડીરોકાણ ખર્ચ + સરકારી ખર્ચ + ચોખ્ખું નિકાસખર્ચ.**

**(2) રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ :** ખર્ચની દૃષ્ટિએ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અમુક ખર્ચાઓ ગણાતા નથી. દા.ત., સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદી પાછળનું ખર્ચ, હેરફેરનું ખર્ચ (બદલા ચૂકવણીઓ) વગેરે, હેરફેરના ખર્ચમાં પેન્શન, બેકારી ભથ્થું, વિધવાઓને અપાતી સહાય વગેરેનો સમાવેશ થાય છે. જૂના શૅરની ખરીદી પાછળનું ખર્ચ, વચગાળાની વપરાશી વસ્તુઓ પાછળનું ખર્ચ રાષ્ટ્રીય આવકમાં ગણાતું નથી. કેટલાક ખર્ચાઓ વસ્તુઓ-સેવાઓના ઉત્પાદન થયા વગર થાય છે. તેમાં માત્ર નાણાંની હેરફેર જ થાય છે. સબસિડી જેવા ખર્ચાઓ રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવતા નથી.

**(3) રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી :** વ્યક્તિઓના ખર્ચના આધારભૂત આંકડા મળતા નથી. તેથી આ પદ્ધતિથી રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી સર્જાય છે. એક ઉદાહરણથી જોઈએ. આરવ નામનો ઉદ્યોગપતિ તેના ઍકાઉન્ટન્ટ મિલાપને ₹ 30,000 પગાર પેટે આપે અને તે ₹ 30,000ને ખર્ચ પેટે ગણે. ઍકાઉન્ટન્ટ મિલાપ તેના ઘરમાં સાફસફાઈ માટે આવતી ખુશ્બુને ₹ 3000 આપે અને તેને ખર્ચ પેટે ગણે તો વાસ્તવમાં ખર્ચ કેટલું ? ₹ 30,000 કે 30,000 + 3000 = 33,000 ? આમ ખર્ચની પણ બેવડી ગણતરી થાય.

રાષ્ટ્રીય આવક ગણવા માટે ઉપરની પદ્ધતિઓમાંથી ગમે તે પદ્ધતિને દેશ અપનાવી શકે. જો પ્રાપ્ય માહિતી અને આંકડા સાચા હોય તો ગમે તે પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે. રાષ્ટ્રીય આવકનું માપ સરખું આવશે પરંતુ દરેક પદ્ધતિની કોઈ ને કોઈ ખામી તો છે જ. તેથી એમ કહેવાય કે આ પદ્ધતિઓ એકબીજાની પરસ્પર પૂરક છે. દાખલા તરીકે ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય આવક ગણીને ખર્ચની રીત દ્વારા તેની સચ્ચાઈની ચકાસણી કરી શકાય છે. ભારત જેવા વિકસતાં રાષ્ટ્રો માટે ઉત્પાદનની, તો અમેરિકા અને રશિયા જેવા દેશો માટે આવક અને ખર્ચની રીત અનુકૂળ છે.

### 9.6 રાષ્ટ્રીય આવકની ગણતરી – માપનની મુશ્કેલીઓ (Problems in Measurement of National Income)

ભારતમાં 1954થી કેન્દ્રિય આંકડાકીય સંગઠન (CSO - Central Statistical Organization) રાષ્ટ્રીય આવકનું આગણન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કરે છે. અત્યારે 1999-2000ને પાયાનું વર્ષ ગણીને રાષ્ટ્રીય આવકની ગણતરી થાય છે. પરંતુ રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે કેટલીક સમસ્યાઓ-મુશ્કેલીઓ સર્જાય છે, જે નીચે મુજબની છે :

(1) બેવડી ગણતરીની સમસ્યા

(2) સ્વ-વપરાશની મુશ્કેલી

(3) ઘસારો જાણવાની મુશ્કેલી

(4) કરટાળો અને કરચોરીની વૃત્તિ

(5) ગેરકાયદેસરની આવક

(6) ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા

(7) ગણતરી-હિસાબો રાખવાની સમસ્યા (Problems of Accounting). રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉત્પાદન આવક-ખર્ચના હિસાબો કરવામાં નીચે મુજબની સમસ્યાઓ સર્જાય છે :

(A) નિરક્ષરતા

(B) નાના પાયે ઉત્પાદન-વેચાણ

(C) સાટા-પદ્ધતિ

(D) એક કરતાં વધુ વ્યવસાયમાં રોકાયેલા લોકો

ઉપર્યુક્ત સમસ્યાઓ હોવા છતાં રાષ્ટ્રીય આવક ગણવામાં ચોકસાઈ રાખીને સાચી આવક મેળવવાનો પ્રયાસ CSO દ્વારા થાય છે.

### 9.7 નાણાકીય આવક અને વાસ્તવિક આવક (Monetary Income and Real Income)

રાષ્ટ્રીય આવકની માપણી નાણાંના માપદંડ વડે કરવામાં આવે છે. પરંતુ જો નાણાંરૂપી માપદંડ અસ્થિર હોય બીજા શબ્દોમાં કહીએ તો ભાવોમાં વધ-ઘટ થતી હોય તો ઉત્પાદન સ્થિર હોવા છતાં રાષ્ટ્રીય આવક વધે કે ઘટે અથવા ઉત્પાદન ઓછું વધ્યું હોય તોપણ રાષ્ટ્રીય આવક વધારે આવે છે. ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય કે જેટલું ઉત્પાદન વધ્યું હોય તેટલી જ રાષ્ટ્રીય આવક વધે તો તે માપદંડ સાચું કહેવાય. તેને સમજવા નાણાકીય રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક રાષ્ટ્રીય આવકને સમજવી પડે.

**9.7.1 નાણાકીય રાષ્ટ્રીય આવક :** ચાલુ ભાવે એટલે કે વર્તમાન ભાવોએ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે નાણાકીય રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના બજારભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મળે તે નાણાકીય રાષ્ટ્રીય આવક છે. પરંતુ આ નાણાકીય આવક એ વાસ્તવિક આવક નથી. જો કોઈ વર્ષનું ઉત્પાદન ગયા વર્ષ જેટલું જ હોય અને ભાવ બમણા થયા હોય તો ચાલુ વર્ષની નાણાકીય આવક બમણી આવશે (ઉત્પાદન × ભાવ) જે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતું નથી, કારણ કે ઉત્પાદન તો ગયા વર્ષ જેટલું જ છે. માત્ર ભાવ બમણા થયા છે. પ્રજાના જીવનધોરણમાં કોઈ વધારો થયો નથી તેથી સાચી રાષ્ટ્રીય આવક જાણવાનો રસ્તો વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો છે.

**9.7.2 વાસ્તવિક રાષ્ટ્રીય આવક :** પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવો એ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તો તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહેવાય છે. વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુના સ્થિર ભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે. વાસ્તવિક રાષ્ટ્રીય આવક એ દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે. વાસ્તવમાં ઉત્પાદન અને બજારકિંમત (ચાલુ ભાવ) બંને વધે છે. તેથી રાષ્ટ્રીય આવકનો અમુક વધારો ઉત્પાદન વધારાને કારણે તો અમુક વધારો કિંમત વધવાને કારણે હોય છે પણ આપણને રાષ્ટ્રીય આવકના તે વધારામાં રસ છે જે ઉત્પાદન વધારાને કારણે વધી છે. કારણ કે ઉત્પાદન વધારાને કારણે રાષ્ટ્રીય આવક વધે તો લોકોની વપરાશ અને જીવનધોરણ ઊંચું છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ઉત્પાદન-પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોણે આપી ?

(A) માર્શલ (B) ફિશર (C) પીગુ (D) સેમ્યુઅલસન

(2) નીચેનામાંથી કઈ બાબત GNPની ગણતરીમાં લઈ શકાય ?

(A) હૉસ્પિટલમાં કરવામાં આવેલું ઑપરેશન (B) ગૃહિણીનું ઘરકામ

(C) શિક્ષક પોતાના સંતાનને ભણાવે (C) બાથરૂમમાં ગવાતું ગીત

(3) અલિપ્ત અર્થતંત્રમાં નીચેનામાંથી કયું ક્ષેત્ર હોતું નથી ?

(A) કુટુંબો (B) પેઢીઓ (C) ઉદ્યોગો (D) વિદેશ વેપાર

(4) રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સરકારના કયા ખર્ચાઓ ગણાતા નથી ?

(A) ઉત્પાદક (B) બદલા ચુકવણી (C) શ્રમિકોનું વેતન (D) સંરક્ષણ-ખર્ચ

(5) નાણાકીય ખર્ચના ઘટકોની સંખ્યા છે ?

(A) 4 (B) 2 (C) 1 (D) 10

(6) નીચેનામાંથી કઈ રાષ્ટ્રીય આવક માપનની પધ્ધતિ નથી ?

(A) ઉત્પાદનની પધ્ધતિ (B) આવકની પધ્ધતિ (C) વેચાણની પધ્ધતિ (D) ખર્ચની પધ્ધતિ

(7) NDP ની ગણતરીમાં GDPમાંથી શું બાદ કરવામાં આવે છે ?

(A) ઘસારો (B) વિદેશમાંથી મળેલ ચોખ્ખી આવક

(C) પરોક્ષવેરા (D) સબસીડી

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્રીય આવક એટલે શું ?

(2) અલિપ્ત અર્થતંત્ર કોને કહેવાય ?

(3) માથાદીઠ આવક જાણવાનું સૂત્ર આપો.

(4) શુદ્ધ આંતરિક ઉત્પાદન (પેદાશ)નો અર્થ આપો.

(5) બદલા ચુકવણીઓ શું છે ?

(6) જૂના મકાનની ખરીદી રાષ્ટ્રીય આવકમાં ગણાય કે નહિ ? શા માટે ?

(7) ગૃહિણીના ઘરકામની સેવાનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં કેમ થતો નથી ?

(8) આરોપિત ભાડું એટલે શું ?

(9) ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી સંસ્થાનું નામ આપો.

(10) નાણાકીય રાષ્ટ્રીય આવક કયા ભાવે ગણવામાં આવે છે ?

(11) માથાદીઠ આવક એ દેશના દરેક નાગરિકની આવક નથી. કેવી રીતે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્રીય આવકની માર્શલ અથવા ફિશરની વ્યાખ્યા આપો.

(2) પ્રો. પીગુ કોને રાષ્ટ્રીય આવક કહે છે ?

(3) રાષ્ટ્રીય આવકની ખર્ચની પદ્ધતિમાં કયા ખર્ચાઓનો સમાવેશ થતો નથી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) તફાવત આપો :

(a) GDP અને NDP

(b) GNP અને NNP

(c) GDP અને GNP

(d) અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લું અર્થતંત્ર

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉદ્‌ભવતી સમસ્યાઓની સમજૂતી ટૂંકમાં જણાવો.

(2) નાણાકીય આવક અને વાસ્તવિક આવકના ખ્યાલો સમજાવો.

(3) માથાદીઠ આવકનો અર્થ જણાવી મહત્ત્વ રજૂ કરો.

(4) ટૂંક નોંધ લખો :

(a) કાચી આંતરિક પેદાશ

(b) શુદ્ધ આંતરિક પેદાશ

(c) કાચી રાષ્ટ્રીય પેદાશ

(d) શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

(2) રાષ્ટ્રીય આવક માપવાની ઉત્પાદનની પદ્ધતિ સમજાવો.

(3) બેવડી ગણતરીનો અર્થ સમજાવી બેવડી ગણતરી દૂર કરવાના ઉપાયો ચર્ચો.

(4) રાષ્ટ્રીય આવક માપવાની આવકની પદ્ધતિ સમજાવો.

(5) રાષ્ટ્રીય આવક માપવાની ખર્ચની પદ્ધતિ વર્ણવો.

**પારિભાષિક શબ્દો**

**ઉત્પાદન (Production)** : ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.

**રાષ્ટ્રીય આવક (National Income)** : વર્ષ દરમિયાન ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવક (ભાડું, વેતન, વ્યાજ, નફો)નો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે.

**રાષ્ટ્રીય પેદાશ (National Product)** : વર્ષ દરમિયાન ઉત્પાદનનાં સાધનોથી દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે.

**અલિપ્ત અર્થતંત્ર (Closed Economy)** : એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. આયાત-નિકાસ વગરનું અર્થતંત્ર હોય છે.

**ખુલ્લું અર્થતંત્ર (Open Economy)** : એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની ભૂમિકા હોય છે. સરકાર અનેક કાર્યો કરે છે. દેશ આયાત-નિકાસ પણ કરે છે. આજનાં બધાં અર્થતંત્રો ખુલ્લાં અર્થતંત્રો છે.

**કુલ આંતરિક પેદાશ (GDP)** : વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| | | સેવાઓનું ઉત્પાદન થાય તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ કહે છે. |
| **શુદ્ધ આંતરિક પેદાશ (NDP)** | : | વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેના બજાર-મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું નાણાકીય મૂલ્ય શુદ્ધ આંતરિક પેદાશ છે. |
| **કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP)** | : | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે. |
| **શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ (NNP)** | : | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું શેષ નાણાકીય મૂલ્ય એ શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે. |
| **માથાદીઠ આવક (Per Capita Income)** | : | વ્યક્તિદીઠ સરેરાશ આવક એ માથાદીઠ આવક છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસતિ વડે ભાગતા જે આવક પ્રાપ્ત થાય છે તે માથાદીઠ આવક છે. |
| **બેવડી ગણતરી (Double Counting)** | : | જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કોઈ વસ્તુ કે સેવાનું મૂલ્ય એક કરતા વધારે વખત ગણવામાં આવે તો તેને બેવડી ગણતરી કહે છે. |
| **આરોપિત ભાડું (Imputed Rent)** | : | પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો જે ભાડું મળી શકત તેનો અંદાજ આરોપિત ભાડું છે. |
| **નાણાકીય આવક (Monetary Income)** | : | જે રાષ્ટ્રીય આવક બજારભાવે ગણવામાં આવે તેને નાણાકીય રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. |
| **વાસ્તવિક આવક (Real Income)** | : | જે રાષ્ટ્રીય આવકને પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવે ગણવામાં આવે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે. |
| **ઘસારો (Depreciation)** | : | વપરાશને કારણે મૂડીસાધનની કિંમતમાં થતો ક્રમશઃ અને કાયમી ઘટાડો એ ઘસારો છે. યંત્રો, મૂડીસાધનોને ઉત્પાદન દરમિયાન ઘસારો લાગતો હોય છે. |
| **કરટાળો (Tax Avoidance)** | : | કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને કરદાતા કર ભરવાનું ટાળે તો તે કરટાળો છે. કરટાળો કાયદેસર છે. |
| **કરચોરી (Tax Evasion)** | : | કરદાતા કર ભરવાની જવાબદારી ચૂકે તે કરચોરી છે. કરચોરી ગેરકાયદેસર છે. |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10 અંદાજપત્ર (Budget)


- પ્રસ્તાવના
- 10.1 અંદાજપત્રનો અર્થ
- 10.2 અંદાજપત્રના ઉદ્દેશો
  - 10.2.1 સત્તા સમૂહોની મંજૂરી મેળવવી
  - 10.2.2 સંસાધનો અને જવાબદારીઓનો અંદાજ મેળવવા
  - 10.2.3 સાધન-ફાળવણીને યોગ્ય દિશા મળે છે
  - 10.2.4 પ્રજાની જાણકારી માટે
- 10.3 અંદાજપત્રના પ્રકારો
- 10.4 સમતોલ અંદાજપત્ર
  - 10.4.1 સમતોલ અંદાજપત્રના ફાયદા
  - 10.4.2 સમતોલ અંદાજપત્રના ગેરફાયદા
- 10.5 અસમતોલ અંદાજપત્ર
  - 10.5.1 ખાધવાળું અંદાજપત્ર
  - 10.5.2 પુરાંતવાળું અંદાજપત્ર
- 10.6 ખાધવાળા અંદાજપત્રના ફાયદા
- 10.7 ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા
- 10.8 પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા
- 10.9 પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા
- 10.10 અંદાજપત્રના ખાતા
  - 10.10.1 આવક બાજુ
    - 10.10.1.1 મહેસૂલી આવક
    - 10.10.1.2 મૂડી-આવક
  - 10.10.2 ખર્ચબાજુ
    - 10.10.2.1 મહેસૂલી ખર્ચ
    - 10.10.2.2 મૂડીખર્ચ
- 10.11 વસ્તુઓ અને સેવાઓ કર
  - 10.11.1 અર્થ
  - 10.11.2 વસ્તુઓ અને સેવાઓ કર લાવવા પાછળનાં કારણો
  - 10.11.3 વસ્તુઓ અને સેવાઓ કરના પ્રકાર
  - 10.11.4 વસ્તુઓ અને સેવાઓ કરનું અમલીકરણ
  - 10.11.5 ટૅક્સ ક્રેડિટની યોજના
- 10.12 ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્રનો ખ્યાલ
  - 10.12.1 કેન્દ્ર સરકારના અંદાજપત્રનો ખ્યાલ
  - 10.12.2 રાજ્યના અંદાજપત્રના ખાતા અને તેની મહત્ત્વની વિગતો
  - 10.12.3 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અંદાજપત્રનો ખ્યાલ
- 10.13 પંચાયતનાં કાર્યો અને આવકનો સ્રોત
  - 10.13.1 પંચાયતની આવકનાં સાધનો
  - 10.13.2 પંચાયતનાં કાર્યો - ખર્ચ-સ્થાનો
- 10.14 અંદાજપત્રની ખાધના પ્રકારો
  - 10.14.1 મહેસૂલી ખાધ
  - 10.14.2 અંદાજપત્રની ખાધ
  - 10.14.3 રાજકોષીય ખાધ
  - 10.14.4 પ્રાથમિક ખાધ
- 10.15 અંદાજપત્રની અસરો


**પ્રસ્તાવના (Introduction)**

મિશ્ર અર્થતંત્રવાળા ભારતમાં રાજ્યની આર્થિક પ્રવૃત્તિ અગત્યનું સ્થાન ધરાવે છે. દેશના આર્થિક વિકાસ અને તે માટે જરૂરી આંતર મૂડીમાળખું ઊભું કરવાની જવાબદારી રાજ્યે સ્વીકારી અને આયોજનપંચ (હવે નીતિઆયોગ)ની રચના કરી યોજનાબદ્ધ આર્થિક વિકાસ શરૂ થયો. આજના આર્થિકયુગમાં, નાણાં આધારિત અર્થતંત્રમાં કોઈ પ્રવૃત્તિ એવી નથી જેનું ખર્ચ ન હોય. હા. એક વ્યક્તિ જે નથી ચૂકવતી તે બીજી કોઈ વ્યક્તિ ચૂકવે છે. એટલે રાજ્ય પણ આર્થિક પ્રવૃત્તિ કરે તો તેનું ખર્ચ હોય છે અને આ ખર્ચને પહોંચી વળવા તેણે આવક મેળવવાના પ્રયત્ન કરવા પડે છે.

લોકશાહી દેશમાં સરકાર કોઈ પણ કામ પ્રજાના ચૂંટેલા પ્રતિનિધિઓની મંજૂરી વગર કરી શકતી નથી. માટે આવક મેળવવા અને ખર્ચ કરવા માટે પણ તેણે મંજૂરી લેવી પડે છે. પ્રજાના પ્રતિનિધિઓની સભા એટલે સંસદ. સરકારે પણ આ સંસદ પાસે ખર્ચ અને આવક માટે મંજૂરી મેળવવા જવું પડે છે. આવનારા વર્ષ માટે સરકાર જાહેર ખર્ચ તથા આવક મેળવવા માટે સંસદ સમક્ષ જે અંદાજો મૂકે છે તેને અંદાજપત્ર કહેવામાં આવે છે.

ભારતમાં સત્તાની ત્રિસ્તરીય વહેંચણી થયેલી છે : (1) કેન્દ્ર સરકાર (2) રાજ્ય સરકાર તથા (3) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ. (દા.ત., મ્યુનિસિપાલિટી) આ ત્રણેય સત્તાઓ વિવિધ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ પણ કરે છે અને આ ખર્ચને પહોંચી વળવા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આવક પણ મેળવે છે માટે આ ત્રણેય સત્તાસ્થાનોના બજેટની માહિતી મેળવવી જરૂરી છે.

ભારતના બંધારણમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે તેમણે કરવાનાં કાર્ય તથા મેળવવાની આવકનાં સાધનોની વહેંચણી કરવામાં આવી છે જેને સમવાય વ્યવસ્થા કહેવામાં આવે છે.

બંધારણમાં સમવાયી વ્યવસ્થાએ કેન્દ્ર, રાજ્ય તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ કરવાનાં કામ તથા તે માટેનાં આર્થિક સાધનો ફાળવાયાં છે; તેમાં કેન્દ્ર સરકારે કરવાનાં કાર્ય, રાજ્ય સરકારે કરવાનાં કાર્ય, સ્થાનિક સરકારે કરવાનાં કાર્ય જણાવાયાં છે. દેશ માટે અત્યંત મહત્ત્વ ધરાવતા અને વ્યાપક અસરવાળાં કાર્યો કેન્દ્ર સરકારને સોંપવામાં આવ્યાં. દા. ત., સંરક્ષણ, રેલવે, વસ્તી-ગણતરી વગેરે તથા રાજ્ય અસરકારક તથા પ્રજાને સીધી અસર કરનારાં કામ સોંપવામાં આવ્યાં. દા. ત., શિક્ષણ, કાયદો, વ્યવસ્થા વગેરે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સત્તાને સ્થાનિક મહત્ત્વવાળી અને પ્રાથમિક સેવાઓ સોંપવામાં આવી. દા. ત., સ્ટ્રીટલાઇટ, સફાઈ, ડ્રેનેજ પાણી વગેરે.

સરકારો અને સંસ્થાઓ પોતાને સોંપવામાં આવેલ કાર્ય કરવા માટે ખર્ચ કરે છે અને આ ખર્ચને પહોંચી વળવા આવક મેળવે છે. જે-તે સત્તા દ્વારા આ ખર્ચ અને આવકના અંદાજો રજૂ કરાય તે અંદાજપત્ર કહેવાય.

### 10.1 અંદાજપત્રનો અર્થ (Meaning of a Budget)

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહેવામાં આવે છે.

આમ, અંદાજપત્ર આવનારા વર્ષના આવક-ખર્ચના અંદાજિત હિસાબો દર્શાવે છે.

**અંદાજપત્રના અર્થમાંથી ફલિત થતી બાબતો :**

અંદાજપત્રના અર્થમાંથી નીચેની બાબતો ફલિત થાય છે :

(1) અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજિત આંકડા આપે છે.

(2) તે આવનારા નાણાકીય વર્ષના સંદર્ભે જ રજૂ થાય છે, માટે આ અંદાજો ચોક્કસ સમયગાળા માટે છે એમ કહી શકાય.

(3) દરેક સરકારના અંદાજપત્રનો મુખ્ય હેતુ દેશના આર્થિક વિકાસ અને પ્રજાના કલ્યાણનો છે.

(4) દરેક સરકારે પોતાના અંદાજપત્રને અમલમાં મૂકતા પહેલાં લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજૂરી મેળવવી પડે છે.

(5) અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્ય સરકારના નાણામંત્રી રજૂ કરે છે.

### 10.2 અંદાજપત્રના ઉદ્દેશો (Purposes of a Budget)

આવનારા નાણાકીય વર્ષમાં આવક અને ખર્ચના જે અંદાજો નક્કી કરવામાં આવે છે, તેના ચોક્કસ ઉદ્દેશો છે, જે નીચે મુજબ છે :

**10.2.1 સત્તાસમૂહોની મંજૂરી મેળવવી :** સરકારે ખર્ચ અને આવક મેળવવા માટે લોકશાહી સત્તામંડળની મંજૂરી લેવી જરૂરી હોય છે. અંદાજપત્ર એ સરકારને મંજૂરી મેળવવા માટે રજૂ કરેલી અંદાજિત દરખાસ્ત છે. દા. ત., સંસદમાં કેન્દ્રિય બજેટ દ્વારા સરકાર પહેલાં સંસદ પાસે મંજૂરી માંગે છે કે, આવનારા વર્ષમાં સરકાર આ પ્રકારે ખર્ચ અને આવક કરવા માંગે છે.

**10.2.2 સંસાધનો અને જવાબદારીઓનો અંદાજ મેળવવા :** જાહેર સત્તાઓ દ્વારા બજેટ રજૂ કરવાનો એક ઉદ્દેશ એ છે કે, તેને આવનારા વર્ષમાં કરવાનાં કામની જવાબદારીનો ખ્યાલ આવે છે અને તે આવનારા વર્ષમાં ક્યાંથી આવક મેળવી શકશે તેની શક્યતા તપાસે છે.

**10.2.3 સાધન-ફાળવણીને યોગ્ય દિશા મળે છે :** અંદાજપત્ર તૈયાર કરવાના લીધે જ હેતુઓ મુજબ સાધન-ફાળવણી થાય છે. અંદાજપત્ર તૈયાર કર્યા વગર ખર્ચ થાય તો એક જ બાબત પાછળ ખર્ચ થઈ જાય અને બીજી બાબતો બાકી રહી જાય. આવું ન થાય તે માટે ખર્ચ પહેલાં જ ફાળવણી નક્કી કરવી જરૂરી છે.

**10.2.4 પ્રજાની જાણકારી માટે :** સરકારે અંદાજપત્ર એટલા માટે રજૂ કરવું જોઈએ, કારણ કે નાગરિકોને ખબર પડે છે કે, હવે અર્થતંત્રમાં શું થશે! કયા ક્ષેત્રમાં રોકાણ થશે ! કઈ વસ્તુ મોંઘી થશે ! કઈ વસ્તુ પર કરવેરા લાગશે !

આમ, અંદાજપત્ર આર્થિક આયોજનનો એક ભાગ જ છે. સરકારને નીતિઓ નક્કી કરવામાં તથા તેની દિશા નક્કી કરવામાં મદદરૂપ થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 10.3 અંદાજપત્રના પ્રકારો (Types of Budget)

અંદાજપત્ર બે પ્રકારના હોય છે :

(1) સમતોલ અંદાજપત્ર

(2) અસમતોલ અંદાજપત્ર

(a) ખાધવાળું (b) પુરાંતવાળું

હિસાબી નિયમો મુજબ તો તમામ અંદાજપત્રો સમતોલ જ હોય છે, કારણ કે તેની બંને બાજુએ સરખું નાણાકીય મૂલ્ય બતાવાય છે, પરંતુ વાસ્તવમાં રાજ્યના અંદાજપત્રો સમતોલ અથવા અસમતોલ હોય છે.

### 10.4 સમતોલ અંદાજપત્ર (Balanced Budget)

આવક અને ખર્ચના વાસ્તવિક અંદાજો પ્રમાણે સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર જ્યાં સરકારનો અંદાજિત ખર્ચ, તેની અંદાજિત આવક જેટલો જ હોય. આ આદર્શ સ્થિતિ, જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો સરખા હોય. વિકસતા દેશો માટે આવું અંદાજપત્ર બિનવ્યવહારું છે. જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિ-દર વધારવા માટે રાજ્ય વધુ ખર્ચ કરે છે અને અંદાજપત્ર વાસ્તવમાં સમતોલ હોતું નથી.

**10.4.1 સમતોલ અંદાજપત્રના ફાયદા :** આવક અને ખર્ચના અંદાજ સરખા હોય તેવા સમતોલ અંદાજપત્રના ફાયદા નીચે મુજબ છે :

(1) આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે.

(2) આવક અને ખર્ચના અંદાજો સરખા રહે તે માટે સરકાર બિનજરૂરી ખર્ચ તથા બિનજરૂરી વેરા ઘટાડે છે.

(3) પ્રજા પર બોજ વધતો નથી.

**10.4.2 સમતોલ અંદાજપત્રના ગેરફાયદા :**

(1) સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચા ઘટાડે તો પ્રજાના કલ્યાણ પર અસર પડે છે.

(2) સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા વેરા વધારે તો પ્રજા પર બોજ વધે, તો તે આર્થિક વિકાસને અવરોધરૂપ બને.

ઍડમસ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી હતી, પરંતુ જે. એમ. કેઈન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી હતી. કેઈન્સના મત મુજબ અર્થતંત્રમાં રોજગારી ટકાવી રાખવા રાજ્યે (સરકારે) વધુ ખર્ચ કરવો આવશ્યક બને છે.

### 10.5 અસમતોલ અંદાજપત્ર (Unbalanced Budget)

આ પ્રકારના અંદાજપત્રમાં અંદાજિત આવક અને અંદાજિત ખર્ચ સરખા થતા નથી. આવી અસમતુલા બે રીતે હોય :

(1) ખાધવાળું અંદાજપત્ર (2) પુરાંતવાળું અંદાજપત્ર.

**10.5.1 ખાધવાળું અંદાજપત્ર :** સરકારનું અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેવું અંદાજપત્ર ખાધવાળું કહેવામાં આવે છે.

ખાધવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક

વિકસતા દેશોમાં સરકારો આર્થિક વિકાસ માટે ખૂબ જાહેર ખર્ચ કરતા હોય છે. સંરક્ષણ, શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે પાછળ ખર્ચ થાય છે. આથી સરકાર પાસે આવકનાં સાધનો ઓછાં હોય છે. કરવેરા ભરવાની ક્ષમતા લોકોમાં ઓછી હોય છે. માટે આવક કરતાં ખર્ચ વધારે થાય છે અને ખાધવાળું અંદાજપત્ર બને છે.

**10.5.2 પુરાંતવાળું અંદાજપત્ર :** અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે. આવા અંદાજપત્ર ખાસ કરીને વિકસિત દેશોમાં જોવા મળે છે. અહીં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધારે હોવાથી પુરાંતવાળું હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**10.6 ખાધવાળા અંદાજપત્રના ફાયદા (Merits of a Deficit Budget)**

(1) આવા અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.

(2) મંદીના અર્થતંત્રમાં ખાધવાળા અંદાજપત્રથી ખર્ચ દ્વારા રોજગારી સર્જી શકાય છે. આવા અંદાજપત્ર આર્થિકવૃદ્ધિ વધારવામાં મદદ કરે છે.

(3) ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે.

**10.7 ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા (Demerits of a Deficit Budget)**

(1) કેટલીક વખત સરકાર વધુપડતો ખર્ચ કરીને તેને પૂરો કરવા દેવું કરે છે અને દેવાનો બોજ વધે છે.

(2) સરકારના ખર્ચ પર નિયંત્રણ રહેતું નથી.

(3) પ્રજાએ કરવેરા દ્વારા ચૂકવેલાં નાણાંનો બિનકાર્યક્ષમ ખર્ચ થાય છે.

**10.8 પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા (Merits of a Surplus Budget)**

(1) પુરાંતવાળા અંદાજપત્રથી રાજ્ય ફુગાવાના સમયે પ્રજા પાસેથી વધુ વેરા લઈ પ્રજા પાસેનું અધિક ધન ખેંચી લઈ શકે અને ફુગાવાને કાબૂમાં લાવી શકે.

(2) પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતું નથી.

(3) પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી.

**10.9 પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા (Demerits of a Surplus Budget)**

(1) પુરાંતવાળા અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસનાં કાર્યો માટે જરૂરી ખર્ચ પણ ન કરે તો વિકાસને વિપરીત અસર પહોંચે છે.

(2) મંદીના સમયમાં સરકાર પુરાંતવાળા અંદાજપત્ર માટે નાણાંને પકડી રાખે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, રોજગારી અને ઉત્પાદન પર અસર પડે છે.

(3) જો દર વર્ષે પુરાંત વધતી જ જાય તો પછી સરકાર તેનું શું કરશે તે પ્રશ્ન મોટો થતો જાય છે. માટે પુરાંતવાળા અંદાજપત્રની પણ મર્યાદા ઊભી થાય.

**10.10 અંદાજપત્રનાં ખાતાઓ (Accounts of a Budget)**

અંદાજપત્રની સમજૂતી મેળવવા માટે વિવિધ ખાતાંની સમજૂતી મેળવવી જરૂરી છે. એકાઉન્ટની રીતે અંદાજપત્રના હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે : (I) જમાબાજુ, જ્યાં રાજ્યની આવકો નોંધાય છે અને (II) ખર્ચબાજુ, જ્યાં રાજ્યના ખર્ચ નોંધાય છે. આવક અને ખર્ચની બંને બાજુનાં મુખ્ય પાસાં નીચે મુજબ છે :

**10.10.1 આવકબાજુ :** અંદાજપત્રની આવકબાજુએ બે ભાગ પાડી શકાય : (1) મહેસૂલી આવક (2) મૂડી આવક.

**10.10.1.1 મહેસૂલી આવક :** પ્રત્યક્ષ વેરા, GST અને IGST માંથી મળેલી આવક અને GST માં સમાવિષ્ટ ન હોય તેવી વસ્તુઓ પર પડતા પરંપરાગત પરોક્ષ વેરાની આવક. દા.ત., પેટ્રોલિયમ પેદાશો પરના વેરાની આવક. જાહેર ક્ષેત્રના નફા પેટે જે આવકો મળે છે, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે છે તે મહેસૂલી આવક છે. આવી આવક ચાલુ વર્ષની પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતી ગણાય છે.

**10.10.1.2 મૂડી-આવક :** રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બૅન્કમાંથી લીધેલ કરજ તથા ટ્રેઝરી બિલોના વેચાણ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડી ખાતાની આવકો છે.

**10.10.2 ખર્ચબાજુ :** અંદાજપત્રની ખર્ચબાજુને બે ભાગમાં મૂકી શકાય : (1) મહેસૂલી ખર્ચ (2) મૂડીનો ખર્ચ.

**10.10.2.1 મહેસૂલી ખર્ચ :** સરકાર વિવિધ જાહેર સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે. જેમકે, કર્મચારીઓને પગાર-ભથ્થાં ચૂકવવા, રાજ્યોને મદદ કરવી, સંરક્ષણ, સબસિડી વગેરે માટે જે ખર્ચ છે તે મહેસૂલી ખર્ચ થાય છે.

**10.10.2.2 મૂડીખર્ચ :** સરકાર દેવાની ચૂકવણીઓ કરે, રાજ્ય સરકારો અન્યને જે કરજ આપે, સામાજિક તથા સંરક્ષણક્ષેત્રે મૂડીખર્ચ કરે તે મૂડીખાતાનો ખર્ચ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આમ, અંદાજપત્રને બે ખાતાંમાં વહેંચી શકાય :

(A) મહેસૂલી ખાતુ : જ્યાં મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચની નોંધણી થાય તથા (B) મૂડી ખાતુ : જ્યાં મૂડીઆવક અને મૂડીખર્ચ નોંધવામાં આવે છે. મૂડીઆવક અને મૂડીખર્ચ લાંબા ગાળાના આર્થિક વ્યવહારો દર્શાવે છે, જેની સરકારના મૂડી ખાતાઓમાં લાંબે ગાળે અસર વર્તાય છે.

## 10.11 વસ્તુઓ અને સેવાઓ કર (Goods and Services Tax/GST)

લોકશાહી દેશોમાં રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર મોટો હોય છે. રાજ્ય જાહેરસેવાઓ પાછળ વ્યાપક ખર્ચ કરે છે અને આ ખર્ચને પહોંચી વળવા તે આવક મેળવે છે.

રાજ્યની આવકનાં સાધનોમાં કરવેરા એ મહત્ત્વનું સાધન છે. કરવેરાના મુખ્ય બે પ્રકાર છે : પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા.

ભારતમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિવિધ સ્વરૂપે પરોક્ષ વેરા ઉઘરાવે છે. ભારત સરકારે બંધારણીય સુધારા દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઉઘરાવાતા ઘણા બધા પરોક્ષ વેરાઓ ભેગા કરીને એક જ 'વસ્તુઓ અને સેવાઓ કર' ઉઘરાવવાનું નક્કી કર્યું અને 1 જુલાઈ, 2017 થી વસ્તુઓ અને સેવાઓ કરનો અમલ શરૂ થયો.

**10.11.1 અર્થ :**

- વસ્તુઓ કે સેવાઓના પૂર્તિ (Supply) પર લાદવામાં આવતો કર એટલે વસ્તુઓ અને સેવાઓ કર જેને ટૂંકમાં જીએસટી (GST) કહેવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના વિવિધ પરોક્ષ કરવેરા રદ કરી વસ્તુઓ અને સેવાઓને એક જ કર હેઠળ આવરી લેવામાં આવ્યા છે તેને વસ્તુઓ અને સેવાઓનો કર (વસેક-GST) કહે છે.
- આ પરોક્ષ વેરો છે.
- આ વેરો કેન્દ્ર અને રાજ્યના પરોક્ષવેરા ભેગા કરીને બનાવવામાં આવ્યો છે.
- આ વેરાનું વહીવટીય સંચાલન હવે જીએસટી કાઉન્સિલ કરશે. જેમાં દેશના નાણામંત્રી કાઉન્સિલનાં અધ્યક્ષ રહેશે અને સમિતિમાં રાજ્યોના નાણામંત્રીઓ રહેશે.

જે પરોક્ષવેરા નાબૂદ થયા અને તેના સ્થાને જીએસટી આવ્યો તેમાં મુખ્યત્વે,

(A) કેન્દ્ર સરકારના પરોક્ષવેરા જેમકે,

1. કેન્દ્રીય વેચાણવેરો (Central Sales Tax : CST)
2. કેન્દ્રીય આબકારી જકાત (Central Excise Duty)
3. વધારાની કસ્ટમ ડ્યૂટી (Additional Custom Duties)
4. સેવાકર (Service Tax)

(B) રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના કર જેમકે,

1. મૂલ્યવૃદ્ધિ કર (Value Added Tax : VAT)
2. ખરીદવેરો (Purchase Tax)
3. જકાતવેરો (Octroi)
4. વેચાણવેરો (Sales Tax)
5. મનોરંજન અને મોજશોખ પરના વેરા(Entertainment Tax) અને ઍન્ટ્રીટેક્સ(Entry Tax) રદ થયા.

GSTમાં વસ્તુઓ અને સેવાઓ એક જ કરવેરા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. પરંતુ બેઝિક કસ્ટમ ડ્યૂટી GSTમાંથી બાકાત રાખવામાં આવેલ છે.

**10.11.2 વસ્તુઓ અને સેવાઓ કર લાવવા પાછળનાં કારણો :** ભારતના સમવાય તંત્રમાં મોટા ભાગના પ્રત્યક્ષ કરવેરા કેન્દ્ર સરકાર ઉઘરાવે છે. જ્યારે પરોક્ષ વેરાઓ રાજ્ય અને કેન્દ્ર સરકાર બંને ઉઘરાવે છે.

રાજ્યો પોતાનાં નાણાકીય સાધનો એકત્ર કરવા માટે પરોક્ષ વેરા ઉઘરાવે છે પરંતુ, દરેક રાજ્ય આ વેરા અલગ-અલગ દરે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉઘરાવતાં હતાં વળી, એક જ વસ્તુ પર કેન્દ્ર અને રાજ્ય બંને વેરા લાદતા હતા અને જુદાં-જુદાં રાજ્યમાં વેચાતી વસ્તુઓ પર બંને રાજ્યના વેરા લાગતા હતા. આમ વેરાનો વહીવટ અને બોજો બંને વધતાં હતા માટે....

(1) એક જ વસ્તુ પર પડતા વિવિધ વેરા ઘટાડી એક જ વેરો કરવા,

(2) રાજ્યો વચ્ચે ઊભા થતા વેરાના તફાવતને નાબૂદ કરવા,

(3) વહીવટીય સરળતા અને કરકસર માટે,

(4) વહીવટમાં ડિઝિટલાઈઝેશન સરળતાથી થઈ શકે તે માટે

(5) કરચોરી અટકાવવા અને પરોક્ષ વેરાને વધારે ઉત્પાદક બનાવવા તથા

(6) પ્રજા પર પડતા પરોક્ષ વેરાના બોજાને ઘટાડવા માટે જીએસટી લાવવો જરૂરી બન્યો.

**10.11.3 વસ્તુઓ અને સેવાઓ કરના પ્રકાર :** ભારતમાં વસ્તુઓ અને સેવાઓ કર (GST) મુખ્યત્વે બે ભાગમાં વર્ગીકૃત છે. (1) CGST અને SGST / UTGST (2) IGST

**(1) CGST અને SGST / UTGST :**

ભારતમાં વસ્તુ અને સેવાના વેપારને પ્રદેશની રીતે બે ભાગમાં વહેંચી શકાય: એક રાજ્યમાં જ આંતરિક ધોરણે વસ્તુ અને સેવાનું ખરીદ-વેચાણ તથા બે જુદાં-જુદાં રાજ્યમાં વસ્તુ અને સેવાનું ખરીદવેચાણ. હવે રાજ્યમાં / કેન્દ્રશાસિત પ્રદેશ (UT)માં જ જ્યારે વસ્તુ કે સેવાનું વેચાણ થાય છે ત્યારે જે GST લાગે છે તેના બે ભાગ પડે છે: (A) CGST અને (B) SGST / UTGST

એટલે કે (A) કેન્દ્ર સરકારનો GST (CGST)

(B) રાજ્ય સરકારનો GST (SGST) / કેન્દ્રશાસિત પ્રદેશનો GST (UTGST)

દા. ત., અમદાવાદનો ઉત્પાદક ભાવનગરમાં વસ્તુ કે સેવાનું વેચાણ કરે છે અને તેના પર ધારો કે 18 % GST નો દર છે તો આ વસ્તુ જો ₹100 ની હોય ત્યારે,

₹ 9 CGST (9 %)

₹ 9 SGST (9 %)

₹ 18 કુલ GST લાગશે.

**(2) IGST (Integrated Goods and Services Tax) :**

વસ્તુ કે સેવાના આંતરરાજ્ય વેચાણ (Inter-state) પર IGST લાગશે. એટલે કે અમદાવાદના ઉત્પાદકની વસ્તુ મુંબઈમાં (બીજા રાજ્યમાં) વેચવામાં આવી તો તેના પર લાગતો વેરો IGST કહેવાશે. ઉદાહરણ તરીકે,

સેવા/વસ્તુની કિંમત ₹ 100/-

IGST @ 18 % ₹ 18/-

કુલ ₹ 118/-

**10.11.4 વસ્તુઓ અને સેવાઓ કરનું અમલીકરણ :** ભારતમાં બંધારણીય સુધારા બાદ 1 જુલાઈ, 2017 થી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઉઘરાવાતા 17 જેટલા પરોક્ષ વેરાના સ્થાને વસ્તુ અને સેવાકર ઉઘરાવવાનું શરૂ થયું છે.

ભારતમાં વસ્તુઓ અને સેવાઓ કરના વહીવટીતંત્રને સમજવા માટે નીચેની બાબતો મહત્ત્વની છે :

**(1) વસ્તુઓ અને સેવાઓ કર કાઉન્સિલની રચના :** કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા ઉઘરાવવામાં અવતા પરોક્ષ વેરાના નિયમો અને દરો પહેલાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા જુદી-જુદી રીતે નક્કી થતા હતા. હવે એક જ વેરો GST લાગુ થવાથી તેને નક્કી કરવા માટે પણ એક જ સંસ્થા હોવી જરૂરી હતી. માટે ભારતમાં વસ્તુઓ અને સેવાઓ કરના નિયમો તથા તેના દરો નક્કી કરવા માટે GST



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કાઉન્સિલની રચના કરવામાં આવી છે. હવે આ કાઉન્સિલ કરવેરાના દર તથા કઈ વસ્તુ પર કેટલો GST લાગશે તેની ભલામણ કરે છે.

આ કાઉન્સિલના અધ્યક્ષ ભારતના નાણામંત્રી રહેશે અને GST કાઉન્સિલના સભ્યો તરીકે રાજ્યના નાણામંત્રીઓ રહેશે. સામાન્ય રીતે હાલ દર ત્રણ મહિને આ કાઉન્સિલની મિટિંગ મળે છે.

**(2) GST ના દર :** • GSTના દર શરૂઆતના તબક્કે વસ્તુઓ અને સેવા પર પાંચ પ્રકારના દર લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

i. GST માંથી કેટલીક વસ્તુઓ અને સેવાઓને બાદ રાખવામાં આવી છે. દા. ત., ખેતપેદાશો, શાકભાજી, છૂટક અનાજ, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ. (0 % દર)

ii. આ સિવાયના વસ્તુ અને સેવા પર 5%, 12 %, 18 % અને 28 % ના દરે જીએસટી ઉઘરાવવામાં આવે છે. 28 % ના દરમાં મોટા ભાગે મોજશોખ અને પ્રતિષ્ઠા મૂલ્ય (લક્ઝરી) વસ્તુઓનો સમાવેશ થાય છે.

iii. વસ્તુઓ અને સેવાઓ કરમાં રાજ્યોને વળતર.

GST ના અમલીકરણના કારણે કેટલાંક રાજ્યોને આર્થિક નુકસાન થાય અને કેટલાંક રાજ્યોને આર્થિક ફાયદો થાય તેમ છે. તેથી જે રાજ્યોને આર્થિક નુકસાન થાય તેને પાંચ વર્ષ સુધી વળતર આપવાની જોગવાઈ અહીં કરવામાં આવી છે.

iv. **GST થી બહાર રાખવામાં આવેલ વસ્તુઓ અને સેવાઓ :**

GST ના પ્રારંભિક અમલમાં કેટલીક વસ્તુઓ અને સેવાઓ પર GST લાગતો નથી. હાલના તબક્કે તેમના પર જૂના પરોક્ષ વેરા જ લાગે છે. તબક્કાવાર આ વસ્તુઓ અને સેવાઓ પણ GST માં આવી શકે છે, પણ હાલ તેમના પર GST નથી. આવી વસ્તુઓ અને સેવામાં;

a. માનવ-વપરાશ માટેનો આલ્કોહોલિક લીકર અને

b. પેટ્રોલિયમ પેદાશો(જેવાં કે પેટ્રોલ, ડીઝલ, ક્રૂડ (ATF-Aviation Turbine Fuel) અને કુદરતી વાયુ) પર જૂના વેરા જ ચાલુ રહે છે.

### 10.11.5 ટૅક્સ ક્રેડિટની યોજના

અગાઉના પરોક્ષ વેરાના અમલમાં વેપારીને અગાઉ ભરેલા પરોક્ષ વેરાની પૂરેપૂરી વેરાશાખ(ક્રેડિટ) મજરે મળતી ન હતી, પણ GST માં ટૅક્સ ક્રેડિટ આપવાની યોજના છે. અહીં વેપારી વસ્તુ ખરીદે ત્યારે તેણે ચૂકવેલ GST ની રકમ તે વસ્તુ વેચે ત્યારે ભરવાપાત્ર GST ની રકમમાંથી બાદ મળે છે. દા.ત., વેપારી જ્યારે માલની ખરીદી કરે ત્યારે તેણે ₹ 35,000 GST ભર્યો હોય અને તે જ માલનું જ્યારે વેચાણ કરે ત્યારે તેને ₹ 40,000 GST ભરવાનો થતો હોય, તો અગાઉ ખરીદી કરતી વખતે ભરેલા ₹ 35,000 GST બાદ મળશે અને તેને ₹ 5000 જ GST ભરવાનો થશે.

## 10.12 ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્રનો ખ્યાલ (Idea of Budgets of Different Tiers of Governments in India)

ભારતીય સમવાયતંત્ર ત્રિસ્તરીય છે માટે હવે આપણે આ ત્રણેય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના અંદાજપત્રનો ખ્યાલ મેળવીશું.

**10.12.1 કેન્દ્ર સરકારના અંદાજપત્રનો ખ્યાલ :** ભારતમાં કેન્દ્ર સરકાર વતી દેશના નાણામંત્રી આવનારા નાણાકીય વર્ષમાં થનારા ખર્ચ અને આવકના અંદાજો લોકસભામાં રજૂ કરે છે. મોટે ભાગે ફેબ્રુઆરી માસની અંતિમ તારીખે રજૂ કરવામાં આવે છે અને માર્ચ મહિના દરમિયાન સંસદમાં તેના પર ચર્ચા-વિચારણા કર્યા બાદ તેને મંજૂર કરવામાં આવે છે અને 1લી એપ્રિલથી તેનો અમલ કરવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**કેન્દ્ર સરકારના અંદાજપત્રની મહત્ત્વની વિગતો નીચે મુજબ છે :**

| **મહેસૂલી ખાતું** | |
|---|---|
| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
| **(1) કર-આવક** | **(1) બિનઆયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા)** |
| (A) પ્રત્યક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો<br>(B) GSTમાંથી પ્રાપ્ત આવક<br>(C) GST હેઠળ આવરી લેવાઈ ન હોય તેવી વસ્તુ પરના પરોક્ષવેરાની આવક<br>(D) કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી પ્રાપ્ત વેરાની આવક | (A) વ્યાજની ચૂકવણી (રાજ્યે/સરકારે ભૂતકાળમાં લીધેલા ધિરાણ પર ચૂકવવાનું વ્યાજ)<br>(B) સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, પાયાની સુવિધા પાછળ થતો ખર્ચ, વહીવટી સેવા પાછળ થતો ખર્ચ, સામાન્ય સેવાઓ પાછળ થતો ખર્ચ<br>(C) આર્થિક સેવાઓ જેવી કે ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર. ટેક્નોલૉજી પાછળ થતો ખર્ચ<br>(D) રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય<br>(E) સંરક્ષણ પાછળ થતું ખર્ચ<br>(F) સબસિડી<br>(G) પેન્શન, પગાર વગેરે |
| **(2) કર સિવાયની આવકો** | **(2) આયોજિત ખર્ચ (યોજનામાં હોય તેવા)** |
| (A) સરકારે આપેલા ધિરાણ પર મળનારા વ્યાજની આવક<br>(B) જાહેર ઉદ્યોગમાંથી મળેલા નફા અને ડિવિડન્ડની આવક<br>(C) જાહેર સેવા-સુવિધામાંથી પ્રાપ્ત ફી તથા દંડની આવક<br>(D) વિદેશોમાંથી પ્રાપ્ત થતું સહાયક અનુદાન | (A) ખેતી, ઉદ્યોગો, સિંચાઈ, સૂચના, પ્રસારણ, ઊર્જા, ખનીજ, વાહનવ્યવહાર અન્ય ક્ષેત્રો પાછળ થતો આયોજિત ખર્ચ<br>(B) કેન્દ્ર અને રાજ્ય શાસિત પ્રદેશોને અપાતી સહાય |

| **મૂડી ખાતું** | |
|---|---|
| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
| (1) ઋણ-વસૂલી (Recovery of Loans)<br>(2) દેવાથી પ્રાપ્ત થતી આવક<br>(3) અન્ય આવક દા. ત., વિમૂડીકરણમાંથી થતી આવક, નાની બચત યોજનામાંથી થતી આવક | (1) ઋણની પુનઃચૂકવણી<br>(2) અન્ય સરકારને અપાતા ધિરાણ પાછળ થતો ખર્ચ<br>(3) સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં થતો મૂડીખર્ચ<br>(4) સંરક્ષણક્ષેત્રે થતો મૂડીખર્ચ |

**નોંધ :** કેન્દ્ર સરકારના ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે જ્યારે રાજ્ય સરકારના ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે.

વિકાસલક્ષી ખર્ચ એટલે એવો ખર્ચ, જેના થકી આર્થિક વિકાસને પ્રત્યક્ષ અને સીધો વેગ મળે છે. દા. ત., સિંચાઈની સગવડો. બિનવિકાસલક્ષી ખર્ચ, જે સીધો વિકાસલક્ષી બાબતો પાછળ થતો નથી પણ પરોક્ષ રીતે લાંબે ગાળે વિકાસને અસર કરી શકે છે. દા.ત., પેન્શનની ચૂકવણી માટેનો ખર્ચ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**10.12.2 રાજ્યના અંદાજપત્રના ખાતા તથા તેની મહત્ત્વની વિગતો :** ભારતમાં રાજ્ય સરકાર પાસે કેન્દ્ર સરકાર કરતાં ઓછા ઉત્પાદક વેરાઓ છે અને જવાબદારી વધારે છે તે સંદર્ભે રાજ્ય સરકારનું અંદાજપત્ર નીચે મુજબ સમજી શકાય :

**રાજ્ય સરકારનું મહેસૂલી ખાતું**

| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
|---|---|
| (1) **કેન્દ્રીય વેરાઓમાંથી મળેલો હિસ્સો (નાણાપંચની ભલામણ મુજબ)** | (1) **વિકાસલક્ષી**<br>(A) સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, પાણી-પુરવઠો, પછાત વર્ગોનું કલ્યાણ વગેરે પાછળ થતો ખર્ચ<br>(B) આર્થિક સેવાઓ જેવી કે કૃષિ, ગ્રામીણવિકાસ, સિંચાઈ, ઉદ્યોગ, પરિવહન, સંચાર, વિજ્ઞાન, ટેક્નોલૉજી, પર્યાવરણ વગેરે પાછળનો ખર્ચ |
| (2) **રાજ્યના કરવેરાની આવકો**<br>(A) ખેતીની આવક ઉપરનો કર જે હાલમાં લેવાતો નથી.<br>(B) જમીન-મહેસૂલ<br>(C) સ્ટેમ્પ ડ્યૂટી<br>(D) રાજ્યની આબકારી જકાત<br>(E) વેચાણવેરા/મૂલ્યવર્ધિત કર<br>(F) ઍન્ટ્રી ટૅક્સ<br>(G) લક્ઝરી ટૅક્સ<br>(H) મનોરંજનનો કર<br>[(D)–(H)] ના સ્થાને GSTની આવક<br>(I) અન્ય કરવેરા<br>(J) વાહનકર<br>(K) વીજળી પરનો વેરો<br>(3) GST માંથી બાદ રખાયેલ વસ્તુ પરના પરોક્ષ વેરાની આવક<br>(4) **અન્ય આવકો : અનુદાન, દાન, ભેટ** | (2) **બિનવિકાસલક્ષી**<br>(A) સામાન્ય સેવાઓ જેવી કે વહીવટીય સેવાઓ, પેન્શન અને નિવૃત્તિના લાભ, નાણાકીય સેવાઓ વગેરે પાછળ થતો ખર્ચ<br>(B) અન્ય ખર્ચ :<br>સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાતા અનુદાન |

**રાજ્ય સરકારનું મૂડીખાતું**

| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
|---|---|
| (1) **જાહેર દેવું**<br>(A) રાજ્ય સરકારનું આંતરિક દેવું<br>(B) કેન્દ્ર તરફથી મળતી લોન અને પેશગીઓ | (1) **વિકાસલક્ષી**<br>(A) સામાજિક સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ<br>(B) આર્થિક સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ |
| (2) **અન્ય સરકારોને આપેલી લોન અને પેશગીઓની વસૂલાત** | (2) **બિનવિકાસલક્ષી**<br>(A) સામાન્ય સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ<br>(B) જાહેર દેવાની ચૂકવણી<br>(C) અન્ય ખર્ચ :<br>રાજ્ય દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને, સરકારોને અપાતી લોન અને પેશગીઓ |
| (3) **અન્ય મૂડીઆવક**<br>દા. ત., વિનિવેશીકરણ(ડીસઇન્વેસ્ટમેન્ટ) પ્રાપ્ત થતી મૂડીઆવકો | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**10.12.3 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના અંદાજપત્રનો ખ્યાલ :** આપણા દેશમાં શહેરોમાં મહાનગરપાલિકા, નગરોમાં નગરપાલિકા, ગ્રામપંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે કામ કરે છે. બંધારણે આ સત્તામંડળોને કરવાનાં કામ તથા ઉઘરાવવાપાત્ર વેરાની છૂટ આપી છે. પંચાયતીરાજના કાયદા દ્વારા સંસદે પંચાયતોને વધારે આર્થિક મજબૂતી આપી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ કરવાના મહત્ત્વનાં કામમાં નળ, ગટર અને રસ્તાની સ્વચ્છતા, જાહેર સ્વાસ્થ્ય, પાણી-પુરવઠો, જાહેર રસ્તાનું વીજળીકરણ વગેરેનો સમાવેશ થાય છે.

**મ્યુનિસિપલ કૉર્પોરેશનના અંદાજપત્રનો ખ્યાલ**
**મહેસૂલી ખાતું**

| ↓ આવક (જમા) | ↓ ખર્ચ (ઉધાર) |
|---|---|
| (1) રાજ્ય તરફથી સ્થાનિક સરકારને આવક પ્રાપ્ત થાય.<br>(A) અનુદાન, સબસિડી<br>(B) સરકારની યોજના માટે રાજ્ય સરકાર તરફથી મળતો ફાળો | (1) અનુદાન-સબસિડી મેળવવા માટે આપવાનો થતો ફાળો |
| (2) જકાત (ઑક્ટ્રોય)<br>(ગુજરાતમાં નાબૂદ કરવામાં આવી છે.) | (2) ધિરાણ લેવા માટે થતો ખર્ચ |
| (3) પ્રોપર્ટી ટૅક્સ : (મિલકતવેરો)<br>(A) સામાન્ય વેરો<br>(B) પાણીવેરો<br>(C) વેકન્ટ લૅન્ડ ટૅક્સ (પડતર જમીનવરો) | (3) સ્થાપના-ખર્ચ<br>Establishment Exp.<br>દા.ત., પગાર, પેન્શન વગેરે પાછળ થતો ખર્ચ |
| (4) અન્ય વેરા :<br>(A) વાહનવેરો<br>(B) મનોરંજનવેરો<br>(C) શિક્ષણવેરો (ઉપકર) | (4) વહીવટીય ખર્ચ :<br>સ્ટેશનરી વગેરે ખર્ચ |
| (5) વેરા સિવાયની આવક :<br>કાયદા મુજબ વસૂલ થયેલ આવક<br>(A) મ્યુનિસિપાલિટીના માલિકીની મિલકતના વપરાશની ફી<br>(B) જાહેર જગ્યા પર વસૂલ કરાયેલ ફી<br>(C) જાહેર સેવાના બદલામાં લેવાયેલ ફી વગેરે. | (5) વીજળી, બળતણ-ખર્ચ |
| | (6) મરામત, નિભાવ-ખર્ચ |
| | (7) સ્થાનિક સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમ માટે થતો ખર્ચ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| મૂડી ખાતું | |
|---|---|
| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
| (1) રાજ્ય સરકારનું અનુદાન | (1) આંતરમાળખાકીય સુવિધા માટે થતો ખર્ચ |
| (2) માલિકીની મિલકતમાંથી મૂડીલાભ | (2) વાહનવ્યવહારનાં સાધનો |
| (3) ઋણ (ઉછીના લીધા તે) | (3) સાધનો, મશીનરી પાછળ થતો ખર્ચ |
| (4) અન્ય. દા. ત., રાજ્ય સરકાર પાસેથી આવાસ યોજના માટે મળતી મૂડી | |

**10.13 પંચાયતનાં કાર્યો અને આવકનો સ્રોત (Functions of a Panchayat and Sources of Its Revenue)**

'પંચાયત' એટલે 'પાંચ વ્યક્તિની સભા'. ભારતમાં સ્થાનિક શાસનમાં નિર્ણયની પ્રક્રિયાનું આ માળખું વર્ષો જૂનું છે. ભારતના બંધારણ મુજબ દરેક ગ્રામપંચાયત પોતાના ગામ માટે વિકાસ અને સામાજિક ન્યાયની યોજના બનાવી શકે છે. પંચાયતમાં ગ્રામસભા દ્વારા નિર્ણયો થાય છે અને રાજ્યના નાણાપંચની ભલામણ મુજબ પંચાયતને નાણાં ફાળવાય છે. પંચાયતીરાજના ધારાએ પંચાયતોને વધુ નાણાકીય મજબૂતી આપી છે. હવે કેન્દ્ર સરકાર પોતે જ પંચાયતના ખાતામાં વિકાસકાર્યો માટે સીધાં જ નાણાં જમા કરાવે છે. પંચાયતોનો રાજ્ય સરકાર પરનો આધાર ઘટ્યો છે અને નાણાકીય સમૃદ્ધિ વધી છે. નિર્ણયો લેવાની સ્વતંત્રતામાં વધારો થયો છે.

**10.13.1 પંચાયતની આવકનાં સાધનો :**

(1) બંધારણ માન્ય અને રાજ્ય સરકારે મંજૂરી આપી હોય તેવા સ્થાનિક વેરા તથા દંડની રકમ

(2) કેન્દ્ર સરકાર દ્વારા મળતું સીધું અનુદાન

(3) રાજ્યની વિવિધ યોજનાઓના અમલ માટે પંચાયતને ફાળવાતાં નાણાં

**10.13.2 પંચાયતનાં કાર્યો - ખર્ચ-સ્થાનો :** પંચાયતોએ મૂળભૂત રીતે જાહેર સફાઈ, જાહેર આરોગ્ય, પાણીની સુવિધા અને રસ્તા જેવી સુવિધા માટે કામ કરવાનું હોય છે.

**10.14 અંદાજપત્રની ખાધના પ્રકારો (Types of Deficits in a Budget)**

અંદાજપત્રો સમતુલિત અને અસમતુલિત હોય છે. અસમતુલિત અંદાજપત્ર પુરાંતવાળું કે ખાધવાળું હોઈ શકે છે અને ખાધવાળા અંદાજપત્રમાં અંદાજપત્રની વિવિધ ખાધ નીચે મુજબ સમજી શકાય :

**10.14.1 મહેસૂલી ખાધ :** અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાધ ઉદ્‌ભવે છે. આ પ્રકારની ખાધ એ દર્શાવે છે કે, રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતાં વધારે છે. વ્યાવહારિક તથા હિસાબી દૃષ્ટિએ આવી ખાધ તંત્રની નીચી કાર્યદક્ષતા દર્શાવે છે. મૂડીખાતાની આવકમાંથી આ ખાધ ભરપાઈ કરવાના પ્રયત્ન થઈ શકે છે.

**10.14.2 અંદાજપત્રની ખાધ :** અંદાજપત્રમાં બે ભાગ હોય છે : મહેસૂલી ખાતું અને મૂડીખાતું. જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની કુલ આવક કરતાં મહેસૂલી અને મૂડીખર્ચ વધારે હોય ત્યારે સમગ્ર અંદાજપત્ર ખાધવાળું ગણાય માટે તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.

કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પૂરી કરવા માટે રિઝર્વ બૅન્ક પાસેથી ઉપાડ કરે છે જેને ખાધપુરવણી કહે છે. જ્યારે રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પૂરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી અતિરિક્ત ઉપાડ કરે છે. (ઓવરડ્રાફ્ટ)

**10.14.3 રાજકોષીય ખાધ :** રાજ્ય (સરકાર) બજારમાંથી જે નાણાંનું ધિરાણ મેળવે તેને મૂડી ખાતાની આવક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કહેવાય પણ વાસ્તવિક વ્યવહારમાં તે દેવું છે. સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ દેવું એ બંનેના સરવાળાને રાજકોષીય ખાધ કહે છે. આમ, રાજકોષીય ખાધ અંદાજપત્રની ખાધ કરતાં વધુ હોય છે. રાજકોષીય ખાધ = કુલ ખર્ચ – કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની) અથવા અંદાજપત્રની ખાધ + બજારમાંથી મેળવેલ દેવાની રકમ.

**10.14.4 પ્રાથમિક ખાધ :** રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરવામાં આવે તેને પ્રાથમિક ખાધ કહેવામાં આવે છે. રાજ્યને દેવાના વ્યાજની ચૂકવણી બોજો સર્જે છે પણ આ બોજો વર્તમાનના કામને કારણે નથી. દેવું ભૂતકાળમાં થયું છે અને તેનું વ્યાજ વર્તમાનમાં છે માટે વ્યાજને બાદ કરી પ્રાથમિક ખાધ મેળવાય છે. જે ચાલુ વર્ષના આવક અને ખર્ચનો અંદાજ આપે છે. આવો ખ્યાલ આ પ્રકારની ખાધમાં વ્યક્ત કરાયો છે. પરંતુ ભારતમાં આ પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી.

### 10.15 અંદાજપત્રની અસરો (Effects of Budget)

અંદાજપત્ર અર્થતંત્ર અને સમાજને સામાન્ય રીતે નીચે મુજબની અસરો પહોંચાડે છે :

(1) આવકને ધ્યાનમાં રાખીને ખર્ચ કરવાના પ્રયાસ કરવા માટે સરકારને ફરજ પડે છે અને આમ સરકારમાં રાજકોષીય શિસ્ત લાવે છે.

(2) વિવિધ ક્ષેત્રો વચ્ચે નાણાકીય ફાળવણી આર્થિક અને સામાજિક મહત્ત્વના ધોરણે થાય છે અને આમ સાધનોની ન્યાયી વહેંચણી થાય છે.

(3) વિવિધ ક્ષેત્રોમાં નાણાકીય ફાળવણી દ્વારા ક્ષેત્રોને મૂડીરોકાણ અંગેની દિશા આપે છે અને કરવેરા દ્વારા લોકોની વપરાશ યોગ્ય આવક (Disposable Income)ને અસર કરી માંગનું નિયંત્રણ કરે છે.

(4) કરવેરા અને ખર્ચનું સંચાલન કરી અર્થતંત્રમાં મંદી અને ફુગાવાનું નિયંત્રણ કરે છે જેથી આર્થિક સ્થિરતા જળવાય છે.

(5) અંદાજપત્ર દ્વારા રાજ્યની યોજનાના હેતુઓના સંદર્ભમાં વૃદ્ધિ અને વિકાસને દિશા મળે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ભારતના બંધારણમાં કેટલા સ્તરની સરકારનો ઉલ્લેખ છે ?

(A) એક સ્તરીય (B) દ્વિસ્તરીય (C) ત્રિસ્તરીય (D) શૂન્ય સ્તરીય

(2) પંચાયત એટલે શું ?

(A) પાંચ વ્યક્તિની સભા (B) પચાસ વ્યક્તિની સભા

(C) પાંચ સો વ્યક્તિની સભા (D) પાંચ ગામની સભા

(3) સમતોલ અંદાજપત્રની તરફેણ કોણે કરી હતી ?

(A) ઍડમસ્મિથ (B) માર્શલ (C) કેઈન્સ (D) હિક્સ

(4) શિક્ષણ એ કોની જવાબદારી છે ?

(A) કેન્દ્ર સરકારની (B) રાજ્ય સરકારની

(C) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની (D) સંયુક્ત જવાબદારી

(5) ફુગાવા સમયે સરકાર પોતાનો ખર્ચ કેવો રાખે છે ?

(A) સ્થિર રાખે છે (B) ઘટાડે છે (C) વધારે છે (D) શૂન્ય કરી નાંખે છે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(6) કોની ભલામણ મુજબ રાજ્યોને કેન્દ્રની કર-આવકનો હિસ્સો મળે છે ?

(A) આયોજનપંચ (B) નાણાપંચ (C) નીતિઆયોગ (D) કેન્દ્ર સરકાર

(7) ભારતમાં કયા પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી ?

(A) મહેસૂલી ખાધ (B) અંદાજપત્રીય ખાધ (C) રાજકોષીય ખાધ (D) પ્રાથમિક ખાધ

(8) નીચેના પૈકી કયા વેરાનો સમાવેશ GSTમાં થાય છે ?

(A) આવકવેરો (B) બક્ષિસવેરો (C) સંપત્તિવેરો (D) સેવાવેરો

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) અંદાજપત્ર એટલે શું ?

(2) અંદાજપત્રને કેટલી બાજુઓ હોય છે ? કઈ-કઈ ?

(3) કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત જવાબદારી હેઠળનાં કાર્યોની યાદી આપો ?

(4) સામાન્ય રીતે સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે ?

(5) ખાધવાળું અંદાજપત્ર કોને કહેવાય ?

(6) સામાન્ય રીતે અંદાજપત્રના અમલનો સમયગાળો કયો હોય છે ?

(7) મહેસૂલી આવક કોને કહેવાય ?

(8) વિકાસલક્ષી ખર્ચાઓ કોને કહેવાય ?

(9) બિનવિકાસલક્ષી ખર્ચાઓમાં કયા ખર્ચાઓનો સમાવેશ થાય છે ?

(10) પંચાયતની આવકનાં સાધનો જણાવો.

(11) ભારતમાં વસ્તુ સેવાકર (GST)નો અમલ ક્યારથી કરવામાં આવ્યો ?

(12) GST કાઉન્સિલના અધ્યક્ષ કોણ હોય છે?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) અંદાજપત્ર દ્વારા સંપત્તિની પુનઃ વહેંચણી કઈ રીતે થઈ શકે છે ? સમજાવો.

(2) અંદાજપત્રના પ્રકારો ટૂંકમાં સમજાવો.

(3) પુરાંતવાળા અંદાજપત્રના ફાયદાઓ જણાવો.

(4) GSTનો અર્થ આપો.

(5) GSTના કેટલા ભાગ પડે છે? કયા-કયા?

(6) GST, CGST, SGST, UTGST અને IGSTનાં પૂર્ણ નામ આપો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) અર્થ આપો : મહેસૂલી ખાધ, અંદાજપત્રીય ખાધ, રાજકોષીય ખાધ, પ્રાથમિક ખાધ

(2) અંદાજપત્રની અસરો જણાવો.

(3) ખ્યાલો સમજાવો : (A) મૂડી-આવક (B) મૂડીખર્ચ (D) મહેસૂલી ખર્ચ

(4) રાજ્ય સરકારના મૂડીખાતાની આવક અને ખર્ચબાજુની વિગતો જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) પંચાયતોનાં કાર્યો અને આવકના સ્રોતો જણાવો.

(6) વસ્તુઓ અને સેવાઓ કર લાવવા પાછળનાં કારણો જણાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) અંદાજપત્રનો અર્થ આપી તેના ઉદ્દેશોની સમજૂતી આપો.

(2) કેન્દ્ર સરકારના અંદાજપત્રના હિસાબી ખાતાઓની વિગતે ચર્ચા કરો.

(3) રાજ્ય સરકારના અંદાજપત્ર ઉપર ટૂંક નોંધ લખો.

(4) અંદાજપત્રની ખાધના પ્રકારો સમજાવો.

(5) વસ્તુઓ અને સેવાઓ કરનું અમલીકરણ વિગતવાર સમજાવો.

## પારિભાષિક શબ્દો

**અંદાજપત્ર (Budget)** : સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજો

**સમતોલ અંદાજપત્ર (Balanced Budget)** : જે અંદાજપત્રમાં આવક અને ખર્ચના અંદાજો સરખા હોય તેને સમતોલ અંદાજપત્ર કહેવાય.

**અસમતોલ અંદાજપત્ર (Unbalanced Budget)** : જે અંદાજપત્રમાં આવક અને ખર્ચના અંદાજો સરખા ન હોય તેને અસમતોલ અંદાજપત્ર કહેવાય.

**પુરાંતવાળું અંદાજપત્ર (Surplus Budget)** : જ્યારે અંદાજપત્રમાં અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય ત્યારે તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવાય.

**ખાધવાળું અંદાજપત્ર (Deficit Budget)** : જ્યારે અંદાજપત્રમાં અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક ઓછી હોય ત્યારે આવું અંદાજપત્ર ખાધવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે.

**મહેસૂલ ખાતું (Revenue Account)** : મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચના અંદાજો દર્શાવતું ખાતું

**મૂડીખાતું (Capital Account)** : મૂડી-આવકો તથા મૂડીખર્ચના અંદાજો દર્શાવતું ખાતું

**મહેસૂલી આવક (Revenue Receipt)** : કરવેરા, કર સિવાયની આવકો મહેસૂલી આવકો છે.

**મહેસૂલી ખર્ચ (Revenue Expenditure)** : સરકારના વપરાશી-ખર્ચ, પગાર-ભથ્થાં અને નાણાકીય સહાયો, અનુદાનો માટેનું ખર્ચ મહેસૂલી ખર્ચ છે.

**મૂડી-આવક (Capital Receipt)** : રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બૅન્કમાંથી લીધેલ કરજ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડીખાતાની આવકો છે. જેમની અસરો લાંબા ગાળામાં વર્તાય છે.

**મૂડીખર્ચ (Capital Expenditure)** : જમીન-મકાન-યંત્રો, જાહેર સાહસોના શૅર જેવી મૂડી બાબતો પાછળ થયેલો ખર્ચ મૂડીખાતાનો ખર્ચ છે. જેમની અસરો લાંબા ગાળામાં વર્તાય છે.

**મહેસૂલી ખાધ (Revenue Deficit)** : અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ વધારે હોય ત્યારે ઉદ્ભવતી ખાધ

**અંદાજપત્રીય ખાધ (Budgetary Deficit)** : જ્યારે સરકારના અંદાજપત્રમાં મહેસૂલી ખાતા તથા મૂડી-ખાતાની આવકો કરતાં મહેસૂલી ખાતા અને મૂડીખાતાનું ખર્ચ વધારે હોય ત્યારે અંદાજપત્રીય ખાધ ઊભી થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| **રાજકોષીય ખાધ (Fiscal Deficit)** | : | સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ કરજનો સરવાળો રાજકોષીય ખાધ છે. રાજકોષીય ખાધ = કુલ ખર્ચ – કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની). |
| **પ્રાથમિક ખાધ (Primary Deficit)** | : | રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરતાં બાકી રહેતી ખાધ. રાજકોષીય ખાધ – વ્યાજની ચુકવણી = પ્રાથમિક ખાધ |
| **વસ્તુઓ અને સેવાઓ કર** | : | • વસ્તુઓ કે સેવાઓના પૂર્તિ (Supply) પર લાદવામાં આવતો કર એટલે વસ્તુઓ અને સેવાઓ કર જેને ટૂંકમાં જીએસટી (GST) કહેવામાં આવે છે.<br>• કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના વિવિધ પરોક્ષ કરવેરા રદ કરી વસ્તુઓ અને સેવાઓને એક જ કર હેઠળ આવરી લેવામાં આવ્યા છે તેને વસ્તુઓ અને સેવાઓનો કર (વસેક-GST) કહે છે. |
| **SGST** | : | State Goods and Services Tax |
| **CGST** | : | Central Goods and Services Tax |
| **UTGST** | : | Union Tarritory Goods and Services Tax |
| **IGST** | : | Integreted Goods and Services Tax |

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 11 આર્થિક વિચારો (Economic Thoughts)


- પ્રસ્તાવના

11.1 કૌટિલ્ય (ચાણક્ય)

11.1.1 પરિચય

11.2 કૌટિલ્યનું અર્થશાસ્ત્ર

11.2.1 જનપદ (રાજ્ય)ની સ્થાપના

11.2.2 રાજકોષ

11.2.3 કરવેરાનીતિ

11.2.3.1 ભૂમિકર

11.2.3.2 આયાત-નિકાસકર

11.2.4 કૃષિ-પશુપાલન

11.2.5 ઉદ્યોગ

11.3 ગાંધીજી

11.3.1 પરિચય

11.3.2 ગાંધીજીના જીવનમાં વિચારકો અને ગ્રંથોનો પ્રભાવ

11.4 ગાંધીજીના મુખ્ય આર્થિક વિચારો

11.4.1 સર્વોદય

11.4.2 શ્રમનું ગૌરવ

11.4.3 યંત્રનો ઉપયોગ

11.4.4 વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા

11.4.5 સાદગી અને અપરિગ્રહ

11.4.6 ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત

11.4.6.1 ધનિકોનું હૃદય-પરિવર્તન શક્ય છે.

11.4.6.2 હકના બદલે ફરજો

11.4.6.3 લોકમતની જાગૃતિ

11.4.6.4 સમગ્ર સમાજહિતનું મહત્ત્વ

11.4.6.5 ટ્રસ્ટી (વાલી)ને વળતર

11.4.6.6 રાષ્ટ્રીયકરણનો વિરોધ

11.4.6.7 વારસદારની નિમણૂક

11.4.6.8 રાજ્યનું નિયંત્રણ

11.5 પંડિત દીનદયાળ ઉપાધ્યાય

11.5.1 પરિચય

11.6 પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અર્થ-વ્યવસ્થાના મુખ્ય આર્થિક વિચારો

11.6.1 ત્રીજા વિકલ્પની શોધ

11.6.2 એકાત્મ માનવવાદ

11.6.3 સાધ્ય-સાધનનો વિવેક

11.6.4 સંપત્તિની માલિકી

11.6.5 વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા

11.6.6 સંયમિત ઉપભોગ

11.6.7 શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ

11.7 પંડિત દીનદયાળ ઉપાધ્યાયના મતે અર્થ-વ્યવસ્થાના ઉદ્દેશો


**પ્રસ્તાવના (Introduction)**

માનવજીવન અને માનવીની આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે અર્થ-વ્યવસ્થાનું સંચાલન, ઉત્પાદન, આવક, વહેંચણી, રોજગારી, નાણું, વિનિમય, આર્થિક વિકાસ, બૅંકિંગ, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાના ઉકેલ વગેરેના સંદર્ભમાં રજૂ થયેલા વિચારોને આર્થિક વિચારો તરીકે ઓળખી શકાય.

વિશ્વના દરેક દેશના અર્થતંત્રના સંચાલન, ઉત્પાદન, આવક, ખર્ચ, વહેંચણી અને આર્થિક સમસ્યાઓના ઉકેલ જેવી અનેક બાબતોના સંદર્ભમાં ઘણા વિચારકોનો પ્રભાવ જોવા મળે છે. જેમકે, ઍડમસ્મિથના ''સંપત્તિના અર્થશાસ્ત્ર''માં ભૌતિક સંપત્તિ,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉત્પાદન, વહેંચણી, વપરાશ અને વિનિમય અંગેના આર્થિક વિચારો. પ્રો. આલ્ફ્રેડ માર્શલના માનવકલ્યાણને લક્ષમાં રાખતાં આર્થિક વિચારો. પ્રો. રોબિન્સના અછત, પસંદગી અને કરકસરને લગતા આર્થિક વિચારો. 1929-30ની વિશ્વ મહામંદી સંદર્ભમાં અર્થતંત્રને નવી દિશા અને ગતિ આપતા પ્રો. કેઈન્સના ખર્ચ, આવક અને રોજગારીને લગતા સમગ્રલક્ષી આર્થિક વિચારો જેવા પાશ્ચાત્ય ખ્યાલોનો પ્રભાવ જોવા મળે છે.

ભારતીય ગ્રંથોમાં પણ અર્થશાસ્ત્ર સંબંધિત વિચારધારાનાં દર્શન થાય છે. જેમકે, મહાભારતના શાંતિપર્વ, મનુસ્મૃતિ, શુક્રનીતિ અને કામંદકીય નીતિસાર જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોએ આર્થિક બાબતો અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે. આ આર્થિક વિચારોનો ધર્મ, તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ જોવા મળે છે. આ બધી આર્થિક વિચારધારામાં ચાણક્યના ''કૌટિલ્યના અર્થશાસ્ત્ર'' ગ્રંથનું અગ્રસ્થાન છે.

ભારતમાં રાજાશાહી અર્થ-વ્યવસ્થાના સમયથી વર્તમાન સમયના સંદર્ભમાં અનેક આર્થિક વિચારકોનો પ્રભાવ છે. જેમાંના મુખ્ય આર્થિક વિચારકોમાંથી આ પ્રકરણમાં કૌટિલ્ય (ચાણક્ય), ગાંધીજી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આર્થિક વિચારોનો પરિચય મેળવીશું.

### 11.1 કૌટિલ્ય (ચાણક્ય - Kautilya)

**11.1.1 પરિચય :** ''કૌટિલ્યના અર્થશાસ્ત્ર'' ગ્રંથના રચયિતા કૌટિલ્ય એવા કૂટનીતિજ્ઞ હતા કે, જેમણે એક પૂર્ણ રાષ્ટ્રનું સ્વપ્ન સેવ્યું હતું. દાંત સાથે જન્મેલ ચણક-બ્રાહ્મણના પુત્ર ચાણક્ય કે જેમનું મૂળ નામ વિષ્ણુગુપ્ત હતું. પાટલીપુત્ર રાજ્યમાં કુસુમપુર ગામમાં બાળપણ વિતાવનાર કૌટિલ્યએ ઈ.સ. પૂર્વે ત્રીજી સદીની આસપાસ નંદવંશના છેલ્લા રાજા ધનાનંદના કુશાસનનો અંત લાવવા ચંદ્રગુપ્ત મૌર્યનો સાથ લઈને તેમણે નૈતિક મૂલ્યો પર આધારિત મજબૂત અર્થ-વ્યવસ્થાવાળા સુસમૃદ્ધ રાષ્ટ્રની રચના માટે પ્રબળ પુરુષાર્થ કર્યો. રાજનીતિ, કાયદો, અર્થનીતિ, કુશળ વહીવટ, કરનીતિ, સમાજ-વ્યવસ્થા, વેપાર, ખેતી અને ઉદ્યોગ વગેરે વિષયોનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો અને ''અર્થશાસ્ત્ર'' જેવા વિશિષ્ટ ગ્રંથની રચના કરી જેને ''કૌટિલ્યના અર્થશાસ્ત્ર'' તરીકે ઓળખવામાં આવે છે.

### 11.2 કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (Economics of Kautilya)

ભારતીય સંસ્કૃતિ જેટલી પ્રાચીન છે, તેટલી જ પ્રાચીન તેની રાજ્ય-વ્યવસ્થા છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં રાજધર્મ, દંડનીતિ, નીતિશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા શબ્દો દ્વારા રાજ્ય-વ્યવસ્થાનો નિર્દેશ થયો છે. આજથી હજારો વર્ષ પૂર્વેના ઋષિઓના ચિંતનમાં આધુનિક સમસ્યાઓના ઉકેલ મળી આવે છે. તેઓએ પ્રવર્તમાન અને આવનાર સમયની વ્યક્તિગત અને સમષ્ટિગત સમસ્યાઓ અને સ્થિતિને લક્ષમાં રાખી મનુષ્ય માત્રનું વ્યાવહારિક જીવન સરળ બને અને કલ્યાણના માર્ગે તેની પ્રગતિ થાય તેવું માર્ગદર્શન આપ્યું છે. ''કૌટિલ્યનું અર્થશાસ્ત્ર'' પણ આ ચિંતનશ્રેણીનો અમૂલ્ય ગ્રંથ છે. આ ગ્રંથ પંડિત શ્યામ શાસ્ત્રીને ગ્રંથલિપિમાં ભોજપત્ર ઉપર મૈસૂર રાજ્યની ઓરિએન્ટલ લાઈબ્રેરીમાંથી પ્રાપ્ત થયો હતો. તેમણે ઈ.સ. 1909માં શુદ્ધતા સાથે સંપૂર્ણ ''કૌટિલ્ય અર્થશાસ્ત્ર'' ગ્રંથનું પ્રકાશન કર્યું. તેમના સંશોધન પ્રમાણે આ ગ્રંથની રચના ઈ.સ. પૂર્વે 321 અને 300ની વચ્ચે થયેલ છે.

કૌટિલ્યનું ચિંતન 'અર્થ' ઉપર આધારિત છે. તેમના મતે સત્તાની ચાવી 'અર્થ'માં જ છે. માનવીનો નિર્વાહ 'અર્થ' ઉપર આધારિત છે. કૌટિલ્યના મતે સાધન વગરનો માણસ પણ શ્રમ દ્વારા અર્થની પ્રાપ્તિ કરી શકે છે. જેમ-જેમ શ્રમની ઉત્પાદકતા વધે છે તેમ-તેમ આર્થિક સાધનો પણ વિકસે છે. તેથી તેઓ માનવસર્જિત શ્રમને જ વાસ્તવિક અર્થ કહે છે. આ સંદર્ભમાં કૌટિલ્યના મતે અર્થશાસ્ત્ર એટલે ''મનુષ્યની વૃત્તિ અર્થ છે, મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'' તેઓ મનુષ્યની આજીવિકા અને વસવાટના ઉપયોગ માટેની ભૂમિને સંપત્તિ ગણે છે અને તેના લાભ અને પાલનના ઉપાયો સૂચવે છે. કૌટિલ્યે દેશ અને સમયને અનુરૂપ આર્થિક વિચારો રજૂ કર્યા છે. તેથી તેમનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં નીતિશાસ્ત્ર છે. તેમાં કૌટિલ્યએ 15 ભાગમાં રાજ્યના આંતરિક પ્રશાસન, પડોશી રાજ્યો સાથેનો સંબંધ, ઔષધો અને કૂટનીતિને લગતા વિચારોનું નિરૂપણ કર્યું છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**કૌટિલ્ય (ચાણક્ય)ના મુખ્ય આર્થિક વિચારો (Main Economic Thoughts of Kautilya) :**

**11.2.1 જનપદ (રાજ્ય)ની સ્થાપના :** જનપદની સ્થાપનાના સમયે રાજાએ પ્રજા અને રાજ્યના વિકાસ માટે અનુકૂળ માળખાકીય સુવિધા ઊભી કરવી, રાજ્યમાં ખેતી અને ઉદ્યોગના વિકાસ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેમકે ખાણ, કારખાના, વન, પશુશાળા, આયાત-નિકાસ, રસ્તાઓ અને બજારની રચના કરવી જોઈએ. ખેતી માટે જળાશય, તેમજ દેવાલય અને ધર્મશાળાનું નિર્માણ કરવામાં રાજાએ મદદ કરવી જોઈએ. આચાર્ય, પુરોહિત અને ક્ષત્રિયોને કરમુક્તિ આપવાની અને અસહાય અવસ્થામાં ખેડૂતોને મદદ કરવી જોઈએ તેવી હિમાયત પણ કરી છે.

**11.2.2 રાજકોષ :** કૌટિલ્યે રાજ્યની સમૃદ્ધિ અને સુરક્ષા માટે જે ઉપાયો અને સાધનો બતાવ્યાં છે તેમાં રાજકોષનું મહત્ત્વનું સ્થાન છે. રાજ્યના સંગઠન, સમૃદ્ધિ, સ્થિરતા અને સંચાલન રાજકોષ ઉપર જ નિર્ભર છે. તેથી સૌથી પહેલાં રાજાએ કોષનું ધ્યાન રાખવું અને દરેક પરિસ્થિતિમાં પોતાના રાજકોષને વધારવા પ્રયત્નશીલ રહેવાનું સૂચન કર્યું છે. કૌટિલ્યએ રાજ્યની આવકના સાત સ્રોત દર્શાવ્યા છે. જેમાં (1) નગર (2) ગ્રામ (3) સિંચાઈ (4) ખાણ (5) જંગલ (6) પશુપાલન (7) વેપાર-વાણિજ્યનો સમાવેશ થાય છે. તેઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે રાજાએ વર્ષમાં એક જ વખત કર લેવો જોઈએ અને કર ઉઘરાવવા માટે પ્રજા ઉપર કોઈ બળજબરી કર્યા વગર રાજકોષ વધારવો જોઈએ. દુષ્કાળ અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિવાળા વિસ્તારમાં કરવસૂલીમાં સખતાઈ ન કરવાનું પણ જણાવ્યું છે. કૌટિલ્યે રાજકોષના વધારા માટે સાર્વજનિક સંપત્તિ, કીમતી ભેટ, ઈનામ, દંડ, વેપારવૃદ્ધિ અને વિપુલ ધાન્ય ઉત્પાદન વધારવા જેવા ઉપાયો પણ સૂચવ્યા છે.

રાજકોષ મોટા ભાગે વસ્તુ સ્વરૂપે જ મળે છે. તેથી તેને સંગ્રહવા માટે ગોદામોની વ્યવસ્થા કરવી અને આ રીતે મળેલ કોષનો ઉપયોગ રાજ્યનાં કલ્યાણનાં કાર્યો માટે કરવો જોઈએ. કૌટિલ્યએ કઈ વસ્તુ પર અને કોની પાસેથી કેટલા પ્રમાણમાં રાજાએ કર લેવો તેની પણ સ્પષ્ટતા કરી છે. જેમકે, અનાજ પકવતા ખેડૂત પાસેથી ઉત્પાદનનો ચોથો ભાગ, વન્ય, કપાસ, ઊન, રેશમ, લાખ અને દવાઓ જેવી વસ્તુઓ પર ઉત્પાદનનો અડધો ભાગ એવી જ રીતે અન્ય વ્યવસાયમાં પણ કર બાબતની સ્પષ્ટતા કરી છે. કૌટિલ્યના વિચારોમાં જોવા મળતા કલ્યાણલક્ષી રાજ્યની ભાવનાના ખ્યાલો આજે પણ રાજ્યને પ્રજાનાં કલ્યાણલક્ષી કાર્યોના આયોજન માટે ઉપયોગી છે.

**11.2.3 કરવેરાનીતિ :** કરવેરા અંગે કૌટિલ્યએ ચોક્કસ સિદ્ધાંતો રજૂ કર્યા છે. જેમાં રાજા માટે કરવેરાની મર્યાદા, ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની કરનીતિ જેવી બાબતોની સ્પષ્ટતા જોવા મળે છે. આકસ્મિક સંજોગોમાં વેરાના દર ઊંચા લઈ જવાની જોગવાઈ પણ દર્શાવી છે. જેમ બગીચામાં ફળના ઝાડ ઉપરથી પાકા ફળને તોડી એકઠાં કરવામાં આવે છે. તેવી રીતે રાજાએ પણ પ્રજાની શક્તિ અને સ્થિતિનો વિચાર કરીને જ કર લેવો જોઈએ અને કરવેરા ઉઘરાવવાની પ્રક્રિયા ઓછી ખર્ચાળ અને સરળ હોવી જોઈએ તેમજ પ્રજા પર ભારરૂપ પણ ના હોવી જોઈએ. આ સંદર્ભમાં કૌટિલ્યએ નીચે પ્રમાણે કરમાળખાના નિયમો રજૂ કર્યા છે :

**11.2.3.1 ભૂમિકર :** રાજ્યને ખેત-ઉત્પાદનનો ચોક્કસ ભાગ ખેડૂત કે માલિક પાસેથી ભૂમિકરરૂપે લેવાનો અધિકાર હતો. જમીનનો પ્રકાર, જમીનની ઉત્પાદકતા, ખેત-ઉત્પાદનનું સ્વરૂપ, સિંચાઈનો પ્રકાર અને સગવડ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી કૌટિલ્યએ ભૂમિકરનું પ્રમાણ નક્કી કરવા અંગેના નિયમો આપ્યા છે. તેમજ રાજ્યે ખેડૂતોને ખેત-ઉત્પાદન વધારવા માટે કરમાં છૂટ આપવાની પણ હિમાયત કરી છે.

**11.2.3.2 આયાત-નિકાસકર :** કૌટિલ્યએ આયાત-નિકાસ કર સંદર્ભમાં વસ્તુને ત્રણ ભાગમાં વહેંચીને કર-વ્યવસ્થા સૂચવી છે. જેમાં

**(1) બાહ્ય શુલ્ક (કર) :** પોતાના રાષ્ટ્રમાં ઉત્પન્ન થતી વસ્તુ પર લેવામાં આવનાર કરને બાહ્યશુલ્ક (કર) કહે છે.

**(2) આભ્યન્તર શુલ્ક (કર) :** રાજ્ય કે રાજધાનીમાં ઉત્પાદિત વસ્તુ પર લેવામાં આવતા કરને આભ્યન્તર શુલ્ક કહે છે.

**(3) આતિથ્ય શુલ્ક (કર) :** વિદેશમાંથી લાવવામાં આવતી વસ્તુ પર લેવામાં આવતા કરને આતિથ્ય શુલ્ક કહે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કૌટિલ્યે વસ્તુના પ્રકાર અને મહત્ત્વના આધારે કર લેવાના નિયમો દર્શાવ્યા છે. જકાત માટે જકાતનાકા ઊભા કરવા તેમજ માર્ગવેરા અને મિલકતવેરા અંગેના નિયમો પણ રજૂ કર્યા છે.

**11.2.4 કૃષિ-પશુપાલન :** કૌટિલ્યએ કૃષિને આજીવિકાનું મુખ્ય સાધન ગણાવ્યું છે. તેમણે ભૂમિને બે પ્રકારમાં વિભાજિત કરી છે. જેમાં (1) રાજ્ય હસ્તકની ભૂમિ (2) વ્યક્તિગત માલિકોની ભૂમિ. આમાંથી રાજ્ય હસ્તકની ભૂમિ દાસો, મજૂરો અને કેદીઓ પાસે ખેડાવીને વાવણી કરવામાં આવતી. ભૂમિનો પૂરો ઉપયોગ ખેતી માટે થાય તેવું કૌટિલ્ય માનતા, તેથી વણખેડાયેલી જમીનને ખેતીલાયક બનાવવાની હિમાયત કરે છે. કારણ કે બિનઉત્પાદક ભૂમિનો કોઈ અર્થ નથી, ખેડૂતો ખેત-ઉત્પાદન કરશે, તો જ રાજ્યને મહેસૂલ પ્રાપ્ત થાય અને ખેડૂતને તેની આજીવિકા મળે.

કૃષિની સાથે જ પશુપાલન વ્યવસાય સંકળાયેલો છે. તેથી કૌટિલ્યએ પશુપાલન વ્યવસાયના વિકાસના ખ્યાલો પણ રજૂ કર્યા છે અને આવકનાં સાધનોમાં પણ તેની ગણતરી કરી છે. આ સંદર્ભમાં તેમણે ત્રણ પ્રકારના પશુઓનો નિર્દેશ કર્યો છે. જેમાં (1) કેળવાયેલા પાલતું પશુઓ (2) દૂધ આપતાં પશુઓ અને (3) મૃગ્યાવનનાં (જંગલનાં) પશુઓ. પશુપાલનસંબંધી નિયમો અને દંડની જોગવાઈ પણ કૌટિલ્યે સૂચવી છે.

**11.2.5 ઉદ્યોગ :** કૌટિલ્ય માનતા હતા કે આર્થિક દષ્ટિએ સાધન-સંપન્ન રાજ્ય જ સમૃદ્ધ અને વિકસિત બની શકે, તેથી તેમને ઉદ્યોગોના વિકાસ માટેના માર્ગદર્શક વિચારો રજૂ કર્યા છે. તેમના મતે રાજાએ રાજ્યમાં નવી નવી ખાણો ખોદાવવી, હુન્નર-ઉદ્યોગોનાં કારખાનાં વધારવાં, ઉદ્યોગના વિકાસ માટે રાજ્યે અનુકૂળતા કરી આપવી અને આ માટે વાહનવ્યવહાર, સંદેશા-વ્યવહારની સગવડો વધારવી અને ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત માલ-સામાનના વેચાણ માટે બજાર મળે તે રીતે શહેરોનો વિકાસ કરવો જોઈએ.

''કૌટિલ્યના અર્થશાસ્ત્ર''માં રજૂ થયેલા આર્થિક વિચારો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, કૌટિલ્યના વિચારો રાજનૈતિક અને આર્થિક ચિંતનથી પ્રેરાયેલા છે. ખૂબ શક્તિશાળી અને ઉન્નતિશીલ રાજ્યના નિર્માણ માટે જરૂરી બધાં જ તત્ત્વો ઉપર તેમણે સૂક્ષ્મ ચિંતન કરીને સર્વકાલીન સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. તેમનો ''અર્થશાસ્ત્ર'' ગ્રંથ મગધ રાજ્ય અને ચંદ્રગુપ્ત મૌર્યને ધ્યાનમાં રાખીને રચાયો હોવા છતાં, તેઓ ઇચ્છતા હતા કે, આ ગ્રંથ સર્વકાળે વિજેતા બનવાની આશા રાખતા, રાજા તેમજ કોઈ પણ રાજ્યને શાસન-સંચાલન અને વ્યવસ્થામાં ઉપયોગી બનશે. કૌટિલ્યએ કરચોરી અને સંપત્તિને છુપાવીને અન્યત્ર જમા કરવાની વૃત્તિનો સખત વિરોધ કર્યો છે.

## 11.3 ગાંધીજી (Gandhiji)

**11.3.1 પરિચય :** સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. પરિવર્તનનો ઉદ્દેશ સમાજના વિકાસનો હોય છે. આ વિકાસ તબક્કાવાર થાય છે. સમાજના વિકાસના દરેક તબક્કે કોઈક વિચારક પોતાના વિચારો દ્વારા સમાજજીવનને અસર કરે છે. તેને સમાજના રાહબર તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતના પોરબંદર શહેરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી કે જેમને આપણે સૌ મહાત્મા ગાંધીજી તરીકે ઓળખીએ છીએ, તે આવા જ એક સમાજના રાહબર હતા. ગાંધીજી પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવનાર આદર્શવાદી સ્વપ્નદષ્ટા હોવા છતાં વાસ્તવિક અને વ્યવહારુંપણાના આગ્રહી હતા. સત્ય તથા અહિંસા એ તેમની વિચારધારાના ધ્રુવતારકો હતા. વિચાર અને આચાર વચ્ચેનો ભેદ દૂર કરવા તેમણે પોતાના વિચારોનો સ્વયં અમલ કર્યો. વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ધર્મ અને નીતિ પર તેમણે ખાસ ભાર મૂક્યો છે. આ ઉપરાંત અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, કોમીએકતા, સ્ત્રીજાગૃતિ વગેરે માટે પણ ગાંધીજી સમગ્ર જીવનકાળ દરમિયાન સતત પ્રયત્નશીલ રહ્યા હતા. નીતિમય જીવન એમનો જીવનમંત્ર હતો. તેથી તેમણે નીતિશાસ્ત્રને અર્થશાસ્ત્રના પાયા તરીકે સ્વીકાર્યું હતું.

ગાંધીજીના આર્થિક, સામાજિક અને રાજકીય જીવન અંગેના સામાન્ય દર્શનને ઘણી વખત 'ગાંધીવાદ' તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ ગાંધીજીએ કોઈ અર્થશાસ્ત્રીની જેમ કોઈ ચોક્કસ વિચારસરણી આપી ન હતી. પોતાના



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિચારોને કોઈ ચોક્કસ 'વાદ'ના માળખામાં મૂકવાનું યોગ્ય ગણેલ નથી. તેમના જ શબ્દોમાં કહીએ તો 'ગાંધીવાદ' જેવી કોઈ વસ્તુ છે જ નહિ અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કોઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો કોઈ દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્ય જીવનના પ્રશ્નોમાં લાગુ પાડવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે.

**11.3.2 ગાંધીજીના જીવનમાં વિચારકો અને ગ્રંથોનો પ્રભાવ :** ગાંધીજીના આર્થિક, સામાજિક અને રાજકીય વિચારધારા પર અનેક પ્રસંગો, તત્ત્વચિંતકો અને ધાર્મિક ગ્રંથોનો પ્રભાવ જોવા મળે છે :

(1) અમેરિકન ચિંતક થોરોની પ્રબળ અસર ગાંધીજી પર પડી હતી. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ના ખ્યાલો ગાંધીજીએ થોરોના વિચારમાંથી જ અપનાવેલ.

(2) બ્રિટનના પ્રખર માનવતાવાદી જ્હોન રસ્કિનના પુસ્તક ''અન ટુ ધ લાસ્ટ''માંથી ગાંધીજીને 'સર્વોદય'ની પ્રેરણા મળી હતી. માનવશ્રમને મહત્ત્વ અને ભારતની દારુણ ગરીબી દૂર કરવાનો રસ્તો પણ ગાંધીજીને રસ્કિનના વિચારોમાંથી મળ્યો હતો.

(3) રશિયાના મહાન તત્ત્વચિંતક લિયો ટોલ્સટોયનું પુસ્તક ''વોટ સેલ વી ડુ ધેન'' (ત્યારે આપણે કરીશું શું ?) અને ''ધી કિંગડમ ઑફ ગોડ ઇઝ વિધિન યુ'' (ઈશ્વરનું સામ્રાજ્ય તમારા હૃદયમાં છે.)ની પણ ગાંધીજીના વિચારો ઉપર ખૂબ જ અસર થઈ છે. 'બ્રેડ લેબર' એટલે કે 'રોટી-શ્રમનો સિદ્ધાંત'ના પ્રભાવથી ગાંધીજીએ શ્રમ ન કરનારને ખાવાનો અધિકાર નથી તેવા પોતાના મતના સમર્થનમાં શ્રમના ગૌરવને લગતા વિચારો રજૂ કર્યા છે.

આ ઉપરાંત તેમણે બાળપણમાં જોયેલ નાટક 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર'માંથી જીવનમાં સત્યને મહત્ત્વ આપ્યું અને સત્યાગ્રહી થયા. તેમજ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં રજૂ થયેલા 'જે યજ્ઞ કર્યા વગર ખાય છે તે પાપનો આહાર કરે છે.' તે શ્લોકથી પણ તેમના શ્રમના વિચારો પર પ્રબળ અસર થઈ છે. ઉપનિષદ, રામાયણ, મહાભારત જેવા ધર્મગ્રંથો અને સંતકબીર, ગુરુનાનક અને નરસિંહ મહેતા જેવા સંતો તેમજ આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચન્દ્રના વિચારોનો ગાંધીજીના વિચારોના ઘડતરમાં મહત્ત્વનો ફાળો રહ્યો છે.

### 11.4 ગાંધીજીના મુખ્ય આર્થિક વિચારો (Main Economic Thoughts of Gandhiji)

ગાંધીજી એમ માનતા હતા કે, મૂડીવાદી કે સમાજવાદી આર્થિક પદ્ધતિ ક્યારેય ભારતની આર્થિક સમસ્યાઓનો ઉકેલ આપી શકે તેમ નથી. તેથી તેમને પશ્ચિમની સંસ્કૃતિ, મૂડી સંચાલિત ઉત્પાદન-પદ્ધતિ અને યંત્રના વધારે પડતા ઉપયોગનો વિરોધ દર્શાવતા ભૌતિકવાદી જીવનદૃષ્ટિની સામે વૈકલ્પિક આર્થિક વિચારો રજૂ કર્યા છે.

**11.4.1 સર્વોદય :** ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી જેમાં નિરાધાર, દીન, હીન સર્વેનો ઉદય થાય તેને 'સર્વોદય' નામ આપ્યું. ટૂંકમાં 'સર્વનો ઉદય એટલે સર્વોદય' ભગવતગીતામાં કહ્યું છે કે, જીવમાત્રમાં એક જ આત્મા વ્યાપી રહ્યો છે તે ન્યાયે ગાંધીજીએ પરસ્પર સહકાર અને પ્રેમને સર્વોદયના મુખ્ય આધાર ગણાવ્યા છે. સર્વોદયના સમાજવાદને સિદ્ધ કરવા માટે ગાંધીજીએ જેમાં સંયમ આવશ્યક શરત છે તેવો 'ઇચ્છારહિતતા'નો સિદ્ધાંત આપ્યો છે. સર્વોદયના વિચારની સફળતા માટે તેમણે ત્યાગ, સ્વૈચ્છિક સેવા, યંત્રનો વિરોધ, શ્રમનો બચાવ, વિકેન્દ્રીકરણ અને શોષણને અટકાવવા જેવા વિચારો રજૂ કર્યા છે. ઉદ્યોગો અને યંત્રથી થોડાક જ લોકો ધનિક બની જાય તે પરિસ્થિતિ ગાંધીજીને માન્ય ન હતી. પણ શ્રમથી સમસ્ત માનવજાતિનું કલ્યાણ થાય તે આપણું લક્ષ હોવું જોઈએ તેમ માનતા હતા. તેમના મતે 'સમાજનાં બધાં અંગ સરખા ન કોઈ નીચાં કે ન કોઈ ઊંચાં આ વાદમાં રાજા અને પ્રજા, ધનિક અને ગરીબ, માલિક અને મજૂર વચ્ચે કોઈ ભેદ ન હોય તેવો વાદ' એટલે સમાજવાદ.

**11.4.2 શ્રમનું ગૌરવ :** દરેક પ્રકારનો શ્રમ કરનાર સૌ કોઈને સરખું વેતન અથવા રોજી મળવા જોઈએ એવો ગાંધીજી આગ્રહ રાખતા હતા. શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે. તેથી તેના ઉપયોગ માટેની પૂરતી તક મળવી જોઈએ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અને જેની પાસે શ્રમશક્તિ છે તેને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઈએ. એ રાજ્યની પણ ફરજ બને તેવું તેઓ ઇચ્છતા હતા. ગાંધીજીએ શ્રમ અને શ્રમના ગૌરવને ઈશ્વરીય નિયમ તરીકે ગણાવીને કહ્યું છે કે, 'બુદ્ધિનું કામ શરીરની મજૂરીના કામ જેટલું મહત્ત્વનું ને જરૂરી છે અને જીવનની સળંગ યોજનામાં તેનું નિશ્ચિત સ્થાન છે, પણ મારો આગ્રહ દરેક માણસે પોતાના શરીર વડે મજૂરી કરવી જોઈએ એવો છે. મારો દાવો છે કે કોઈ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય.' આજે શ્રમની પ્રતિષ્ઠા અને ગૌરવ ઘટ્યું છે અને તેની કિંમત પણ ઘટી છે. આના ઉપાય રૂપે ગાંધીજીએ શ્રમના ગૌરવને સ્વીકારવાનું સૂચવ્યું છે. કારણ કે શ્રમ પ્રત્યેની નિષ્ઠા માનવીને નિર્મોહી બનાવશે અને ગરીબી તથા બેકારીની સમસ્યામાંથી મુક્તિ અપાવશે.

**11.4.3 યંત્રનો ઉપયોગ :** ગાંધીજી કહેતા હતા કે, આજના જમાનાને યંત્રયુગના નામે ઓળખવામાં આવે છે. કારણ કે સમગ્ર અર્થ-વ્યવસ્થા પર યંત્રનું પ્રભુત્વ છે. યંત્ર શ્રમને વધારે કાર્યક્ષમ બનાવવાના બદલે યંત્ર પોતે જ શ્રમનું સ્થાન લઈ લે તે વાત ગાંધીજીને સ્વીકાર્ય ન હતી. તેમણે યંત્રોના આંધળા અને બેફામ ઉપયોગ સામે લાલબત્તી ધરી હતી. આથી ઘણી વખત ગાંધીજીને યંત્રોના વિરોધી તરીકે ઓળખવામાં આવતા. પરંતુ વાસ્તવમાં ગાંધીજીનો યંત્રો સામેનો વિરોધ એ 'યંત્રોની ઘેલછા' સામેનો વિરોધ હતો. યંત્રના વિવેકપૂર્ણ ઉપયોગની તેમણે તરફેણ પણ કરી હતી. ગાંધીજીના યંત્રના ઉપયોગસંબંધી નીચેના મુદ્દા તારવી શકાય :

(A) ગાંધીજી પ્રાથમિક અને સાદાં યંત્રોનો આગ્રહ રાખતા હતા. કારણ કે આવાં યંત્રો ગરીબો સરળતાથી વસાવી શકે છે.

(B) શ્રમિકની મહેનત બચાવે અને એમનો બોજો હળવો કરે તેવાં સાદાં યંત્રોને ગાંધીજી આવકારતા હતા. પરંતુ જે યંત્રો માનવીનું સ્થાન લે અને તેને બેકાર બનાવે તેવાં યંત્રો સામે ગાંધીજીનો વિરોધ હતો.

(C) યંત્રોનો ઉપયોગ સમગ્ર માનવજાત અને ખાસ કરીને ભારતના દરિદ્રનારાયણના કલ્યાણ માટે થતો હોય તો તેની સામે ગાંધીજીને કોઈ વાંધો નહતો.

(D) યંત્રથી શ્રમનો બચાવ થાય તે વાત સાચી, પણ યંત્રોના ઉપયોગને કારણે જો હજારો લોકો બેકાર બને તેવા શ્રમનો બચાવ યોગ્ય નથી. તેવી જ રીતે યંત્રોને કારણે સમય, શ્રમ અને મૂડીનો બચાવ થતો હોય તે વ્યક્તિના લાભ માટે નહિ, પણ સમગ્ર સમાજના લાભ માટે થવો જોઈએ.

(E) યંત્રોને લીધે સંપત્તિનું કેન્દ્રીકરણ થતું હોય તો ગાંધીજી તેવાં યંત્રોના ઉપયોગનો વિરોધ કરતા. યંત્રો શ્રીમંતો માટે ગરીબોના શોષણનું સાધન ન બને તે બાબતનું પણ ગાંધીજીએ ધ્યાન રાખવાનું કહ્યું હતું.

(F) ગાંધીજી એમ માનતા કે, યંત્રોનો ઉપયોગ એટલી હદ સુધી ન થવો જોઈએ કે, જેથી માનવી તેનો ગુલામ બની જાય. તેમણે જણાવેલ કે, 'યંત્રો માનવી માટે છે, માનવી યંત્રો માટે નથી.'

**11.4.4 વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા :** ગાંધીજીએ ભારત માટે વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થાની હિમાયત કરી હતી. વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા એટલે એક તો આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થોડાક લોકોના હાથમાં થવાને બદલે તેની વિશાળ જનસમુદાય વચ્ચે વ્યાપક ધોરણે વહેંચણી થયેલી હોવી જોઈએ. બીજું એ છે કે, વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા અન્વયે આર્થિક પ્રવૃત્તિઓનું વધુ ને વધુ પ્રસારણ ગ્રામ્ય વિસ્તારોમાં થવું જોઈએ, કારણ કે ગાંધીજીએ કલ્પેલી અર્થ-વ્યવસ્થામાં ગામડું કેન્દ્રમાં હતું.

મોટા ભાગના મૂડીપ્રધાન ઉદ્યોગો અને સત્તાના કેન્દ્રીકરણથી સર્જાતી સમસ્યાઓના સંદર્ભમાં ગાંધીજીએ વિકેન્દ્રીકરણની હિમાયત કરી હતી. આ કારણથી જ તેમણે રેંટિયો અને ખાદીનો કાર્યક્રમ દેશ સમક્ષ રજૂ કર્યો. તેમના વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થાના પાયામાં ગ્રામસ્વરાજ અને ગ્રામ સ્વાવલંબનનો ખ્યાલ રહેલો છે.

**11.4.5 સાદગી અને અપરિગ્રહ :** ગાંધીજી અપરિગ્રહ વ્રતના હિમાયતી હતા, એટલે કે તેઓ જરૂરિયાતથી વધારે ન વાપરવું અને ન રાખવું તે વાતના તેઓ દૃઢ આગ્રહી હતા. ગાંધીજી હંમેશાં 'સાદું જીવન અને ઉન્નત વિચાર' એ સૂત્રનું આચરણ કરતા હતા. આ માટે તેમને જરૂરિયાતો પર સંયમ રાખવાની હિમાયત કરી હતી. આજે માનવીએ નૈતિક મૂલ્યોને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભૂલીને સમૃદ્ધિ તરફ આંધળી દોડ લગાવી છે, તે આજની અશાંત પરિસ્થિતિનું કારણ છે. માનવજીવનની આ કમનસીબી માટે ગાંધીજીએ ત્રણ કારણો જણાવ્યાં છે. જેમાં (1) સતત વધતી જરૂરિયાતો (2) સંકુલ યંત્રોનો વધતો ઉપયોગ (3) વહેંચણીની પ્રવર્તમાન પદ્ધતિ.

જરૂરિયાતોના પ્રમાણ અને સુખાકારી વચ્ચે સંબંધ છે. જરૂરિયાતો મર્યાદિત રાખવાથી સુખાકારી વધુ મળી શકે. નહિ કે વધુ વસ્તુઓના વપરાશથી, તેવું ગાંધીજી માનતા હતા. સાદગીપૂર્ણ જીવન દ્વારા સાચા સુખનો અનુભવ થઈ શકે. સૌની જરૂરિયાત મુજબ સૌને મળી રહે તેવી રીતે વસ્તુઓનું ઉત્પાદન થાય તે પણ એટલું જ મહત્ત્વનું છે. સાદગીના સંદર્ભમાં, 'સૌનું પોષણ કોઈનું પણ શોષણ નહિ' એ પાયાની વાત સ્વીકારવાનું પણ તેઓ કહે છે.

**11.4.6 ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત :** ગાંધીજીએ આપેલા આર્થિક વિચારો અને સિદ્ધાંતો પૈકી તેમણે રજૂ કરેલો ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઈશોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે, 'આ જગતમાં જે કાંઈ છે તે સઘળું ઈશ્વરથી વ્યાપ્ત છે, એટલા માટે પ્રથમ તેનો ત્યાગ કરીને પછી ભોગવ' આ બુનિયાદી વિચાર અને ભગવદ્ગીતાના અપરિગ્રહના સિદ્ધાંતથી પ્રેરાઈને ગાંધીજીએ વાલીપણાનો સિદ્ધાંત રજૂ કર્યો છે. આ સિદ્ધાંત સાવ સરળ છે. જેમકે, કોઈ એક વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વિપુલ સંપત્તિની માલિકી મળી હોય તો એ મિલકતની કાયદેસરની માલિકી ભલે એ વ્યક્તિની રહે પરંતુ દેશના લાખો માણસોને સ્વમાનપૂર્વક જીવવા માટે જેટલું જરૂરી છે તેટલું જ મેળવવાનો તે વ્યક્તિને અધિકાર છે, તે સિવાય બાકીની મિલકત વાસ્તવમાં સમાજની માલિકીની છે અને તેથી તેનો ઉપયોગ અને વહીવટ એ વ્યક્તિએ સમાજના કલ્યાણ માટે કરવો જોઈએ. આ મિલકતનો તે જાણે કે, ટ્રસ્ટી (વાલી) હોય એવી રીતે તેણે વર્તવું જોઈએ. આ સંદર્ભમાં ગાંધીજી મૂડીપતિઓને ટ્રસ્ટી બનવાની સલાહ આપે છે. પોતાની સંપત્તિના વહીવટદાર તરીકે તેમને ચાલુ રહેવા દેવામાં આવશે, તે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને સંપત્તિમાં વધારો કરી શકશે, પણ તે વધારો પોતાના નફા માટે નહિ પણ સમસ્ત પ્રજાના કલ્યાણ માટે કોઈનું પણ શોષણ કર્યા વગર કરવો જોઈએ. તેમ ગાંધીજી માનતા હતા.

**ગાંધીજીએ રજૂ કરેલા ટ્રસ્ટીશિપ (વાલીપણા)ના સિદ્ધાંતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે તારવી શકાય :**

**11.4.6.1 ધનિકોનું હૃદય-પરિવર્તન શક્ય છે :** ગાંધીજી સત્ય અને અહિંસાના પુજારી હતા. આ વિચારોના પાયા પર તેમણે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત રજૂ કર્યો છે. તેમણે રજૂ કરેલ આ સિદ્ધાંત ધનિકોના હૃદય-પરિવર્તન પર રચાયેલો છે. ગાંધીજીના મતે ધનિકોએ ઉદારતા દાખવીને પોતાની પાસેની મિલકત કે સંપત્તિનો ઉપયોગ સમાજના લાભ માટે કરવો જોઈએ. તેમજ ધનિકોએ તેમની પાસેની સંપત્તિના ખરા માલિક પોતે નથી, પણ સમાજ તેનો સાચો માલિક છે તેવી રીતે વર્તવું જોઈએ. આમ, આ સિદ્ધાંત ધનિકોના હૃદય-પરિવર્તનમાં ખૂબ જ શ્રદ્ધા રાખે છે અને તે દ્વારા જ ધનિકોને પોતાની સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ અર્થે કરવા મનાવી શકાશે તેમ ગાંધીજી માનતા હતા.

**11.4.6.2 હકના બદલે ફરજો :** ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં સંપત્તિ કે મિલકતની માલિકીના હકને બદલે ફરજો પર વધારે ભાર મૂક્યો છે. ધનિકોએ પોતાની સંપત્તિનો સમાજ માટે મહત્તમ ઉપયોગ થાય તેવી રીતે તેના માલિકે ફરજ અદા કરવી જોઈએ તેમ ગાંધીજી ઇચ્છતા હતા.

**11.4.6.3 લોકમતની જાગૃતિ :** વાલીપણાના સિદ્ધાંતનો અમલ માત્ર કાયદા દ્વારા થઈ શકે નહિ, જેમકે કાયદામાં બળ અને ફરજિયાતપણાનો ભાવ રહેલો હોય છે. તેથી ગાંધીજી આ સિદ્ધાંતનો અમલ કાયદા દ્વારા નહિ પણ પ્રેમ અને હૃદય-પરિવર્તન દ્વારા જ અમલમાં મૂકવાની હિમાયત કરે છે. આ માટે ગાંધીજીએ કેળવણી અને લોકમતની જાગૃતિનો માર્ગ સૂચવ્યો છે.

**11.4.6.4 સમગ્ર સમાજહિતનું મહત્ત્વ :** આ સિદ્ધાંતમાં અમુક થોડીક વ્યક્તિઓના હિત કરતાં સમગ્ર સમાજના હિતને વધારે મહત્ત્વ આપવામાં આવે તેવું ગાંધીજી ઇચ્છતા હતા. તેથી સમાજના ખૂબ મોટા વર્ગની જરૂરિયાતોને અનુલક્ષીને જ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું જોઈએ તે બાબત પર ગાંધીજીએ ભાર મૂક્યો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**11.4.6.5 ટ્રસ્ટી (વાલી)ને વળતર :** મિલકત કે સંપત્તિનો માલિક જ્યારે સંપત્તિના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે ત્યારે તેને તેના કાર્ય માટે વળતરની જોગવાઈ રાજ્યે નક્કી કરવી જોઈએ તેમ ગાંધીજી માનતા હતા.

**11.4.6.6 રાષ્ટ્રીયકરણનો વિરોધ :** આર્થિક સમાનતા લાવવા માટે ખાનગી મિલકતના હકની નાબૂદી કે ઉત્પાદનનાં સાધનોના રાષ્ટ્રીયકરણની ગાંધીજી ક્યારેય તરફેણ કરતા ન હતા. કારણ કે, રાષ્ટ્રીયકરણ કરવાથી તો વ્યક્તિ વિરુદ્ધ રાજસત્તામાં વધારો થશે અને તેથી લોકોમાં નૈતિકતાનો ભાવ ઓછો થશે. માટે જ ગાંધીજી આ સિદ્ધાંતના અમલ માટે કહે છે કે, ''હું મૂડીપતિ અને જમીનદાર પાસે જમીન રહેવા દઈશ પરંતુ હું તેમની મિલકતના તેઓ ટ્રસ્ટી છે, એમ સ્વીકારવા તેમને સમજાવીશ.''

**11.4.6.7 વારસદારની નિમણૂક :** ટ્રસ્ટીશિપના સિદ્ધાંત સાથે વારસદારનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. જેઓ સંપત્તિના કાયદેસરના માલિક હોય તેઓ જ સંપત્તિના વાલી રહે તેમ ગાંધીજી ઇચ્છે છે. આમાં વાલી તરીકેનો અધિકાર રાજ્ય કે સમાજને સોંપવાની જરૂર નથી. મિલકતના માલિકે સમાજના ટ્રસ્ટી બનીને વર્તવાનું છે. જેથી આ મિલકતનો સાચો વારસદાર પછી સમાજ બને છે. પરંતુ તે સંપત્તિના માલિકના અવસાન બાદ તે જેની ટ્રસ્ટી તરીકે નિમણૂક કરે, તે નવા ટ્રસ્ટી તરીકે કામ કરશે. જેમ મૃત્યુ પામેલ ટ્રસ્ટી સાચો માલિક ન હતો, તેમ નવો ટ્રસ્ટી પણ સંપત્તિનો સાચો માલિક બનતો નથી. તેમ છતાં પણ રાજ્ય કે સમાજે તેની સંપત્તિ જપ્ત કરવી નહિ. તેવું ગાંધીજી જણાવે છે. કાયદા કે રાજ્યની મંજૂરી દ્વારા વારસદાર નક્કી કરવો જોઈએ. ગાંધીજી સંપત્તિના માલિકને વારસદાર નીમવાનો અધિકાર આપવાનું કહે છે, પણ સાથે સાથે તે માટે રાજ્યના નિયંત્રણની પણ હિમાયત કરે છે.

**11.4.6.8 રાજ્યનું નિયંત્રણ :** મૂડીપતિઓ જ્યારે સંપત્તિના ટ્રસ્ટી (વાલી) તરીકે વર્તવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ગાંધીજીએ ખાનગી મિલકતના ઉપયોગ પર રાજ્ય નિયંત્રણ અને કેટલાક વિશિષ્ટ સંજોગોમાં ખાનગી મિલકત ઓછામાં ઓછી હિંસા વાપરીને રાજ્ય હસ્તક લેવામાં આવે તે વાતને માન્ય ગણતા હતા. સંપત્તિના માલિક પાસે સંપત્તિ કયા માર્ગોથી આવી છે, તેની પણ રાજ્ય દ્વારા તપાસ થવી જોઈએ અને જરૂર જણાય ત્યાં મિલકત વળતર આપીને કે વળતર આપ્યા વગર રાજ્યે મિલકત લઈ લેવી જોઈએ. પણ સાથે સાથે ગાંધીજીએ બધા જ પ્રકારની મિલકત જપ્ત કરવાનું નથી કહ્યું તે વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના સંદર્ભમાં ગાંધીજીએ આર્થિક પ્રવૃત્તિનાં ત્રણ ક્ષેત્રો દર્શાવ્યાં છે. જેમાં (1) ખાનગી ક્ષેત્ર (2) ટ્રસ્ટીશિપનું ક્ષેત્ર (3) જાહેર ક્ષેત્ર. આમાંથી તેમણે ટ્રસ્ટીશિપના ક્ષેત્રને વધારે મહત્ત્વ આપ્યું છે.

ઉપર્યુક્ત મુખ્ય આર્થિક વિચારો ઉપરાંત ગાંધીજીએ સ્વદેશી, સહકાર, નાના ઉદ્યોગો, ગ્રામસ્વરાજ આર્થિક સમાનતા, ગ્રામોદ્યોગ, વસ્તી અને સ્ત્રીઓનો દરજ્જો જેવી અનેક બાબતોના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કર્યા છે. તેમના વિચારો સામૂહિક કલ્યાણકારી ભાવના સાથે માનવતાવાદી છે. વર્તમાન સમયમાં ગાંધીજીના વિચારોનો આધાર લઈને ઘણા અર્થશાસ્ત્રીઓએ વિશ્વ માટે નવી આર્થિક પદ્ધતિની તરફેણ કરી છે. ગરીબી, બેકારી, અસમાનતા અને સત્તાનું કેન્દ્રીકરણ વગેરે જેવી અનેક સમસ્યાઓના ઉકેલ માટે ગાંધીજીના વિચારોમાંથી માર્ગદર્શન મળી શકે તેમ છે.

### 11.5 પંડિત દીનદયાળ ઉપાધ્યાય (Pandit Deendayal Upadhyay)

**11.5.1 પરિચય :** સાદું જીવન, સરળ વ્યક્તિત્વ, આંખોમાં અનોખી ચમક ધરાવતા સજ્જન આર્થિક વિચારોનું પ્રેરણાબિંદુ, મૌલિક ચિંતન અને વિચારોની અખૂટ સરવાણી ધરાવતું વ્યક્તિત્વ એટલે પંડિત દીનદયાળ ઉપાધ્યાય. 25 સપ્ટેમ્બર, 1916ના રોજ જન્મેલા પંડિત દીનદયાળ માત્ર બાવન વર્ષની ઉંમરે જ મૃત્યુ પામ્યા હતા. તેમનાં બાવન વર્ષના જીવનકાળમાં દેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દેશના છેક છેવાડાના માનવીને સાથે લઈને દેશનો સર્વાંગી આર્થિક વિકાસ થાય તે માટે તેમણે પોતાના આર્થિક વિચારો રજૂ કર્યા છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બહુમુખી પ્રતિભા ધરાવતા પંડિત દીનદયાળે તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર સમાજ જીવનના તથા સાહિત્યના વિષયમાં પોતાની આગવી વિચારસરણી રજૂ કરીને સૌને પ્રભાવિત કર્યા છે. તેમજ રાજકીય, સામાજિક, સંગઠન અને પત્રકારત્વના ક્ષેત્રે આગવી કાર્યપ્રણાલી દ્વારા ખૂબ જ નામના મેળવી છે.

એકાત્મ માનવવાદ, રાષ્ટ્રજીવનની દિશા, રાષ્ટ્રચિંતન, ભારતીય અર્થનીતિ, વિકાસની એક દિશા, પૉલિટિકલ ડાયરી, પ્રથમ અને દ્વિતીય પંચવર્ષીય યોજનાનું વિશ્લેષણ વગેરે તેમણે રજૂ કરેલ કૃતિઓ છે. તેમાં તેમના આર્થિક વિચારોની ઝાંખી જોવા મળે છે.

## 11.6 પંડિત દીનદયાળ ઉપાધ્યાયના મુખ્ય આર્થિક વિચારો (Main Economic Thoughts of Pandit Deendayal Upadhyay)

**11.6.1 અર્થ-વ્યવસ્થાના ત્રીજા વિકલ્પની શોધ :** આર્થિક ધ્યેયો મેળવવા માટે વિશ્વ પાસે મૂડીવાદ અને સમાજવાદના બે વિકલ્પ વ્યવહારમાં હતા. પંડિત દીનદયાળે અહીં ત્રીજો વિકલ્પ રજૂ કરેલ છે. વિશ્વમાં આજે ઉત્પાદનક્ષેત્રે આધુનિક ઉત્પાદન-પદ્ધતિ અને યંત્રોનો ઉપયોગ વધતો જાય છે અને કુદરતી સંપત્તિના અનેક સ્રોત આજે વિશ્વ પાસે છે. છતાં પણ આર્થિક સમૃદ્ધિ પાછળની આંધળી દોડને કારણે આજે માનવ સમુદાય અનેક સમસ્યાઓથી ઘેરાયેલો જોવા મળે છે. મૂડીવાદી અને સમાજવાદી અર્થ-વ્યવસ્થા અપનાવીને ઘણા દેશોએ આર્થિક વિકાસ સાધવાનો માર્ગ અપનાવીને ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ તેની સામે આર્થિક શોષણ, અસમાનતા, આર્થિક અસ્થિરતા, વર્ગવિગ્રહ તેમજ પર્યાવરણને નુકસાનસંબંધી અનેક સમસ્યાઓ પણ ત્યાં ઊભી થઈ છે. ભારતે પણ પાશ્ચાત્ય વિચારધારા અને અર્થ-વ્યવસ્થાનું આંધળું અનુકરણ કર્યું, પરિણામે ભારતમાં પણ પંચવર્ષીય યોજનાઓના આયોજન છતાં પણ ઉદ્યોગ અને ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદકતા, ગ્રામીણક્ષેત્રે અપૂરતી સુવિધા, શહેરીકરણ, પર્યાવરણીય સમસ્યા, ગરીબી, બેકારી, ભાવવધારો અને નાણાંના અવમૂલ્યન જેવી અનેક સમસ્યાઓ વધી છે. આ સમસ્યાજનક પરિસ્થિતિમાંથી ભારતને બહાર લાવવા માટે પંડિત દીનદયાળે ત્રીજા વિકલ્પની હિમાયત કરી છે. આ માટે તેમનું માનવું છે કે, એકાત્મ માનવદર્શન આધારિત 'એકાત્મ અર્થનીતિ' આવા ત્રીજા વિકલ્પરૂપે પ્રયોજી શકાય.

**11.6.2 એકાત્મ માનવવાદ :** પંડિત દીનદયાળ એકાત્મ માનવવાદના પુરસ્કર્તા છે. તેમણે એકાત્મ અર્થનીતિના સંદર્ભમાં એકાત્મ માનવવાદનો ખ્યાલ રજૂ કર્યો છે. તેઓ જણાવે છે કે, ''એકાત્મ માનવવાદ એ ભારતીય સંસ્કૃતિનું જીવનદર્શન છે.''

એકાત્મ માનવવાદ એટલે એ માનવજીવનનું એવું દર્શન જ્યાં,

(1) માનવીનો માત્ર આર્થિક માનવી તરીકે વિચાર થતો નથી પણ, માનવજીવનના દરેક પાસાઓનો વિચાર થાય છે.

(2) અહીં માનવીનો અન્ય માનવી સાથેનો સંબંધ તથા માનવીનો અન્ય જગત સાથેના પરસ્પર પૂરક સંબંધને ધ્યાનમાં લઈને સમૃદ્ધ અને સુખી જીવનનું દર્શન થાય તેવો વાદ.

પંડિત દીનદયાળના મતે એકાત્મમાનવવાદની સાર્થકતા

(1) સમાજના અજ્ઞાની તથા કચડાયેલા માણસોની સેવા

(2) તેમના હાથ-પગમાં બળ વધારીને ઉદ્યોગ-ધંધાનું શિક્ષણ આપવામાં આવે અને

(3) તેમની આવક વધારીને તેમને માટે પાકા ઘર બનાવવામાં રહેલું છે.

આ માટે તેમને દેશની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમની સિદ્ધિઓમાંથી સારી બાબતો પસંદ કરી દેશના સર્વાંગી વિકાસના હેતુ માટે પ્રયોજવાની હિમાયત કરી છે.

**11.6.3 સાધ્ય-સાધનનો વિવેક :** પંડિત દીનદયાળ કહે છે કે, ''સ્વતંત્રતા પહેલાં આપણે દરેક પ્રશ્નને રાષ્ટ્રીય



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દૃષ્ટિકોણથી જોતા હતા, પરંતુ હવે આપણે દરેક પ્રશ્નને આર્થિક દૃષ્ટિકોણથી જોવા લાગ્યા છીએ. તેનું કારણ આજે સાધ્ય અને સાધનનો વિવેક નથી રહ્યો તે છે.'' માનવજીવનના ઉદ્દેશો અને જીવનમાં સંપત્તિના સ્થાનને લગતા વિચારો જ્યાં સુધી નિશ્ચિત નહિ કરીએ ત્યાં સુધી આપણે તેના માટે જરૂરી સાધનો નક્કી નહિ કરી શકીએ. તેથી આર્થિક વિકાસનું મૂલ્યાંકન માનવીના સર્વાંગીક વિકાસના સંદર્ભમાં જ થવું જોઈએ. માનવીનું મુખ્ય સાધ્ય સુખ માટે સંપત્તિ કમાવવાનું છે અને માનવશક્તિ તે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. તેથી માનવશ્રમને બેકાર રાખીને ક્યારેય માનવીનો વિકાસ કરી શકાય નહિ. આ હકીકતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન-વ્યવસ્થા વિકસાવવી જોઈએ. જેમાં માનવીનો સર્વાંગીક વિકાસ જ આપણી નાણાનીતિ અને અર્થ-વ્યવસ્થાનું મુખ્ય લક્ષ હોવું જોઈએ તેવું તેઓ દૃઢપણે માને છે.

**11.6.4 સંપત્તિની માલિકી :** સંપત્તિના ઉપયોગના સંદર્ભમાં તેની માલિકીનો પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે. મૂડીવાદમાં વ્યક્તિને તેની સંપત્તિ ઉપર નિરંકુશ અધિકાર હોય છે. જ્યારે સમાજવાદ બધી જ આર્થિક સમસ્યાનું મૂળ ખાનગી સંપત્તિને જ ગણે છે. તેથી તેમાં ખાનગી સંપત્તિને કોઈ સ્થાન નથી. આ સંદર્ભમાં પંડિત દીનદયાળે એવો વિચાર રજૂ કર્યો કે, ખાનગી સંપત્તિ સંપૂર્ણપણે સમાપ્ત કરવી યોગ્ય નથી. આમ કરવાથી વ્યક્તિની પ્રતિષ્ઠા, સુરક્ષા, સંતોષ અને કાર્યશક્તિનો નાશ થઈ જશે. તેથી તેઓ સંપત્તિના અધિકારની મર્યાદા નક્કી કરવાનું કહે છે અને વ્યક્તિ અને સમાજની જરૂરિયાતો અને જીવનમૂલ્યોને આધારે સંપત્તિની મર્યાદા નક્કી થવી જોઈએ. તેઓ માનતા હતા કે સંપત્તિના પ્રભાવ અને સંપત્તિનો અભાવ માનવીના અધઃપતનનું કારણ ના બને તેવી રીતે ખાનગી સંપત્તિ ઉપર નિયંત્રણ-મર્યાદા નક્કી કરવી જોઈએ, કારણ કે ભૌતિક સાધનોનો અમર્યાદિત ઉપયોગ અને નિરંકુશ રાજકીય સત્તા આ બંને વ્યક્તિ તથા સમાજના માનસિક અને નૈતિકતાની અવગતિનું કારણ બને છે. તેમના મતે માનવીનો સર્વાંગીક વિકાસ કરવો એ જ સંપત્તિનો મુખ્ય હેતુ હોવો જોઈએ અને આ હેતુને સિદ્ધ કરવા સામાજિક નિયંત્રણ, ન્યાયની સ્થાપના તથા પૂર્ણ વિકેન્દ્રીકરણની તેઓ હિમાયત કરે છે.

**11.6.5 વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા :** મૂડીવાદ અને સમાજવાદ એ બંને અર્થ-વ્યવસ્થામાં સંપત્તિ અને સત્તાનું કેન્દ્રીકરણ થયેલ જોવા મળે છે અને માનવીના સર્વાંગીક વિકાસની ઉપેક્ષા જોવા મળે છે. આ સંદર્ભમાં પંડિત દીનદયાળ માનવીનો સર્વાંગીક વિકાસ થાય અને તેમનામાં માનવીય અને આત્મીયતા વિકસે તેવી વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થાની હિમાયત કરે છે. આવી વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા વિકસાવવા માટે ઉત્પાદન, વિતરણ અને ઉપભોગ એ ત્રણેય જવાબદારી વ્યક્તિને સોંપવી જોઈએ, જેથી ઉત્પાદન કરનાર જ તેનું વિતરણ કરશે અને ઉપભોગને સંયમિત કરીને બચત કરશે અને આ બચતથી મૂડી-રોકાણ વધશે અને ઉત્પાદન વધશે. ભારતીય અર્થતંત્રના દરેક પાસાનો અભ્યાસ કર્યા પછી તેઓ જણાવે છે કે, ભારતમાં ઊભી થયેલ તમામ આર્થિક સમસ્યાનું નિરાકરણ અર્થ-વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરીને કરી શકાય તેમ છે. આ માટે તેઓએ લઘુઉદ્યોગ, ગૃહઉદ્યોગ, નાના ઉદ્યોગોનો વિકાસ થાય તેવું આયોજન કરવા પર ભાર મૂક્યો છે.

**11.6.6 સંયમિત ઉપભોગ :** પંડિત દીનદયાળ કહે છે કે, ''એક તરફ આપણે નવી ઉદ્ભવતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નવાં-નવાં સાધનો અને પદ્ધતિઓની શોધ કરીએ છીએ અને બીજી તરફ તેનાથી અનેક નવી સમસ્યાઓ ઊભી થયા કરે છે. તેનાથી માનવતા નષ્ટ થવાનું સંકટ ઊભું થાય છે. તેથી આપણી અર્થ-વ્યવસ્થાનો ઉદ્દેશ અમર્યાદિત ઉપભોગ નહિ પણ સંયમિત ઉપભોગ હોવો જોઈએ.'' દેશના હિતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને ઉપભોગની મર્યાદા જાળવવી એ પણ એટલું જ આવશ્યક છે. આ સંદર્ભમાં તેઓ સંયમિત ઉપભોગની નીતિ દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની હિમાયત કરે છે.

વિકસિત મૂડીવાદી દેશો પણ આજે પંડિત દીનદયાળના 'સંયમિત ઉપભોગ'ના વિચારથી પ્રભાવિત થયા છે. કારણ કે આજે આવા દેશોમાં પણ કાચા માલની અપૂર્તતા, ખનિજ તેલના વધતા ભાવો, ફુગાવાની સમસ્યા, શસ્ત્રોની દોડ, માનસિક તણાવ, નીચી ગુણવત્તા તેમજ પર્યાવરણીય સમસ્યા જેવા અનેક પ્રશ્નો ઊભા થયા છે. તેમાંથી બહાર નીકળવા માટે સંયમિત ઉપભોગનો માર્ગ અપનાવવાની દિશામાં ચાલવાનો પ્રયાસ કરી રહ્યા છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભારતમાં ઘણા લોકોનું જીવનધોરણ ઘણું નીચું છે, તેથી તેને ઊંચે લઈ જવા માટે કોઈ મતભેદ નથી. પરંતુ તે માટે ઉત્પાદન વધારવું પડશે અને વધેલ ઉત્પાદનનું યોગ્ય વિતરણ થાય તે પણ જરૂરી છે. આ માટે પંડિત દીનદયાળ ઉત્પાદન સાથે સંયમિત ઉપભોગને મહત્ત્વ આપવાનું જણાવે છે. તેથી વ્યક્તિએ પોતાની આવકની મર્યાદા ધ્યાનમાં રાખીને જરૂરિયાતોને મર્યાદિત રાખવી જોઈએ તેવો તેમનો મત છે.

**11.6.7 શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ :** ભારતમાં ઉપલબ્ધ સાધન-સામગ્રીનો વિચાર કરીને પંડિત દીનદયાળ જણાવે છે કે, ભારતમાં શ્રમશક્તિ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે અને મૂડીસાધનોની અછત છે. આ પરિસ્થિતિમાં આપણે ઉત્પાદન-કાર્ય માટે શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ અપનાવવી, તે વધારે અનુકૂળ છે. જો આપણે મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ અપનાવીએ તો દેશ પાસેની અલ્પ મૂડી પણ વિદેશી મોંઘાં યંત્રો વસાવવામાં ખર્ચાઈ જશે અને સામે મૂડીરોકાણના પ્રમાણમાં રોજગારી ઊભી થશે નહિ અને માનવશ્રમ બેકાર બનવાની સંભાવના વધી જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે તેમણે ભારતમાં ખેતીક્ષેત્રે શ્રમનું ભારણ ઓછું કરી શકે તેવા સીધાં-સાદાં યંત્રોથી ઉત્પાદન થઈ શકે તેવા નાના ઉદ્યોગો શરૂ કરવાની હિમાયત કરી હતી. આથી આપણે યોજનાઓ ઘડતા પહેલાં, 'દરેક વ્યક્તિને કામ'નો સિદ્ધાંત અપનાવવો પડશે અને આપણી યોજનાઓને શ્રમપ્રધાનલક્ષી બનાવવી પડશે. તો જ દરેક વ્યક્તિને માટે આજીવિકાની વ્યવસ્થા ઊભી થઈ શકશે તેવું તેમનું માનવું હતું.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયે પૂર્ણરોજગારીના લક્ષને મહત્ત્વ આપતા સૂત્ર આપ્યું કે, 'હર હાથ કો કામ હર ખેત મેં પાની.'

## 11.7 પંડિત દીનદયાળ ઉપાધ્યાયના મતે અર્થ-વ્યવસ્થાના ઉદ્દેશો (Objectives of an Economy by Pandit Deendayal Upadhyay)

મૂડીવાદ અને સમાજવાદ મનુષ્યને કે મનુષ્યની ચિંતાને સમજ્યા નથી. તેથી પંડિત દીનદયાળ કહે છે કે, 'આપણે સમાજવાદ કે મૂડીવાદ નહિ પણ મનુષ્યનો ઉત્કર્ષ અને તેનું સુખ જોઈએ છે.' આ સંદર્ભમાં તેમણે આપણી અર્થ-વ્યવસ્થાના ઉદ્દેશો રજૂ કર્યા છે જે નીચે પ્રમાણે છે :

(A) પ્રત્યેક વ્યક્તિને લઘુતમ જીવનસ્તરનું આશ્વાસન મળવું જોઈએ.

(B) રાષ્ટ્રની સુરક્ષા અને સામર્થ્યનું લક્ષ હોવું જોઈએ.

(C) સમાજની ઉત્તરોત્તર સમૃદ્ધિ વધે જેનાથી વ્યક્તિ અને રાષ્ટ્રને તેવાં સાધનો ઉપલબ્ધ થાય કે તે દ્વારા સમાજ પોતાની પ્રકૃતિના આધારે વિશ્વની પ્રગતિમાં યોગદાન આપી શકે.

(D) નક્કી કરેલાં લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પ્રત્યેક યુવાન અને સ્વસ્થ વ્યક્તિને આજીવિકાનો અવસર મળવો જોઈએ.

(E) કુદરતી સાધનોનો કરકસરથી ઉપયોગ કરવો જોઈએ.

(F) રાષ્ટ્રના ઉત્પાદક સાધનોનો ખ્યાલ કરીને તેને અનુરૂપ ઉત્પાદન-પદ્ધતિ અપનાવવી જોઈએ.

(G) દેશની અર્થ-વ્યવસ્થામાં માનવીની અવગણના ન કરતા તેના વિકાસ માટે તેમજ સમાજના સાંસ્કૃતિક અને અન્ય જીવનમૂલ્યોનું રક્ષણ કરવું જોઈએ.

(H) વિભિન્ન ઉદ્યોગોમાં રાજ્ય, વ્યક્તિ તથા અન્ય સંસ્થાની માલિકીનો નિર્ણય વ્યાવહારિક પદ્ધતિથી કરવો જોઈએ.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયના ઉપર્યુક્ત મુખ્ય આર્થિક વિચારો ઉપરાંત તેમણે ખેતી, ઉદ્યોગ, વસ્તુ-વહેંચણી, ગ્રામીણ અર્થ-વ્યવસ્થા, સ્વદેશી વગેરે બાબતોના સંદર્ભમાં વિચારો રજૂ કર્યા છે. તેઓની વિચારસરણી આધારિત કેટલીક યોજનાઓ પણ રાજ્યે અમલમાં મૂકી છે. જેમકે શ્રમના ગૌરવ અને દરેકને કામના સિદ્ધાંત આધારિત **શ્રમેવ જયતે** યોજના 16 ઑક્ટોબર, 2014ના રોજ શરૂ કરવામાં આવી અને ખેતી અને ખેતી સાથે સંકળાયેલ ગ્રામીણ ઉદ્યોગોના યોગ્ય વિકાસ થાય તે ઉદ્દેશથી **ગ્રામ જ્યોતિ યોજના** શરૂ કરવામાં આવી છે.

દેશની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ પંડિત દીનદયાળ ઉપાધ્યાયે રજૂ કરેલા માર્ગદર્શક આર્થિક વિચારોમાંથી મળી શકે તેમ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) વિશ્વ મહામંદી સમયે ખર્ચ, આવક અને રોજગારી અંગે સમગ્રલક્ષી આર્થિક વિચારો રજૂ કરનાર....

(A) ઍડમસ્મિથ (B) પ્રો. માર્શલ (C) પ્રો. કેઈન્સ (D) રોબિન્સ

(2) ભારતીય ગ્રંથોમાં અર્થશાસ્ત્ર અંગે રજૂ થયેલા વિચારોમાં કયા ગ્રંથનું અગ્રસ્થાન છે ?

(A) મનુસ્મૃતિ (B) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (C) શુક્રનીતિ (D) રામાયણ

(3) કૌટિલ્યએ રાજ્યની આવકના મુખ્ય કેટલા સ્રોત દર્શાવ્યા છે ?

(A) સાત (B) પાંચ (C) નવ (D) આઠ

(4) ''અન ટુ ધ લાસ્ટ'' પુસ્તકના લેખક કોણ છે ?

(A) થોરો (B) રસ્કિન (C) ટોલ્સટોય (D) ગાંધીજી

(5) ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત કોણે રજૂ કર્યો ?

(A) કૌટિલ્ય (B) પંડિત દીનદયાળ (C) ગાંધીજી (D) કેઈન્સ

(6) શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિના સંદર્ભમાં પંડિત દીનદયાળે કયો સિદ્ધાંત અપનાવવા કહ્યું છે ?

(A) દરેક વ્યક્તિને કામ (B) દરેક વ્યક્તિને અનાજ

(C) દરેક વ્યક્તિને આરામ (D) દરેક વ્યક્તિને મકાન

(7) ''એકાત્મ માનવવાદ''ના પુરસ્કર્તા....

(A) ગાંધીજી (B) પંડિત દીનદયાળ (C) કૌટિલ્ય (D) પ્રો. માર્શલ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) કયા ભારતીય ગ્રંથોમાં અર્થશાસ્ત્ર સંબંધિત આર્થિક વિચારો રજૂ થયા છે ?

(2) શુદ્ધતા સાથે સંપૂર્ણ ''કૌટિલ્ય અર્થશાસ્ત્ર'' ગ્રંથનું પ્રકાશન કોણે અને ક્યારે કર્યું ?

(3) કૌટિલ્યના મતે અર્થશાસ્ત્રનો અર્થ જણાવો.

(4) કૌટિલ્યના મતે બાહ્ય શુલ્કનો અર્થ જણાવો.

(5) થોરોના વિચારમાંથી ગાંધીજીએ કયા વિચારો અપનાવ્યા ?

(6) ગાંધીજીના મતે 'સર્વોદય'નો અર્થ જણાવો.

(7) ભારતમાં આર્થિક સમસ્યાના ઉકેલ માટે પંડિત દીનદયાળે ત્રીજા વિકલ્પરૂપે કઈ નીતિ સૂચવી છે ?

(8) પંડિત દીનદયાળના મતે ભારતમાં ઉત્પાદનની કઈ પદ્ધતિ વધારે અનુકૂળ છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) જનપદ (રાજ્ય)ની સ્થાપના સમયે રાજાએ કઈ-કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ ?

(2) કૌટિલ્યના મતે શહેરોનો વિકાસ કેવી રીતે કરવો જોઈએ ?

(3) 'ગાંધીવાદ જેવો કોઈ વાદ નથી.' સમજાવો.

(4) પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો ટૂંકમાં પરિચય આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ''ગાંધીજી સાદગી અને અપરિગ્રહ વ્રતના હિમાયતી હતા.'' સમજાવો.

(2) પંડિત દીનદયાળના મતે આર્થિક સમસ્યાના ઉકેલ માટે સંયમિત ઉપભોગની નીતિ યોગ્ય છે. વિગતે સમજાવો.

(3) સંપત્તિની માલિકી સંદર્ભમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારો જણાવો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) રાજકોષ અને કરનીતિ અંગેના કૌટિલ્યના વિચારો વિગતે સમજાવો.

(2) કૃષિ-પશુપાલન અને ઉદ્યોગ અંગેના કૌટિલ્યના વિચારો સ્પષ્ટ કરો.

(3) યંત્રના ઉપયોગ સંબંધિત ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.

(4) ગાંધીજીએ રજૂ કરેલ ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત વિગતે સમજાવો.

(5) પંડિત દીનદયાળે ભારતીય અર્થ-વ્યવસ્થાના કયા ઉદ્દેશો સૂચવ્યા છે ? તે જણાવો.

**પારિભાષિક શબ્દો**

**ઉત્પાદન (Production)** : ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.

**રાજકોષ (Treasury)** : રાજકોષ એટલે રાજ્યની આવકનું ભંડોળ. રાજ્યની અર્થ-વ્યવસ્થાના સંચાલન, વિકાસ, પ્રજાનાં કલ્યાણલક્ષી કાર્યો, સુરક્ષા હેતુ, રોજગારી, આંતર માળખાકીય સુવિધા, આપત્તિ સમયમાં મદદરૂપ થવા જેવા વિવિધ હેતુને પાર પાડવા માટે રાજ્ય દ્વારા કર કે અન્ય આવકરૂપે મેળવવામાં આવેલ ભંડોળ એટલે રાજકોષ.

**ભૂમિકર (Land Revenue)** : રાજ્ય દ્વારા ખેતીક્ષેત્રે ખેડૂતો પાસેથી લેવામાં આવતા કરને ભૂમિકર કહે છે.

**સર્વોદય (Sarvodaya)** : ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી જેમાં નિરાધાર, દીન, હીન સર્વનો ઉદય થાય તેને સર્વોદય નામ આપ્યા. ટૂંકમાં સર્વનો ઉદય એટલે સર્વોદય.

**ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો ખ્યાલ (Idea of Trusteeship)** : કોઈ વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વિપુલ સંપત્તિની માલિકી મળી હોય તોપણ તે સંપત્તિના માલિકો તે સંપત્તિના માલિકના બદલે તેના ટ્રસ્ટી (વાલી) તરીકે વર્તે અને સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| **મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ (Capital Intensive Technique of Production)** | : | ઉત્પાદન-કાર્યમાં શ્રમના પ્રમાણ કરતા મૂડીનું પ્રમાણ વધારે હોય તેવી ઉત્પાદન-પદ્ધતિ એટલે મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ. |
| **શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ (Labour Intensive Technique of Production)** | : | ઉત્પાદન-કાર્યમાં મૂડીના પ્રમાણ કરતાં શ્રમનું પ્રમાણ વધારે હોય તેવી ઉત્પાદન એટલે શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ. |
| **શ્રમનું ગૌરવ (Dignity of Labour)** | : | જેની પાસે શ્રમશક્તિ છે તેને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઈએ અને તેને યોગ્ય રોજગારી અને વેતન આપવું. |
| **જનપદ (State)** | : | રાજા દ્વારા સ્થપાયેલ રાજ્ય અને તેની વ્યવસ્થા. |
| **અપરિગ્રહ (Non-Possession)** | : | માનવીએ જરૂરિયાતથી વધારે ના વાપરવું અને વધારે ના રાખવું તેવો નિયમ. |
| **અંત્યોદય (Antyodaya)** | : | છેવાડાના વ્યક્તિનો વિકાસ |
| **ઉપભોગ (Consumption)** | : | વસ્તુ કે સેવાની વપરાશ |

• • •



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિદ્યાર્થીઓને કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ

1. સમાચારપત્રોમાં આવતા આર્થિકક્ષેત્રને લગતા સમાચારો તરફ ધ્યાન દોરવું. વંચાવવા, ભેગા કરાવવા.
2. જાણીતા અર્થશાસ્ત્રીઓના પરિચય માટે ફોટા સહિત ચાર્ટ બનાવવા.
3. નોબલ પ્રાઇઝ વિજેતા અર્થશાસ્ત્રીઓનો પરિચય માટે ફોટા સહિત ચાર્ટ બનાવવા.
4. વિદેશી ચલણના ચાર્ટ બનાવવા.
5. આર્થિક સર્વે વિદ્યાર્થીઓને બતાવવા, જોતા શિખવાડવા.
6. ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં શિખવાડવું.
7. ભારતના સફળ ઉદ્યોગપતિઓના નામનું લિસ્ટ બનાવવું.

## આલેખ, આકૃતિઓની યાદી


1.1 માહિતીની આકૃતિમાં રજૂઆત

1.2 માહિતીની સ્તંભ આકૃતિમાં રજૂઆત

1.3 માહિતીની પાસપાસેની સ્તંભ આકૃતિમાં રજૂઆત

1.4 માહિતીની વૃત્તાંશ આકૃતિમાં રજૂઆત

3.1 માંગના નિયમની આકૃતિ

3.2 માંગનું વિસ્તરણ અને સંકોચન

3.3 માંગનો વધારો અને ઘટાડો

3.4 વ્યક્તિગત માંગરેખા અને બજાર માંગરેખા

3.5 સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ

3.6 સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ

3.7 એકમ મૂલ્યસાપેક્ષ માંગ

3.8 મૂલ્યસાપેક્ષ માંગ (વધુ)

3.9 મૂલ્યઅનપેક્ષ માંગ (ઓછી)

4.1 વ્યક્તિગત અને બજાર પુરવઠાની આકૃતિઓ

4.2 પુરવઠામાં વધારો-ઘટાડો

4.3 પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન

4.4 વ્યક્તિગત પુરવઠારેખા અને બજાર પુરવઠારેખા

4.5 કિંમત-નિર્ધારણની આકૃતિ

5.1 સ્થિર ખર્ચની આકૃતિ

5.2 અસ્થિર ખર્ચની આકૃતિ

5.3 કુલ ખર્ચની આકૃતિ

5.4 સરેરાશ સ્થિર ખર્ચની આકૃતિ




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


5.5 સરેરાશ અસ્થિર ખર્ચની આકૃતિ

5.6 સરેરાશ ખર્ચની આકૃતિ

5.7 સીમાંત ખર્ચની આકૃતિ

5.8 સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ વચ્ચેનો સંબંધ

5.9 હરીફાઈવાળા બજારમાં આવક-રેખા

5.10 હરીફાઈ સિવાયના બજારમાં આવકની રેખા

6.1 ખાંચાવાળી માંગરેખા

9.1 અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ


• • •



Downloaded from https:// www.studiestoday.com